વર્ષ : ૬૧ ■ અંક : ૬ ■ તા.૧૬-૩-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

અંદાજપત્ર વિશેષ



## આઝાદીના અમૃત મહોત્સવનો અમદાવાદના આંગણેથી શુભારંભ





## સર્વાંગી વિકાસલક્ષી

# અંદાજપત્ર 2021-22


સંસ્કૃતિ મંત્રાલય
ભારત સરકાર
આઝાદીનો
#AmritMahotsav
અમૃત મહોત્સવ
સાબરમતી આશ્રમથી શુભારંભ
390 કિ.મી. લાંબો દાંડી રૂટ
"આઝાદીના 75 વર્ષનું પર્વ 130 કરોડ દેશવાસીઓની ભાગીદારી અને ભાવનાઓનું પર્વ છે.
અમૃત મહોત્સવ સનાતન ભારતના ગૌરવને વધારનારું, દેશના શહીદોના ત્યાગથી પ્રેરણા લેનારું અને
સૌના સપનાઓને આધુનિક ભારત બનાવવાના સંકલ્પને નવી શક્તિ આપવાનું આયોજન છે."
- શ્રી નરેન્દ્રભાઇ મોદી, વડાપ્રધાન

# Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 6 ▪ Date 16-3-2021

**તંત્રી** : અશોક કાલરીયા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લીંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**96 + 4 Cover = Total 100 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.net**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.


આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.




# શબ્દશઃ

- વર્ષ 2021-22નું બજેટ ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવનારું- સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ સાથે સર્વવ્યાપી વિકાસનું પ્રતિબિંબ છે.
- 20 લાખ યુવાઓને વિવિધક્ષેત્રે રોજગારી - બે લાખ યુવાનોને સરકારી-અર્ધસરકારી નોકરી આપી બેકારીમુક્ત ગુજરાત બનાવવું છે.
- આદિવાસીઓને વિકાસની મુખ્યધારામાં જોડતી વનબંધુ કલ્યાણ યોજના-2માં પાંચ વર્ષ માટે રૂ.1 લાખ કરોડની જોગવાઈ કરાઈ છે.
- આંગણવાડીથી લઈ પીએચ.ડી કક્ષા સુધીના શિક્ષણ માટે ગુજરાત એજ્યુકેશનલ હબ બને તે માટે સૌથી વધુ રૂ. 32 હજાર કરોડ શિક્ષણ ક્ષેત્રે માટે ફાળવ્યા છે.
- ખેડૂત, ગામડું, ગરીબ, વંચિત, પીડિત, અનુસૂચિત જાતિ, જનજાતિ, ઓ.બી.સી., યુવાનો, મહિલા સૌ સમાજ વર્ગોના સર્વગ્રાહી હિત અને કલ્યાણ માટેનું પ્રગતિશીલ અંદાજપત્ર છે.
- બજેટમાં લઘુ ઉદ્યોગો, નવી જી.આઇ.ડી.સી, ટેક્સટાઇલ એન્ડ ફાર્મા પાર્ક્સ, ટોયઝ પાર્ક જેવા નવા વિચારોને લઈને ઉદ્યોગોને વધુ પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.
- MSME સેક્ટરથી ગુજરાત આત્મનિર્ભરતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકશે.
- બાગાયત ખેતી તેમજ ઔષધીય ખેતીમાં ગુજરાત આગળ વધે તે માટે બજેટમાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું.
- માતા-બહેનોમાં પડેલાં શક્તિ-સૂઝ-સામર્થ્યને રાજ્યના વિકાસમાં જોડી ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવાની નેમ.
- ગુજરાત રાજ્ય દ્વારા વિશ્વસ્તરીય મેરિટાઇમ ક્લસ્ટરનું નિર્માણ થઇ રહ્યું છે.
- મૅરિટાઇમ યુનિવર્સિટી દ્વારા ગુજરાત મૅરિટાઇમ ક્ષેત્રે માનવ સંસાધન બળ પૂરું પાડવાની નવતર દિશા ખુલી છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)






**28 કવર સ્ટોરી** ગુજરાતનું સર્વાંગી વિકાસલક્ષી અંદાજપત્ર - 2021-22 - પુલક ત્રિવેદી

50 વિધાનસભામાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું પ્રેરક સંબોધન

57 રાજ્યના બજેટની માહિતી 'ગુજરાત બજેટ' એપથી ઉપલબ્ધ

58 ગુજરાતનું વિશેષ મહિલાલક્ષી જેન્ડર બજેટ 2021-22

**ગરિમા**

6 વિશ્વનું સૌથી મોટું ઇકો ફ્રેન્ડલી ક્રિકેટ સ્ટેડિયમ : નરેન્દ્ર મોદી સ્ટેડિયમ - શૈલેષ નાયક

12 ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયનો તૃતીય પદવીદાન સમારોહ સંપન્ન

**14 સંવાદ**

મન કી બાત

**18 ધરોહર**

નવા વિચાર-નવા સંકલ્પ અને આત્મનિર્ભરતાનું અમૃત એટલે આઝાદીનો અમૃત મહોત્સવ




**ઉત્સવ**

82 ઉત્તરાર્ધ મહોત્સવ

83 વસંતના વધામણા

**27 અભિપ્રાય**

કેન્દ્રીય બજેટ ૨૦૨૧ને આવકારતા મુખ્યમંત્રીશ્રી

**60 પરિવહન**

અમદાવાદ-ગાંધીનગર ફેઝ-૨ અને સુરત મેટ્રોરેલવે પ્રોજેક્ટનો શિલાન્યાસ

**64 આસપાસ**

**70 ગૌરવ**

**72 વાત વિધાનસભાની**

**74 વિધાનસભાના દ્વારેથી**

**78 પદવીદાન**

**81 નિર્ણય**

**નારીશક્તિ**

84 અમદાવાદમાં "વી સ્ટાર્ટ મીટ" યોજાઈ

85 મહિલા સ્વાવલંબન યોજના વ્હાલી દીકરી યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ

86 વિકાસના તમામ ક્ષેત્રે નારીશક્તિની નવતર પરિભાષા - વિભાવરીબહેન દવે

**સાફલ્યગાથા**

88 મેડિકલ મિરેકલ કરતી વડોદરાની સયાજી હોસ્પિટલ - સુરેશ મિશ્રા

89 વેસ્ટ કાપડમાંથી થેલી બનાવી લોકોને નિઃશુલ્ક વિતરણ કરે છે - ઉમંગ બારોટ

90 પાટણના કામરાજભાઈની સરગવાની ખેતીને વડાપ્રધાનશ્રીએ વખાણી - અમિત ગઢવી

91 "કુંદન" જાતની ટેટીની ખેતીમાં પ્રવીણભાઇની "પ્રવીણતા" - મહેન્દ્ર વેકરિયા

92 'શિયાળુ વિઝા' લઇ યુરોપથી દાહોદ આવતા બતક "રેડ ક્રિસ્ટેડ પોચાર્ડ" - દર્શન ત્રિવેદી

93 પ્રવીણભાઇને પ્લાસ્ટિક સર્જરીથી નવો ચહેરો મળ્યો - અમિતસિંહ ચૌહાણ


**94 વિશેષ**

**95 સમાચાર વિશેષ**

**98 પ્રેરણા**

વિશ્વના ૧૦ ઇમ્પેક્ટ એજ્યુકેટરમાં મહેસાણાના શિક્ષક - નરેન્દ્ર પંડ્યા

# ગુજરાતની ઉત્તમથી સર્વોત્તમ ભણી યાત્રા : સર્વસમાવેશક જનહિતલક્ષી અંદાજપત્ર - ૨૦૨૧-૨૨



ઉનાળાની શરૂઆત સાથે બોગન વેલ અને ગરમાળાનાં આકર્ષક ફૂલો માર્ગો ઉપર લહેરાતાં થઇ ગયાં છે. અમદાવાદ સહિત દેશભરના રમતગમતના શોખીન માટે ગત પખવાડિયામાં આનંદના સમાચાર જાણવા મળ્યા. ગુજરાતના અમદાવાદમાં દેશના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે એશિયાડ અને ઓલિમ્પિક રમતો રમી શકાય એવા મોટેરા સ્ટેડિયમ ખાતે સરદાર વલ્લભભાઇ પટેલ વર્લ્ડ કલાસ સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું ભૂમિપૂજન કર્યું. આની સાથો સાથ તેમણે વિશ્વના સૌથી મોટા 'નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ'નું લોકાર્પણ કરી વિશ્વમાં ગુજરાતનું નામ ગુંજતુ કર્યું છે.

ભારતની સ્વતંત્રતા-આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાનો અવસર 'આઝાદી કા અમૃત' મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો તા.૧૨મી માર્ચથી અમદાવાદના સાબરમતી આશ્રમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રારંભ કરાવ્યો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમથી તા.૧૨મી માર્ચ ૧૯૩૦ના રોજ યોજેલી દાંડીયાત્રાની સ્મૃતિને આજની પેઢીમાં ઉજાગર કરતા ૮૧ પદયાત્રીઓની સાબરમતી આશ્રમથી દાંડી સુધીની દાંડીયાત્રા ચેતનાસભર ઉત્સવ બની રહેશે.

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આપેલા પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના સૂત્રને ચરિતાર્થ કરતા રૂ. ૨,૨૭,૦૨૯ કરોડનું કદ ધરાવતા ઐતિહાસિક બજેટને ગુજરાત વિધાનસભામાં નાયબ મુખ્ય મંત્રી અને નાણાં મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે રજૂ કર્યું. આ બજેટમાં વંચિતો, આદિજાતિ, ખેડૂતો, મહિલાઓ, યુવાનો દરેકના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખવામાં આવ્યો છે. રાજ્યની અર્થવ્યવસ્થા કોવિડ મહામારીની અસરમાંથી બહાર આવ્યાના સંકેતો આપતા આ અંદાજપત્રમાં આરોગ્ય સુવિધાઓ, શૈક્ષણિક વ્યવસ્થા અને પીવાના પાણી જેવી પાયાની જરૂરિયાતોને વધુ સુદઢ કરવાની સાથેસાથે રસ્તાઓ, સિંચાઇ, વીજળી તથા બંદરોમાં વિકાસની માળખાગત સુવિધાઓનું મજબૂતીકરણ તેમજ નવી ઔદ્યોગિક નીતિ, નવી પ્રવાસન નીતિ, નવી સોલાર નીતિ વગેરે દ્વારા રોજગારી-સ્વરોજગારીના સર્જન જેવાં અગત્યનાં ક્ષેત્રો પર ભાર મૂકવામાં આવ્યો છે. રાજ્યના કુલ બજેટમાં જેન્ડર બજેટ માટે રૂ. ૮૭,૧૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જે રાજ્યના કુલ બજેટના ૩૮.૩૭ ટકા છે.

રાજ્યની નિર્ણાયક સરકાર કોવિડ મારામારી સામે મક્કમ લડાઇ માટે રસીકરણ અભિયાન આયોજનપૂર્વક પાર પાડી રહી છે. ગુજરાત રસીકણ અભિયાનમાં રાષ્ટ્રભરમાં અગ્રહરોળમાં છે. ૯ માર્ચ સુધીમાં ૧૬.૫૩ લાખ લોકોને પ્રથમ ડોઝ અને ૩.૮૫ લાખ લોકોને બીજા ડોઝના રસીકરણનું કાર્ય સંપન્ન થયું છે.

પ્રસ્તુત અંકમાં વાચકોને વિધાનસભાની મહત્ત્વપૂર્ણ વાત ઉપરાંત અનેક રસપ્રદ ઉપયોગી જાણકારી મળી રહેશે.

**- અશોક કાલરીયા**

# વિશ્વનું સૌથી મોટું ઇકો ફ્રેન્ડલી ક્રિકેટ સ્ટેડિયમ

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમ




✍ **શૈલેષ નાયક**

'ભાઇઓ અને બહેનો, કેમ છો ? ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા નિર્મિત વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ઉદઘાટન કરીને મને ખૂબ આનંદ થયો છે. આ પ્રસંગે હું તમામ દેશવાસીઓ અને ખાસ કરીને ક્રિકેટ ચાહકોને અભિનંદન પાઠવું છું. મોટેરાના નવનિર્મિત ક્રિકેટ સ્ટેડિયમ, જેનું આજથી નામકરણ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ થઇ ગયું છે.'

ખુશીની પળ જ એવી હતી કે કોઇ પણ વ્યક્તિ આનંદિત થઇ ઊઠે ત્યારે આ તો દેશના સન્માનનીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ પોતે જ હતા કે જેમણે ગુજરાતી ભાષામાં બોલીને પોતાની ખુશી વ્યક્ત કરતાં આમ કહ્યું હતું. તેઓએ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ઉદ્‌ઘાટન કરીને તેમજ આ ક્રિકેટ સ્ટેડિયમને દેશના હાલના વડાપ્રધાનના નામ સાથે જોડીને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ નામકરણ કરીને દેશવાસીઓ સમક્ષ પોતાના આનંદને



વ્યક્ત કર્યો હતો. એટલું જ નહીં પરંતુ નરેન્દ્ર મોદી સ્ટેડિયમને ઇકો ફ્રેન્ડલી વિકાસનું એક ઉત્તમ ઉદાહરણ ગણાવીને તેની સરાહના કરી હતી.

અમદાવાદ સહિત દેશવાસીઓ અને ખાસ કરીને ક્રિકેટ સહિતની રમતોના ચાહકો માટે આનંદની વાત ત્યારે બની જ્યારે ગુજરાતના અમદાવાદમાં દેશના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે મોટેરા સ્ટેડિયમ ખાતે સરદાર વલ્લભભાઇ પટેલ સ્પોટ્ર્સ એન્કલેવનું ભૂમિપૂજન તેમજ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું લોકાર્પણ કર્યું હતું અને આ સ્ટેડિયમની 'નરેન્દ્ર મોદી ક્રિક્ટ સ્ટેડિયમ' નામકરણ પટ્ટીનું ડિજિટલ અનાવરણ કર્યું હતું.

પોતાની ખુશીને વ્યક્ત કરતાં આ પ્રસંગે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ઉપસ્થિત સૌ કોઇને સંબોધતાં જણાવ્યું હતું કે, આ એક ઉલ્લેખનીય સુખદ સંયોગ છે કે લગભગ ચાર દસક પૂર્વે મોટેરામાં નિર્મિત પહેલા ક્રિકેટ સ્ટેડિયમના નિર્માણના શુભારંભના સમયે પૂર્વ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝૈલસિંહ અહીંયાં આવ્યા હતા અને આ સ્ટેડિયમના નિર્માણને પૂર્ણ કરવાનું અને તેને રાષ્ટ્રને લોકાર્પણ કરવાનું સૌભાગ્ય આજે મને મળ્યું છે. ગુજરાત





સરકાર દ્વારા આ જ પરિસરમાં બનાવવામાં આવનારા સરદાર વલ્લભભાઇ પટેલ સ્પોટ્ર્સ એન્કલેવનું ભૂમિપૂજન કરીને પણ મને અત્યંત ખુશી થઇ છે. મોટેરા સ્ટેડિયમને વર્તમાન સ્વરૂપ પ્રદાન કરનારા ગુજરાત ક્રિકેટ એસોસિએશનના સૌ પદાધિકારીઓ, એજન્સી તથા સહયોગી વિશેષ સરાહનાને પાત્ર છે.

વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમના લોકાર્પણ પ્રસંગે તેમણે ઓસ્ટ્રેલિયાના જગવિખ્યાત મેલબોર્ન સ્ટેડિયમની વાતનો ઉલ્લેખ કરીને ગર્વ સાથે જણાવ્યું હતું કે,





નવેમ્બર ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયાની મારી વિદેશયાત્રા દરમિયાન હું મેલબોર્ન ગયો હતો. ત્યારે મને કહેવામાં આવ્યું હતું કે ૯૦ હજાર દર્શકોની ક્ષમતા ધરાવતું મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ છે. આજે આપણે સૌ દેશવાસીઓ માટે ગર્વની વાત છે કે ૧ લાખ ૩૨ હજાર દર્શકોની ક્ષમતા સાથે મોટેરાનું આ સ્ટેડિયમ આજે વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ બની ગયું છે.

નવનિર્મિત સ્ટેડિયમની વિશેષતા અને ખૂબીઓની સરાહના કરતાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કહ્યું હતું કે, મને એ જાણકારી આપવામાં આવી છે કે આ સ્ટેડિયમમાં રમાનારી ડે - નાઈટ મેચો માટે LED લાઈટિંગથી રોશનીની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. કોઈ પણ અન્ય સ્ટેડિયમમાં ઉપયોગમાં લેવાઈ રહેલી લાઈટની તુલનામાં અહીંયાં લગભગ અડધો વીજળી ખર્ચ થશે. ઊર્જાનો આટલો કિફાયતી અને સક્ષમ ઉપયોગ વિશેષ ઉલ્લેખનીય છે. ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેશનની ગોલ્ડ રેટિંગયુક્ત આ સ્ટેડિયમ ઈકોફ્રેન્ડલી વિકાસનું એક ઉદાહરણ છે. આ સ્ટેડિયમ વિશ્વપટલ પર પોતાની મજબૂત ઓળખ બનાવનારુ આજના ભારતની આકાંક્ષાઓ અને ક્ષમતાઓને ઉજાગર કરે છે. ભારતે જે વર્ચસ્વ ક્રિકેટમાં હાંસલ કર્યું છે તે એ વિશ્વાસને મજબૂત કરે છે કે અન્ય રમતોમાં જ નહીં પરંતુ વિકાસનાં ક્ષેત્રોમાં પણ આપણો દેશ વિશ્વમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે.



રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે યુવા પેઢીમાં વિશ્વાસ મૂકતાં કહ્યું હતું કે, ખેલના મેદાનોમાં માત્ર શારીરિક વિકાસ નથી થતો પણ ચરિત્રનિર્માણ પણ થાય છે. મને વિશ્વાસ છે કે દેશની યુવાપેઢી એક સારા

### દિલ્હીના ઢાબાવાળા છોકરાનું હીર પારખીને રાષ્ટ્રપતિભવને પ્રોત્સાહિત કર્યો

*દેશના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે સ્પોર્ટ્સ ફૅસિલિટી અને એક્સેસ ટુ સ્પોર્ટ્સ ફૅસિલિટીનું મહત્ત્વ સમજાવતાં દિલ્હીના એક ઢાબામાં કામ કરતા એક છોકરાની સાઈકલિંગ પ્રત્યેની લગન અને ધગશની ઉદાહરણીય વાત કરતાં કહ્યું હતું કે ગયા વર્ષે દિલ્હીના ઢાબામાં કામ કરનાર એક હોનહાર સાઈકલિસ્ટ બાળક દિલ્હીમાં રાજ્યસ્તરની પ્રતિયોગિતામાં ઉધાર લીધેલી સાઈકલ ચલાવીને સિલ્વર મેડલ જીતી ચૂક્યો હતો. પરંતુ ઉપયુક્ત ટ્રેક પર સાઈકલ ચલાવવાનો અભ્યાસ નહીં કરી શકવાના કારણે તે સાઈકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાની એકેડમીમાં પ્રશિક્ષણ માટે થનારી પસંદગીમાં વિફળ થયો. તેની પાસે સારી સાઈકલ નહોતી અને ટ્રેકના ઉપયોગ માટે પ્રવેશ શુલ્કના પૈસા ન હોતા. તે બાળકને રાષ્ટ્રપતિભવન દ્વારા આધુનિક નવી સાઈકલ આપવામાં આવી. તેના માટે ટ્રેક ઉપયોગ કરવા માટે સુવિધા પ્રદાન કરાઈ. ત્યારબાદ સાઈકલિંગ ફેડરેશન દ્વારા પ્રશિક્ષણ માટેની પસંદગીમાં સફળ થયો અને મને એ બતાવતાં ખુશી થાય છે કે હવે એ બાળકને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા તરફથી પ્રશિક્ષણ તથા આવશ્યક બુનિયાદી સુવિધા પ્રાપ્ત થઈ રહી છે.*



સમાજ અને વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું યોગદાન કરતી રહેશે.

અમદાવાદમાં સાબરમતી નદીના કિનારે આકાર પામનાર અત્યાધુનિક સ્પોર્ટ્સ એન્કલેવની વાત કરતાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે કહ્યું હતું કે, ભારતના ખેલ જગતના ઇતિહાસનો આજના સ્વર્ણિમ દિવસે ભારતના રાષ્ટ્રપતિશ્રીના હસ્તે ભારતના લોહપુરુષ, ભારતરત્ન અને ગુજરાતના સુપુત્ર સરદાર વલ્લભભાઇ પટેલના નામ સાથે જોડીને એક મોટા એન્કલેવનું ભૂમિપૂજન કરવાની શરૂઆત થઇ છે. આ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ બનશે જેનો સ્ટેડિયમ પણ એક હિસ્સો બનશે. આ સ્પોર્ટ્સ કોમ્પલેક્સમાં વિશ્વસ્તરીય બધી રમતોની વ્યવસ્થા થશે અને દેશ દુનિયાની બધી રમતોના બધા ખેલાડીઓને ટ્રેનિંગની પણ વ્યવસ્થા થશે. તેમના કોચને રહેવાની પણ વ્યવસ્થા થશે અને એક સાથે ત્રણ હજાર બાળકો અહીંયાં અલગઅલગ રમતોની ટ્રેનીંગ લઇ શકે તેવા પ્રકારની વ્યવસ્થાનું નિર્માણ થશે. શુભ શરૂઆતનું ભૂમિપૂજન રાષ્ટ્રપતિશ્રીના હાથે થયું છે તેનો મને બહુ જ આનંદ અને ગૌરવ છે.

નવું સ્પોર્ટ્સ કોમ્પલેક્સ કેવું મોટું હશે અને તેની વિશેષતાઓ કેવી હશે તેની છણાવટ કરતાં શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, આ ટોટલ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ૨૩૩ એકર ભૂમિમાં બનશે. આ દેશનું સૌથી મોટું સ્પોર્ટ્સ કોમ્પલેક્સ બનશે, તેની સાથે નારણપુરામાં ૧૮ એકરનું એક નવું સ્પોર્ટ્સ કોમ્પલેક્સ બનશે. આ સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને નારણપુરામાં બનનારું સ્પોર્ટ્સ કોમ્પલેક્સ આ ત્રણેય મળીને કોઈપણ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં રમાનાર બધી રમતો માટે આંતરરાષ્ટ્રીય સ્તર પર પ્રાપ્ત બધી જ વ્યવસ્થા એક જ શહેરમાં, એક જ જગ્યાએ ઊભી થશે. કુલ રૂ. ૪૬૦૦ કરોડના ખર્ચે બનનારા આ સ્પોર્ટ્સ એન્કલેવનું પી.પી.પી.મોડલથી નિર્માણ કરવામાં આવશે. ફૂટબોલ, એથ્લેટિક, ઇન્ડોર સ્ટેડિયમ તેમજ હોકી સ્ટેડિયમ તેમજ અનેક રમતોને આવરી લેતાં કુલ ૨૦ સ્ટેડિયમ આ સંકુલમાં આકાર પામશે. રમતગમત ક્ષેત્રે નામના મેળવનારા શ્રેષ્ઠ યોગદાન આપનારા નામાંકિત ખેલાડીઓનાં નામ આ વિવિધ સ્ટેડિયમ સાથે જોડવામાં આવશે.

## ગુજરાતને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શ્રેષ્ઠ સ્ટેડિયમ અને સ્પોર્ટ્સ સંકુલ આપવાનું સપનું સાકાર થયું

*ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શ્રેષ્ઠ સ્ટેડિયમ અને સ્પોર્ટ્સ સંકુલ આપવાનું સપનું સાકાર થયું હોવાનું જણાવીને કહ્યું હતું કે અમદાવાદ સ્પોર્ટ્સ સિટી તરીકે દેશ-દુનિયામાં ખ્યાતિ પ્રાપ્ત કરશે.*

*શ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદના મોટેરા ક્રિકેટ સ્ટેડિયમનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામાભિધાન કરવા માટે કેન્દ્ર સરકાર અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ તથા જી.સી.એ.નો આભાર વ્યક્ત કરી આનંદની લાગણી વ્યક્ત કરી હતી. ૨૩૩ એકરમાં નિર્માણ થનારા વિશ્વકક્ષાના સ્પોર્ટ્સ એન્કલેવને પણ સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ તરીકેની ઓળખ આપવાની કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહની જાહેરાત માટે આભાર દર્શાવી જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમિયાન જી.સી.એ.ના અધ્યક્ષ તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદીનું અમદાવાદ અને ગુજરાતને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શ્રેષ્ઠ સ્ટેડિયમ અને સ્પોર્ટ્સ સંકુલ આપવાનું સપનું સાકાર થયું છે.*

*શ્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું હતું કે સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ નિર્માણ થવાથી વિશ્વ સ્તરીય ખેલકૂદ પ્રશિક્ષણ સાથે કોમનવેલ્થ, એશિયાડ અને ઓલિમ્પિક જેવી ગેમ્સ માટે અમદાવાદ સ્પોર્ટ્સ સિટી તરીકે દેશ - દુનિયામાં અવશ્ય ખ્યાતિ પ્રાપ્ત કરશે. સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલમાં ત્રણ હજાર જેટલાં બાળકો વિવિધ રમતોની તાલીમ લઈ શકે તેવી વ્યવસ્થાથી ગુજરાતની ભાવિ પેઢી પણ ખેલકૂદ ક્ષેત્રે રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકશે.*

*શ્રી વિજયભાઇ રૂપાણીએ આશા વ્યક્ત કરી હતી કે રાષ્ટ્રપતિશ્રીના હસ્તે જેનું ભૂમિપૂજન થયું છે તેવું આ સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ ગુજરાતને ખેલકૂદ ક્ષેત્રે શ્રેષ્ઠ બનાવવાની વડાપ્રધાનશ્રીની સંકલ્પના સાકાર કરશે.*



આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય યુવા અને રમતગમત મંત્રી શ્રી કિરણ રિજીજુ, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ગુજરાતના મુખ્ય સચિવ શ્રી અનિલભાઇ મુકીમ, સાંસદ શ્રી પરિમલભાઇ નથવાણી, બી.સી.સી.આઇ.ના સચિવ શ્રી જયભાઇ શાહ, જી.સી.એ.ના ઉપપ્રમુખ શ્રી ધનરાજભાઇ નથવાણી, રાષ્ટ્રપતિનાં ધર્મપત્ની સવિતા કોવિંદ અને ભારતના જાણિતા ખેલાડીઓ, અધિકારીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

એક છત નીચે માત્ર ક્રિકેટ જ નહીં, પરંતુ હોકી, ફૂટબોલ, બાસ્કેટબોલ, ટેનિસ, એથ્લેટિક

સહિતની અનેક રમતો જ્યાં રમાશે, તેના માટે એક સાથે ત્રણ હજાર ઊભરતા ખેલાડીઓ તાલીમ લેશે અને તૈયાર થઈને વૈશ્વિક લેવલે ગુજરાત અને ભારતનું નામ રોશન કરે અને નામના મેળવે તેવી ઉમદા ભાવનાથી આકાર પામવા જઇ રહેલા સરદાર વલ્લભભાઇ સ્પોર્ટ્સ એન્કલેવ આવનારા દિવસોમાં સાચે જ દુનિયા માટે એક અજાયબી બની રહેશે.

### વિશ્વના મોડલ સ્ટેડિયમ તરીકે ટૂંકા ગાળામાં નિર્માણ પામ્યું તે સ્વયં એક રેકોર્ડ

કેન્દ્રીય યુવા અને રમતગમત મંત્રી શ્રી કિરણ રિજ્જુએ આનંદ વ્યક્ત કરતાં આ પ્રસંગે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દરેક ક્ષેત્રમાં ભારતને આગળ વધારવા માટે જે પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહ્યા છે તેમાં રમતગમત ક્ષેત્રે આ ક્રિકેટ સ્ટેડિયમ આદર્શ પુરવાર થયું છે. આ સ્ટેડિયમ વિશ્વના મોડલ સ્ટેડિયમ તરીકે ટૂંકા ગાળામાં નિર્માણ પામ્યું છે તે સ્વયં એક રેકોર્ડ સમાન છે. વડાપ્રધાન શ્રી ખેલો ઇન્ડિયા અને ફીટ ઇન્ડિયા જેવા ખેલઅભિયાન દ્વારા યુવાનોને માનસિક અને શારીરિક રીતે સુસજ્જ કરવા કાર્ય કરી રહ્યા છે. દેશની ૨ લાખ ૨૦ હજાર સ્કૂલોએ ફીટ ઇન્ડિયા અભિયાનમાં નોંધણી કરાવી છે. ફીટ ઇન્ડિયા અભિયાનમાં ગામડાથી શહેર સુધીના નાગરિકો સહભાગી થયા છે.

તેઓએ રમતગમત ક્ષેત્રે ગુજરાતની સરાહના કરતાં કહ્યું હતું કે, અમદાવાદ શહેર દેશના સ્પોર્ટ્સ કેપિટલ તરીકે ઊભરી રહ્યું છે. આજે ગુજરાતમાં રમતગમતની અત્યાધુનિક સુવિધાઓ ઊભી થવાના કારણે યુનિવર્સિટી સ્તરની વિવિધ રમતોમાં ગુજરાત રાજ્ય દેશના ટોપ ફાઇવમાં સ્થાન મેળવી ચૂક્યું છે. ●







## રાષ્ટ્રપતિશ્રીનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત

*ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ગુજરાતની બે દિવસીય મુલાકાત આવી પહોંચતાં અમદાવાદ એરપોર્ટ ખાતે તેઓનું ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને તેઓનાં ધર્મપત્ની શ્રીમતી સવિતા કોવિંદનાં સ્વાગત-સત્કાર પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાની, રાજ્ય પોલીસ વડા શ્રી આશિષ ભાટિયા, અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે અને શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ પણ ઉપસ્થિત રહ્યા હતા.*




# નામકરણને મળ્યું સ્ટેન્ડિંગ ઓવેશન

અમદાવાદમાં આકાર પામનાર સરદાર વલ્લભભાઈ સ્પોર્ટ્સ એન્કલેવ અને દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું નામકરણ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ થતાં આ નામકરણને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે સ્ટેન્ડિંગ ઓવેશન અપાવ્યું હતું અને ઉપસ્થિત સૌ કોઈએ ઊભા થઈને તાળીઓના ગડગડાટથી તેને વધાવી લીધું હતું.



શ્રી નીતિનભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય રમતગમત જગતમાં ગુજરાતનું નામ બહુ જ ગર્વથી લેવામાં આવે તેના માટે જે સુવિધાઓની અમને જરૂરિયાત હતી, દેશને જરૂર હતી એવી જરૂરિયાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા, બહુ જ લાંબા આયોજન અને વ્યવસ્થા દ્વારા ગુજરાત અને દેશના ખેલાડીઓ માટે આખા દેશનું ગૌરવ વધે એવું વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ અને તેની બાજુમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે.

અમદાવાદમાં બનનારા સ્પોર્ટ્સ એન્કલેવ માટે ગુજરાત સરકારે આપેલા ફાળા વિશે વાત કરતાં નીતિન પટેલ કહ્યું હતું કે સ્ટેડિયમ નજીક રિવરફ્રન્ટ ફેઝ-૨ ગુજરાત સરકારે જાહેર કર્યો છે. ગુજરાત સરકારે ૨૧૫ એકર જમીન આ સ્પોર્ટ્સ સંકુલ બનાવવા માટે આપી છે અને પી.પી.પી.મોડલ પર એનું કામ થનાર છે. સરદાર વલ્લભભાઈ પટેલના નામ સાથે જોડાયેલા સ્પોર્ટ્સ સંકુલમાં ક્રિકેટ સિવાય જે મોટી રમતો છે તેને પણ સામેલ કરાશે. જેમાં ટ્રેક ફિલ્ડ, ફૂટબોલ, હોકી, બધી ઈન્ડોર ગેમ્સ માટે ના મેદાન છે. ૧૦ થી ૧૨ હજારની કૅપેસિટીવાળું ઈન્ડોર સ્ટેડિયમ પણ હશે અને તેની સાથે સ્વિમિંગપુલ વગેરેની વ્યવસ્થા હશે.

શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આજ સુધી નહોતું અને કદાચ ભારતમાં પણ નહીં હોય એવું સૌથી મોટું ક્રિકેટ સિવાયની રમતો માટે આ સ્પોર્ટ્સ સંકુલ બનાવવાનું કામ પણ વડાપ્રધાનના માર્ગદર્શનથી, શ્રી અમિતભાઈના નેતૃત્વમાં અમે કરી રહ્યા છીએ અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં અને ગુજરાત ક્રિકેટ એસોસિએશન અને ભારત સરકારના સહયોગથી જે થનાર છે તે સ્પોર્ટ્સ કોમ્પલેક્સમાં આખી દુનિયામાં ખેલકુદની બાબતમાં સર્વોત્તમ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવીશું. ●

## રાષ્ટ્રપતિશ્રીની ઉપસ્થિતિમાં

# ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયનો તૃતીય પદવીદાન સમારોહ સંપન્ન

ગાંધીનગર સ્થિત ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયનો તૃતીય પદવીદાન સમારોહ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની ઉપસ્થિતિમાં યોજાયો હતો. રાષ્ટ્રપતિશ્રીએ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરતાં જણાવ્યું હતું કે, પ્રાચીન કાળમાં નાલંદા, તક્ષશિલા અને વિક્રમશિલા કક્ષાનાં વિશ્વવિદ્યાલયો જે ગુજરાતની વલ્લભી વિદ્યાપીઠને તોલે આવે તેવાં હતાં. તત્કાલીન સમયે શિક્ષણ સાથે સમાજ ઉત્થાન માટે જે પ્રયાસો થયા છે એ આજે પણ ગુજરાતમાં થઇ રહ્યા છે જે અભિનંદનને પાત્ર છે. રાષ્ટ્રપતિશ્રીએ યુવાઓ-વિદ્યાર્થીઓને આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે યુવાઓ સંકલ્પબદ્ધ બનીને શિક્ષણના માધ્યમ દ્વારા ભારત દેશ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ દેશ બને તે માટે આગળ આવે.

રાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યુ કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલની જન્મભૂમિ એવી ગુજરાતની પવિત્ર ભૂમિ પરથી જ રાષ્ટ્રનિર્માણનો પાયો નંખાયો હતો. આ ભૂમિએ જ શ્રી મોરારજીભાઇ દેસાઇ અને શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વરૂપે બે મહાન વડાપ્રધાન દેશને આપ્યા છે. આ બંનેની સાથે મને કામ કરવાની તક મળી તે બદલ તેમણે પોતાને ગૌરવશાળી માન્યા હતા. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે જે નવા આયામો હાથ ધર્યા તેના પરિણામ સ્વરૂપ આજે ગુજરાતમાં અનેક રાષ્ટ્રીય સ્તરનાં સંસ્થાનો છે. ગુજરાતની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેનાથી લઘુ ભારત અને વિવિધતામાં એકતાનો ભાવ રજૂ થાય છે.

વર્ષ ૨૦૦૯માં આ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઇ. જેમાં વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જે રાષ્ટ્રીય એકતાના પ્રતીક સમાન છે. આ વિદ્યાલયે મહિલા સશક્તીકરણનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે કેમ કે પદવી મેળવનાર વિદ્યાર્થીઓમાં ૫૫ ટકા દીકરીઓએ પદવી મેળવી છે અને ૨૧ પદકો પૈકી ૧૩ પદકો પણ દીકરીઓએ મેળવ્યા છે. તેમણે કહ્યું કે, દીકરીઓ આજે અનેક ક્ષેત્રોમાં આગળ વધી રહી છે ત્યારે સમાજ પરિવર્તનમાં નયા ભારતની પ્રતિકૃતિ દેખાય છે.

આ વિશ્વ વિદ્યાલયનું નવું ભવન વડોદરા ખાતે નિર્માણ થનાર છે એ માટે કેન્દ્ર સરકારે રૂા.૭૪૩ કરોડા ફાળવ્યા છે. જે આગામી સમયમાં આગવી ઓળખ ઊભી કરશે. એ માત્ર આધુનિક અને



સવલતપૂર્ણ ભવનથી જ નહિ પરંતુ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોના આચરણને પરિણામે શક્ય બનશે. આ માટે સૌને ભગીરથ પ્રયાસો કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે, દેશને નોલેજ સુપર પાવર બનાવવા માટે આજે જે પ્રયાસો થઇ રહ્યા છે ત્યારે દેશભરમાં અમલી નવી શિક્ષણનીતિના નવા દ્વાર ખોલશે. આજના યુગમાં સમાજ ઉત્થાન માટે અને છેવાડાના માનવીના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. એ માટે આ નવી નીતિ ચોક્કસ મહત્ત્વનું પરિબળ બની રહેશે. પૂજ્ય બાપુની સર્વોદયની ભાવનાને સાર્થક કરવા માટે શિક્ષણ અગત્યનું પરિબળ છે ત્યારે તમામ વર્ગોના કલ્યાણ માટે સંવેદના અને સન્માન માટે પ્રયાસો કરવા પડશે.

શિક્ષણના માધ્યમ દ્વારા જ યુવાઓ આત્મનિર્ભર બની શકે છે. સ્વામી વિવેકાનંદના ''ઊઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો''ના મંત્રને સાર્થક કરીને આત્મનિર્ભર બનવાનો ભાવ કેળવીને સમાજના તમામ વર્ગના કલ્યાણ માટે યુવાઓને પોતાનું યોગદાન આપવા તેમણે અપીલ કરી હતી.

ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના ત્રીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ડૉ. રમેશ પોખરિયાલ - નિશંકે દીક્ષા લઇ રહેલા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપતાં જણાવ્યું હતું કે, દીક્ષાર્થીઓ માટે આજનો દિવસ પોતાનું ક્ષેત્ર અને લક્ષ્ય પસંદ કરી પોતાની કારકિર્દી નિર્માણ તથા રાષ્ટ્રનિર્માણની દિશામાં નક્કર પગલું ભરવાનો દિવસ છે.

''નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020''ના પ્રણેતા ડૉ. રમેશ પોખરિયાલે શિક્ષણની નવી નીતિના ઘડતરમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદનું સતત માર્ગદર્શન મળ્યું હોવાનું કહીને આ નીતિ નવી પેઢીને નવી ઊંચાઈ સુધી લઈ જશે અને રાષ્ટ્રનિર્માણ માટે મહત્ત્વનું યોગદાન આપશે તેવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ દીક્ષાંત સમારોહમાં 73 પીએચ.ડી., 26 એમ.ફિલ., ૧૨૧ અનુસ્નાતક અને ૨૪ સ્નાતક એમ કુલ 244 વિદ્યાર્થીઓને પદવી પ્રદાન કરવામાં આવી. આ ઉપરાંત સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સૌથી વધુ માર્ક્સ મેળવનાર ૨૧ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના વિવિધ ચંદ્રક રાષ્ટ્રપતિશ્રીના હસ્તે પ્રદાન કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયની સ્થાપના ભારતની સંસદ દ્વારા ૨૦૦૯ના અધિનિયમથી કરવામાં આવી છે. ૧૨ વર્ષના ટૂંકા ગાળામાં જ ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય શિક્ષણના ક્ષેત્રમાં મહત્ત્વનું કેન્દ્ર બની ગઈ છે. અહીંના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા થયેલ સંશોધનોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે. આઉટલુક-૨૦૨૦ના સર્વેમાં ભારતની કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં ૧૮મું સ્થાન પ્રાપ્ત થયું છે.

આ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી,







નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ શ્રી હસમુખ અઢિયા, કુલપતિ શ્રી રમાશંકર દુબે, વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, ડીનશ્રીઓ, ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના અધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ- વાલીઓ તેમજ શિક્ષણ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●



# મન કી બાત

## ફેબ્રુઆરી 2021

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ**

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, હમણાંજ માઘ પૂર્ણિમાનું પર્વ હતું. મહા મહિનો ખાસ કરીને નદીઓ, સરોવરો અને જળસ્રોત સાથે જોડાયેલો માનવામાં આવે છે. આપણા શાસ્ત્રોમાં કહેવાયું છે કે,

માઘે નિમગ્નાઃ સલિલે સુશીતે, વિમુક્તપાપાઃ ત્રિદિવમ્ પ્રયાન્તિ...

એટલે કે મહા મહિનામાં કોઈપણ પવિત્ર જળાશયમાં સ્નાનને પવિત્ર માનવામાં આવે છે. દુનિયાના દરેક સમાજમાં નદી સાથે જોડાયેલી કોઈને કોઈ પરંપરા હોય જ છે. નદીના તટ પર અનેક સભ્યતાઓ પણ વિકસિત થઈ છે. આપણી સંસ્કૃતિ હજારો વર્ષ જૂની છે, તેથી તેનો વિસ્તાર આપણે ત્યાં વધુ મળે છે. ભારતમાં કોઈ એવો દિવસ નહીં હોય જ્યારે દેશના કોઈને કોઈ ખૂણામાં પાણી સાથે જોડાયેલો કોઈ ઉત્સવ ન હોય. મહા મહિનાના દિવસોમાં તો લોકો પોતાના ઘર-પરિવાર, સુખ-સુવિધા છોડીને આખો મહિનો નદીના કિનારે કલ્પવાસ કરવા જાય છે. આ વખતે હરિદ્વારમાં કુંભ પણ થઈ રહ્યો છે. જળ આપણા માટે જીવન પણ છે, આસ્થા પણ છે અને વિકાસની ધારા પણ છે. પાણી એક રીતે પારસથી પણ વધારે મહત્ત્વપૂર્ણ છે. કહેવાય છે કે પારસના સ્પર્શથી લોખંડ સોનામાં પરિવર્તિત થઈ જાય છે. તેવી જ રીતે પાણીનો સ્પર્શ જીવન માટે પણ જરૂરી છે, વિકાસ માટે જરૂરી છે.

સાથીઓ, મહા મહિનાને જળ સાથે જોડવાનું સંભવતઃ વધુ એક કારણ એ પણ છે કે તેના પછી ઠંડી પૂર્ણ થઈ જાય છે, અને ગરમીના પગરવ મંડાય છે, તેથી પાણીના સંરક્ષણ માટે આપણે અત્યારથી જ પ્રયાસો શરૂ કરી દેવા જોઈએ. કેટલાક દિવસો બાદ માર્ચ મહિનામાં જ 22 તારીખે 'World Water Day' પણ છે.

સાથીઓ, એક સમય હતો જ્યારે ગામમાં કૂવા, ખાબોચિયાં, તેની દેખભાળ બધા મળીને કરતા હતા, હવે આવો જ એક પ્રયત્ન, તમિલનાડુના તિરૂવન્નામલાઈમાં થઈ રહ્યો છે. અહીં સ્થાનિક લોકોએ પોતાના કૂવાઓને સંરક્ષિત કરવા માટે અભિયાન ચલાવ્યું છે. આ લોકો તેમના વિસ્તારમાં વર્ષોથી બંધ પડેલા સાર્વજનિક કૂવાઓને ફરીથી જીવિત કરી રહ્યા છે.

મધ્યપ્રદેશના અગરોથા ગામની બબીતા રાજપૂતજી પણ જે કરી રહ્યાં છે, તેનાથી આપ સહુને પ્રેરણા મળશે. બબીતાજીનું ગામ બુંદેલખંડમાં છે. તેમના ગામની પાસે એક બહુ મોટું તળાવ હતું જે સુકાઈ ગયું હતું. તેમણે ગામની જ અન્ય મહિલાઓને સાથે લીધી અને તળાવ સુધી પાણી લઈ જવા એક નહેર બનાવી દીધી. આ નહેરથી વરસાદનું પાણી સીધું તળાવમાં જવા લાગ્યું.

હવે આ તળાવ પાણીથી ભરેલું રહે છે.

સાથીઓ, પાણીને લઈને આપણે આવી જ રીતે આપણી સામૂહિક જવાબદારીઓને સમજવી પડશે. ભારતના મોટાભાગના વિસ્તારોમાં મે-જૂનમાં વરસાદ શરૂ થઈ જાય છે. શું આપણે અત્યારથી જ આપણી આસપાસના જળસ્રોતોની સફાઈ માટે, વર્ષા જળના સંગ્રહ માટે, 100 દિવસનું કોઈ અભિયાન શરૂ કરી શકીએ છીએ? આ જ વિચાર સાથે હવેથી થોડા દિવસો પછી જળશક્તિ મંત્રાલય દ્વારા પણ જળશક્તિ અભિયાન - 'Catch the Rain' પણ શરૂ કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો મૂળ મંત્ર છે, 'Catch the Rain, where it falls, when it falls'. આપણે અત્યારથી જ જોડાઈશું, આપણે પહેલાંથી જ જે Rain Water Harvesting System છે તેને સુધારી દઈશું, ગામમાં, તળાવોમાં, ખાબોચિયાંની સફાઈ કરાવી લઈશું, જળસ્રોતો સુધી જઈ રહેલા પાણીના રસ્તાની અડચણો દૂર કરી નાખીશું તો વધારેમાં વધારે વર્ષાજળનો સંગ્રહ કરી શકીશું.

મારા પ્રિય દેશવાસીઓ, જ્યારે પણ મહા મહિનો અને તેના આધ્યાત્મિક સામાજિક મહત્ત્વની ચર્ચા થાય છે, તો આ ચર્ચા એક નામ વગર પૂરી નથી થતી. આ નામ છે સંત રવિદાસજીનું. મહા પૂર્ણિમાના દિવસે જ સંત રવિદાસજીની જન્મજયંતી હોય છે. આજે પણ સંત રવિદાસજીના શબ્દ, તેમનું જ્ઞાન, આપણું પથપ્રદર્શન કરે છે. તેમણે કહ્યું હતું,...

**એકૈ માતી કે સભ ભાંડે**
**સભ કા એકૌ સિરજનહાર.**
**રવિદાસ વ્યાપૈ એકૈ ઘટ ભીતર,**
**સભ કૌ એકૈ ઘડૈ કુમ્હાર...**

આપણે બધા એક જ માટીનાં વાસણો છીએ, આપણને બધાને એકે જ ઘડ્યા છે. સંત રવિદાસજીએ સમાજમાં વ્યાપ્ત વિકૃતિઓ પર હંમેશાં ખૂલીને પોતાની વાત કહી છે. તેમણે આ વિકૃતિઓને સમાજની સામે રાખી, તેને સુધારવાનો રાહ દેખાડ્યો અને એટલે જ મીરાંજીએ કહ્યું હતું,...

ગુરુ મિલિયા રૈદાસ, દીન્હી જ્ઞાન કી ગુટકી.

એટલે કે ગુરુના રૂપમાં રૈદાસ મળ્યા અને તેમણે સાચા જ્ઞાનનો ઘૂંટડો પિવડાવ્યો.

આ મારું સૌભાગ્ય છે કે હું સંત રવિદાસજીના જન્મસ્થળ વારાણસી સાથે જોડાયેલો છું. સંત રવિદાસજીના જીવનની આધ્યાત્મિક ઊંચાઈનો અને તેમની ઊર્જાનો મેં એ તીર્થસ્થળ પર અનુભવ કર્યો છે.

સાથીઓ, રવિદાસજી કહેતા હતા, ....

**કરમ બંધન મેં બન્ધ રહિયો, ફલ કી ના તજ્જિયો આસ,**
**કર્મ માનુષ કા ધર્મ હૈ, સત ભાખૈ રવિદાસ...**

એટલે કે આપણે સતત આપણું કર્મ કરતાં રહેવું જોઈએ, પછી ફળ તો મળશે જ મળશે, એટલે કે કર્મથી જ સિદ્ધિ તો મળે જ મળે છે. આપણા યુવાઓને એક વાત સંત રવિદાસજીથી જરૂર શીખવી જોઈએ. યુવાનોએ કોઈપણ કામ કરવા માટે પોતાને, જૂના રીત-રિવાજમાં બાંધવા ન જોઈએ. આપ આપના જીવનને પોતે જ નક્કી કરો. તમારા રીત-રિવાજ પણ પોતે જ બનાવો અને તમારું લક્ષ્ય પણ પોતે જ નક્કી કરો. જો તમારો વિવેક, તમારો આત્મવિશ્વાસ મજબૂત છે તો તમારે દુનિયામાં કોઈપણ વસ્તુથી ડરવાની જરૂર નથી.

મારા પ્રિય દેશવાસીઓ, National Science Day પણ હમણાં જ ઉજવાયો છે. આ દિવસ ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉક્ટર સી.વી.રમનજી દ્વારા કરવામાં આવેલી Raman Effect ની શોધને સમર્પિત છે. કેરળથી યોગેશ્વરનજીએ NamoApp પર લખ્યું છે કે Raman Effect ની શોધે આખા વિજ્ઞાનની દિશાને જ બદલી નાખી હતી. તેનાથી જોડાયેલો એક બહુ સારો સંદેશ મને નાશિકના સ્નેહીલજીએ મોકલ્યો છે. સ્નેહીલજીએ લખ્યું છે કે આપણા દેશના અગણિત વૈજ્ઞાનિકો છે, જેમના યોગદાન વગર સાયન્સ આટલી પ્રગતિ ન કરી શક્યું હોત. આપણે જે રીતે દુનિયાના બીજા વૈજ્ઞાનિકો વિશે જાણીએ છીએ, તેવી જ રીતે આપણે ભારતના વૈજ્ઞાનિકો વિશે પણ જાણવું જોઈએ. હું પણ મન કી બાતના આ શ્રોતાઓની વાતથી સહમત છું. હું ચોક્કસ ઇચ્છીશ કે આપણા યુવાનો, ભારતના વૈજ્ઞાનિક - ઇતિહાસને, આપણા વૈજ્ઞાનિકોને જાણે, સમજે અને ખૂબ વાંચે.

સાથીઓ, જ્યારે આપણે સાયન્સની વાત કરીએ છીએ તો ઘણીવાર તેને લોકો ફિઝિક્સ-કેમેસ્ટ્રી અથવા તો લેબ્સ સુધી જ સીમિત કરી દે છે, પરંતુ સાયન્સનો વિસ્તાર તો તેનાથી ઘણો જ વધારે છે અને 'આત્મનિર્ભર ભારત અભિયાન'માં સાયન્સની શક્તિનું બહુ મોટું યોગદાન પણ છે. આપણે સાયન્સને Lab to Land ના મંત્ર સાથે આગળ વધારવું પડશે.

દાખલા તરીકે, હૈદરાબાદના ચિંતલા વેંકટ રેડ્ડીજી છે. રેડ્ડીજીના એક ડૉક્ટર મિત્રએ તેમને એક વખત વિટામિન-ડીની ઉણપથી થનારી બીમારીઓ અને તેના ખતરા વિશે જણાવ્યું. રેડ્ડીજી ખેડૂત છે, તેમણે વિચાર્યું કે તેઓ આ સમસ્યાના સમાધાન માટે શું કરી શકે છે? પછી તેમણે મહેનત કરી અને ઘઉં, ચોખાની એવી પ્રજાતિઓને વિકસિત કરી કે જે ખાસ કરીને વિટામિન-ડી થી યુક્ત હોય. આ મહિને World Intellectual Property Organization, Geneva થી patent પણ મળી છે. આ અમારી સરકારનું સૌભાગ્ય છે કે વેંકટ રેડ્ડીજીને ગતવર્ષે પદ્મશ્રીથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

આવી જ રીતે ગુજરાતના પાટણ જિલ્લામાં કામરાજભાઈ ચૌધરીએ ઘરમાં જ સહજનનાં સારાં બીજનો વિકાસ કર્યો છે. કેટલાક લોકો સહજનને સરગવો પણ કહે છે, તેને મોરિંગ અથવા

તો ડ્રમ સ્ટિક પણ કહેવાય છે. સારાં બીજની મદદથી જે સરગવાનો ઉછેર થાય છે, તેની ક્વૉલિટી પણ સારી હોય છે. તેમની ઉપજને તેઓ તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ મોકલીને, તેમની આવક વધારી રહ્યા છે.

સાથીઓ, આજકાલ ચીયા સિડ્સનું નામ તમે લોકો બહુ સાંભળતા હશો. હેલ્થ અવેરનેસ સાથે જોડાયેલા લોકો તેને ઘણું મહત્ત્વ આપે છે અને દુનિયામાં તેની મોટી માગ પણ છે. ભારતમાં તેને મોટાભાગે બહારથી જ મંગાવાય છે, પરંતુ હવે ચીયા સિડ્સમાં આત્મનિર્ભરતાનું બીડું પણ લોકો ઉઠાવી રહ્યા છે. આવી જ રીતે યુપીના બારાબાંકીમાં હરિશ્ચન્દ્રજીએ ચીયા સિડ્સની ખેતી શરૂ કરી છે. ચીયા સિડ્સની ખેતી તેમની આવક પણ વધારશે અને આત્મનિર્ભર ભારત અભિયાનમાં પણ મદદ કરશે.

સાથીઓ, Agriculture Wasteથી Wealth create કરવાના પણ કેટલાય પ્રયોગ દેશભરમાં સફળતાપૂર્વક ચાલી રહ્યા છે. જેમ કે મદુરાઈના મુરગેસનજીએ કેળાના વેસ્ટમાંથી દોરડું બનાવવાનું એક મશીન બનાવ્યું છે. મુરગેસનજીના આ ઈનોવેશનથી પર્યાવરણ અને ગંદકીનું પણ સમાધાન થશે અને ખેડૂતો માટે વધારાની આવકનો પણ રસ્તો બનશે.

સાથીઓ મન કી બાતના શ્રોતાઓને આટલા બધા લોકો વિશે જણાવવાનો મારો હેતુ એ જ છે કે આપણે તેમની પાસેથી પ્રેરણા લઈએ. જ્યારે દેશનો દરેક નાગરિક પોતાના જીવનમાં વિજ્ઞાનનો વિસ્તાર કરશે, દરેક ક્ષેત્રમાં કરશે, તો પ્રગતિના રસ્તાઓ પણ ખૂલશે અને દેશ આત્મનિર્ભર પણ બનશે. અને મને વિશ્વાસ છે કે આ દેશનો દરેક નાગરિક કરી શકે છે.

મારા પ્રિય સાથીઓ, કોલકાતાના રંજનજીએ તેમના પત્રમાં ખૂબ જ રસપ્રદ અને પાયાનો સવાલ પૂછ્યો છે અને સાથે જ શ્રેષ્ઠ રીતે તેનો જવાબ આપવાની કોશિશ પણ કરી છે. તેઓ લખે છે કે જ્યારે આપણે આત્મનિર્ભર થવાની વાત કરીએ છીએ, તો તેનો આપણે માટે કયો અર્થ થાય છે? આ જ સવાલના જવાબમાં તેમણે પોતે જ આગળ લખ્યું છે કે - આત્મનિર્ભર ભારત અભિયાન માત્ર એક ગવર્નમેન્ટ પૉલિસી જ નથી પરંતુ એક નેશનલ સ્પિરિટ છે. તેઓ માને છે કે આત્મનિર્ભર થવાનો અર્થ છે કે પોતાના નસીબનો નિર્ણય પોતે જ કરવો એટલે કે પોતાના જ ભાગ્યના નિયંત્રક હોવું.

જ્યારે ભારતમાં બનેલી ટેન્ક, ભારતમાં બનેલી મિસાઈલ, આપણું ગૌરવ વધારે છે, જ્યારે સમૃદ્ધ દેશોમાં આપણે મેટ્રો ટ્રેનના મેડ ઈન ઈન્ડિયા કોચ જોઈએ છીએ, જ્યારે ડઝન દેશો સુધી મેડ ઈન ઈન્ડિયા કોરોના વેક્સિન પહોંચતી જોઈએ છીએ, તો આપણું માથું વધુ ઊંચું થઈ જાય છે. અને એવું જ નથી, કે મોટી-મોટી ચીજો જ ભારતને આત્મનિર્ભર બનાવશે. ભારતમાં બનેલાં કપડાં, ભારતના ટેલેન્ટેડ કારીગરો દ્વારા બનાવવામાં આવેલા હેન્ડિક્રાફ્ટનો સામાન, ભારતનાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો, ભારતના મોબાઈલ, દરેક ક્ષેત્રમાં આપણે આ ગૌરવને વધારવું પડશે. જ્યારે આપણે આવા વિચાર સાથે આગળ વધીશું, ત્યારે જ સાચા અર્થમાં આત્મનિર્ભર બની શકીશું અને સાથીઓ મને ખુશી છે કે આત્મનિર્ભર ભારતનો આ મંત્ર દેશના ગામે-ગામ પહોંચી રહ્યો છે. બિહારના બેતિયામાં આવું જ થયું છે. જેના વિશે મને મીડિયામાં વાંચવા મળ્યું છે.

બેતિયાના રહેવાસી પ્રમોદજી, દિલ્હીમાં એક ટેક્નિશિયન તરીકે એલઈડી બલ્બ બનાવતી ફેક્ટરીમાં કામ કરતા હતા, તેમણે આ ફેક્ટરીમાં કામ દરમિયાન આખી પ્રક્રિયાને તેઓ બહુ બારીકીથી સમજ્યા. પરંતુ કોરોનાના સમયમાં પ્રમોદજીએ પોતાના ઘરે પરત ફરવું પડ્યું. તમે જાણો છો પરત ફર્યા બાદ પ્રમોદજીએ શું કર્યું ? તેમણે પોતે એલઈડી બલ્બ બનાવવાનું નાનું યુનિટ શરૂ કરી દીધું. તેમણે પોતાના ક્ષેત્રના કેટલાક યુવાનોને સાથે લીધા અને કેટલાક મહિનાઓમાં જ ફેક્ટરી વર્કરથી લઈને ફેક્ટરી ઓનર બનવા સુધીનો પ્રવાસ પૂર્ણ કર્યો. તે પણ પોતાના ઘરમાં જ રહીને.

સાથીઓ, દેશભરમાં આવા કેટલાંય ઉદાહરણ છે, જ્યાં લોકો આત્મનિર્ભર ભારત અભિયાનમાં આવી રીતે પોતાનું યોગદાન આપી રહ્યા છે. આજે આ એક ભાવ બની ચૂક્યો છે, જે સામાન્ય લોકોના હૃદયમાં પ્રવાહિત થઈ રહ્યો છે.

મારા પ્રિય દેશવાસીઓ, મેં નમો એપ પર ગુડગાંવ નિવાસી મયૂરની એક interesting post જોઈ. તેઓ Passionate Bird watcher અને Nature Lover છે. મયૂરજીએ લખ્યું છે કે હું તો હરિયાણામાં રહું છું, પરંતુ હું ઈચ્છું છું કે તમે આસામના લોકો અને ખાસ કરીને કાઝીરંગાના લોકોની ચર્ચા કરો. મને લાગ્યું કે મયૂરજી Rhinos વિશે વાત કરશે, જેને ત્યાંનું ગૌરવ કહેવાય છે. પરંતુ મયૂરજીએ કાઝીરંગામાં Water Fowls (વૉટર ફાઉલ્સ ) ની સંખ્યામાં થયેલા વધારાને લઈને આસામના લોકોની પ્રશંસા માટે કહ્યું છે. હું શોધી રહ્યો હતો કે આપણે Water Fowls ને સાધારણ શબ્દોમાં શું કહી શકીએ છીએ, તો એક શબ્દ મળ્યો, - જલપક્ષી. એવા પક્ષી જેમનું રહેઠાણ ઝાડ પર નહીં, પાણી પર હોય છે, જેમ કે બતક વગેરે. કાઝીરંગા નેશનલ પાર્ક એન્ડ ટાઈગર રિઝર્વ ઓથોરિટી કેટલાક સમયથી Annual Waterfowls Census કરતું આવ્યું છે. આ સેન્સસથી જળપક્ષીઓની સંખ્યાની જાણકારી મળે છે અને તેમના ગમતાં Habitatની જાણકારી મળે છે. હમણાં બે-ત્રણ અઠવાડિયાં પહેલાં જ ફરી સર્વે થયો છે. તમને પણ એ જાણીને આનંદ થશે કે આ વખતે જળપક્ષીઓની સંખ્યા, ગત વર્ષની તુલનામાં લગભગ 175 ટકા વધુ આવી છે. આ સેન્સસ દરમિયાન કાઝીરંગા નેશનલ પાર્કમાં Birdsની કુલ 112 Speciesને જોવામાં આવી છે. તેમાંથી 58 Species યુરોપ,

Central Asia અને East Asia સહિત દુનિયાના વિવિધ ભાગોમાંથી આવેલા Winter Migrants છે. તેનું સૌથી મહત્ત્વપૂર્ણ કારણ એ છે કે અહીં ઘણા સારા Water Conservation હોવાની સાથે Human Interference બહુ ઓછા છે. આમ તો કેટલાક મામલામાં Positive Human Interference પણ બહુ મહત્ત્વપૂર્ણ હોય છે.

સાથીઓ, આસામમાં આપણા મંદિર પણ, પ્રકૃતિના સંરક્ષણમાં પોતાની અલગ જ ભૂમિકા નિભાવી રહ્યા છે, જો તમે આપણા મંદિરોને જોશો, તો જાણશો કે દરેક મંદિર પાસે તળાવ હોય છે. હજો સ્થિત હયાગ્રીવ મધેબ મંદિર, સોનિતપુરનું નાગશંકર મંદિર અને ગુવાહાટીમાં સ્થિત ઉગ્રતારા ટેમ્પલ પાસે આ પ્રકારનાં કેટલાંય તળાવો છે. તેમનો ઉપયોગ વિલુપ્ત થતા કાચબાઓને પ્રજાતિઓને બચાવવા માટે કરવામાં આવી રહ્યો છે. આસામમાં કાચબાઓની સૌથી વધારે પ્રજાતિઓ મળે છે. મંદિરોનાં આ તળાવ કાચબાના સંરક્ષણ, પ્રજનન અને તેમના વિશે પ્રશિક્ષણ માટે એક શ્રેષ્ઠ સ્થળ બની શકે છે.

મારા પ્રિય દેશવાસીઓ, કેટલાક લોકો સમજે છે કે ઈનોવેશન કરવા માટે તમારું સાયન્ટિસ્ટ હોવું જરૂરી છે, કેટલાક વિચારે છે કે બીજાને કંઈક શિખવાડવા માટે તમારું ટીચર હોવું જરૂરી છે. આ વિચારને પડકાર આપનારી વ્યક્તિ હંમેશાં પ્રશંસાને પાત્ર હોય છે. હવે જેમ શું કોઈ કોઈને સોલ્જર બનવા માટે પ્રશિક્ષિત કરે છે, તો શું તેણે સૈનિક હોવું જરૂરી છે? તમે વિચારી રહ્યા હશો કે, હા..... જરૂરી છે. પરંતુ અહીં થોડો ટ્વીસ્ટ છે.

સાથીઓ, ક્યારેક ક્યારેક બહુ નાનો અને સાધારણ સવાલ પણ મનને અસ્થિર બનાવી દે છે. એ સવાલ લાંબા નથી હોતા, બહુ સિમ્પલ હોય છે, તેમ છતાં તે આપણને વિચારવા માટે મજબૂર કરી દે છે. કેટલાક દિવસો પહેલાં હૈદરાબાદનાં અપર્ણા રેડ્ડીજીએ મને એવો જ એક સવાલ પૂછ્યો. તેમણે કહ્યું કે - આપ આટલાં વર્ષોથી પીએમ છો, આટલાં વર્ષો સી.એમ રહ્યા, શું આપને ક્યારેય લાગે છે કે ક્યાંક કંઈક ઉણપ રહી ગઈ? અપર્ણાજીનો સવાલ બહુ જ સહજ છે પરંતુ એટલો જ મુશ્કેલ પણ. મેં આ સવાલ પર વિચાર કર્યો અને પોતાને કહ્યું કે મારી એક ઉણપ એ રહી છે કે હું દુનિયાની સૌથી પ્રાચીન ભાષા - તમિલ શીખવા માટે બહુ પ્રયાસ ન કરી શક્યો, હું તમિલ ના શીખી શક્યો. આ એક એવી સુંદર ભાષા છે, જે દુનિયાભરમાં લોકપ્રિય છે. ઘણા લોકોએ મને તમિલ લિટરેચરની ક્વૉલિટી અને તેમાં લખેલી કવિતાઓના ઊંડાણ વિશે ઘણું જણાવ્યું છે. ભારત આવી અનેક ભાષાઓનું સ્થળ છે જે આપણી સંસ્કૃતિ અને ગૌરવનું પ્રતીક છે.

મારા પ્રિય યુવા સાથીઓ, આવનારા કેટલાક મહિના આપના બધાનાં જીવનમાં વિશેષ મહત્ત્વ રાખે છે. મોટાભાગના યુવા સાથીઓની exams, પરીક્ષાઓ હશે. આપને યાદ છે ને - Warrior બનવાનું છે, Worrior નહીં, હસતાં-હસતાં એક્ઝામ આપવા જવાનું છે અને હસતાં હસતાં પાછા આવવાનું છે. કોઈ બીજા સાથે નહીં પરંતુ પોતાનાથી જ સ્પર્ધા કરવાની છે. પૂરતી ઊંઘ પણ લેવાની છે, અને ટાઈમ મેનેજમેન્ટ પણ કરવાનું છે. રમતો રમવાનું પણ નથી છોડવાનું નથી, કારણ કે જે રમે તે ખીલે. રિવિઝન અને યાદ કરવાની સ્માર્ટ રીત અપનાવવાની છે, એટલે કે કુલ મળીને આ એક્ઝામ્સમાં પોતાના બેસ્ટને બહાર લાવવાનું છે. તમે વિચારી રહ્યા હશો કે આ કેવી રીતે થશે. આપણે બધા મળીને આ કરવાના છીએ. દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણે બધા કરીશું "પરીક્ષા પે ચર્ચા..." પરંતુ માર્ચમાં થનારી પરીક્ષા પે ચર્ચાથી પહેલા મારી આપ સર્વે એક્ઝામ્સ વોરિયર્સને, પેરન્ટ્સને અને ટીચર્સને એક રિક્વેસ્ટ છે કે તમારા અનુભવ, તમારી ટીપ્સ જરૂર શેર કરો. તમે MyGov પર શેર કરી શકો છો. નરેન્દ્ર મોદી એપ પર શેર કરી શકો. આ વખતની પરીક્ષા પર ચર્ચામાં યુવાઓની સાથે સાથે પેરન્ટ્સ અને ટીચર્સ પણ આમંત્રિત છે. કેવી રીતે પાર્ટિસિપેટ કરવાનું છે, કેવી રીતે પ્રાઈઝ જીતવાનું છે, કેવી રીતે મારી સાથે ડિસ્કશનનો અવસર મેળવવાનો છે, આ બધી જાણકારી આપને MyGov પર મળશે. અત્યાર સુધી એક લાખથી વધારે વિદ્યાર્થી, લગભગ 40 હજાર પેરન્ટ્સ અને લગભગ 10 હજાર ટીચર ભાગ લઈ ચૂક્યા છે. આપ પણ આજે જ પાર્ટિસિપેટ કરો. આ કોરોનાના સમયમાં મેં કેટલોક સમય કાઢીને એક્ઝામ વોરિયર બુકમાં પણ કેટલાક મંત્ર જોડ્યા છે. હવે તેમાં પેરન્ટ્સ માટે પણ કેટલાક મંત્ર જોડવામાં આવ્યા છે. આ મંત્રો સાથે જોડાયેલી ઘણીબધી interesting activities નરેન્દ્ર મોદી એપ પર આપવામાં આવી છે જે આપની અંદરના એક્ઝામ વોરિયરને ignite કરવામાં મદદ કરશે. આપ તેને જરૂર ટ્રાય કરીને જુઓ. બધા યુવા સાથીઓને આવનારી પરીક્ષાઓ માટે ઘણી-ઘણી શુભેચ્છાઓ.

મારા પ્રિય દેશવાસીઓ, માર્ચનો મહિનો આપણા ફાઈનાન્શિયલ યરનો છેલ્લો મહિનો પણ હોય છે, તેથી તમારામાંથી ઘણા લોકોની ઘણી વ્યસ્તતા રહેશે. હવે જેવી રીતે દેશમાં આર્થિક ગતિવિધિઓ વધી રહી છે તેનાથી આપણા વેપારીઓ અને ઉદ્યમી સાથીઓની વ્યસ્તતા પણ ઘણી વધી રહી છે. આ બધાં કાર્યો વચ્ચે આપણે કોરોનાથી સાવધાની ઘટાડવાની નથી. આપ બધા સ્વસ્થ રહો, ખુશ રહેશો, કર્તવ્ય પથ પર અડગ રહેશો, તો દેશ ઝડપથી આગળ વધતો રહેશે.

આપ બધાને તહેવારોની અગાઉથી શુભેચ્છાઓ, સાથે-સાથે કોરોનાના સંબંધમાં જે પણ નિયમોનું પાલન કરવાનું છે તેમાં કોઈ ઢીલાશ નહીં આવવી જોઈએ. ખૂબ...ખૂબ ધન્યવાદ.... ●



# નવા વિચાર-નવા સંકલ્પ અને આત્મનિર્ભરતાનું અમૃત એટલે

## આઝાદીનો અમૃત મહોત્સવ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની આઝાદીના ૭૫ વર્ષ - "આઝાદી કા અમૃત મહોત્સવ"ના રાષ્ટ્રવ્યાપી ઉજવણી કાર્યક્રમોનો પ્રારંભ આઝાદી આંદોલનના મુખ્ય કેન્દ્રબિંદુ એવા અમદાવાદનાં સાબરમતી આશ્રમથી કરાવતા આ અમૃત મહોત્સવ ૧૩૦ કરોડ ભારતવાસીઓ માટે સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રેરણા, નવા વિચારો, નવા સંકલ્પો અને નયા ભારતના નિર્માણનું અમૃત બને તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. વડાપ્રધાનશ્રીએ આગામી સ્વાતંત્ર્ય દિવસ ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી સમગ્ર દેશમાં ૭૫ સપ્તાહ સુધી આઝાદીનો અમૃત મહોત્સવ અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમોનો શુભારંભ અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડી સુધીની દાંડીયાત્રાને પ્રસ્થાન કરાવીને કરાવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંગ્રેજી શાસનના પાયામાં લુણો લગાડનાર સ્વાતંત્ર્ય સંગ્રામની અભૂતપૂર્વ ઘટના એવી દાંડી યાત્રાના નવ દાયકા અને દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર પર દેશની જનતામાં રાષ્ટ્રપ્રેમ અને જન-ચેતના ઊભી થાય તેવા ઉમદા આશયથી અમદાવાદના જગપ્રસિદ્ધ સાબરમતી આશ્રમથી રાષ્ટ્રવ્યાપી ઉજવણીની શરૂઆત કરાવી હતી.

તેમણે કહ્યું હતું કે, આઝાદ ભારતના ઐતિહાસિક કાળખંડના આપણે સૌ સાક્ષી બની રહ્યા છીએ. દાંડીયાત્રાની વર્ષગાંઠ અને ભારતની આઝાદીના અમૃત મહોત્વના પ્રારંભ અવસરે આપણે










સૌ ઈતિહાસ બનતો જોઇ રહ્યા છીએ.

વડાપ્રધાનશ્રીએ સેલ્યુલર જેલ, મુંબઇનું ઓગસ્ટ ક્રાંતિ મેદાન, જલિયાવાલાં બાગ જેવાં ઐતિહાસિક સ્થળો અને રાણી લક્ષ્મીબાઇ, સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર જેવા સ્વાતંત્ર્યવીરોનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, આજના દિવસે ભારતની આઝાદીની લડતનાં કેટલાંય પૂણ્ય દિવસ, પૂણ્ય આત્માઓ અને પૂણ્ય તીર્થો આપણાં સ્મૃતિપટ પર એકઠાં થયાં છે.

આજના દિને ભારતની આઝાદીનો ઐતિહાસિક સંઘર્ષ, ઊર્જા, બલિદાન દેશભરમાં પુન:જાગૃત થયા છે તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણોની આહુતિ આપનારા અને સ્વતંત્રતાની લડતને નેતૃત્વ આપનાર વીરોના ચરણોમાં નમન અને વંદનનો ભાવ વ્યક્ત કર્યો હતો. તેઓએ આઝાદ ભારતની રક્ષા કાજે સરહદો પર જીવનને ન્યોછાવર કરનારા શહીદ વીરો અને આઝાદ ભારતની પ્રગતિની એક-એક ઈંટ મૂકનારા અમર આગેવાનો પ્રત્યે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

વડાપ્રધાનશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવના પાંચ આધાર સ્તંભ ફ્રીડમ સ્ટ્રગલ, આઇડીયાઝ@૭૫, અચીવમેન્ટ@૭૫, એક્શન@૭૫ અને રીઝોલ્વ્સ@૭૫નો ઉલ્લેખ કરી કહ્યું કે, આ આધારસ્તંભો દેશને સમગ્ર ઉજવણીકાળ દરમિયાન પ્રેરણા અને પથદર્શન પૂરા પાડશે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આપણો ભવ્ય ભૂતકાળ, અમૂલ્ય વિરાસત અને ત્યાગ બલિદાનની પરંપરા આગળ ધપાવવાથી જ દેશનું ગૌરવ ટકી શકે છે. ભારત પાસે ગર્વ કરવા માટે અખૂટ ભંડાર અને ચેતનામય સમૃદ્ધ વારસો રહેલો છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીથી રાષ્ટ્રના વારસારૂપી આ અમૃત ભારતની વર્તમાન પેઢીને પ્રાપ્ત થશે જેનાથી યુવાનોને દેશ માટે જીવવા-મરવાની પ્રેરણા મળશે.

વડાપ્રધાનશ્રીએ "મૃત્યોર્મુક્ષીય મામૃતાત્" શ્લોકનું ગાન કરી કહ્યું કે ભારતની આઝાદીના અમૃત મહોત્સવનો આ મૂળ મંત્ર છે. આ અમૃત સ્વાધીનતાનું અમૃત, નવા વિચાર નવા સંકલ્પનું અમૃત અને આત્મનિર્ભરતાનું અમૃત છે.







વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આઝાદીનો આ અમૃત મહોત્સવ રાષ્ટ્રના નવ જાગરણનો મહોત્સવ છે. ઘડવૈયાઓએ સેવેલા સુરાજ્યના સ્વપ્નને સાકાર કરવાનો મહોત્સવ છે. વૈશ્વિક શાંતિ અને વિકાસના લક્ષ્યને પ્રાપ્ત કરવાનો મહોત્સવ છે.

વડાપ્રધાનશ્રીએ દાંડીયાત્રાને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને વધુ વ્યાપક બનાવનારી તથા ભારતના મૂળભૂત સ્વભાવ, સંસ્કાર અને દૃષ્ટિકોણને વિશ્વ સમક્ષ ઉજાગર કરનારી યાત્રા હોવાનું કહી ઉમેર્યુ કે, ભારતમાં મીઠુ એટલે ઇમાનદારી, વફાદારી અને વિશ્વાસનો ભાવ, મીઠું એટલે શ્રમ અને સમાનતાનું પ્રતિક, મીઠુ એટલે આત્મનિર્ભરતાનું પ્રતિક. મીઠા પર કર નાંખી અંગ્રેજોએ ભારતના આત્મસન્માન પર ઠેસ પહોંચાડી હતી. ગાંધીજીએ મીઠાના આ કાયદા સામે અવાજ ઉઠાવી આઝાદીની માંગના અવાજને વધુ બુલંદ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, સ્વાધીનતા સંગ્રામની દરેક ઘટના, ચળવળ પાછળ અભૂતપૂર્વ ગાથા રહેલી છે. આ સ્વાધીનતા સંગ્રામમાં રામયુગની ચેતના, શિવાજી, પ્રતાપની રાષ્ટ્રભાવનાનો ઉદઘોષ પ્રતિબિંબિત થયેલા છે. ૧૮૫૭નો સંગ્રામ, ગાંધીજીનું સ્વદેશ આગમન, તિલકની સ્વરાજ્ય માંગ, ભારત છોડોનો ઉદઘોષ જેવા અનેક પડાવોએ ભારતીયોના જનમાનસને આઝાદીની લડત માટે પ્રેર્યા હતા. આ વેળાએ વડાપ્રધાનશ્રીએ અનેકાનેક સ્વાતંત્ર્ય વીરો, રાષ્ટ્ર-ઘડવૈયાઓનો ઉલ્લેખ કરતા સભાગૃહે તાળીઓના હર્ષનાદથી બિરદાવ્યા હતા.

આઝાદીની લડતની અગણિત ઘટનાઓ, સ્વાતંત્ર્ય વીરોની ગાથાઓ યથાર્થરૂપે દેશ સામે આવી નથી ત્યારે આઝાદીનો અમૃત મહોત્સવ વર્તમાન પેઢી સમક્ષ તે ગાથાઓને ઉજાગર કરવાનો અવસર છે, તેમ તેમણે જણાવ્યું હતું.

**"આઝાદ ભારતની અગણિત સફળતાઓ અન્ય દેશો માટે પ્રેરણારૂપ છે. ભારતનો વિકાસ દુનિયાના વિકાસમાં સહાયરૂપ છે. કોરોનાના કપરા કાળમાં ભારતે વેક્સિન નિર્માણમાં આત્મનિર્ભરતા દાખવી દુનિયાને ભારતની આત્મનિર્ભરતાનો પરિચય કરાવ્યો છે.**

**- શ્રી નરેન્દ્રભાઇ મોદી, વડાપ્રધાન**





આઝાદીના 'અમૃત મહોત્સવ'નો સાબરમતી આશ્રમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શુભારંભ કરાવ્યો

વડાપ્રધાનશ્રીએ કચ્છના શ્યામજી કૃષ્ણવર્માની અસ્થિઓ લંડનથી પરત લાવ્યાના પ્રસંગનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, શ્યામજી કૃષ્ણવર્માએ વિદેશમાં રહી અંગ્રેજોના નાક નીચે બ્રિટિશ હકૂમત વિરૂદ્ધ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરી હતી.

વડાપ્રધાનશ્રીએ "જનની જન્મભૂમિશ્ચ, સ્વર્ગાદપિ ગરીયસી" ઉક્તિનો ઉલ્લેખ કરી ગારો, ખાસી, સંથાલ, નાગા, કુકા, ભીલ, મુંડા જેવી વિવિધ આદિજાતિઓએ જન્મભૂમિની સ્વતંત્રતા માટે અંગ્રેજો સામે કરેલા સ્વાતંત્ર્ય સંઘર્ષનો ચિતાર આપ્યો હતો. આ વેળાએ વડાપ્રધાનશ્રીએ રાણી ગાઇડીનલ્યુ, બિરસા મૂંડા, મુર્મુ ભાઇઓ, અલ્લુરી સિતારામરાજૂ, માનગઢના ગોવિંદગુરુ, સંથાળો સહિતના વનવાસી ક્રાંતિવીરોનો ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ અંગ્રેજોના આગમન પૂર્વેના ભારતની સંત પરંપરાનો ઉલ્લેખ કરી કહ્યું કે, ભક્તિ આંદોલને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની પીઠિકા તૈયાર કરી હતી.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, જલિયાંવાલા બાગ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, બી.આર.આંબેડકર સાથે સંકળાયેલાં સ્થાન, વનબંધુઓના સંઘર્ષને ઉજાગર કરતા મ્યુઝિયમ જેવાં સ્થળો ભારતની સ્વાતંત્ર્ય લડત અને વીરોને ચિરસ્મરણીય બનાવે છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આઝાદ ભારતની અગણિત સફળતાઓ અન્ય દેશો માટે પ્રેરણારૂપ છે. ભારતનો વિકાસ દુનિયાના વિકાસમાં સહાયરૂપ છે. કોરોનાના કપરા કાળમાં ભારતે વેક્સિન નિર્માણમાં આત્મનિર્ભરતા દાખવી દુનિયાને ભારતની આત્મનિર્ભરતાનો પરિચય કરાવ્યો છે.

આ મહામારીના કપરા સમયમાં પણ ભારતે વસુધૈવ કુટુંબકમ્ ના ભાવ સાથે અન્ય દેશોનું દુખ દૂર કરવાનું કાર્ય કર્યુ છે. તેથી જ વિશ્વ આખું ભારત પર વિશ્વાસ મૂકી રહ્યું છે. નયા ભારતના સૂર્યોદયનું આ પ્રથમ કિરણ છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

વડાપ્રધાનશ્રીએ 'એક ભારત-શ્રેષ્ઠ ભારત', 'આત્મનિર્ભર ભારત', સમૃદ્ધ સંસ્કૃતિક વારસા થકી ભારતને વિશ્વગુરુ બનાવવાના નિર્ધારનો પુનરોચ્ચાર કર્યો હતો.

તેમણે કહ્યું કે, દરેક ભારતીય એક પગલું ભરે તો ભારત ૧૩૦ કરોડ ડગ-પગલાં આગળ જશે. સૌ સાથે મળીને વિકાસનાં તમામ લક્ષ્યો પાર પાડી શકીશું.

વડાપ્રધાનશ્રીએ આગામી ૭૫ અઠવાડિયાં દરમિયાન રચનાત્મક કાર્યક્રમો યોજવાનું સૂચન કરી આગામી ૧૫મી ઓગસ્ટ સુધીમાં આઝાદીનો આ અમૃત મહોત્સવ સર્વવ્યાપી અને સર્વ સમાવેશી બને તેવી શુભકામના વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ પ્રસંગે કહ્યું કે, આજે સમગ્ર દેશની નજર ગુજરાત પર છે કારણ કે આઝાદીની લડતમાં પૂજ્ય બાપુ અને સરદાર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સમગ્ર દેશનું નેતૃત્વ કર્યુ હતું. જે ભૂમિ પરથી આઝાદીની જંગનાં મંડાણ થયાં હતાં એ જ ભૂમિ પરથી આજે દેશની સ્વતંત્રતાનાં ૭૫ વર્ષની ઉજવણીની શરૂઆત થઇ છે તે ગુજરાત માટે ગૌરવવંતી બાબત છે.

આજથી ૯૧ વર્ષ પહેલાં પૂજ્ય બાપુએ પોતાના ૭૮ સાથીઓ સાથે ઐતિહાસિક દાંડીકૂચ કરી હતી અને ૬ એપ્રિલે એક ચપટી

મીઠું ઉઠાવીને મીઠાના કાયદાનો ભંગ કરી અંગ્રેજ શાસનના પાયામાં લૂણો લગાવવાની શરૂઆત કરી હતી.

આજે આઝાદીનાં ૭૫ વર્ષ બાદ સમગ્ર રાષ્ટ્ર "લીવ ફોર ધ નેશન" ના મંત્ર સાથે વિશ્વગુરુ બનવા અગ્રેસર થઇ રહ્યું છે ત્યારે પુનરાવર્તિત દાંડીયાત્રા દેશમાં જનચેતના જગાવનારી જનયાત્રા બની રહેશે.

દાંડીયાત્રાની આ ચિનગારીએ સમગ્ર દેશને સ્વદેશી ભાવના પ્રત્યે જાગૃત કર્યો હતો તેમ જણાવી તેમણે કહ્યું કે, સ્વાતંત્ર્યતાના સંગ્રામમાં ગુજરાતનું યશસ્વી પ્રદાન રહ્યું છે. ગાંધીજીએ સમગ્ર દેશમાં જનચેતનાનું જનઆંદોલન ચલાવ્યું તો સરદાર પટેલે દેશને એક કરી અખંડ ભારતનું નિર્માણ કર્યુ આ રીતે ગાંધીજી સ્વાતંત્ર્યના શિલ્પી જ્યારે સરદાર પટેલ અખંડ ભારતના શિલ્પી બન્યા હતા.

તેમણે કહ્યું કે, આ બંને મહાનુભાવો સિવાય ભારતની આઝાદી માટે ગણેશ વાસુદેવ માવલંકર, વિનોદ કિનારીવાલા, મગનભાઇ પટેલ, બળવંતરાય મહેતા, ઉછંગરાય ઢેબર વગેર જેવા અનેક નામી-અનામી દેશભક્તોએ પોત-પોતાનાં ક્ષેત્રોમાં પોતાનું અનન્ય યોગદાન આપ્યું હતું જેને ગુજરાત સદૈવ યાદ રાખશે.

ગુજરાતના સહજાનંદ સ્વામી, કવિ નર્મદ, ઉમાશંકર જોષી જેવા સમાજ સુધારકોએ દેશમાં સામાજિક સુધારાની શરૂઆત કરી હતી. જ્યારે રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં સૌપ્રથમ કાપડ મિલની સ્થાપના કરીને ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસનો પાયો નાંખ્યો હતો. ગુજરાતના ક્રાંતિકારી સરદારસિંહ રાણા, શ્યામજીકૃષ્ણ વર્મા અને મેડમ ભીખાઇજી કામાએ વિદેશમાં ભારતના સ્વાતંત્ર્યતાની મિશાલ કાયમ કરી હતી. લીલાવતીબેન બેન્કર, પૂર્ણિમાબેન પકવાસા જેવી ગુજરાતની મહિલાઓ પણ તેમાં પાછળ રહી ન હતી તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અંગ્રેજોના દમન સામે આદિવાસી ક્ષેત્રમાં રૂપસિંહ નાયક અને માનગઢમાં ગોવિંદ ગુરુએ અંગ્રેજો સામે ઝીંક ઝીલી ગુજરાતનું ખમીર બતાવ્યું હતું આમ સમાજના તમામ ક્ષેત્રના લોકોએ સ્વાધીનતાની લડાઇમાં આગળ પડતો ભાગ લીધો હતો. આ સ્વાતંત્ર્યવીરોના યોગદાનને સ્મરણ કરવાનો આ અનેરો અવસર છે.

તેમણે કહ્યું કે, ગુજરાતનું સદભાગ્ય છે કે આઝાદીની લડત દરમિયાન પૂજ્ય બાપૂએ ગુજરાતમાં સૌથી વધુ સમય વિતાવ્યો હતો. સાબરમતી આશ્રમ આઝાદીની લડતના અનેક નિર્ણયોનું સાક્ષી રહ્યું છે તેવા સ્થળેથી આજે દેશની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણીની શરૂઆત થઇ છે, તેનાથી ગુજરાતની યશકલગીમાં વધુ એક પીછુ ઉમેરાયું છે.

ગાંધીજીના આ પ્રદાન વધુ લોકો સુધી લઇ જવા માટે ગુજરાતમાં ગાંધી ટૂરિઝમ સર્કિટ,રાજ્યમાં નેશનલ સોલ્ટ મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે તેમજ ટ્રાયબલ મ્યુઝિયમ નિર્માણાધીન છે આ ઉપરાંત ઝવેરચંદ મેઘાણી મેમોરિયલ જેવાં સ્થાનોને સરકાર દ્વારા વિકસિત કરવામાં આવી રહ્યાં છે.

ગુજરાતનું સદભાગ્ય છે કે ગુજરાતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું સક્ષમ અને મજબૂત નેતૃત્વ મળ્યું છે. ગુજરાત ૮ ટકા જી.ડી.પી., ૧૬૦૦ કિ.મિ.નો દરિયા કિનારો, ૪૦ પોર્ટ(બંદરો),







સાથે રિન્યુએબલ એનર્જી અને રોજગારમાં દેશભરમાં અગ્રેસર છે.

જે રીતે ગુજરાતે દેશની આઝાદની લડતમાં અગ્રેસર રહી નેતૃત્વ લીધું હતું તે જ રીતે ગુજરાત દેશના વિકાસનું પણ ગ્રોથ એન્જિન બની દેશનું દિશાદર્શન કરશે અને વિકાસનું કેન્દ્ર બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય સાંસ્કૃતિક અને પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી પ્રહલાદસિંહ પટેલે સ્વાગત પ્રવચન કરતાં કહ્યું કે, સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર પર દેશની ૭૫ જગ્યાઓ પર ૭૫ અઠવાડિયાં સુધી ઉજવણી કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં






સરકાર આયોજક નહીં પરંતુ ભાગીદારની ભૂમિકામાં હશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

તેઓએ ગાંધીજીએ લોર્ડ ઇરવિનને લખેલા પત્રોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ગુલામીકાળના અંગ્રેજી શાસનમાં ભારતને નિર્બળ અને સ્વમાનવિહીન બનાવી દીધું હતું પરંતુ આજે ભારત સ્વમાનભેર આત્મનિર્ભર બનીને વિશ્વ સમક્ષ ઊભું છે.

કેન્દ્રીય મંત્રીશ્રી એ ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ ભારતની આઝાદીના શતાબ્દી વર્ષ સુધીનો રોડ-મેપ તૈયાર કરવામાં આવ્યો છે. આઝાદીના શતાબ્દી વર્ષે ભારત સામર્થ્ય અને સમૃદ્ધિથી ભરેલું હોય અને મા - ભારતીનું વૈભવગાન દુનિયાના દરેક ખૂણામાં થાય તે આપણું લક્ષ્ય છે.

કાર્યક્રમની શરૂઆતમાં દેશભરના ૨૦૦ જેટલા કલાકારો દ્વારા દેશભાવનાને ઉજાગર કરતી રંગારંગ સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. કુલ ૭૫ અઠવાડિયાના અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન દેશમાં કોઈપણ જગ્યાએ દેશ હિતાર્થે થનારા કામ અંગે ટ્વિટ કરી જાણકારી આપવામાં આવશે. આ અવસરે





વિશિષ્ટ પ્રકારનો ચરખો લોન્ચ કરવામાં આવ્યો હતો. "વોકલ ફોર લોકલ"ની થીમ પર આધારિત આ ચરખો જ્યારે પણ કોઈપણ ભારતીય દ્વારા સ્વદેશી વસ્તુ ખરીદીને ટ્વિટ કરવામાં આવશે તેમ-તેમ ચરખો એક રાઉન્ડ ફરશે. સમગ્ર ઉજવણી દરમિયાન ૭૫ કરોડ વખત ચરખો ફેરવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ઉપરાંત આઝાદીના અમૃત મહોત્સવ માટે એક અલાયદી વેબસાઈટ "India75.nic.in" નું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દેશના વિભિન્ન પ્રકારના કોટન નિર્માતા માટે આત્મનિર્ભર ભારત ઈન્ક્યૂબેટરની ભૂમિકા આપવામાં આવી હતી.

સાબરમતી આશ્રમ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હૃદયકુંજની મુલાકાત લઇ ગાંધીજીની છબીને સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ વેળાએ નાનાં ભૂલકાઓએ ગાંધીજીને પ્રિય એવા ભજનોનું મધુર કંઠે ગાન કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ ગાંધી આશ્રમની મુલાકાત બાદ આશ્રમની વિઝિટર્સ બુકમાં પ્રતિભાવ લખ્યો હતો. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી ઉપક્રમે દૃશ્ય-શ્રાવ્ય ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ દેશના વિખ્યાત ગીતકાર ઝુબિન નોટીયાલ દ્વારા "તુઝ સે હી તો ઝીંદા હું ઓ મેરે હિન્દુસ્તાન" ગીત લાઇવ રજૂ કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાનશ્રીએ કાર્યક્રમ સ્થળે પધારી ચિત્રકાર છગનલાલ જાદવ દ્વારા દાંડી યાત્રા પરના સ્કેચ તથા વિવિધ સ્મૃતિચિત્રોનું પ્રદર્શન નિહાળ્યું હતું. આ પ્રસંગે સાબરમતી આશ્રમ ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, કેન્દ્રિય કૃષિ રાજ્ય મંત્રી શ્રી પુરુષોત્તમભાઇ રૂપાલા, સાંસદ શ્રી સી. આર. પાટીલ, અમદાવાદના નવનિયુક્ત મેયર શ્રી કિરીટ પરમાર, સાબરમતી આશ્રમના ટ્રસ્ટી શ્રી કાર્તિકેય સારાભાઈ, શ્રી અમૃત મોદી અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજ્યભરમાં અમૃત મહોત્સવની થયેલી ઉજવણી



'સેલિબ્રેટિંગ ઈન્ડિયા@૭૫ આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમની રાજ્યવ્યાપી શૃંખલા અન્વયે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ રાજકોટ સ્થિત મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે ૯૧ વર્ષ બાદ જીવંત થઈ ઉઠેલી દાંડીયાત્રાના સાક્ષી બન્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત દેશપ્રેમી નાગરિકોને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાષ્ટ્રપિતા ગાંધીજીને વિદ્યાર્થી જીવનથી જ નૈતિકતાનું બળ પૂરું પાડવામાં રાજકોટનું યોગદાન અમૂલ્ય છે. પોતાના જીવન ઘડતરના મહામૂલાં ૧૫ વર્ષો રાજકોટ ખાતે વિતાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની રાજકોટ ખાતેની યાદોને પણ શ્રી નીતિનભાઈએ તાજી કરી હતી. દેશની નવી પેઢીને ભારતના ભવ્ય ઐતિહાસિક વારસાથી અવગત કરાવવાની આપણી નૈતિક જવાબદારીનું શ્રી નીતિનભાઈ પટેલે સ્મરણ કરાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને દેશના નાગરિકોના બલિદાનો થકી મળેલી મહામૂલી આઝાદીને આત્મસાત કરવા માટે વડાપ્રધાનશ્રી મોદીએ અમલી બનાવેલા વિવિધ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમોની રૂપરેખા આપી હતી.

દાંડીકૂચને રાજકોટ ખાતે આબેહૂબ રીતે જીવંત કરવામાં આવી હતી. અને ઉપસ્થિત દેશપ્રેમી નાગરિકો ગાંધીજીના સત્યાગ્રહની યાદોમાં ભાવવાહી રીતે સામેલ થયા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત કોર્પોરેટરો, મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તથા રાષ્ટ્રપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●



અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી - વડોદરા



મંત્રી શ્રી આર. સી. ફળદુ - પોરબંદર



મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલ - અમદાવાદ



મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ - કરમસદ



મંત્રી શ્રી ગણપતભાઇ વસાવા - તાપી



મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર - પાટણ



મંત્રી શ્રી ઇશ્વરભાઇ પરમાર - બારડોલી



મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા - અમદાવાદ



મંત્રી શ્રી બચુભાઇ ખાબડ - દાહોદ



મંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમાર - હાલોલ



મંત્રી શ્રી ઇશ્વરસિંહ પટેલ - નવસારી



મંત્રી શ્રી વાસણભાઇ આહિર - કચ્છ



મંત્રી શ્રી વિભાવરીબેન દવે - ભાવનગર



મંત્રી શ્રી રમણલાલ પાટકર - વલસાડ



મંત્રી શ્રી કિશોરભાઇ કાનાણી - હરિપુરા, સુરત



મંત્રી શ્રી  યોગેશભાઇ પટેલ - આણંદ



મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા - ગીર સોમનાથ

# કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨ને આવકારતા મુખ્યમંત્રીશ્રી




મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ભારત સરકારના નાણાંમંત્રીશ્રીએ રજૂ કરેલા કેન્દ્રીય બજેટને આવકાર્યુ હતું મુખ્યમંત્રીશ્રીએ આ બજેટ અંગેની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, કોરોનાની મહામારીમાં વિશ્વ આખું સ્થગિત થઇ ગયેલું છે. એટલું જ નહિ, ઘણા દેશો આર્થિક મુશ્કેલીનો પણ સામનો કરી રહ્યા છે. પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના કુશળ નેતૃત્વ, દીર્ઘદષ્ટિપૂર્ણ આયોજનમાં ભારતે કોરોનાકાળમાં પણ વિકાસ જારી રાખ્યો છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે બજેટમાં આત્મનિર્ભર ભારતની છબિ ભલિભાંતિ ફલિત થાય તેવું આ બજેટ આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રકચર, સર્વગ્રાહી વિકાસ, ઇનોવેશન અને આર. એન્ડ ડી, મિનિમમ ગવર્મેન્ટ મેક્સિમમ ગવર્નન્સના ધ્યેય સાથે વિકાસ કેન્દ્રી બજેટ છે.ખેડૂત, યુવારોજગારી, મહિલા વિકાસ અને MSME નાના-મધ્યમ કદના ઉદ્યોગો માટે આ બજેટમાં વિશેષ ચિંતા કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ બજેટથી ગુજરાતને થનારા વિશેષ લાભોની છણાવટ કરતાં જણાવ્યું કે, બજેટ-૨૦૨૧થી ગુજરાતના ગિફ્ટ સિટીને ખૂબ લાભ થવાનો છે. BSE - NSEમાં રોકાણકર્તાઓને એમના વિદેશી મૂડીરોકાણ પરના ટેક્સમાં રાહત આપવામાં આવી છે. ઉપરાંત, એરક્રાફ્ટ લિઝિંગ કંપનીઓને પણ કેપિટલ ગેઇનમાં લાભ મળશે. નવી નવી એરક્રાફ્ટ લિઝિંગ કંપનીઓ ગુજરાતમાં આવશે. ખાસ કરીને ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર ગિફ્ટ સિટીમાં બેન્કિંગ યુનિટમાં રોકાણ કરશે તેમને કેપિટલ ગેઇન ટેક્સમાં જે છૂટ આપવામાં આવી છે તેનાથી પણ ગિફ્ટ સિટીને વધુ વેગ મળશે. ઇન્વેસ્ટમેન્ટ ફંડને મળેલા પ્રોત્સાહનને કારણે આવનારા દિવસોમાં ગિફ્ટ સિટીમાં ખૂબ રોકાણ આવશે એવી આશા તેમણે વ્યકત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એસ્પિરેશનલ જિલ્લામાં લેબોરેટરી બનવાથી સામાન્ય લોકોને સ્થાનિક કક્ષાએ આરોગ્ય તપાસની સુવિધાઓ મળી રહેશે તેમ ઉમેર્યું હતું. આ બજેટ આપત્તિને અવસરમાં પલટાવનારું બજેટ છે એમ તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દેશમાં ૧૦૦ સૈનિક સ્કૂલ અને ૭૫૦ એકલવ્ય મોડલ શાળા નિર્માણ કરવાના નિર્ણયથી વનબંધુ સહિત તમામ વર્ગના યુવાનો માટે શિક્ષણ અને કારકિર્દીના ક્ષેત્રે નવી ક્ષિતિજો ખૂલી છે.

મુખ્યમંત્રીશ્રીએ સૌ પ્રથમ વખત ડિજિટલી વસ્તી ગણતરી અને જૂનાં ભારે વાહન સ્ક્રેપ કરવાની પોલિસીને વિશેષ ગણી આવકારી હતી. તેઓએ 'જલજીવન મિશન-૨.૦' અને ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાની અંદાજપત્રીય જોગવાઈઓને પણ મહત્ત્વપૂર્ણ ગણાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, નાબાર્ડ ઉપરાંતની માઈક્રો ઈરિગેશન માટેની નાણાકીય જોગવાઇ અને એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ આધુનિક ખેતીના વિકાસ માટે સરકારના અભિગમને સ્પષ્ટ કરે છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, રેલવેમાં ૧૦૦% બ્રોડગ્રેજ ઇલેક્ટ્રિફિકેશનના સંકલ્પથી ટ્રેનો ઝડપથી ચાલે તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સાથે કેવડિયામાં માટેની ટ્રેન સહિતની ટ્રેનોમાં વિસ્ટા ડોમ કોચ છે તેની સંખ્યામાં વધારો કરવાની જોગવાઇ પણ મહત્ત્વનું કદમ છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતના દરિયાકિનારાને ધ્યાનમાં રાખીને પણ આ બજેટમાં વિશેષ જોગવાઇ કરવામાં આવી છે ઉપરાંત ઇન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે પણ આવનારા સમયમાં ગુજરાતને લાભ થશે. ●

“આત્મનિર્ભર ભારતની છબિ સ્પષ્ટ રીતે ફલિત થાય તેવું આ બજેટ આરોગ્ય, ઇન્ફ્રાસ્ટ્રકચર, સર્વગ્રાહી વિકાસ, ઇનોવેશન અને આર. એન્ડ ડી, મિનિમમ ગવર્મેન્ટ - મેક્સિમમ ગવર્નન્સના ધ્યેય સાથે વિકાસકેન્દ્રી બજેટ છે. ખેડૂત, યુવારોજગારી, મહિલા વિકાસ અને MSME ઉદ્યોગો માટે આ બજેટમાં વિશેષ ચિંતા કરવામાં આવી છે.

- શ્રી વિજયભાઇ રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત





## ગુજરાતના ઇતિહાસમાં અગાઉ કદી રજૂ ન થયું

# સર્વાંગી વિકાસલક્ષી

પુલક ત્રિવેદી

ગુજરાતના નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલે ગુજરાત રાજ્યનું વર્ષ ૨૦૨૧-૨૨નું વાર્ષિક અંદાજપત્ર ગુજરાત વિધાનસભામાં રજૂ કર્યું. નાણામંત્રી તરીકે તેમણે આ નવમું અંદાજપત્ર રજૂ કર્યું છે. આ અંદાજપત્રનું કદ રૂ. ૨,૨૭,૦૨૯ કરોડ છે. જે ગત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ કરતાં રૂ. ૯૭૪૨ કરોડ વધુ છે. કોવિડ મહામારીના અસરમાંથી અર્થ વ્યવસ્થા બહાર આવવાના સંકેતો આપતા આ પ્રગતિશીલ બજેટમાં 'સર્વે ભવન્તુ સુખીન: સર્વે સન્તુ નિરામયા'ની ભાવના ઉજાગર થાય છે.

કેન્દ્ર સરકારના પેપરલેસ બજેટ બાદ ગુજરાત દેશનું એવું પ્રથમ રાજ્ય છે જ્યા પેપરલેસ બજેટ જાહેર કરવામાં આવ્યું છે. સૌ પ્રથમવાર એવું બન્યું છે કે, બજેટ એપ્લિકેશન ઉપર ગુજરાતનું

- **૫ વર્ષમાં અંદાજિત બે લાખ યુવાનોને સરકારી નોકરી અપાશે અને ૨૦ લાખ રોજગારીની નવતર તકોનું નિર્માણ થશે**
- **દેશનું પ્રથમ પેપરલેસ બજેટ રજૂ થયું**
- **વનબંધુ કલ્યાણ યોજના - ૨ માટે પાંચ વર્ષમાં ૧ લાખ કરોડ ખર્ચાશે**



# હોય એવું સૌથી મોટું રૂ. 2,27,029 કરોડનું

# અંદાજપત્ર 2021-22

અંદાજપત્ર સામાન્ય જનતા માટે પણ ઉપલબ્ધ બન્યુ છે. ડિજિટલ યુગમાં ગુજરાતના અંદાજપત્ર 2021-22ના આ આગેકદમની દેશ દુનિયાના લોકોને પ્રતીતિ થઈ છે.

આ અંદાજપત્રમાં આરોગ્ય સુવિધાઓ, શૈક્ષણિક વ્યવસ્થા અને પીવાના પાણી જેવી પાયાની જરૂરિયાતોને વધુ સુદૃઢ કરવાની સાથે સાથે રસ્તાઓ, સિંચાઇ, વીજળી તથા બંદરોના

- **દેશની પ્રથમ 'સર્વિસ સેક્ટર યુનિવર્સિટી' કાર્યરત કરાશે**
- **નવો કોઇ કર બોજો નહીં**

વિકાસની માળખાગત સુવિધાઓનું મજબૂતીકરણ અને નવી ઔદ્યોગિક નીતિ, નવી પ્રવાસન નીતિ, નવી સોલાર નીતિ વગેરે દ્વારા રોજગાર સર્જન જેવા મહત્ત્વનાં ક્ષેત્રો ઉપર વિષેશ ભાર મૂકવામાં આવ્યો છે.


અંદાજપત્રમાં જાહેર કરવામાં આવેલી લાંબાગાળાની ઐતિહાસિક જોગવાઈઓ ઉપર નજર કરતા ગુજરાતના ખૂણેખૂણાના વિકાસની દીર્ઘદૃષ્ટિ દેખાય છે.


આગામી પાંચ વર્ષ માટે રૂ. ૧ લાખ કરોડની માતબર રકમની વન બંધુ કલ્યાણ યોજના-૨ અમલમાં મૂકવામાં આવનાર છે. આ યોજના દ્વારા ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાનાં ૫૮૮૪ ગામોની ૯૦ લાખની વસ્તી ધરાવતા આદિજાતિ સમાજના વ્યક્તિગત અને સામુદાયિક લાભો સુનિશ્ચિત કરી તેઓના અધિકારો અને સાંસ્કૃતિક અસ્મિતાનું જતન કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. રાજ્યના દરિયા

કિનારાના ૧૫ જિલ્લાના ૩૯ તાલુકાના ૨૭૦૨ ગામોમાં ૭૦ લાખની વસ્તી ધરાવતા સાગરખેડુ વિસ્તારના વિકાસ માટે રૂ. ૫૦ હજાર કરોડની સાગરખેડુ સર્વાંગી કલ્યાણ યોજના-૨ અમલમાં મૂકવામાં આવશે. આગામી પાંચ વર્ષમાં સરકારી, અર્ધ સરકારી, બોર્ડ કોર્પોરેશન અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની કચેરીઓમાં લાયકાત ધરાવતા અંદાજિત બે લાખ યુવાનોની નવી ભરતી કરવામાં આવશે. આગામી પાંચ વર્ષમાં મેન્યુફેક્ચરિંગ, ફાર્મા, એનર્જી, એન્જિનિયરિંગ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આઇટી, પ્રવાસન, હોસ્પિટાલિટિ, ફૂડ પ્રોસેસિંગ, બેન્કિંગ, સર્વિસ સેક્ટર જેવા વિવિધ ક્ષેત્રોમાં યુવાનો માટે ૨૦ લાખ રોજગારીની તકો ઊભી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

## કૃષિ ક્ષેત્રના વિકાસ ઉપર વિશેષ ભાર

રાજ્યના ૪ લાખ ખેડૂતોને બિયારણ અને અનાજ સંગ્રહ માટે એક ડ્રમ અને પ્લાસ્ટિકનાં બે ટોકર(ટબ) વિનામૂલ્યે આપવાની યોજના માટે રૂ. ૮૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ફૂડ પ્રોસેસિંગ માટે એકમ દીઠ રૂ. ૧૦ લાખની સહાય માટે કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત રૂ. ૮૨ કરોડની જોગવાઇ કરાઇ છે.






બીજ ઉત્પાદક ખેડૂતોને ઉત્તેજન આપવા ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ફાઉન્ડેશન તેમજ સર્ટિફાઇડ બીજ ઉત્પાદન માટે સહાય આપવા રૂ. ૫૫ કરોડની જોગવાઇ છે. એગ્રી અને ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટરના વિકાસ માટેની યોજના થકી પ્રભાવશાળી બેકવર્ડ અને ફોરવર્ડ લીંકેજિસની જરૂરિયાતો પૂર્ણ કરવા રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી કરતો જિલ્લો બનાવવાના ઉદ્દેશથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે પ્રથમ વર્ષે રૂ. ૧૦ હજાર તથા બીજા વર્ષે રૂ. ૬ હજાર નાણાકીય સહાયની યોજના માટે રૂ. ૩૨ કરોડની ફાળવણી કરાઇ છે. ઓર્ગેનિક તેમજ પ્રાકૃતિક ખેતી આધારિત ફળો અને શાકભાજીના ઉત્પાદનોનું સીધું વેચાણ રાજયના ખેડૂતો દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના શહેરી વિસ્તારમાં કરવા માટેની ઓર્ગેનિક એગ્રિકલ્ચર માર્કેટ યોજના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ. ખેડૂતોને હવામાન આધારિત માર્ગદર્શન સમયસર મળે તે હેતુથી ૧૮૦૦ ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ.

## બાગાયત વિકાસની વાત

બિનઉપજાઉ સરકારી પડતર જમીનને બાગાયતી અને ઔષધીય પાકોની ખેતી માટે ઉપયોગમાં લઈ શકાય તે હેતુથી રાજ્ય સરકારે મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનની જાહેરાત કરી છે. આ યોજનામાં પ્રથમ તબક્કે કચ્છ, સુરેન્દ્રનગર, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની ૫૦ હજાર એકર ખરાબાની બિનઉપજાઉ જમીન આધુનિક ટેક્નોલોજીથી ઉપજાઉ બનાવવા માટે અને તે દ્વારા મોટી સંખ્યામાં નવી રોજગારીનું નિર્માણ કરવા માટે પ્રગતિશીલ ખેડૂતો, સક્ષમ વ્યક્તિઓ, સંસ્થાઓ, કંપનીઓ અથવા ભાગીદારી પેઢીને ભાડાપટ્ટે આપવામાં આવશે. જેના થકી બે લાખ મેટ્રિક ટન બાગાયતી પાકોનું ઉત્પાદન અને પ્રોસેસિંગની તકો ઊભી થશે. આ યોજના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## બજેટમાં કયા વિભાગને કેટલા રૂપિયા ફાળવ્યા?

કૃષિ કલ્યાણ, સહકાર વિભાગ
**૭,૨૩૨ કરોડ**

જળસંપત્તિ વિભાગ
**૫,૪૯૪ કરોડ**

શિક્ષણ વિભાગ
**૩૨,૭૧૯ કરોડ**

મહિલા અને બાળ વિકાસ વિભાગ
**૩,૫૧૧ કરોડ**

આરોગ્ય વિભાગ
**૧૧,૩૨૩ કરોડ**

સામાજિક, ન્યાય અધિકારિતા વિભાગ
**૪,૩૫૩ કરોડ**

પાણી પુરવઠા વિભાગ
**૩,૯૪૭ કરોડ**

આદિજાતિ વિકાસ વિભાગ
**૨,૬૫૬ કરોડ**

પંચાયત-ગ્રામવિકાસ વિભાગ
**૮,૭૯૬ કરોડ**

શ્રમ અને રોજગાર વિભાગ
**૧,૫૦૨ કરોડ**

અન્ન અને નાગરિક પુરવઠા
**૧,૨૨૪ કરોડ**

શહેરી વિકાસ - ગૃહનિર્માણ
**૧૩,૪૯૩ કરોડ**

માર્ગ અને મકાન વિભાગ
**૧૧,૧૧૮૫ કરોડ**

બંદર અને વાહન વ્યવહાર વિભાગ
**૧,૪૭૮ કરોડ**

મહેસૂલ વિભાગ
**૪,૫૪૮ કરોડ**

ઊર્જા-પેટ્રો કેમિકલ વિભાગ
**૧૩,૦૩૪ કરોડ**

ઉદ્યોગ અને ખાણ વિભાગ
**૬,૫૯૯ કરોડ**

ક્લાઇમેન્ટ ચેન્જ વિભાગ
**૯૧૦ કરોડ**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
**૫૬૩ કરોડ**

રમતગમત યુવા, સાંસ્કૃતિક વિભાગ
**૫૦૭ કરોડ**

કાયદા વિભાગ
**૧,૬૯૮ કરોડ**



### પશુપાલન

ગ્રામીણ કક્ષાએ સ્વરોજગારી માટે દુધાળાં પશુઓના ડેરી ફાર્મની સ્થાપના, બકરાં એકમની સ્થાપના માટે રૂ. ૮૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ૧૦ ગામદીઠ ૧ ફરતાં પશુ દવાખાનાની સેવાઓ માટે રૂ. ૪૩ કરોડની જોગવાઇ છે. ગૌશાળાઓ કે પાંજરાપોળો માટે ગૌચર સુધારણા જેવી વિવિધ યોજનાઓની કામગીરી કરવા ગૌ-સેવા અને ગૌચર વિકાસ બોર્ડ માટે રૂ. ૨૫ કરોડની જોગવાઇ કરાઇ છે. મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના માટે રૂ. ૨૦ કરોડની પણ વ્યવસ્થા વિચારવામાં આવી છે.

### કૃષિ સંશોધન અને શિક્ષણ

રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે રૂ. ૬૯૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કામધેનુ યુનિવર્સિટી હસ્તક સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે રૂ. ૧૩૭ કરોડની જોગવાઇ છે.

### મત્સ્યોદ્યોગ વિકાસ

દરિયાઇ વિસ્તારના ૧૦ હજાર માછીમારોને હાઇસ્પીડ ડીઝલ ઓઇલ પરની વેટ માફી યોજનાનો લાભ આપવા માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નવાબંદર, માઢવાડ, વેરાવળ, પોરબંદર અને સુત્રાપાડા મત્સ્યબંદરોનો વિકાસ તથા કુદરતી આફતો સામે બોટ પાર્કિંગ સુવિધાઓ, મત્સ્ય પકડાશની સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે જરૂરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા રૂ. ૯૭ કરોડની જોગવાઇ છે. રાજ્યના ખેડૂતોના આર્થિક સશક્તીકરણ માટે લેવામાં આવેલ પાક ધિરાણ ઉપર સમય મર્યાદામાં પાક ધિરાણ પરત ભરપાઇ કરતાં ખેડૂતોને વધારાની વ્યાજ રાહત આપી શૂન્ય ટકા વ્યાજની પાક ધિરાણ યોજના માટે રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કૃષિ બજાર વ્યવસ્થા ઊભી કરી ખરીદ વેચાણ અને સંગ્રહ વ્યવસ્થા યોજના હેઠળ રૂ. ૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### જળસંપત્તિ

રાજ્યની મહત્ત્વાકાંક્ષી સૌની યોજનાના પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થયેલ છે. બીજા તબક્કાની કામગીરી મહદઅંશે પૂર્ણ થયેલ છે. રાજકોટ શહેરની જીવાદોરી સમાન આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં નર્મદાનું પાણી ભરવામાં આવ્યું છે તથા ભાવનગર શહેરના પીવાના પાણી માટે મહત્ત્વના સ્રોત બોર તળાવને સૌની યોજના હેઠળ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આ યોજનાના ત્રીજા તબક્કા માટે રૂ. ૧૦૭૧ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. અટલ ભૂજલ યોજના હેઠળ ૫ વર્ષના સમયગાળા માટે રૂ. ૭૫૭ કરોડની જોગવાઇ કરાઇ છે. રાજ્યમાં



ચેકડેમ, તળાવો ઊંડા કરવાં અને નવા બનાવવા જળસંચય યોજનાઓનાં કામો માટે રૂ. ૩૧૨ કરોડની જોગવાઇ છે. બનાસકાંઠા જિલ્લાના થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના આશરે ૬૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ આપતી થરાદથી સીપુ ડેમ સુધીની પાઈપલાઈનની યોજના પ્રગતિ હેઠળ છે. જેના માટે રૂ. ૨૨૬ કરોડની જોગવાઈ છે. સાબરમતી નદી પર હિરપુરા અને વલાસણા બેરેજના પ્રગતિ હેઠળના કામ માટે વધુ રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## આદિજાતિ વિસ્તારના વિકાસનું નક્કર આયોજન



ઉકાઇ જળાશય આધારિત સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકાના અંદાજે ૨૭,૨૦૦ હેક્ટર વિસ્તારને લાભ આપવા માટેની રૂ. ૯૬૨ કરોડના ખર્ચે સોનગઢ-ઉચ્છલ-નિઝર ઉદવહન પાઇપલાઇનનું આયોજન છે. જેના માટે રૂ. ૩૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સુરત જિલ્લામાં રૂ. ૫૯૦ કરોડના ખર્ચે કાકરાપાર-ગોરધા-વડ ઉદ્વહન પાઇપલાઇન યોજના પૂર્ણ થઇ છે અને માંગરોળ અને માંડવી તાલુકાના આશરે ૧૯,૮૦૦ હેક્ટર વિસ્તારને એના થકી સિંચાઇનો લાભ આપવામાં આવ્યો છે. પંચમહાલ જિલ્લાના શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબા તેમજ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના વિસ્તારમાં પાનમ જળાશય અને ઉચ્ચસ્તરીય કેનાલ આધારિત યોજનાઓ માટે રૂ. ૧૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સુરત જિલ્લાના ઉમરપાડા તથા નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાનાં ૭૩ ગામોના ૨૧૭૫૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુવિધાનો લાભ આપવા માટે રૂ. ૭૧૧ કરોડની તાપી-કરજણ લીંક પાઇપલાઇન યોજનાનાં કામો પ્રગતિ હેઠળ છે, જેના માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ છે.

કડાણા જળાશય આધારિત કડાણા-દાહોદ પાઇપ લાઇનનું વિસ્તૃતિકરણ કરી દાહોદ જિલ્લાના સંજેલી, સીંગવડ, ધાનપુર અને દેવગઢબારિયા તાલુકાઓના સિંચાઈથી વંચિત રહેલા વધુ ૪૫૦૦ હેક્ટર આદિવાસી વિસ્તારને આવરી લેવા માટે અંદાજિત રૂ. ૨૨૬ કરોડની ઉદવહન સિંચાઇ યોજનાનું આયોજન કરેલ છે. જેના માટે રૂ. ૧૧૦ કરોડની જોગવાઇ કરાઇ છે. કરજણ જળાશય આધારિત દક્ષિણ ગુજરાત નર્મદા જિલ્લાનો નાંદોદ તાલુકો, સુરત જિલ્લાનો માંગરોળ અને ભરૂચ જિલ્લાના ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકા વિસ્તારમાં ૭૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવા રૂ. ૪૧૮ કરોડની પાઇપલાઇન યોજના પૂર્ણ કરવા માટે રૂ. ૩૬ કરોડની જોગવાઇ છે.



## કલ્પસર પ્રભાગ-ભાડભૂત બેરેજ યોજના

નર્મદા નદીનું મીઠું પાણી અત્યારે ભરૂચ પાસે બિન ઉપયોગી રીતે દરિયામાં વહી જાય છે. તેનો સંગ્રહ કરી મીઠા પાણીનું સરોવર બનાવી ભરૂચ-અંકલેશ્વર વિસ્તારની ખારી થતી જમીનને બચાવવા અને આ વિસ્તારમાં દરિયાઇ ભરતીના કારણે ખારા થતાં પાણીની ગુણવત્તા સુધારવા ભરૂચ અને અંકલેશ્વર પાસે આવેલ ભાડભૂત નજીક નર્મદા નદી ઉપર રૂ. ૫૩૨૨ કરોડની અંદાજિત ખર્ચની ભાડભૂત યોજનાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આગામી ચાર વર્ષમાં આ કામગીરી પૂર્ણ કરવાનું નક્કર આયોજન છે. આ બેરેજમાં ૫૯૯ મિલિયન ઘનમીટર મીઠા પાણીનો સંગ્રહ કરી શકાશે જેના કારણે નર્મદા નદીમાં ૭૦ કિલોમિટર લંબાઇમાં ખારાશ અટકશે. આ વિશાળ મીઠા પાણીના સરોવરથી ભરૂચ જિલ્લાને વ્યાપક રીતે લાભ થશે. વધુમાં, ભાડભૂત બેરેજ ઉપર ૬ માર્ગીય બ્રિજ બનવવાનું આયોજન હોવાથી દહેજથી હજીરા-સુરત વચ્ચેના અંતરમાં ૩૭ કિલોમિટરનો ઘટાડો થશે. બેરેજની આ કામગીરી માટે રૂ. ૧૪૫૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## સૂક્ષ્મ સિંચાઇ

સૂક્ષ્મ સિંચાઇ યોજનાનું અમલીકરણ કરવા માટે મે-૨૦૦૫થી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીની સ્થાપના કરવામાં આવી છે.



રાજ્ય સરકારની આ કંપની દ્વારા ડ્રીપ ઇરિગેશન સિસ્ટિમ નંખાવનાર વિવિધ વર્ગના ખેડૂતોને ૭૦ થી ૯૦ ટકા સબસિડી આપવામાં આવે છે. જેનો લાભ લઇ અત્યાર સુધીમાં ૧૯.૬૮ લાખ હેક્ટર જમીનમાં ખેડૂતોએ સૂક્ષ્મ સિંચાઈ વ્યવસ્થા ઊભી કરી છે. સૂક્ષ્મ સિંચાઇ વ્યવસ્થાનો અમલ કરવામાં ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ ક્રમે છે. આ વર્ષે વધુ એક લાખ સત્યાવીસ હજાર હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ હેઠળ આવરી લેવા માટે રૂ. ૬૭૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## નર્મદા યોજના

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજના થકી નર્મદાનું પાણી ૧૭ લાખ ૯૨ હજાર હેક્ટર વિસ્તારને વાર્ષિક સિંચાઇના હેતુસર પૂરું પાડવા માટે વિશાળ નહેર માળખાનાં કામો પૂર્ણતાના આરે છે. મુખ્ય નહેરનું કામ ૧૦૦%, શાખા નહેરનું કામ ૯૭%, વિશાખા નહેરનું કામ ૯૫%, પ્રશાખા નહેરનું કામ ૯૧%, અને ખેડૂતોના સહકાર સાથે કરવાની થતી પ્રપ્રશાખા નહેરનું કામ ૮૭% પૂર્ણ થયું છે. જેના દ્વારા ખરીફ સિઝન દરમ્યાન પિયત વિસ્તારમાં ખેડૂતોને પૂરતું પાણી આપવામાં આવેલ છે અને રવી સિઝનમાં પાણી આપવામાં આવી રહ્યું છે. સરદાર સરોવર યોજનાના જરૂરી કામોને પૂર્ણ કરવા માટે ૭૩૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## શિક્ષણ



બાળકોના સર્વગ્રાહી વિકાસ સાથે ઉત્તમ શિક્ષણ પ્રદાન કરવા માટે ૩૪૦૦ શાળાઓમાં જરૂરી તમામ સુવિધાઓ વિકસાવવા પાંચ વર્ષ માટે રૂ. ૧૨૦૭ કરોડનું આયોજન છે. રાઇટ-ટુ-એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૫૬૭ કરોડની જોગવાઇ છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ટ્યૂશન ફી તથા હોસ્ટેલ અને ભોજન ખર્ચમાં શિષ્યવૃત્તિ સહાય રૂપે રાહત પૂરી પાડવા માટે રૂ. ૨૮૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૧૧ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને એસ.ટી. બસના ફ્રી પાસ કન્સેશન માટે રૂ. ૨૦૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા અંદાજિત ત્રણ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ છે. હયાત નિવાસી શાળાઓ જેવી કે, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, મોડેલ સ્કૂલ અને આશ્રમ શાળાઓ ખાતે ઉત્તમ પ્રકારનું નિવાસી શિક્ષણ મળે તે હેતુથી વિશાળ પાયે માળખાગત સુવિધાઓ ઊભી કરવાની યોજના માટે રૂ. ૮૦ કરોડની જોગવાઇ છે. રાજ્યની

૨૦૦૦ પ્રાથમિક શાળાઓ ખાતે વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધા માટે રૂ. ૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ ઓગણીસ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠયપુસ્તકો પૂરાં પાડવા રૂ. ૬૫ કરોડની જોગવાઇ છે. જે બાળકોના ઘરનું અંતર તેમની શાળાથી ૧ કિલોમિટર કરતાં વધુ હોય તેવા દોઢ લાખથી વધુ બાળકોને વાહનવ્યવહારની સુવિધા આપવા માટે રૂ. ૬૦ કરોડની જોગવાઇ કરાઇ છે.

ઐતિહાસિક મહત્ત્વ અને વિશેષ પ્રકારના વારસાગત સ્થાપત્ય ધરાવતી ખૂબ જૂની શાળાઓનું મહત્ત્વ અનેરું છે. આ શાળાઓને હેરિટેજ સ્કૂલ તરીકે નવીનીકરણ કરવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓમાં સુષુપ્તાવસ્થામાં રહેલ શોધભાવનાને પ્રોત્સાહન આપી અવનવા વિચારોના સર્જનથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ વિકસાવવા માટે પહેલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. આ નીતિ અંતર્ગત અંદાજિત ૧૪ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ છે. આઇઆઇટી એન્જિનિયરિંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષા તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે રાજયની સરકારી અને અનુદાનિત શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નિવાસી શિક્ષણની વ્યવસ્થા અને ઓનલાઇન ડિસ્ટન્સ લર્નિંગની સુવિધા પૂરી પાડવાની યોજના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અભિરુચિ ધરાવતાં બાળકોને સંસ્કૃત શિક્ષણમાં જોડવા પ્રોત્સાહન આપવા અને શ્રેષ્ઠ આચાર્યો તૈયાર કરવાના હેતુથી ૩૭ સંસ્કૃત પાઠશાળાઓના સુદ્દઢીકરણ માટે મિશન ગુરુકુળ યોજના અંતર્ગત રૂ. ૧૦ કરોડની જોગવાઇ છે.

## સ્વસ્થ અને સમૃદ્ધ ગુજરાતના નિર્માણ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ ક્ષેત્રના વિકાસનુ આયોજન



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને રાજય સરકારની મુખ્યમંત્રી મા-વાત્સલ્ય યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે અત્યંત આશીર્વાદરૂપ પુરવાર થઇ છે. આ યોજના દ્વારા લાભાર્થીઓને વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. આ યોજનાના વિકાસ માટે રૂ. ૧૧૦૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં ઓછા વજન સાથે જન્મતા બાળકોને વિનામૂલ્યે સારવાર પૂરી પાડતી યોજના બાલસખા-૩ માટે રૂ. ૧૪૫ કરોડની જોગવાઈ છે. નવી સિવિલ હોસ્પિટલ, અમદાવાદની સુવિધાઓને અપગ્રેડ કરવા માટે રૂ. ૮૭ કરોડની જોગવાઈ છે. પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત સગર્ભા માતાઓને સહાય માટે રૂ. ૬૬ કરોડની જોગવાઈ છે. ભારત સરકારના સહયોગથી ગોધરા અને મોરબી ખાતે બનાવવામાં આવનાર નવી મેડિકલ કોલેજના બાંધકામ અને હોસ્પિટલોને અપગ્રેડ કરવા માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ છે.

અત્યંત લોકપ્રિય અને પરિણામલક્ષી પુરવાર થયેલી ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસમાં હાલ ૬૨૨ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે. નવી ૧૫૦ એમ્બ્યુલન્સવાન સેવારત કરવા રૂ. ૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સુરત ખાતે કિડની હોસ્પિટલને અદ્યતન બનાવવા માટે સાધન સામગ્રી અને માનવ સંસાધન ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ છે. રસીકરણની કામગીરી સુચારુરૂપથી કરવા માટે રાજ્યકક્ષાએ ખાસ રસીકરણ સેલ ઊભો કરવામાં આવશે. વધુમાં ૮ જિલ્લામાં મેડિકલ વેક્સિન સ્ટોરના બાંધકામ માટે રૂ. ૩ કરોડની જોગવાઇ છે. ૨૦ સિવિલ હોસ્પિટલો ખાતે આયુર્વેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર પૂરી પાડવા ડે-કેર પંચકર્મ સેન્ટર શરૂ કરવામાં આવનાર છે.

## નારી સશક્તીકરણની દિશામાં મહિલા અને બાળ વિકાસ ક્ષેત્રે નક્કર આયોજનનાં પગલાં



પૂરક પોષણ યોજનાઓ માટે રૂ. ૯૩૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૮ લાખ લાભાર્થી વિધવા બહેનોને સહાય આપવા રૂ. ૭૦૦ કરોડની જોગવાઇ છે. રાજ્યની ૧૫ થી ૧૮ વર્ષની ૧૧ લાખ ૭૬ હજાર કિશોરીઓને લાભ આપવા માટે પૂર્ણા યોજના અંતર્ગત રૂ. ૨૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વિકાસશીલ તાલુકાઓ અને આદિજાતિ વિસ્તારના મળી કુલ ૮૩ તાલુકામાં આંગણવાડી લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટેની દૂધ સંજીવની યોજના અંતર્ગત રૂ. ૧૩૬ કરોડની જોગવાઈ છે. છ માસથી ત્રણ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણસ્તરમાં સુધારો લાવવા પ્રાયોગિક ધોરણે ડાંગ, દાહોદ, નર્મદા, દ્વારકા અને ભાવનગર જિલ્લામાં આયુર્વેદિક ઔષધિઓના ઉપયોગનું આયોજન છે. જે માટે રૂ. ૯ કરોડની જોગવાઈ છે.

નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર પૂર્વ પ્રાથમિક શિક્ષણ સુદૃઢ કરવા અને આંગણવાડીમાં અભ્યાસ અર્થે આવતા ૧૬ લાખથી વધુ બાળકોનો ગુણવત્તાપૂર્ણ સર્વાંગી વિકાસ માટે "પા પા પગલી" યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે રૂ. ૫ કરોડની જોગવાઈ કરાઇ છે. સામાજિક ઉત્થાનના પ્રયાસ રૂપે પુનર્લગ્ન કરનાર વિધવા મહિલા ગૌરવ સાથે સન્માનિત જીવન

નવેસરથી શરૂ કરી શકે તે માટે લાભાર્થી દીઠ રૂ. ૫૦ હજારની સહાય કરવામાં આવશે. આ ગંગાસ્વરૂપા પુનઃ લગ્ન સહાય યોજના માટે રૂ. ૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.





## પાણી પુરવઠાનું પાણીદાર આયોજન

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ૨૮૪૧ ગામોના પ્રગતિ હેઠળનાં તથા ૧૯૪૧ ગામોના મંજૂર થયેલ પાણી પુરવઠાનાં કામો માટે રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે. સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પુરવઠા યોજના મારફતે જિલ્લાના ગામોને પાણી પૂરું પાડવા વડોદરા, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, પંચમહાલ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં બલ્ક પાઇપલાઇન યોજનાનાં કામો માટે રૂ. ૯૬૮ કરોડની જોગવાઇ છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં આગામી વર્ષોની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા નાવડાથી ચાવંડ અને બુધેલથી બોરડા સુધીની ૧૪૩ કિલોમિટરની બલ્ક પાઇપલાઇન માટે રૂ. ૬૭૫ કરોડની જોગવાઇ કરાઇ છે. સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાનાં ગામોમાં જળ સલામતી પ્રદાન કરવા માટે ચાર જગ્યાએ ૨૭ કરોડ લિટર ક્ષમતાના ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ છે. હર ઘર જલ યોજનામાં ગાંધીનગર, મહેસાણા, પોરબંદર, બોટાદ અને આણંદ જિલ્લાઓની ૧૦૦% કામગીરી પૂર્ણ થયેલ છે. રાજ્યનાં બાકી રહેલ ૧૭ લાખ ૭૮ હજાર ઘરોમાં નળજોડાણ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાના આયોજન અંતર્ગત રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ છે.

રિયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ અંતર્ગત જુદા જુદા શહેરી વિસ્તારોમાં ગંદા પાણીને ટ્રીટ કરી તેના પુન:ઉપયોગની યોજનાઓ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અમદાવાદ, વડોદરા અને જેતપુરમાં ઔદ્યોગિક ગંદા પાણીના વહન માટે અંદાજે રૂ. ૨૨૭૫ કરોડના પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. જે માટે રૂ. ૭૫૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## વંચિતોના વિકાસને પ્રાધાન્ય આપતું આયોજન : સામાજિક ન્યાય અને અધિકારિતા ક્ષેત્ર



વૃદ્ધ પેન્શન, નિરાધાર વૃદ્ધ યોજના અને વયવંદના યોજના અંતર્ગત ૧૦ લાખ ૯૫ હજાર નિરાધાર વૃદ્ધોને પેન્શન આપવા માટે રૂ. ૧૦૩૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કુલ ઓગણચાલીસ લાખ એંશી હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય તથા ધોરણ-૯ અને ૧૦ માં અભ્યાસ કરતા ૬.૬૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા રૂ. ૫૪૯ કરોડની જોગવાઇ કરાઇ છે. આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાલ આવાસ યોજના હેઠળ સહાય આપવા રૂ. ૧૫૯ કરોડની જોગવાઇ છે. ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે એક લાખ બ્યાંશી હજાર કન્યાઓને વિનામૂલ્યે સાઇકલ આપતી સરસ્વતી સાધના યોજના હેઠળ રૂ. ૭૧ કરોડની જોગવાઇ છે. દિવ્યાંગોના સશક્તીકરણ માટે દિવ્યાંગ શિષ્યવૃત્તિ, દિવ્યાંગ સ્વરોજગારી અને એસ.ટી. બસમાં મફત મુસાફરી માટેની યોજના હેઠળ રૂ. ૫૩ કરોડની જોગવાઇ કરાઇ છે. માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારી માટે અનુસૂચિત જાતિના ૧૪ હજાર લાભાર્થીઓને અને વિકસતી જાતિના ૨૦ હજાર લાભાર્થીઓને સાધનો પૂરાં પાડવા માટે રૂ. ૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ આપવામાં આવતી રૂ. ૧૦,૦૦૦ની સહાયમાં રૂ. ૨૦૦૦ નો વધારો કરી રૂ. ૧૨,૦૦૦ કરવાની જાહેરાત કરાઇ. આ માટે રૂ. ૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ૮૦ ટકા કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા ધરાવતી દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ. ૧૦૦૦ પેન્શન આપવામાં આવે છે. હવે આ યોજનાના લાભ માટે દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવાની જાહેરાત કરી છે. વધુમાં સેરેબ્રલ પાલ્સી અને ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને પણ આ યોજનામાં આવરી લેવામાં આવશે.

જેના કારણે આ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વધુ વ્યક્તિઓને પેન્શનનો લાભ મળશે. જે માટે રૂ. ૯ કરોડની જોગવાઇ કરાઇ છે. અનુસૂચિત જાતિની ૨૮ અને વિકસતી જાતિની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઇ-લર્નિંગ પ્રોજેક્ટ શરૂ કરવા માટે રૂ. ૩ કરોડની જોગવાઇ છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ત્રણ નવા સરકારી છાત્રાલયના મકાન બાંધકામ માટે રૂ. ૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે કન્યાઓ માટે અદ્યતન સુવિધા સાથેના સમરસ છાત્રાલયના મકાન બાંધકામ માટે રૂ. ૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વડોદરા ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકર સંકલ્પ સ્મારકનાં કામો માટે રૂ. ૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલમાં મુકાયેલ શૈક્ષણિક અને રોજગારલક્ષી યોજનાઓ તેમજ વિવિધ લોન સહાય માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

અનુસૂચિત જનજાતિના બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિ આપવા માટે રૂ. ૩૬૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. દૂધ સંજીવની યોજના અંતર્ગત ૫૩ આદિજાતિ તાલુકાના પ્રાથમિક શાળાના ૮ લાખ બાળકોને ફ્લેવર્ડ દૂધ આપવા માટે રૂ. ૧૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અનુસૂચિત જનજાતિના પ્રિ-એસ.એસ.સી.ના ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે રૂ. ૧૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી અને મૂકસેવક ઠક્કરબાપાના માગદર્શનથી બનાવવામાં આવેલ સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત અનુસૂચિત જનજાતિની આશ્રમ શાળાઓ/ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ/ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ખૂટતી ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા તથા જર્જરિત વર્ગખંડોના નવીનીકરણ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નર્મદા જિલ્લાના રાજપીપળા મુકામે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ. ૨૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયો અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૨ કરોડની જોગવાઇ છે.



અનુસૂચિત જનજાતિની ધો.૯ માં અભ્યાસ કરતી ૪૮,૦૦૦ વિદ્યાર્થિનીઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાઇકલ માટે રૂ. ૧૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સ્વતંત્રતાની રાષ્ટ્રીય ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવનાર આદિજાતિ સ્વાતંત્ર્યસેનાનીઓના યોગદાન અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે રાષ્ટ્રીય કક્ષાના



સંગ્રહાલયના નિર્માણ માટે રૂ. ૧૮ કરોડ ફાળવવામાં આવ્યા છે. હાલમાં જ્યારે ડિજિટલ સેવાઓનો વ્યાપ વધ્યો છે ત્યારે તેનો લાભ અંતરિયાળ આદિજાતિ વિસ્તારને પણ સરળતાથી મળી શકે તે હેતુથી નેટવર્ક કવરેજ વધારવા નવા મોબાઇલ ટાવર ઊભા કરવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## પંચાયત અને ગ્રામવિકાસ

ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા દ્વારા રસ્તા, પીવાનું પાણી અને ગટરવ્યવસ્થા, આરોગ્ય અને શિક્ષણની પ્રાથમિક વ્યવસ્થા તેમજ સ્ટ્રીટ લાઇટની સુવિધા ઊભી કરવા ૧૫મા નાણાપંચ અંતર્ગત રૂ. ૨૩૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ડોર ટુ ડોર કલેક્શન દ્વારા ઘન કચરો એકત્ર કરવા માટે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ગ્રામ પંચાયતોને વ્યક્તિદીઠ માસિક ગ્રાન્ટ રૂપિયા બેથી બમણી કરી રૂપિયા ચાર કરવાની જાહેરાત કરી છે. જેના માટે રૂ. ૧૭૫ કરોડની રકમ ફાળવવામાં આવી છે. માદરે વતન અને રૂર્બન યોજના માટે રૂ.





૧૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગ્રામ પંચાયતોને જરૂરી કમ્પ્યૂટર વ્યવસ્થા અને હાઇ-સ્પીડ ઇન્ટરનેટ કનેક્ટિવિટિ પૂરી પાડવા રૂ. ૯૦ કરોડની જોગવાઇ છે. નવીન બનેલ ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતના મકાનો પર સોલાર રૂફ ટોપ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

૨૦૨૨ સુધીમાં સૌને આવાસના ઉદ્દેશ સાથે અમલમાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ નવા ૧ લાખ આવાસો બાંધવામાં આવશે. જેના માટે રૂ. ૧૨૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત રૂ. ૮૦૦ કરોડની જોગવાઇ છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત રૂ. ૫૬૪ કરોડની રકમ ફાળવવામાં આવી છે. મહિલાઓના સશક્તીકરણ અને આર્થિક વિકાસ માટે નેશનલ રૂરલ લાઈવલિહુડ મિશન (આજીવિકા) અંતર્ગત રૂ. ૩૦૦ કરોડની જોગવાઇ છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના માટે રૂ. ૧૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સ્થાનિક આર્થિક વિકાસને ઉત્તેજન આપવા અને મૂળભૂત સેવાઓનો વ્યાપ વધારવા શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન હેઠળ રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે.



મનરેગા યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારમાં ઉપયોગી અસ્કયામતો ઊભી કરવી જરૂરી હોવાથી જૂથ કૂવા, બાગાયત નર્સરી, ગ્રામ પંચાયત ભવન, આંગણવાડી કેન્દ્રો, સેગ્રિગેશન શેડ, અનાજ સંગ્રહ માટેના ગોડાઉન, સ્વસહાય જૂથ સંચાલિત લઘુઉદ્યોગો માટે વર્ક શેડ, કેટલ શેડનાં કામો માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે. નવા મંજૂર આવાસની સાથે બાથરૂમની સુવિધા ઊભી કરવા માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ છે. ગામમાં પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે ગ્રે-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાખવાની યોજના અંતર્ગત રૂ. ૩૪ કરોડની જોગવાઇ કરાઇ છે. મહિલા ઉત્કર્ષ યોજનાના લાભાર્થીઓને આર્થિક ઉપાર્જનની કાયમી વ્યવસ્થા મળે તે હેતુથી મનરેગા યોજના અંતર્ગત બોરવેલ અને સોલાર પંપ આપવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઇ છે.

ગ્રામીણ વિસ્તારના પ્લોટવિહોણા લાભાર્થીઓ માટે જ્યારે પર્યાપ્ત ગામતળ ઉપલબ્ધ ના હોય ત્યારે ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતા મોટા ગામોમાં મર્યાદિત જમીનનો ઉપયોગ કરી ૩ માળના

મકાનોની યોજનાથી આવાસોનો લાભ આપી શકાય તે માટે મુખ્યમંત્રી સામુદાયિક આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રૂ. ૨૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મહિલા સ્વસહાય જૂથોને શૂન્ય વ્યાજ દરે ધિરાણ મળી શકે તે ઉદ્દેશથી વ્યાજ સહાય આપવા માટે રૂ. ૧૮ કરોડની જોગવાઇ છે.

## સુવિધાપૂર્ણ શાનદાર શહેરોના નિર્માણની દિશામાં આગેકદમ



સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે રૂ. ૪૫૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં શહેરી વિસ્તારમાં સૌને આવાસ ઉપલબ્ધ કરાવવા નવા ૫૫,૦૦૦ આવાસોના નિર્માણ અર્થે સહાય માટે રૂ. ૯૦૦ કરોડની જોગવાઇ છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા દાહોદ નગરપાલિકા સ્માર્ટ સિટી હેઠળ રૂ. ૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગર તથા સુરત શહેર ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લિમિટેડ હેઠળ રૂ. ૫૬૮ કરોડની જોગવાઇ કરાઇ છે. સ્વચ્છ ભારત મિશન (અર્બન) તથા નિર્મળ ગુજરાત હેઠળ રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ છે. દીન-દયાળ અંત્યોદય યોજના-નેશનલ અર્બન લાઇવ્લિહુડ મિશન હેઠળ રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ મહિલા ઉત્કર્ષ જૂથ બનાવી રૂ. ૧ લાખ સુધીનું સંપૂર્ણ વ્યાજ રહિત ધિરાણ આપવાની યોજના માટે રૂ. ૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનઓના માનવબળ રહિત સંચાલન અને નિભાવણી માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ છે.

રાજ્યના અમદાવાદ, સુરત મહાનગર અને રાજ્યના પાટનગર એવા ગાંધીનગરમાં મેટ્રોનું આયોજન કરી દેવામાં આવેલ છે. રાજ્ય મહાનગર એવા વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર શહેરોમાં પણ મેટ્રો લાઇટ-મેટ્રો નીઓ જેવી નવી ટેક્નોલોજીવાળી મેટ્રો સેવા પૂરી પાડવાનું આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યું છે. આ યોજના માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે તમામ મ.ન.પા. અને નગરપાલિકાઓને અગ્નિશમન વાહનો અને અત્યાધુનિક સાધનો પૂરાં પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત નવાં અગ્નિશમન સાધનો ખરીદવા રૂ. ૩૯ કરોડની જોગવાઇ કરાઇ છે. ફાયર સેફ્ટિ કોપ પોર્ટલ ઊભું કરી ફાયર સેફ્ટી ઓફિસરોને તાલીમ અને પ્રમાણપત્ર આપવા માટે રૂ. ૨૭ કરોડની જોગવાઇ છે. પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીના સર્વગ્રાહી વિકાસ માટે એરિયા ડેવલપમેન્ટ ઓથોરીટીની રચના કરેલ છે. આ ઑથોરિટી દ્વારા અંબાજી દેવસ્થાન વિસ્તારના વિકાસ નકશાઓ બનાવી આયોજનબદ્ધ રીતે અનેકવિધ કામો હાથ ધરવામાં આવશે. જે માટે રૂ. ૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## ગુજરાત ઇન્ટરનેશનલ ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટી

વૈશ્વિક કક્ષાનું નાણાકીય કેન્દ્ર ગિફ્ટ સિટીમાં દેશનુ સૌ પ્રથમ ઇન્ટરનેશનલ ફાયનાન્સ સેન્ટર કાર્યરત કરવામાં આવી છે. આ કેન્દ્રમાં રોજના રૂ. ૧ લાખ કરોડથી વધારે રકમના આંતરરાષ્ટ્રીય સોદાઓનું ટ્રેડિંગ થાય છે. ગિફ્ટ સિટીમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની બેન્કો, ઇન્સ્યોરન્સ કંપનીઓ, ફાયનાન્સ કંપનીઓ જેવી ૨૨૦ થી વધારે કંપનીઓ કાર્યરત થઇ છે. જેના માધ્યમથી અંદાજિત ૧૨૦૦૦ યુવાનોને પ્રત્યક્ષ રોજગારી મળી છે. ન્યુ ડેવલોપમેન્ટ બેન્ક (બ્રીક્સ)ના પ્રથમ ક્ષેત્રીય કાર્યાલયની સ્થાપના પણ ગિફ્ટ સિટીમાં કરવામાં આવી છે. ભારતના પ્રથમ બુલિયન સ્પોટ એક્સચેન્જ ગિફ્ટ સિટી ખાતે કાર્યરત કરી સોના અને ચાંદીના સંગ્રહ માટે બુલિયન સંગ્રહ સુવિધાની વ્યવસ્થા કરવામાં આવી છે. ગિફ્ટ સિટી આઇ.એફ.એસ.સી. માં કાર્યરત સંસ્થાઓને કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ વર્ષ માટે આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. જેનાથી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ગિફ્ટ સિટીમાં મોટા પ્રમાણમાં વિદેશી મૂડી રોકાણ કરાશે અને મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઊભી થશે. ગ્લોબલ ઓફશોર ફંડ્સને આકર્ષવા માટે નિયમોને હળવા કરવામાં આવ્યા છે. જેનાથી ગિફ્ટ આઇ.એફ.એસ.સી. ખાતે આંતરરાષ્ટ્રીય ફંડોની સ્થાપનાની શરૂઆત થવા લાગી છે.

ગુજરાત સરકાર દ્વારા શેર બ્રોકર્સને ગિફ્ટ સિટીમાં થતાં નાણાકીય વ્યવહારો પર સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવેલ હોવાથી બ્રોકર્સના રજિસ્ટ્રેશનની સંખ્યામાં નવા રોજગાર સાથે અવિરત વધારો થઇ રહી છે. એરક્રાફ્ટ લીઝિંગનો ખૂબ મોટો વ્યવસાય આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત છે. આ વ્યવસાયને આકર્ષવા માટે ગુજરાત સરકાર દ્વારા ગિફ્ટ સિટીમાંથી કાર્યરત થતાં એરક્રાફ્ટ લીઝિંગ બિઝનેસને સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેના કારણે આ ક્ષેત્રમાં પણ મોટાપાયે વિદેશી મૂડી રોકાણ અને રોજગારીની તકો ઊભી થશે. ગુજરાતમાં મેરીટાઇમ ટ્રાફિકમાં અનેકગણો વધારો થયો છે. મૅરિટાઇમ ક્ષેત્રે હવે આંતરરાષ્ટ્રીય સેવાઓ જેમ કે મેડિએશન અને આર્બિટ્રેશન, શીપ લીઝિંગ અને લીગલ સર્વિસીસ વિકસાવવાની જરૂરિયાત છે. જે માટે ગુજરાત મૅરિટાઇમ યુનિવર્સિટી દ્વારા ગિફ્ટ સિટી ખાતે ઇન્ટરનેશનલ મેડિએશન અને આર્બિટ્રેશન સેન્ટરની સ્થાપના

કરવામાં આવશે. ગીફ્ટ સિટી ગાંધીનગર ખાતે સર્વિસ સેકટર માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું એક્સલન્સ સેન્ટર શરૂ કરવામાં આવશે. ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીની ગિફ્ટ સિટી કંપનીમાં મૂડી રોકાણ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## શ્રમિક કલ્યાણ અને રોજગાર



શ્રમિકોને તેમના કામકાજના સ્થળની નજીકમાં જ રહેઠાણ પ્રાપ્ત થાય તે માટે કારખાનાની નજીક આવાસ ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રી ઔદ્યોગિક શ્રમયોગી અને ઈન્ડસ્ટ્રિયલ હાઉસિંગ આવાસ(મસીહા) યોજના અમલમાં મૂકી રહ્યા છીએ. આ યોજના હેઠળ પીપીપી ધોરણે રાહત દરના શ્રમિક આવાસોનું નિર્માણ કરવામાં આવશે. રાજ્યની આઇ.ટી.આઇ.ઓનું તબક્કાવાર અપગ્રેડેશન કરી તાલીમાર્થીઓની રોજગાર ક્ષમતામાં વધારો કરવો જરૂરી છે. જેથી ૨૨૫ આઇ.ટી.આઇ.માં દોઢ લાખ તાલીમાર્થીઓ માટે ઉદ્યોગ ગૃહોની મદદથી હાઇ-એન્ડ તાલીમ સુવિધા અને નવા ઊભરતા વ્યવસાયો માટે વિશ્વકક્ષાની સંલગ્ન તાલીમ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. મુખ્યમંત્રી અપ્રેન્ટિસ યોજના હેઠળ એક લાખ ઍપ્રેન્ટિસોને સહાય આપવા માટે રૂ. ૫૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે તાલીમાર્થીઓને વ્યવસાયલક્ષી અને ગુણવત્તાયુક્ત પ્રાયોગિક તાલીમ આપવા માટે જરૂરી ટૂલ્સ અને ઇક્વિપમેન્ટ, ફર્નિચર પૂરા પાડવાની યોજના હેઠળ રૂ. ૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

રાજ્યની વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓનું સ્ટ્રેન્થનિંગ જેમકે ખૂટતા વર્કશોપ અને થીયરી રૂમનું બાંધકામ, સ્ટાફ ક્વાર્ટર્સ, હોસ્ટેલ તથા ૪ નવી આઇ.ટી.આઇ.ના બાંધકામ માટે રૂ. ૩૫ કરોડની જોગવાઇ છે. રાજયના ઔદ્યોગિક વિકાસની સાથે સાથે સર્વિસ સેકટરનો પણ વિકાસ જરૂરી છે. જેના દ્વારા પણ લાખોની સંખ્યામાં રોજગારીની તકો ઉપલબ્ધ થાય છે. સર્વિસ સેકટરમાં વધુ રોજગારી ઉપલબ્ધ થાય તે માટે યુવાનોને ઉચ્ચ કક્ષાની તાલીમ અને શિક્ષણ આપવા દેશની સર્વપ્રથમ સર્વિસ સેકટર યુનિવર્સિટીનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

## માર્ગ અને મકાન

સાત વર્ષ કે તેથી વધુ સમય સુધી રિકાર્પેટ ન થયા હોય તેવાં ૪૯૪૯ કામોના ૧૬,૮૫૭ કિલોમિટર લંબાઇના રસ્તાઓના રિસરફેસિંગ માટે રૂ. ૪૪૭૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં ૨૯ રેલવે ઓવર બ્રિજ રૂ. ૮૭૩ કરોડના ખર્ચે પૂર્ણ થયો છે. ડી.એફ.સી.સી. રૂટ સહિત રેલવે ક્રોસિંગ ઉપર





૭૫ ઓવર બ્રિજનાં કામો પ્રગતિ હેઠળ છે. રૂ. ૩૪૦૦ કરોડના ખર્ચે નવા ૬૮ રેલ્વે ઓવરબ્રિજ મંજૂર કરવામાં આવ્યા છે. અમદાવાદ-બગોદરા-રાજકોટના ૨૦૧ કિલોમિટર રસ્તાને રૂ. ૨૮૯૩ કરોડના ખર્ચે છ-માર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓને અમદાવાદ અને ગાંધીનગર સાથે જોડતા રાજકોટથી અમદાવાદ રસ્તાનું રૂ. ૨૬૨૦ કરોડના ખર્ચે છ-માર્ગીયકરણનું કામ પ્રગતિ હેઠળ છે. સરખેજથી અમદાવાદ શહેરમાં પસાર થતો ગાંધીનગરથી ચિલોડા સુધીના એસ.જી.હાઇવેને રૂ. ૮૬૭ કરોડના ખર્ચે છ-માર્ગીય બનાવવાનું કામ ભારત સરકારના સહયોગથી પ્રગતિમાં છે. આ રોડ પૈકીના અમદાવાદ શહેરમાં ખૂબ જ ભારે ટ્રાફિક ધરાવતા સિંધુભવન જંકશન અને સરખેજ-સાણંદ રસ્તા ઉપરના ઓવરબ્રિજનું તથા ગાંધીનગરના પ્રવેશદ્વાર ઉવારસદ ફ્લાય ઓવરનું લોકાર્પણ પણ થયું છે.

મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તાર, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૭૬૨ કિલોમિટરના ૪૨ રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની કામગીરી રૂ. ૨૪૬૬ કરોડના ખર્ચે પુરજોશે પ્રગતિ કરી રહ્યું છે. ૧૧૬ રસ્તાના અનુભાગોની ૧૯૫૧ કિલોમિટર લંબાઈને ૧૦ મીટર કે ૭ મીટર પહોળા

કરવાની કામગીરી રૂ. ૨૩૩૧ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. વિશ્વ બેન્ક સહાયિત યોજના અંતર્ગત રાજ્ય ધોરીમાર્ગોને પહોળા, મજબૂત તથા નવીનીકરણની કામગીરી રૂ. ૧૯૩૫ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી શરૂ થનાર છે. જેમાં રાજયના ૩૦૧૫ કિલોમિટરના ગ્રામીણ માર્ગોને સાડાપાંચ મીટર સુધી પહોળા કરવા રૂ. ૧૭૪૯ કરોડની અંદાજિત કિંમતનાં કામોનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ-મુંબઇ બૂલેટ ટ્રેનની કામગીરી પ્રગતિમાં છે. હાઇસ્પીડ કોરિડોરના આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારના શેરફાળા પેટે રૂ. ૧૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વાર્ષિક રૂપિયા એક લાખ કરોડનું ટર્નઓવર ધરાવતા અને સમગ્ર વિશ્વમાં સિરામિક ઉદ્યોગમાં નામના મેળવનાર મોરબી ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા મોરબી-હળવદ અને જેતપર-મોરબી-અણીયાળી-ધાટીલા રાજ્ય ધોરી માર્ગોની કુલ ૭૦ કિલોમિટર લંબાઇને ચાર માર્ગીકરણ કરવા માટે રૂ. ૩૦૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

અમદાવાદ-મહેસાણા ચાર માર્ગીય રસ્તાને છ માર્ગીય કરવાની કામગીરી માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખૂબ જ લોકપ્રિય એવી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ. ૨૦૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તે અંતર્ગત નોનપ્લાન રસ્તાઓના બાંધકામ અને સુધારણા માટે રૂ. ૯૩૬ કરોડ અને અન્ય જિલ્લા માર્ગો, મુખ્ય જિલ્લા માર્ગો અને થ્રૂ-રૂટને પહોળા કરવાની કામગીરી માટે રૂ. ૨૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિધાનસભાની સદસ્ય નિવાસ સમિતિની ભલામણ અનુસાર ગાંધીનગર ખાતે નવું સદસ્ય નિવાસ સંકુલ બનાવવામાં આવશે. ગાંધીનગર-કોબા-હાંસોલ રોડ (એરપોર્ટ રોડ) પર રાજસ્થાન સર્કલ પર રૂ. ૧૩૬ કરોડના ખર્ચે એક્સ્ટ્રા ડોઝ કેબલ સ્ટેડ બ્રિજ તેમજ રક્ષા શક્તિ સર્કલ પર રૂ. ૫૦ કરોડના ખર્ચે ફ્લાય ઓવરબ્રિજ બનાવવાનું આયોજન કરેલ છે. ગાંધીનગર ખાતે આવેલ ટાઉનહોલનું રૂ. ૧૬ કરોડના ખર્ચે આધુનિકીકરણ કરવામાં આવશે.

## બંદરો અને વાહન વ્યવહાર

જનતાની સેવા માટે ૮૦૦ ડિલક્સ પ્રકારની અને ૨૦૦ સ્લીપર કોચ મળી ૧૦૦૦ નવી બસો કાર્યરત કરવામાં આવશે. લાંબા અંતરની મુસાફરી માટે આરામદાયક ૫૦૦ વોલ્વો બસ પીપીપી ધોરણે શરૂ કરવામાં આવશે. જે માટે રૂ. ૨૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પ્રજાની સુખાકારી સાથે પર્યાવરણનો ખ્યાલ રાખતી રાજ્ય સરકારે વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે એસ.ટી. દ્વારા પ્રથમ વખત ૫૦ ઇલેક્ટ્રિક બસો સંચાલનમાં મૂકવાનું આયોજન કર્યું છે. તદઉપરાંત, ઇકો ફ્રેન્ડલી ૫૦ સી.એન.જી. વાહનો પણ સંચાલનમાં મૂકવામાં આવશે. જેના માટે રૂ. ૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં માધાપર ચોકડી ખાતે પીપીપી ધોરણે અત્યાધુનિક સુવિધાઓ સાથેનું નવું બસ સ્ટેશન તથા રાજ્યમાં અન્ય ૬ નવાં બસ સ્ટેશનનું બાંધકામ અને હયાત જૂનાં ૯ બસ સ્ટેશનોનું રિનોવેશન કરવામાં આવશે. જે માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

એસ.ટી. બસ સ્ટેશનો ખાતે મુસાફર જનતાની સુવિધા માટે ફ્રી વાઇ-ફાઇ સેવા અને સુરક્ષા અર્થે સીસીટીવી સર્વેલન્સ સિસ્ટિમ માટે રૂ. ૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દેશનાં નાનાં બંદરો દ્વારા થતા માલવહનનો ૭૦ ટકા હિસ્સો ગુજરાતના નાના બંદરો ધરાવે છે. ગુજરાત રાજ્યના દરિયાઇ વેપારને વધુ બંદરોની સુવિધાઓ ઉપલબ્ધ કરવાના હેતુથી પીપીપી ધોરણે આશરે રૂ. ૪૮૦૦ કરોડના રોકાણ સાથે નારગોલ અને ભાવનગર બંદરોનો વિકાસ કરવામાં આવશે. દહેજ ખાતે કેમિકલ પોર્ટ ટર્મિનલના વિસ્તૃતીકરણ માટે રૂ. ૧૨૦૦ કરોડના ખર્ચે બીજી જેટ્ટી વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. નવલખી બંદર ખાતે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી રૂ. ૧૯૨ કરોડના ખર્ચે નવી જેટી બનાવવાનું આયોજન છે. સચાણા શિપ બ્રેકિંગ યાર્ડ ખાતે શિપ બ્રેકિંગ પ્રવૃત્તિ પુન: ચાલુ કરવા માટે આશરે રૂ. ૨૫ કરોડના ખર્ચે આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવનાર છે.

ગુજરાતમાં મૅરિટાઈમ ટ્રાફિકમાં અનેકગણો વધારો થયો છે. મૅરિટાઈમ ક્ષેત્રે હવે આંતરરાષ્ટ્રીય સેવાઓ જેમ કે મેડિએશન અને આર્બિટ્રેશન, શિપ લીઝિંગ અને લીગલ સર્વિસીસ વિકસાવવાની જરૂરિયાત છે. આ માટે ગુજરાત મૅરિટાઈમ યુનિવર્સિટી દ્વારા ગિફ્ટ સિટી ખાતે ઈન્ટરનેશનલ મેડિએશન અને આર્બિટ્રેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.



## ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ



ખેડૂતોને સિંચાઈનું પાણી ઓછા ખર્ચે મળે તે માટે સરકારે છેલ્લાં ૨૫ વર્ષથી દર વર્ષે ખૂબ મોટા પ્રમાણમાં ખેડૂતોને વીજ બિલમાં સબસિડી આપી રહી છે. આ માટે રૂ. ૮૪૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં ખેડૂતોને જયારે રાત્રે વીજ સપ્લાય મળતો હોય ત્યારે રાત્રિના ઉજાગરા સાથે સિંહ, દીપડા જેવાં પ્રાણીઓ તેમજ સાપ, વીંછી જેવાં જીવજંતુઓનું પણ જોખમ રહે છે અને તેઓને જીવના જોખમે રાત્રે સિંચાઇ કરવી પડે છે. ખેડૂતોને આ મોટી હાડમારીમાંથી મુક્ત કરવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા ખેડૂતોના જીવનમાં પરિવર્તન સમાન ખેડૂતોને રાત્રિના બદલે દિવસે વીજળી પૂરી પાડવાની કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવી છે. જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ, મોરબી, પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, પાટણ, મહેસાણા, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ જેવા મોટાભાગના જિલ્લામાં તેની અમલવારી પણ શરૂ થઇ ચૂકી છે. આ યોજનાની કામગીરી આગળ ધપાવવા માટે રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

તમામ ગ્રામ પંચાયતોનાં વોટર વર્ક્સ માટે વિના મૂલ્યે વીજળી પૂરી પાડવા રૂ. ૭૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નવાં કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ. ૪૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેટકોનાં સબસ્ટેશનોની નજીકમાં આવતી સરકારી પડતર જમીનમાં તબક્કાવાર ૨,૫૦૦ મેગાવોટ સૌર ક્ષમતાના પ્રોજેક્ટ માટે રૂ. ૬૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આદિજાતિ, અનુસૂચિત જાતિના અને ઓછી આવક ધરાવતા પરિવારોને ઘર વપરાશનું વીજજોડાણ આપવા રૂ. ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



## ક્લાઇમેટ ચેન્જ

સોલર રૂફટોપ સ્થાપિત કરવામાં દેશમાં ગુજરાત પ્રથમ નંબરે છે. લોકપ્રિય સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત એક લાખ ચોવીસ હજાર ઘરોમાં ૪૭૧ મેગાવોટની સોલર ઊર્જા ઉત્પાદન ક્ષમતા ઊભી કરવામાં આવી છે. વધુ ૯૦૦ મેગાવોટ સોલર ઊર્જા ઉત્પાદનના લક્ષ્યાંક સાથે ૩ લાખ ઘરોને સહાય આપવા માટે રૂ. ૮૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ



ટેક્સટાઈલ પૉલિસી અંતર્ગત આવતા ઉદ્યોગોને સહાય માટે રૂ. ૧૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત લઘુ નાના અને મધ્યમ કદના (એમએસએમઈ) એકમોની વિવિધ પ્રોત્સાહન યોજનાઓ માટે રૂ. ૧૫૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે. વિપુલ પ્રમાણમાં રોજગારી ઊભી કરવાની ક્ષમતા ધરાવતા મોટા કદના ઉદ્યોગોને પસંદ કરેલા સેક્ટરમાં સહાય આપવા માટે રૂ. ૯૬૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા સ્વરોજગારીની તકો ઊભી કરવાની વિવિધ યોજનાઓ માટે કુલ રૂ. ૫૭૮ કરોડની જોગવાઈ છે. ભારત સરકારની યોજના હેઠળ ગુજરાતમાં બે મેગા ટેક્સટાઈલ પાર્ક સ્થાપવાનું આયોજન છે.

મેડિકલ અને ફાર્મા સેક્ટરમાં ગુજરાત રાજ્યનું આગવું સ્થાન છે. આ સેક્ટરને વધુ મજબૂત કરવા ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં બલ્ક ડ્રગ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક અને રાજકોટ ખાતે મેડિકલ ડિવાઇસ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક સ્થાપવાનું આયોજન છે. માનવ કલ્યાણ યોજના અન્વયે નાના પ્રકારના ધંધા રોજગાર કરતા આર્થિક રીતે નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા તેમના ધંધાને અનુરૂપ સાધન-ઓજાર સ્વરૂપે સહાય તરીકે ૨૭ ટ્રેડ માટે ૩૪,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવાની યોજના અંતર્ગત રૂ. ૪૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સ્ટાર્ટઅપ-ઈનોવેશન યોજના-૨૦૨૦ અંતર્ગત પ્રતિ સ્ટાર્ટ-અપને પ્રતિ માસ રૂ. ૨૦,૦૦૦ અને મહિલા ઈનોવેટર હોવાના કિસ્સામાં વધુ ૨૫ ટકા અલાઉન્સ આપવા માટે આર એન્ડ ડી યોજના સહિત રૂ. ૧૮ કરોડની જોગવાઇ છે. આંતરરાષ્ટ્રીય હરીફાઇમાં ગુજરાતના લઘુ અને નાના ઉદ્યોગોને મદદરૂપ થવા માટે જરૂરી ક્વોલિટિ કંટ્રોલ અને લેબ ટેસ્ટિંગ ફેસિલિટીની કોમન સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી મિની ક્લસ્ટર યોજના માટે રૂ. ૧૪ કરોડની જોગવાઇ છે.

રાજ્યના જુદા જુદા વિસ્તારમાં ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપી સ્થાનિક રોજગાર નિર્માણ થાય તે હેતુથી બનાસકાંઠા જિલ્લામાં જલોત્રા, જામનગર જિલ્લામાં શેખપાટ, ગાંધીનગર

જિલ્લામાં કડજોદરા, અમરેલી જિલ્લામાં પીપાવાવ અને રાજકોટ જિલ્લામાં નાગલપર ખાતે તેમજ પાટણ, આણંદ, મહીસાગર અને મોરબી જિલ્લામાં જી.આઇ.ડી.સી. દ્વારા નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવાનું આયોજન છે. દહેજ, સાયખા, અંકલેશ્વર, હાલોલ, સાણંદ, વાપી અને લોધિકાની ઔદ્યૌગિક વસાહતોને સંપૂર્ણ સુવિધા સાથે મોડેલ એસ્ટેટ તરીકે વિકસાવવામાં આવશે. હંસપુરા-નરોડા, ઉમરગામ, સરીગામ, વાપી, સચિન, પાનોલી, અંકલેશ્વર, ઝઘડિયા અને સાવલી ખાતે એમએસએમઇ માટે વિકસિત ઔદ્યોગિક વસાહતોમાં મલ્ટીલેવલ શેડનું આયોજન કરવામાં આવ્યું છે.

## પ્રવાસન



ગુજરાતમાં આવનાર પ્રવાસીઓને ગુણવત્તાસભર આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૨૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વડનગર ખાતે આવેલ વિવિધ હેરીટેજ સ્ટ્રક્ચર, પુરાતત્ત્વીય સ્થળ, જુદાં જુદાં તળાવો, વિવિધ મંદિરો તેમજ અન્ય પ્રવાસી સુવિધાઓ માટે માસ્ટર પ્લાન બનાવી વિકાસ કામગીરી કરવામાં આવશે. બુદ્ધ સરકીટના સ્થાનો જેવા કે દેવની મોરી, ખંભાલીડા, શાણા, સિયોટ, વાલ્મિકીપુર વગેરે સ્થળો ખાતે પ્રવાસન સુવિધાઓ વિકસાવવામાં આવશે. મહર્ષિ દયાનંદ સરસ્વતીના જન્મસ્થળ ટંકારા ખાતે પ્રવાસન સુવિધાઓ વિકસાવવામાં આવશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મસ્થળ પોરબંદર ખાતે દેશ વિદેશના પ્રવાસી આવતા હોવાથી કીર્તિ મંદિર, બરડા હિલ વન્યજીવ અભયારણ્ય, પોરબંદર પક્ષી અભયારણ્ય, પોરબંદર બીચ, જાંબુવન ગુફા, સ્વામી વિવેકાનંદ મેમોરિયલ વગેરે સ્થળોને વધુ વિકસાવવામાં આવશે. રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ નિમિતે તેઓ સાથે સંકળાયેલા વિવિધ સ્મૃતિસ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે.

## સ્ટેચ્યૂ ઓફ યુનિટી



આ વિશ્વ પ્રસિદ્ધ પ્રવાસન સ્થળનો આયોજનબદ્ધ વિકાસ થાય તે માટે સરકારે સ્ટેચ્યૂ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટૂરિઝમ ગવર્નન્સ ઓથોરિટીની રચના કરી છે. કેવડિયાના સંકલિત વિકાસમાં જંગલ સફારી, આરોગ્ય વન, એકતા ક્રુઝ, રિવર રાફ્ટિંગ નેવિગેશન ચેનલ, ગરુડેશ્વર વીયર, હાઇ-લેવલ ગોરા બ્રિજ, બે બસ ટર્મિનસ, ૫૦ હોમ-સ્ટે, એકતા મોલ, ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક, મીરર મેઝ, કેકટસ ગાર્ડન, એકતા નર્સરી અને ખલવાણી ઈકો-ટૂરિઝમની યોજનાઓનો સમાવેશ થાય છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી એરીયા ડેવલપમેન્ટ માટે રૂ. ૬૫૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.



## યાત્રાધામ વિકાસ

પાવાગઢ-માંચીના સર્વગ્રાહી વિકાસ માટે રૂ. ૩૧ કરોડના પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું છે. નારાયણ સરોવર-કચ્છના વિકાસ માટે આગામી વર્ષોમાં રૂ. ૩૦ કરોડના પ્રોજેક્ટનું આયોજન છે. શ્રી માતાનો મઢ-કચ્છના વિકાસનો માસ્ટર પ્લાન બનાવી આગામી વર્ષોમાં રૂ. ૨૫ કરોડના પ્રોજેક્ટનું આયોજન છે. પ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજીના વિકાસ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કંથારપુર વડ, જિલ્લો ગાંધીનગરના વિકાસ માટે રૂ. ૧૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે.

## નાગરિક ઉડ્ડયન

રાજ્યમાં હેલિકોપ્ટર સેવાનો વધતો જતો વ્યાપ ધ્યાને લઇ કાયમી ધોરણે હેલિપોર્ટ વિકસાવવામાં આવશે. જે અંતર્ગત અમદાવાદ, સોમનાથ, અંબાજી, દ્વારકા, સાપુતારા અને ગીર ખાતે હેલિપોર્ટ વિકસાવવા માટે રૂ. ૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## વન અને પર્યાવરણ ક્ષેત્ર

રાજ્યમાં આવેલ વનોના વિકાસ અને સંવર્ધન હેતુસર રૂ. ૨૮૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વનવિસ્તાર સિવાયના વિસ્તારોમાં સામાજિક વનીકરણને વેગવંતુ બનાવવા માટે રૂ. ૨૧૯ કરોડની જોગવાઇ છે. યુઝર એજન્સી પાસેથી મળેલ રકમમાંથી વળતર વનીકરણ અને વનવિકાસની કામગીરીઓ માટે કેમ્પા ફંડ અંતર્ગત રૂ. ૧૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વન્યપ્રાણીની વ્યવસ્થા અને વિકાસ માટે રૂ. ૧૭૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઘાસ અને વાંસના વિકાસના સૂત્ર સાથે કચ્છ ઘાસચારા સ્વાવલંબન યોજના અંતર્ગત ૨,૪૪૦ હેક્ટર ઘાસિયાં મેદાનોને પુનઃજીવિત કરી ઘાસ ઉત્પાદન ક્ષમતા વધારવા અને ઘાસ ગોડાઉન બાંધકામ માટે રૂ. ૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કમલમ્ (ડ્રેગન ફ્રુટ)ના બે લાખ રોપા નર્સરીમાં ઉછેર કરી કેવડિયાની આજુબાજુ ૫૦ કીલોમિટરની ત્રિજયામાં કમલમ્ નું વાવેતર તથા જાળવણી માટે રૂ. ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

રાજયના દરિયાકાંઠે આવેલ ચેરના જંગલોનો વિકાસ, ઘાસના મેદાનો, જળપ્લાવિત વિસ્તારો અને જંગલોની પુનઃસ્થાપના કરવા ૨૧ જિલ્લાઓમાં કુલ ૯ વર્ષના સમયગાળા માટે રૂ. ૧૦૭૧ કરોડની જાપાન ઇન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી (જાયકા) સહાયિત યોજનાના પ્રથમ વર્ષ માટે રૂ. ૧૫ કરોડની જોગવાઇ. રોજગારીની તકો ઊભી કરવા અને વાંસની ઉપલબ્ધતા વધારવાના હેતુથી પૂર્વપટ્ટીના ૧૪ જિલ્લાઓના વનોમાં વાંસઝુંડની વૈજ્ઞાનિક ઢબે માવજત કરી ઉત્પાદકતા વધારવા તેમજ આજીવિકાપૂર્તિ માટે કૌશલ્યવર્ધનકેન્દ્રોની સ્થાપના માટે રૂ. ૧૨ કરોડની જોગવાઇ છે.

એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય તથા બૃહદ્ ગીર વિસ્તારના જિલ્લાઓ જેવા કે, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાના મહેસૂલી, વીડી વિસ્તારમાં સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે ભારત સરકાર દ્વારા અમલમાં આવનાર લાયન પ્રોજેક્ટના પ્રથમ વર્ષ માટે રૂ. ૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય તથા બૃહદ ગીર વિસ્તારમાં આવતા સિંહોને ખોરાક વધારવા હેતુ પ્રિ-બેઝ તૈયાર કરવા સાંભર બ્રીડિંગ સેન્ટર બનાવવાની કામગીરી માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ છે. રાજયમાં સ્થાપિત ૨૦ સાંસ્કૃતિક વનોના

## ગિફ્ટ સિટીમાં દેશનું સૌ પ્રથમ ઇન્ટરનેશનલ ફાઇનાન્સ સેન્ટર

*વૈશ્વિક કક્ષાનું નાણાકીય કેન્દ્ર ગિફ્ટ સિટીમાં દેશનું સૌપ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે. આ કેન્દ્રમાં રોજના રૂ. ૧ લાખ કરોડથી વધારે રકમના આંતરરાષ્ટ્રીય સોદાઓનું ટ્રેડિંગ થાય છે. ગિફ્ટ સિટીમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની બેન્કો, ઈન્સ્યોરન્સ કંપનીઓ, ફાયનાન્સ કંપનીઓ જેવી ૨૨૦ થી વધારે કંપનીઓ કાર્યરત થઈ છે. જેના માધ્યમથી અંદાજિત ૧૨૦૦૦ યુવાનોને પ્રત્યક્ષ રોજગારી મળી છે. ન્યૂ ડેવલોપમેન્ટ બેન્ક (બ્રીક્સ)ના પ્રથમ ક્ષેત્રીય કાર્યાલયની સ્થાપના પણ ગિફ્ટ સિટીમાં કરવામાં આવી છે. ભારતના પ્રથમ બુલિયન સ્પોટ એક્સચેન્જ ગિફ્ટ સિટી ખાતે કાર્યરત કરી સોના અને ચાંદીના સંગ્રહ માટે બુલિયન સંગ્રહ સુવિધાની વ્યવસ્થા કરવામાં આવી છે. ગિફ્ટ સિટી આઈ.એફ.એસ.સી.માં કાર્યરત સંસ્થાઓને કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ વર્ષ માટે આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. જેનાથી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ગિફ્ટ સિટીમાં મોટા પ્રમાણમાં વિદેશી મૂડી રોકાણ કરાશે અને મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઊભી થશે. ગ્લોબલ ઓફશોર ફંડ્સને આકર્ષવા માટે નિયમોને હળવા કરવામાં આવ્યા છે. જેનાથી ગિફ્ટ આઇ.એફ.એસ.સી. ખાતે આંતરરાષ્ટ્રીય ફંડોની સ્થાપનાની શરૂઆત થઈ છે. ગુજરાત સરકાર દ્વારા શેર બ્રોકર્સને ગિફ્ટ સિટીમાં થતાં નાણાકીય વ્યવહારો પર સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવેલી હોવાથી બ્રોકર્સના રજિસ્ટ્રેશનની સંખ્યામાં નવા રોજગાર સાથે અવિરત વધારો થઈ રહ્યો છે. એરક્રાફ્ટ લીઝિંગનો ખૂબ મોટો વ્યવસાય આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત છે. આ વ્યવસાયને આકર્ષવા માટે ગુજરાત સરકાર દ્વારા ગિફ્ટ સિટીમાંથી કાર્યરત થતાં એરક્રાફ્ટ લીઝિંગ બિઝનેસને સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવી છે. જેના કારણે આ ક્ષેત્રમાં પણ મોટાપાયે વિદેશી મૂડી રોકાણ અને રોજગારીની તકો ઊભી થશે. ગુજરાતમાં મૅરિટાઈમ ટ્રાફિકમાં અનેકગણો વધારો થયો છે. મેરીટાઈમ ક્ષેત્રે હવે આંતરરાષ્ટ્રીય સેવાઓ જેમ કે મેડિએશન અને આર્બિટ્રેશન, શીપ લીઝિંગ અને લીગલ સર્વિસીસ વિકસાવવાની જરૂરિયાત છે. જે માટે ગુજરાત મૅરિટાઈમ યુનિવર્સિટી દ્વારા ગિફ્ટ સિટી ખાતે ઈન્ટરનેશનલ મેડિએશન અને આર્બિટ્રેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. ગીફ્ટ સિટી ગાંધીનગર ખાતે સર્વિસ સેક્ટર માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું એક્સલન્સ સેન્ટર શરૂ કરવામાં આવશે. ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીની ગિફ્ટ સિટી કંપનીમાં મૂડી રોકાણ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.*



નવીનીકરણ અને આધુનિકીકરણ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમરેલી અને જાંબુઘોડા વિસ્તારમાં દીપડાઓથી થતું નુકશાન અટકાવવા માટે દીપડાનું મેગા રેસ્કયુ સેન્ટર બનાવવા રૂ. ૭ કરોડની જોગવાઇ છે. વ્હેલ-શાર્ક ટૂરિઝમ સાથે સાગરખેડુભાઇઓને તેમજ અન્ય સ્થાનિક લોકોને રોજગારી આપવાની નવતર યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે.

## કાયદો અને વ્યવસ્થા



ગૃહવિભાગ હેઠળ વિવિધ સંવર્ગની કુલ ૩૦૨૦ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે સુરત શહેર માટે વિવિધ કેડરની ૭૩૬ નવી જગ્યાઓ, રાજયમાં વિવિધ સ્થળોએ ૯ નવાં પોલીસ સ્ટેશનો માટે ૬૫૩ નવી જગ્યાઓ, લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો ખાતે ૧૯૯ નવી જગ્યાઓ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ માટે ૧૪૭ નવી જગ્યાઓ, રાજકોટ પોલીસ કમિશનરેટની ટ્રાફિક શાખા માટે ૧૮૪ નવી જગ્યાઓ તથા સાયબર સુરક્ષાના આશ્વસ્ત પ્રોજેક્ટ માટે ૧૧૨ નવી જગ્યાઓનો સમાવેશ થાય છે. વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ ૪૧ શહેરોમાં ૬,૦૦૦ થી વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે. વધુ શહેરોમાં વધુ સ્થળો પર નવા સીસીટીવી કેમેરા લગાવવા માટે રૂ. ૯૦ કરોડ અને ઇ-ગુજકોપ પ્રોજેક્ટ માટે રૂ. ૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પોલીસ તંત્રની પેટ્રોલિંગની વ્યવસ્થાને સઘન બનાવવા વધુ નવા ૮૭૬ વાહનો ખરીદવામાં આવશે. જે માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજયમાં 'કન્વિકશન રેટ' વધારવા માટે 'કન્વિકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેકટ' હેઠળ રૂ. ૨૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય



હસ્તકના એરપોર્ટ, એરોડ્રોમ, વોટરડ્રોમ અને હેલિપેડને સુરક્ષા પૂરી પાડવા રાજ્ય અનામત પોલીસદળ હેઠળ નવી વિશેષ બટાલિયનની રચના કરવામાં આવશે. રાજયના સરહદી વિસ્તાર વિકાસ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પોલીસ આધુનિકીકરણ યોજના હેઠળ રૂ. ૨૬ કરોડની જોગવાઈ છે. ખલાલ ખાતે નિર્માણાધીન કમાન્ડો તાલીમ સેન્ટર માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. દેશ વિદેશમાં બનતા ગુનાઓ સંદર્ભમાં પુરાવાની સચોટ અને વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા માટે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીએ દુનિયાભરમાં નામના મેળવેલ છે. એફ. એસ.એલ.ના આધુનિકીકરણ માટે રૂ. ૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ભારત નેટ પ્રોજેક્ટ હેઠળ આઉટ પોસ્ટ અને પોલીસ ચોકીઓને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટિમ હેઠળ નવા ૧૦૦ પીસીઆર વેન ખરીદવા રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરાઇ છે.

## અન્ન અને નાગરિક પુરવઠો



રાજ્ય સરકાર દ્વારા જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે અંત્યોદય અને બીપીએલ કાર્ડ ધરાવતા ૩૫ લાખ કુટુંબોને જ અત્યારે કુટુંબ દીઠ એક-એક લિટર કપાસિયા તેલ રાહત દરે આપવામાં આવે છે. હવે આ યોજનાનો વ્યાપ વધારી રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળના કુટુંબોને આવરી લઇ તમામ ૭૧ લાખ કુટુંબોને જન્માષ્ટમી અને દિવાળી નિમિત્તે રાહત દરે એક-એક લિટર કપાસિયા તેલ આપવામાં આવશે. તે માટે રૂ. ૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના ગેસ સિલિન્ડર વિહોણા અંદાજિત ત્રણ લાખ બાર હજાર લાભાર્થીઓને ગ્રીન અને ક્લીન ફ્યુઅલ સ્વરૂપે કેરોસીનની જગ્યાએ પીએનજી અથવા એલપીજી ગેસકનેકશન આપવા રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## મહેસૂલ વિભાગ



રાજ્યના ૧૬ જિલ્લાઓમાં મહેસૂલ વિભાગ હેઠળની વિવિધ કચેરીઓ તથા સ્ટાફ કવાર્ટ્સના મકાનોના બાંધકામ માટે કુલ રૂ. ૩૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખેતીની જમીનની માપણી આધુનિક પદ્ધતિથી સચોટપણે થાય તે માટે વધુ ૧૩૧ નવા ડી.જી.પી.એસ. મશીનો વસાવવા રૂ. ૩૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

# સર્વે સન્તુ નિરામયાઃ

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂ. ૧૧૩૨૩ કરોડની બજેટમાં જોગવાઇ

રાજ્યમાં ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩૧૭ શહેરી આરોગ્ય કેન્દ્રો અને ૩૪૮ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો દ્વારા આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આરોગ્યક્ષેત્રે વિકસાવવામાં આવેલી આ પાયાની સુવિધાઓના કારણે રાજય સરકારે આરોગ્ય સૂચકાંકમાં ખૂબજ સારો સુધારો હાંસલ કર્યો છે.

- કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને રાજય સરકારની મુખ્યમંત્રી મા-વાત્સલ્ય યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે ખૂબજ ઉપયોગી પુરવાર થઇ છે. આ યોજના દ્વારા લાભાર્થીઓને વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. આ યોજના માટે રૂ. ૧૧૦૬ કરોડની જોગવાઈ છે.
- રાજ્યમાં ઓછા વજન સાથે જન્મતાં બાળકોને વિનામૂલ્યે સારવાર પૂરી પાડતી યોજના બાલસખા-૩ માટે રૂ. ૧૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- નવી સિવિલ હોસ્પિટલ, અમદાવાદની સુવિધાઓને અપગ્રેડ કરવા માટે રૂ. ૮૭ કરોડની જોગવાઈ કરાઇ છે.
- રાજ્યમાં અંતરિયાળ વિસ્તારો અને જરૂરિયાત ધરાવતા સ્થળોએ લેબોરેટરી, સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ માટે સાધનોની ખરીદી ઉપર સબસિડી પૂરી પાડવા તેમજ લોકભાગીદારીથી નવી સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ અને મેડિકલ કોલેજની સ્થાપના માટે સહાય પૂરી પાડવાની યોજના હેઠળ ચાલુ બાબતમાં મહેસૂલ સદરે રૂ. ૮૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે.
- પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત સગર્ભા માતાઓને સહાય માટે રૂ. ૬૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યની ૧૪ જિલ્લા/પેટા જિલ્લા હોસ્પિટલો ખાતે ઇમરજન્સી દરમિયાન દર્દીની સારવાર માટેના ક્રિટિકલ અવર્સ દરમ્યાન સારવાર માટેની અદ્યતન સુવિધા વિકસસાવવા રૂ. ૫૪ કરોડની જોગવાઇ છે.
- ભારત સરકારના સહયોગથી ગોધરા અને મોરબી ખાતે બનાવવામાં આવનાર નવી મેડિકલ કોલેજના બાંધકામ અને હોસ્પિટલોને અપગ્રેડ કરવા માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત ચાલુ બાબત તરીકે રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરાઇ છે.
- પીડીયુ હોસ્પિટલ, રાજકોટ ખાતે ૫૦૦ પથારીની ક્ષમતા ધરાવતી મેટરનીટી ચાઇલ્ડ હોસ્પિટલ બાંધકામ માટે રૂ. ૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ખૂબજ લોકપ્રિય અને ઉપયોગી બનેલ ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસમાં હાલ ૬૨૨ એમ્બ્યુલન્સવાન કાર્યરત છે. નવી ૧૫૦ એમ્બ્યુલન્સવાન સેવારત કરવા રૂ. ૩૦ કરોડની જોગવાઇ છે.
- સુરત ખાતે કિડની હોસ્પિટલને અદ્યતન બનાવવા માટે સાધન સામગ્રી અને માનવ સંસાધન ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રસીકરણની કામગીરી સુચારુરૂપથી કરવા માટે રાજયકક્ષાએ ખાસ રસીકરણ સેલ ઊભો કરવામાં આવશે. વધુમાં ૮ જિલ્લામાં મેડિકલ વેક્સિન સ્ટોરના બાંધકામ માટે રૂ. ૩ કરોડની જોગવાઇ છે.
- ૨૦ સિવિલ હોસ્પિટલો ખાતે આયુર્વેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર પૂરી પાડવા ડે-કેર પંચકર્મ સેન્ટર શરૂ કરવામાં આવશે. ●

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી

નાગરિકોને જિલ્લા અને તાલુકા કક્ષાએ પ્રાપ્ત થતી નાગરિકલક્ષી સેવાઓ પોતાના ગામમાં જ મળી રહે એ હેતુથી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ છે. આ નવતર કાર્યક્રમ થકી ૫૫ જેટલી વિવિધ સેવાઓનો લાભ ૯,૧૧૨ ગામડાઓમાં ત્રીસ લાખથી વધારે લોકોને આપવામાં આવી છે. આ વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા માટે રૂ. ૧૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ભારતનેટ પ્રોજેક્ટ હેઠળ અત્યાર સુધી રાજ્યની ૭૫૨૨ ગ્રામપંચાયતોને હાઇ બેન્ડવીથ પૂરી પાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બાકી રહેલ ગ્રામ પંચાયતોને કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રૂ. ૧૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સાયન્સ સિટી ખાતે ફેઝ-૧ પ્રોજેક્ટ અંતર્ગત આઇમેક્સ થિયેટર, મ્યુઝિકલ ફાઉન્ટેન અને કેફેટેરિયાના નવીનીકરણ માટે તથા ફેઝ-૨ પ્રોજેક્ટ હેઠળ એક્વેટિક અને રોબોટિક્સ ગેલેરી તથા એસ્ટ્રોનોમી અને સ્પેસ સાયન્સ ગેલેરીના બાંધકામ માટે રૂ. ૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી ઓન-લાઇન સેવા



સંદર્ભે ડેટા રિકવરી સેન્ટરની સ્થાપના માટે રૂ. ૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બાયોટેકનોલોજી ક્ષેત્રે ચાલતા સંશોધનથી ઉદ્યોગ, પર્યાવરણ, મરીન અને જીનોમ જેવાં ક્ષેત્રોને લાભ મળે તે હેતુથી સ્ટેટ ઓફ ધ આર્ટ બાયોસેફટી-લેવલ ૩ની લેબની સ્થાપના માટે રૂ. ૨ કરોડની જોગવાઈ છે. સાબરકાંઠા જિલ્લાના સલાલ ગામમાંથી પસાર થતા કર્કવૃત્તના ભૌગોલિક મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાના ઉદેશથી આ સ્થળે સાયન્સ પાર્ક વિકસાવવામાં આવશે.

## રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

વડનગર ખાતે એથ્લેટિક ટ્રેક અને સ્પોર્ટ્સ હોસ્ટેલ બનાવવા રૂ. ૧૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વડોદરા મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગેલેરી ખાતે લાઇટ એન્ડ સાઉન્ડ શોની સુવિધા વિકસાવવા રૂ. ૫ કરોડની જોગવાઇ કરાઇ. જિલ્લા કક્ષાના ગ્રંથાલયોને અપગ્રેડ કરી સ્માર્ટ લાઇબ્રેરી બનાવવા માટે રૂ. ૫ કરોડની જોગવાઇ છે. સાયન્સ સિટી, અમદાવાદ ખાતે બાળકો માટે આકર્ષણરૂપ ટોય મ્યુઝિયમ બનાવવામાં આવશે. વિધાનસભા પરિસરમાં ગુજરાતનો ઇતિહાસ દર્શાવતું અત્યાધુનિક સંગ્રહાલય વિકસિત કરવામાં આવશે.



ધારાસભ્યશ્રીઓને તેમના મતવિસ્તારદીઠ અપાતી રૂપિયા દોઢ કરોડની વાર્ષિક ગ્રાન્ટની ફાળવણી કોરોના મહામારી દરમિયાન કરકસરના ભાગરૂપે મોકૂફ રાખવામાં આવી હતી. હવે રાજ્યની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થતાં ધારાસભ્યશ્રીઓની લાગણી અને માંગણી ધ્યાને લઇ રાજયના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૨૧-૨૨થી ધારાસભ્યશ્રીઓને આ ગ્રાન્ટ ફાળવણી પુનઃ શરૂ કરવામાં આવશે. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ, એ.ટી.વી.ટી. અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતના વિકાસના કામો માટે રૂ. ૧૩૦૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના જૂની સીરીઝના મતદાર ફોટો ઓળખકાર્ડ ધરાવતાં મતદારોને નવી સ્ટાન્ડર્ડ સીરીઝના મતદાર ફોટો ઓળખકાર્ડ આપવા માટે રૂ. ૧૧ કરોડની જોગવાઈ કરાઇ છે. ચાલુ યોજનાઓની સમયાંતરે સમીક્ષા કરી તેના અમલીકરણમાં બદલાતી પરિસ્થિતિ અનુસાર સુધારાઓ કરવા જરૂરી છે. આ સામાજિક-આર્થિક વિશ્લેષણની કામગીરી માટે ગુજરાત સોશિયો ઇકોનોમિક એનાલેટિક્સ સેન્ટરની સ્થાપના કરવામાં આવનાર છે.

સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસના મંત્રને મૂર્તિમંત કરી રહેલી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્ત્વવાળી સરકારનું સર્વસમાવેશક વર્ષ ૨૦૨૧-૨૨નું અંદાજપત્ર નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલે નવમી વખત ગુજરાત વિધાનસભામાં પ્રસ્તુત કર્યું છે. અગાઉ કદી પણ ન જોયેલી ભયાનક મહામારી કોરોનાના કપરા કાળમાં પણ ગુજરાતની વિકાસયાત્રાને વણથંભી રીતે વેગવાન બનાવતું અત્યાર સુધીનું સૌથી મોટું રૂ. ૨,૨૭,૦૨૯ કરોડનું વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ ગુજરાતના સર્વાંગીણ વિકાસનુ દ્યોતક બની રહેવાનું છે. ●





# શિક્ષિત - દીક્ષિત ગુજરાતના નિર્માણની દિશામાં નક્કર આયોજન

- બાળકોના સર્વગ્રાહી વિકાસ સાથે ઉત્તમ શિક્ષણ પ્રદાન કરવા માટે ૩૪૦૦ શાળાઓમાં જરૂરી તમામ સુવિધાઓ વિકસાવવા પાંચ વર્ષ માટે રૂ. ૧૨૦૭ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે.
- રાઇટ-ટુ-એજયુકેશન એક્ટ અંતર્ગત રાજયમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૫૬૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- મધ્યાહ્ન ભોજન અંતર્ગત વિવિધ પેટા યોજનાઓ માટે રૂ. ૩૬૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણ પરિષદની માટે સી.આર.સી. સેલેરી, કેજીબીવી, પ્રાથમિક શાળાઓમાં ઇન્ટરનેટ કનેક્ટિવીટી, જ્ઞાનકુંજ, આઇ.ઇ.સી. કોમ્યુનિટી મોબિલાઇઝેશન, શાળા પુસ્તકાલય, સ્માર્ટ સ્કૂલ, શાળા સ્વચ્છતા કીટ, પ્રજ્ઞા વર્ગ ખંડ સજ્જતા, શાળા સજ્જતા, મીનીએચર સ્પોર્ટ્સ ઇક્વિપમેન્ટ, બ્લોક રિસોર્સ સેન્ટર ખાતે થેરાપીની સગવડ વિકસાવવા અંગે, વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકોને સાધન સહાય માટે રૂ. ૨૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.






- ૧૧ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને એસ.ટી. બસ ફ્રી પાસ કન્સેશન માટે રૂ. ૨૦૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિનિયમિત વિકાસ અંતર્ગત વર્ગ વધારા, ઇન્ટરનેટ સુવિધા, નવી એક્સેલેન્સ શાળાઓની સ્થાપના તેમજ શિક્ષકોને પ્રોત્સાહક ઇનામ માટે કુલ રૂ. ૧૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- સૈનિક શાળાઓમાં ફૂડ-બીલ સહાય, મિલેટ્રી ટ્રેનિંગ, લો બજેટ જિમ વગેરે પ્રવૃત્તિઓ અને વિનિયમિત વિકાસ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે મફત પાઠ્યપુસ્તકો માટે કુલ રૂ. ૯૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ ઓગણીસ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠયપુસ્તકો પૂરાં પાડવા રૂ. ૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- જે બાળકોના ઘરનું અંતર તેમની શાળાથી ૧ કિલોમિટર કરતાં વધુ હોય તેવા દોઢ લાખથી વધુ બાળકોને વાહનવ્યવહારની સુવિધા આપવા માટે રૂ. ૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર પૂર્વ પ્રાથમિક શિક્ષણ સુદૃઢ કરવા અને આંગણવાડીમાં અભ્યાસ અર્થે આવતા ૧૬ લાખથી વધુ બાળકોનો ગુણવત્તાપૂર્ણ સર્વાંગી વિકાસ માટે "પા પા પગલી" યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે રૂ. ૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ટ્યૂશન ફી તથા હોસ્ટેલ અને ભોજન ખર્ચમાં શિષ્યવૃત્તિ સહાય રૂપે રાહત પૂરી પાડવા માટે રૂ. ૨૮૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા અંદાજિત ત્રણ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ છે.
- સરકારી ઈજનેરી કોલેજો તેમજ IITRAM મણીનગર તથા સેપ્ટ, અમદાવાદ માટે અનુદાનિત સહાય માટે રૂ. ૧૭૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- રાજ્યની યુનિવર્સિટીઓમાં નવીનીકરણ, સુધારાવધારા, સમારકામ અને સાર-સંભાળ માટે તથા ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે રિસર્ચ પાર્ક બનાવવા માટે રૂ. ૧૩૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- આદિજાતિ વિસ્તાર અને બિન-આદિજાતિ વિસ્તારમાં સરકારી કોલેજોના વિકાસ, આહવા ડાંગની સરકારી વિનયન કોલેજ

માટે ખાસ ગ્રાન્ટ શહીદ વીર કિનારીવાલા જૂથ વીમા યોજના, રાષ્ટ્રીય સેવા યોજના માટે રૂ. ૧૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

- ગુજરાત બાયોટેનોલોજી યુનિવર્સિટીના નિર્માણ માટે રૂ. ૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત ચાલુ બાબત તરીકે રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ખેલકૂદ ક્ષેત્રે ઊભરતી પ્રતિભાઓને શિક્ષણ સાથે ખેલકૂદની સઘન તાલીમ મળી રહે તે હેતુથી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ માટે રૂ. ૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- રાજ્યની વિવિધ યુનિવર્સિટી ખાતે પીએચ.ડી. ડિગ્રી માટે સંશોધન કરતા વિદ્યાર્થીઓ માટે શોધ યોજના અંતર્ગત રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- વિદ્યાર્થીઓમાં સુષુપ્તાવસ્થામાં રહેલ શોધભાવનાને પ્રોત્સાહન આપી અવનવા વિચારોના સર્જનથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ વિકસાવવા માટે પહેલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. આ નીતિ અંતર્ગત અંદાજિત ૧૪ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.



- રાજયના ઔદ્યોગિક વિકાસની સાથે સાથે સર્વિસ સેકટરનો પણ વિકાસ જરૂરી છે. જેના દ્વારા પણ લાખોની સંખ્યામાં રોજગારીની તકો ઉપલબ્ધ થાય છે. સર્વિસ સેકટરમાં વધુ રોજગારી ઉપલબ્ધ થાય તે માટે યુવાનોને ઉચ્ચ કક્ષાની તાલીમ અને શિક્ષણ આપવા દેશની સર્વપ્રથમ સર્વિસ સેકટર યુનિવર્સિટીનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.
- ગુજરાતમાં મૅરિટાઈમ ટ્રાફિકમાં અનેક ગણો વધારો થયો છે. મૅરિટાઈમ ક્ષેત્રે હવે આંતરરાષ્ટ્રીય સેવાઓ જેમ કે મેડિએશન અને આર્બિટ્રેશન, શિપ લીઝિંગ અને લીગલ સર્વિસીસ વિકસાવવાની જરૂરિયાત છે. જે માટે ગુજરાત મૅરિટાઇમ યુનિવર્સિટી દ્વારા ગિફ્ટ સિટી ખાતે ઈન્ટરનેશનલ મેડિએશન અને આબ્રિટ્રેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.
- પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કુલ ઓગણચાલીસ લાખ એંશી હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય તથા ધોરણ-૯ અને ૧૦ માં અભ્યાસ કરતા છ લાખ ત્રેસઠ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા રૂ. ૫૪૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ધોરણ-૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૧.૮૨ લાખ કન્યાઓને વિનામૂલ્યે સાઇકલ આપતી સરસ્વતી સાધના યોજના હેઠળ રૂ. ૭૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- અનુસૂચિત જનજાતિના બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિ આપવા માટે રૂ. ૩૬૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત ૫૩ આદિજાતિ તાલુકાના પ્રાથમિક શાળાનાં ૮ લાખ બાળકોને ફલેવર્ડ દૂધ આપવા માટે રૂ. ૧૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- અનુસૂચિત જનજાતિના પ્રિ-એસ.એસ.સી.ના ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે રૂ. ૧૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- નર્મદા જિલ્લાના રાજપીપળા મુકામે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ. ૨૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયો અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદિજાતિ અને અગરિયા વિસ્તારમાં કુલ ૪૬ રેસિડેન્શિયલ હોસ્ટેલમાં આ વર્ષથી રહેવા અને જમવાની વ્યવસ્થા ઊભી કરવા માટે કુલ ૮૫૩ વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ રૂ. ૪૧૦૦૦ એક વર્ષ માટે મળીને કુલ રૂ. ૩.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારત સરકારના સહયોગથી ગોધરા અને મોરબી ખાતે બનાવવામાં આવનાર નવી મેડિકલ કોલેજના બાંધકામ અને હોસ્પિટલોને અપગ્રેડ કરવા માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે રૂ. ૬૯૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- કામધેનુ યુનિવર્સિટી હસ્તક સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે રૂ. ૧૩૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ●

# સુવિધાપૂર્ણ શાનદાર શહેરોના નિર્માણ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની રૂ. ૧૩૪૯૩ કરોડની જોગવાઇ


સ્વચ્છ શહેર બાબતના સર્વેક્ષણમાં સમગ્ર દેશમાં મેગા સિટીમાં અમદાવાદે પ્રથમ ક્રમ તો અન્ય શહેરોમાં સુરતે બીજો અને રાજકોટે ચોથો ક્રમ મેળવ્યો છે. ગાંધીનગર શહેરને બેસ્ટ સિટી ઇન ઇનોવેશન એન્ડ બેસ્ટ પ્રેક્ટિસિસનો પુરસ્કાર મળેલ છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે રૂ. ૪૫૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યની નગરપાલિકાઓ, મહાનગરપાલિકા અને કેન્ટોન્મેન્ટ વિસ્તારમાં રસ્તા, ગટર, પાણી, આરોગ્યલક્ષી, પર્યાવરણને લગતી, સ્ટ્રીટ લાઇટ વગેરે માળખાકીય સુવિધાઓ નાગરીકોને મળી રહે તે માટે ૧૫મા નાણાપંચ અન્વયે ૨૦૨૧-૨૨ માટે રૂ. ૧૧૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં શહેરી વિસ્તારમાં સૌને આવાસ ઉપલબ્ધ કરાવવા નવા ૫૫,૦૦૦ આવાસોના નિર્માણ અર્થે સહાય માટે રૂ. ૯૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા દાહોદ નગરપાલિકા સ્માર્ટ સિટી હેઠળ રૂ. ૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમૃત યોજના હેઠળ રાજયના ૧ લાખથી વધુ વસ્તી ધરાવતાં શહેરો માટે રૂ. ૬૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સ્વચ્છ ભારત મિશન (અર્બન) તથા નિર્મળ ગુજરાત હેઠળ રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દીન-દયાળ અંત્યોદય યોજના-નેશનલ અર્બન લાઇવલિહુડ મિશન હેઠળ રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ શહેરી વિસ્તારમાં મહિલા ઉત્કર્ષ જૂથ બનાવી રૂ. ૧ લાખ સુધીનુ સંપૂર્ણ વ્યાજરહિત ધિરાણ આપવાની યોજના માટે રૂ. ૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાઓના માનવબળરહિત સંચાલન અને નિભાવણી માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ છે.

- રાજ્યનાં અમદાવાદ, સુરત મહાનગર અને રાજ્યના પાટનગર એવા ગાંધીનગરમાં મેટ્રોનું આયોજન કરી દેવામાં આવ્યું છે. રાજ્ય મહાનગર એવાં વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર શહેરોમાં પણ મેટ્રો લાઇટ-મેટ્રો નીઓ જેવી નવી ટેક્નોલોજીવાળી મેટ્રો સેવા પૂરી પાડવાનું આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યું છે. આ યોજના માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- રિયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ અંતર્ગત જુદા જુદા શહેરી વિસ્તારોમાં ગંદા પાણીને ટ્રીટ કરી તેના પુન:ઉપયોગની યોજનાઓ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે તમામ મ.ન.પા. અને નગરપાલિકાઓને અગ્નિશમન વાહનો અને અત્યાધુનિક સાધનો પૂરાં પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત નવાં અગ્નિશમન સાધનો ખરીદવા રૂ. ૩૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ફાયર સેફટી કોપ પોર્ટલ ઊભું કરી ફાયર સેફટી ઓફિસરોને તાલીમ અને પ્રમાણપત્ર આપવા માટે રૂ. ૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ઓર્ગેનિક તેમજ પ્રાકૃતિક ખેતી આધારિત ફળો અને શાકભાજીનાં ઉત્પાદનોનું સીધું વેચાણ રાજયના ખેડૂતો દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના શહેરી વિસ્તારમાં કરવા માટેની ઓર્ગેનિક એગ્રિકલ્ચર માર્કેટ યોજના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીના સર્વગ્રાહી વિકાસ માટે એરિયા ડેવલપમેન્ટ ઑથોરિટીની રચના કરવામાં આવી છે. આ ઑથોરિટી દ્વારા અંબાજી દેવસ્થાન વિસ્તારના વિકાસ નકશાઓ બનાવી આયોજનબદ્ધ રીતે અનેકવિધ કામો હાથ ધરવામાં આવશે. જે માટે રૂ. ૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.








# વિધાનસભામાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું પ્રેરક સંબોધન

***મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યપાલશ્રીનું અભિભાષણ વિકાસની નવી દિશા ખોલનારું રાજ્ય સરકારને અને ગુજરાતને વધુ ગૌરવવંતી કામગીરી માટે પ્રેરણા આપનારું ગણાવતાં પોતાનું વક્તવ્ય પ્રસ્તુત કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ગૃહના નેતા તરીકે સભાગૃહના સન્માનનીય તમામ સભ્યશ્રીઓનો અંતઃકરણપૂર્વકનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ગુજરાતના અને ગુજરાતીઓના વિકાસ માટે વિવિધ મહત્ત્વપૂર્ણ વિષયો ઉપર તેમના અમૂલ્ય વિચારો પ્રસ્તુત કર્યા હતા. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિધાનસભા ગૃહને કરેલા સંબોધનના અંશો અત્રે પ્રસ્તુત છે...***

- લોકશાહી શાસન વ્યવસ્થામાં જનહિતલક્ષી ચર્ચા વિચારણાનું આગવું મહાત્મ્ય છે.
- સંસદીય પ્રણાલિકાઓમાં સરકાર અને વિપક્ષના સભ્યો દ્વારા થતી ચર્ચાઓનું અત્યંત મહત્ત્વ રહ્યું છે.
- જેને ગમે એ પ્રશંસા કરે અને જેને ન ગમે તે ટીકા પણ કરે. પરંતુ આ પ્રશંસા અને ટીકાઓમાં અંતે તો સાચું શું છે ? અને લોકહિતમાં શું છે ? એ મહત્ત્વનું છે.
- ગરવા ગુજરાતની મહાનભૂમિના આપણે સૌ સંતાનો છીએ.
- ગુજરાતને અને ભારતને અમે ખરા દિલથી પ્રેમ કરીએ છીએ.
- નિર્ણાયકતા, પારદર્શકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાના ચાર મજબૂત પાયા ઉપર ગુજરાતના ખૂણે ખૂણાનો વિકાસ થઈ રહ્યો છે.
- જનતાને સરળતાથી મહેસૂલી સેવાઓ મળી રહે એ માટે મહેસૂલ વિભાગની ૨૫ જેટલી સેવાઓ આઈ-ઓરા ઉપર ઓનલાઈન કરવામાં આવી છે જેમાંથી ૧૯ જેટલી સેવાઓ ફેસલેસ છે. ફેબ્રુઆરી ૨૦૨૧થી લગભગ ૧ લાખ ૧૪ હજાર અરજીઓ ઓનલાઈન પ્રાપ્ત થઈ છે જેમાંથી ૧ લાખ અરજીઓનો સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે.
- આઈ-ઓરાથી અઠવાડિયામાં NA મળી જાય છે. રાજ્યકક્ષાએથી મોનિટરિંગ થતી અરજીઓનું ઝડપી નિરાકરણ શક્ય બન્યું છે.
- ૮૬ ટકા લોકોએ આઈ-ઓરાનો પોઝિટિવ ફીડબેક આપ્યો છે.
- મહેસૂલી સેવાઓ માટે આઈ-ઓરા ઓનલાઈન પોર્ટલ શરૂ કરનારું ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય છે.
- છેલ્લા દોઢ જ વર્ષમાં ૩૦ હજારથી વધુ કિસ્સામાં પારદર્શક રીતે ઓનલાઈન NAની મંજૂરી આપવામાં આવી છે.
- ૫૫૩ જેટલી જનહિતલક્ષી યોજનાઓના નાણાં ગરીબ અને મધ્યમવર્ગના લાભાર્થીઓના બેન્ક ખાતામાં બારોબાર ડીબીટી દ્વારા રાજ્ય સરકારે જમા કરાવ્યા છે. એટલે ભ્રષ્ટાચારનું કોઈ બારું જ રહ્યું નથી.
- છેલ્લાં ૪ વર્ષના ૩૬ હજાર કરોડ જેટલી માતબર રકમ કોઈપણ વચેટિયા વગર સરકારે ગુજરાતના ખેડૂતો, ગરીબો, શ્રમિકો, મધ્યમવર્ગના નાગરિકોના બેન્ક ખાતામાં ડીબીટી દ્વારા સીધેસીધા જમા કરાવ્યા છે.
- ખાણ ખનીજની હરાજીમાં ઓનલાઈન ઓક્સનની પદ્ધતિ દાખલ કરાતાં ભ્રષ્ટાચાર ઉપર જબરજસ્ત લગામ કસવામાં આવી છે.
- એસીબીને વિશાળ સત્તાઓ આપીને અમે કન્વિકશન રેટમાં

૧૭ ટકાનો વધારો કર્યો છે.

- ગત નાણાકીય વર્ષ દરમિયાન ૩ કરોડ ૮૫ લાખ લોકોને રૂ. ૯૯૮૭ કરોડ જેટલી રકમ ડીબીટી દ્વારા તેમના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવી છે.
- પ્રગતિશીલતાના પાયામાં નિર્ણાયકતાનો બહુ મોટો રોલ હોય છે.
- રાજ્ય સરકારના દરેક નિર્ણયની સફળતાના મૂળમાં અમારી સાફ નિયત રહેલી છે.
- રોજેરોજ પ્રજાહિતનાં કાર્યો માટે નવા નવા નિર્ણયો લઈ એના અસરકારક અમલીકરણની સરકારની નિષ્ઠાને લોકોએ વિશ્વાસપૂર્વક વધાવી છે.
- આ પાંચ વર્ષમાં ૧૭૦૦થી પણ વધુ જનહિતલક્ષી નિર્ણયો કર્યા છે.
- ગંગસ્વરૂપા બહેનોને એમનો દીકરો સગીર વયનો થાય ત્યારે સહાય બંધ કરી દેવામાં આવતી હતી. આ શરત દૂર કરવાનો સંવેદનશીલ નિર્ણય કર્યો છે.
- મા અમૃતમ્ અને મા વાત્સલ્ય યોજનાની આવક મર્યાદા વધારી અમે વધુમાં વધુ ગરીબ અને વંચિત ૭૦ લાખ પરિવારોના ૩.૫ કરોડ લાભાર્થીઓને આવરી લેવાનું પગલું ભર્યું છે. 1100 કરોડ રૂપિયા આ માટે ફાળવ્યા છે.
- સરકારે માનવીઓ પ્રતિ તો સંવેદનશીલ છે જ, પરંતુ એથી પણ આગળ વધીને મૂંગા પશુ-પક્ષીઓની પણ દરકાર લીધી છે.
- ઘાયલ પશુપક્ષીઓના જીવ બચાવવા રાજ્યના ૨૬ જિલ્લાઓમાં ૪૫૦ કરુણા એનિમલ એમ્બ્યુલન્સ કાર્યરત કરી છે.
- બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા ગરીબ શ્રમિકોને રૂ. ૧૦માં ભરપેટ ભોજન આપવાની શ્રમિક અન્નપૂર્ણા યોજનાને કારણે ગરીબ શ્રમિકોના આશીર્વાદ અમને મળ્યા છે.
- મૂંગા પશુધન પ્રતિ અમારી સંવેદના વિશેષ રહી છે અમે ઓક્ટોબર-૨૦૧૮માં અછતના કપરાકાળમાં અબોલ પશુઓ માટે વિક્રમજનક ૧૫ કરોડ કિલો ઘાસનું વિતરણ કર્યું છે.
- સામાન્ય રીતે જાન્યુઆરી મહિનામાં સર્વે કરીને અછત જાહેર કરવામાં આવે છે પરંતુ સરકારે અછત મેન્યુઅલમાં સુધારો કરીને વર્ષ ૨૦૧૮માં ઓક્ટોબર મહિનામાં અછત જાહેર કરી એટલું જ નહીં ૧૨૫ મિ.મિ.થી ઓછો વરસાદ હોય ત્યારે અછતગ્રસ્ત તાલુકો જાહેર કરવામાં આવતો હોય છે. અમે તેમાં પણ પરિવર્તન કરીને ૪૦૦ મિ.મિ. કે તેથી ઓછા વરસાદવાળા તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરવાનો ક્રાંતિકારી નિર્ણય લીધો છે.
- ગુજરાતના છેવાડે વસતા ગરીબો, અંત્યોદય, ગ્રામજનો, દિવ્યાંગોને પ્રતિમાસ હું



મોકળા મને મળીને તેમના પ્રશ્નોની વિગતે ચર્ચા કરું છું. એમનો મને ખૂબ સ્નેહ પ્રાપ્ત થયો છે.

- બનાસકાંઠાના અસરગ્રસ્ત ભાંડુઓ માટે રૂ. ૧૭૦૦ કરોડનું માતબર રાહત પેકેજ અમે આપ્યું છે.
- વાયુ વાવાઝોડા વખતે પણ ઝીરો કેજ્યુલિટીના સિદ્ધાંત મુજબ આગોતરી વ્યવસ્થાઓ યોજીને ઝડપથી ઈવેક્યુશનના સંવેદનશીલ પગલાં ભર્યાં હતા.






**પહેલા વાત કરું ઉદ્યોગ ક્ષેત્રની...**

- રાજ્યના કરોડો લોકોને રોજગારી આપતા નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો સુરક્ષિત રહે અને વિકસે તેમજ મોટા ઉદ્યોગો વૈશ્વિક ફલક પર વધુ આગળ વધી શકે એ માટે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પૉલિસી ૨૦૨૦ જાહેર કરાઈ છે.
- ઉદ્યોગકારોને તેમના રોકાણના પ્રમાણમાં સમયસર ઈન્સેન્ટિવ-સબસિડી આપવાની પારદર્શકતા નવી ઉદ્યોગ નીતિનો પ્રાણ છે.
- અન્ય પ્રદેશ-દેશોમાંથી રોકાણકારો ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણ કરી શકે તે માટે વિશેષ લેન્ડ રિલોકેશનની સવલત અમે આપી રહ્યા છીએ. જેને પરિણામે ગુજરાતનું ઔદ્યોગિક માળખું વધુ ધમધમવાનું છે. રોજગાર સ્વરોજગારના અનેક નવા અવસરો ખૂલી રહ્યા છે.
- સાડાચારથી પાંચ રૂપિયામાં ઉદ્યોગકારોને વીજળી આપતી નવી સોલર પૉલિસી આવતાં ઉદ્યોગકારોની પ્રોડક્શન કોસ્ટ ઘટશે અને ઉત્પાદન વધશે એટલે સ્વાભાવિક રીતે જ વૈશ્વિક કક્ષાએ ગુજરાતના ઉદ્યોગકારોની ડિમાન્ડ ઊભી થવાની છે. સસ્તી વીજળી-ક્લીન વીજળીમાં ગુજરાત અગ્રેસર બનવાનું છે.
- નવી સોલાર પૉલિસીમાં વીજભારના ૫૦ ટકાની મર્યાદાને અમે દૂર કરી છે. જેને પરિણામે ઔદ્યોગિક ગૃહોને અમર્યાદ રીતે ઈન્સ્ટોલેશનની સવલત પ્રાપ્ત થઈ શકી છે.
- એક કરતાં વધારે ઔદ્યોગિક એકમો સંયુક્ત રીતે સોલર વીજળીનું ઉત્પાદન કરી શકે તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે. જેના પરિણામે ઔદ્યોગિક ઉત્પાદનની પ્રોડક્શન કોસ્ટ નીચી આવશે.
- રાજ્યના પ્રવાસન અને હોસ્પિટાલિટી સેક્ટરને સાંકળી લઈને નવી ટૂરિઝમ પૉલિસી રાજ્યના પ્રવાસન ઉદ્યોગને બળ આપનારી પૂરવાર થવાની છે.
- અમે નવી હેલ્થ પૉલિસી લઈને આવ્યા છીએ જેમાં બ્રાઉનફીલ્ડ મેડિકલ કોલેજ દાહોદ, અમરેલી અને પાલનપુરમાં બનવા જઈ રહી છે. જ્યારે નડિયાદ અને વિસનગરમાં ગ્રીનફીલ્ડ મેડિકલ કોલેજ બનવા જઈ રહી છે.
- MSME માટે અલાયદું કમિશનરેટ બનાવી ઉદ્યોગ ક્ષેત્રે ૩૬૦ ડિગ્રીએ ચેન્જ લાવી શક્યા છીએ.



- નિયમોની આંટી ઘૂંટી તોડીને પહેલાં પ્રોડક્શન પછી પરમિશનનો મંત્ર લઘુ, નાના અને મધ્યમ એકમો માટે આશીર્વાદરૂપ બની ગયો છે.
- ગુજરાતની ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં ઈન્ડસ્ટ્રિયલ પાર્ક અને લોજિસ્ટીક પાર્ક ઊભા કરીને ગુજરાતની ઔદ્યોગિક પ્રવૃત્તિને વધુ વેગવાન બનાવી છે.
- પારદર્શક પ્રક્રિયાથી ઓનલાઈન એપ્લિકેશન સિસ્ટિમ અને સીંગલ વિન્ડો ક્લીયરન્સ એક્ટ ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિનું મહત્ત્વનું અંગ બની ગયું છે.
- ગત વર્ષની તુલનામાં રૂપિયા ૪૩ હજાર કરોડની એફડીઆઈનું રોકાણ ગુજરાતમાં થયું છે. જે આખા દેશમાં સૌથી વધુ છે.
- કોરોના કપરા કાળમાં એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦માં રૂ. ૧ લાખ ૧૯ હજાર કરોડનું વિદેશી મૂડીરોકાણ ગુજરાતમાં થયું છે. જે દેશના કુલ મૂડીરોકાણના ૫૩ ટકા જેટલું થાય છે.
- દેશની જીડીપીમાં ૮ ટકા જેટલું નોંધપાત્ર યોગદાન આપણા ગુજરાતનું રહ્યું છે.
- ઉદાર વહીવટી સુધારણાઓ કરીને ૩૦૦થી વધુ કાયદાકીય પદ્ધતિઓમાં સરળીકરણ કર્યું છે.
- ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની દિશામાં સકારાત્મક એપ્રોચ દ્વારા આપણું રાજ્ય દેશમાં અગ્ર સ્થાને છે.
- વાવણીથી લઈને વેચાણ સુધી અમે ખેડૂત ભાઈઓની દરકાર લેનારા લોકો છીએ.
- ખેડૂત ભાઈઓને પરિવહન વ્યવસ્થા, ગોડાઉન સવલત, પ્રાકૃતિક ખેતી, જીવામૃત કીટ સહાય, ઓજાર વિતરણ જેવા મહત્ત્વના કાર્યોમાં તેમની પડખે ઊભા રહી સાત પગલાં ખેડૂત કલ્યાણનું સૂત્ર સાચા અર્થમાં ચરિતાર્થ કર્યું છે.
- ખેડૂતભાઈઓની વીજ કનેકશન માટેની ૩ લાખ ૨૫ હજાર અરજીઓ પેન્ડિંગ હતી. જ્યારે છેલ્લાં ૪ વર્ષમાં ૪ લાખ ૫૦ હજાર જેટલાં કૃષિ વીજ જોડાણો આપીને ધરતીપુત્રોની પડખે અમે અડીખમ ઊભા રહ્યા છીએ. આ માટે રૂ. ૭ હજાર કરોડની માતબર રકમનો ખર્ચ પણ કર્યો છે.
- છેલ્લાં ૪ વર્ષમાં રૂ. ૧૭ હજાર કરોડનાં ખેત ઉત્પાદનોની ટેકાના ભાવે ખરીદી કરીને ખેડૂતનું અમે આર્થિક સશક્તીકરણ કર્યું છે. અમે ઘઉં, ચોખા, તુવેરની દાળ, ચણા, મગ, મગફળી દરેક પ્રકારની ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરી છે.
- ૩૮ લાખ ખેડૂતો પાસેથી ૩૨ લાખ ટનથી પણ વધારે ખેત પેદાશો ટેકાના ભાવે રાજ્ય સરકારે ખરીદી કરી છે.
- છેલ્લાં ૨૫ વર્ષોથી કૃષિ વીજદરમાં એક પણ પૈસાનો વધારો ન કરીને સરકારે ખેડૂતોનું હિત જાળવ્યું છે.
- ૧૫ લાખથી વધુ ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે ખેત ધિરાણ આપ્યું છે.
- ખેડૂતોને રાતના ઉજાગરા કરવા ન પડે એ માટે દિવસે વીજળી

આપતી કિસાન સૂર્યોદય યોજનાનો પરિણામલક્ષી અમલ કર્યો છે.

- કમોસમી વરસાદથી ખેડૂતભાઈઓના આર્થિક નુકસાનને પહોંચી વળવા માટે વર્ષ ૨૦૧૯માં રૂ. ૩૭૯૫ કરોડ અને વર્ષ ૨૦૨૦માં રૂ. ૩૭૦૦ કરોડનું ન ભૂતો ન ભવિષ્યતિ એવું રાહત પેકેજ આપ્યું.
- ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા માટે ખર્ચની ચિંતા નથી કરી.
- સુરત જિલ્લામાં કાકરાપાર-ગોરધા-વડ ઉદવહન સિંચાઈ યોજનાની કામગીરી મહદઅંશે પૂરી કરી છે. આ યોજનાથી સુરત જિલ્લાના માંડવી અને માંગરોળ તાલુકાનાં ૮૯ ગામના ૫૦ હજાર એકર જેટલા વિસ્તારના આદિવાસી ખેડૂત ભાઈઓને સિંચાઈના લાભ મળવાના છે.
- રૂ. ૪૧૮ કરોડના ખર્ચવાળી કરજણ જળાશય આધારિત પાઈપલાઈન યોજનાનું કામ પૂરજોશમાં આગળ વધારી રહ્યા છીએ જેના પરિણામે વર્ષોથી સિંચાઈથી વિમુખ રહેલા નર્મદા, ભરૂચ અને સુરત જિલ્લાના ૭૫૦૦ એકર જેટલા વિસ્તારને સિંચાઈની સુવિધા મળવાની છે.
- રૂ. ૧૦૯૭ કરોડના ખર્ચ વાળી કડાણા-દાહોદ ઉદવહન પાઈપલાઈન યોજનાનું કામ પુરું થઈ ગયું છે. પરિણામે ૧૦ હજાર એકર આદિવાસી વિસ્તારમાં સિંચાઈના લાભ મળવાના શરૂ થઈ જશે.
- ઉકાઈ જળાશય ઉપરવાસમાં આવેલા તાપી જિલ્લાના સોનગઢ, ઉચ્છલ, નીઝર અને કુકરમુંડા તાલુકાના આદિજાતિ વિસ્તારનાં કુલ ૧૩૬ ગામોના ૬૯ હજાર એકર વિસ્તારને ઉદવહન પાઈપલાઈન યોજનાથી સિંચાઈની સવલત મળવાની શરૂ થશે. ૪૦૪ હયાત ચેકડેમોમાં પણ આના પરિણામે પાણી ભરી શકાશે.
- ઉમરપાડા તથા નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના આદિજાતિ વિસ્તારનાં કુલ ૯૩ ગામોના ૫૩૭૦૦ એકર વિસ્તારમાં સિંચાઈની સુવિધા પૂરી પાડવા રૂ. ૭૧૧ કરોડની તાપી-કરજણ લીન્ક પાઈપલાઈન યોજનાની કામગીરી ઝડપથી પૂરી થનાર છે.
- ૧૬૦૮૯ મીની પાઈપ યોજનાઓ તેમજ ૨ લાખ ૧૦ હજાર હેન્ડપંપ આદિજાતિ વિસ્તારમાં બનાવીને ડુંગરાળ અને છૂટાછવાયા અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિવાસી બાંધવોની સુવિધામાં વધારો કર્યો છે.
- એમ કહી શકાય કે મોભના પાણી નેવે ચડાવીને આદિવાસી બાંધવોને પાણી આપ્યું છે.
- નો સોર્સ શબ્દ ડિક્ષનેરીમાંથી બાકાત કરી નર્મદાના પરમેનન્ટ સોર્સ ઊભા કર્યા છે.
- રાજ્યના ૧૭,૮૪૩ ગામડાંઓ અને ૧૬,૪૦૨ પરાઓને પાકા રસ્તાથી જોડવાનું સુદૃઢ આયોજન કર્યું છે.
- છેલ્લાં ૫ વર્ષમાં ૫૨,૯૪૧ કિલોમીટર લંબાઈના ૨૦,૨૬૩ માર્ગના કામો મંજૂર કરાયા છે.
- રૂ. ૬૮૩૫ કરોડના ખર્ચે ૨૭,૦૬૪ કિલોમીટર લંબાઈના ૧૦,૩૯૯ માર્ગોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આગામી ટૂંક સમયમાં ગુજરાત દેશનું પહેલું ફાટકમુક્ત રાજ્ય બનવાની દિશામાં ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે.
- મહાનગરપાલિકાઓમાં ૩૬ અને નગરપાલિકાઓમાં ૪૫ ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૭૨ ઓવરબ્રિજના નિર્માણનું કાર્ય પૂરજોશમાં આગળ વધી રહ્યું છે.
- છેલ્લાં ૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં રૂ. ૫૦૮ કરોડના ખર્ચે ૩૧ રેલવે ફાટકો દૂર કરીને ઓવરબ્રિજ અથવા અંડરબ્રિજ બનાવાયા છે.
- આદિવાસી બાંધવોનું એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે અને તમામ બાળકોને પાયાનું શિક્ષણ મળી રહે એ માટે અમે ૪૧ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલોનું નિર્માણ કર્યું છે.
- લોકડાઉનના બે માસના સમયગાળા દરમિયાન ૬૮.૮૦ લાખ NFSA રેશનકાર્ડ ધારકો અને ૬૧ લાખ APL-1 ધારકોને રૂપિયા બે હજાર કરોડની બજાર કિંમતનું અનાજ વિનામૂલ્યે આપ્યું છે.






- લર્નિંગ વીથ અર્નિંગનો અભિનવ અભિગમ અપનાવી મુખ્યમંત્રી એપ્રેન્ટિશશીપ યોજનાનો પરિણામલક્ષી અમલ કર્યો છે.
- ગુજરાત દેશનું એવું પ્રથમ રાજ્ય છે કે જેણે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા હેઠળ બિનઅનામતના લોકો માટે ૧૦ ટકા આરક્ષણનું નક્કર અમલીકરણ કર્યું છે.
- છેલ્લાં ૪ વર્ષમાં રોજગાર ભરતી મેળાના માધ્યમથી ૧૧ લાખ યુવાનોને રોજગારીના અવસરો પૂરા પાડ્યા છે.
- આગામી વર્ષે ૨ લાખ યુવા શક્તિને સરકારી નોકરી આપીને વહીવટમાં સામેલ કરવા જઈ રહ્યા છીએ.
- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ જેવી મહત્ત્વપૂર્ણ યોજના દ્વારા ૧૦ લાખ મહિલાઓને ઝીરો ટકા વ્યાજે રૂ. એક હજાર કરોડની લોન સહાય આપવાનું નક્કર આયોજન કર્યું છે.
- મા અમૃતમ્ અને મા વાત્સલ્ય યોજના હેઠળ વાર્ષિક છ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા કુટુંબના ૬૦ કે તેથી વધુ વયના સિનિયર સિટીઝનને આવરી લેવામાં આવ્યા છે.
- શાંતિ અને સલામતી ગુજરાતની આગવી ઓળખ છે. કડકમાં કડક કાયદા બનાવ્યા છે.
- પાસા એક્ટમાં સુધારો કરીને ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષાને વધુ સુદૃઢ બનાવી છે. સાયબર ક્રાઈમ, નાણાં ધીરનાર, ગેરકાયદે નાણાં વસુલાતા હોય એવા, શારીરીક હિંસાની ધમકીઓ આપનારા, જાતીય સતામણી કરનારા, અસામાજિક તત્ત્વોને પાસા એક્ટ હેઠળ આવરી લીધા છે.
- જાતીય ગુનાઓનું પ્રમાણ ઘટાડવા માટે મહિલાઓની સુરક્ષાને વધુ સુદૃઢ કરવા પાસા એક્ટની જોગવાઈઓને વધુ વિસ્તારી છે.
- ગુજરાત ગુંડા એન્ડ એન્ટિસોશિયલ એક્ટિવિટી પ્રિવેન્શિયલ એક્ટ રાજ્યના નાગરિકોની શાંતિ અને સુરક્ષાને વધુ સુદૃઢ બનાવે છે.
- આ એક્ટથી ગુનેગારોને ઓછામાં ઓછી ૭ વર્ષથી માંડીને વધુમાં વધુ ૧૦ વર્ષની જેલ અને ૫૦ હજાર સુધીનો દંડ ફટકારવાની સજા કરાશે.
- રાજ્યની મા, બહેન અને દીકરીઓની સુરક્ષા માટે ચેઈન સ્નેચર્સને સખત નસિહત આપવાની દિશામાં અભૂતપૂર્વ નિર્ણય કર્યો છે.



- બાળકીઓ ઉપર દુષ્કર્મ કરનાર સામે લાલ આંખ કરી છે. ગુનેગારો માટે ફાસ્ટટ્રેક કોર્ટની રચના કરી છે. ઓછામાં ઓછી આજીવન કેદ અથવા ફાંસીની સજા ગુનેગારોને કરાશે.
- આતંકવાદીઓ સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ લાવ્યા છીએ. આજીવન કેદ અને કેપિટલ પનીશમેન્ટનું પ્રાવધાન આ એક્ટમાં કર્યું છે.
- હુક્કાબાર નાબૂદીનો નિર્ણય કરીને રાજ્યના યુવાધનને નશાખોરીથી બચાવવાની અડગ પ્રતિબદ્ધતા રાખી છે.
- ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ ૨૦૨૦ લાવીને ભૂમાફિયાઓને સખત નસિહત આપી છે. ૨૧૯૧ જેટલી અરજીઓ અને ૬૬ જેટલી સુઓમોટો અરજી મળીને કુલ ૨૨૫૭ અરજીઓ મળી છે. ૨૯૩ વ્યક્તિઓ સામે ૭૭ એફઆઈઆર દાખલ કરી છે.
- આવેલી અરજીઓ પૈકી કોર્ટમાં ૮ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે અને ૫ કેસ સ્પેશિયલ કોર્ટને રિફર કરવામાં આવ્યા છે.
- ગૌહત્યા નાબૂદીનો કાયદો ઘડીને ગાયમાતા પ્રતિ ઋણ અદા કર્યું છે.
- આધુનિક ગુજરાત દેશ અને દુનિયાનું એક મોડેલ સ્ટેટ તરીકે ઓળખાઈ રહ્યું છે.
- મેટ્રો ટ્રેન ગુજરાતની નવતર પહેચાન બનશે.
- BRTS ઝડપી અને સુરક્ષિત પરિવહનનું સીમાચિહ્ન બની છે.
- વિશ્વના વિકસીત દેશોની જેમ રિવરફ્રન્ટ પ્રોજેક્ટ સહેલાણીઓને મંત્રમુગ્ધ કરી રહ્યો છે.
- ભાવનગરમાં વિશ્વનું પ્રથમ સીએનજી ટર્મિનલ આકાર લઈ રહ્યું છે.
- કચ્છનું રિન્યુએબલ એનર્જી પાર્ક પવન અને સૌર ઊર્જા બન્નેને એક સાથે ઉપયોગમાં લેનારો જગતનો પ્રથમ પાર્ક બનવા જઈ રહ્યો છે.
- પીરાણા ડમ્પ સાઈટ, લીગાસી વેસ્ટ પ્રોસેસિંગથી બાયોમાઈનિંગની કામગીરીને દેશમાં એક મોડેલ તરીકે સ્વીકારવામાં આવે છે.
- ૩૧૧ TP સ્કીમ અને ૪૦ DP સ્કીમ એકપણ પાઈ પૈસાનો ભ્રષ્ટાચાર કર્યા વિના ગુજરાતનાં નગરોને શાનદાર બનાવવાની દિશામાં ગુજરાત અગ્ર હરોળમાં છે.
- રાજયની સાત મહાનગરપાલિકાઓમાં અને ૧૫ નગરપલિકાઓમાં કોમન GDCR અમલમાં મૂકનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.
- ગુજરાતના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને ગાંધીનગરમાં સ્કાયરાઈઝ-ગગનચુંબી ઈમારતોના બાંધકામને પરવાનગી મળતાં હવે ગુજરાત દુબઈ અને સિંગાપોર શહેરોની જેમ શાનદાર બનવા જઈ રહ્યું છે.

- છેલ્લાં પાંચ વર્ષમાં ૨૧૭૦ તબીબી બેઠકોનો વધારો કરીને આજે ગુજરાતમાં ૫૭૦૦ મેડિકલ બેઠકો ઉપલબ્ધ છે.
- અમે ગુજરાતને ફરી તક્ષશિલા અને નાલંદાની જેમ એજ્યુકેશન હબ બનાવવાની દિશામાં ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છીએ. દુનિયાના લોકો અહીં ભણવા આવે તે માટે સ્ટડી ઈન ગુજરાત કેમ્પેઈન શરૂ કર્યો છે.
- આજે વર્ષ ૨૦૨૧માં રાજ્યમાં ૮૩ જેટલી યુનિવર્સિટીઓ કાર્યરત છે. અગાઉ વર્ષ ૨૦૦૧માં માત્ર ૯ યુનિવર્સિટીઓ જ હતી.
- ગુજરાતનાં બાળકો બહાર ભણવા જાય એ જમાનો હવે પૂરો થઈ ગયો હોય એમ લાગે છે. હવે આગામી સમયમાં જગતભરમાંથી વિદ્યાર્થીઓ ગુજરાતમાં ભણવા આવશે.
- ઈ-સેવાસેતુના અભિનવ વિચારથી સરકારી વહીવટીતંત્રમાં ૩૬૦ ડિગ્રીએ પરિણામલક્ષી બદલાવ અમે લાવ્યા છીએ.

**વિ બિલિવ ઈન ધ બેસ્ટ,**
**વિ વર્ક ફોર ધ બેસ્ટ,**
**વિ વીલ મેક ગુજરાત ધ બેસ્ટ...**

- ગુજરાતને વર્લ્ડ બેસ્ટ બનાવવાની દિશામાં મક્કમ પ્રયાણ આદર્યું છે.
- સરદાર સાહેબને યથોચિત અંજલી આપતાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ કરી સમસ્ત વિશ્વમાં ગુજરાતનો ડંકો વગાડ્યો છે.
- દેશની સૌથી ઝડપી રેલ સેવા બુલેટ ટ્રેન ગુજરાતની શાન બનવા જઈ રહી છે.
- કચ્છમાં વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક ગુજરાતના દમખમનો પરિચય આપે છે.
- એશિયાનો સૌથી ઊંચો ગિરનાર રોપ-વે વિશ્વમાં ગુજરાતની નવી ઓળખ બનાવી રહ્યો છે.
- સી-પ્લેન હવે આધુનિક ગુજરાતની નવી પહેચાન બની છે.
- દરિયાના ખારા પાણીને પીવાલાયક મીઠું પાણી બનાવવાની દિશામાં ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપિત કરનારું ગુજરાત વિકાસનું મોડેલ તરીકે ઓળખાય છે.
- દેશમાં સૌપ્રથમ વખત ખેડૂતોને દિવસે વીજળી આપતી કિસાન સૂર્યોદય યોજના ગુજરાતના કૃષિ ચમત્કારનું નવું નજરાણું છે.
- ધોલેરા સ્માર્ટ સિટી ગુજરાતનું સિંગાપોર બનવા જઈ રહ્યું છે.
- બાલાસિનોરના રૈયોલીમાં ડાયનોસોર ફોસિલ પાર્ક ઈન્ટરનેશનલી ગુજરાતની ઈમેજ બિલ્ડઅપ કરી રહ્યું છે.
- શિવરાજપુરનો બ્લ્યુ બિચ વિશ્વભરના સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનવાનો છે.
- સાત હજાર બેડ સાથે એશિયાની સૌથી મોટી હોસ્પિટલ મેડિસિટી ગુજરાતનું ગૌરવ છે.
- ગિફ્ટ સિટી દેશવિદેશમાં આધુનિક ગુજરાતની છાપ ઊભી કરી રહ્યું છે.
- એશિયાડ અને ઓલિમ્પિક રમતો રમાડી શકાય એવા વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ અમદાવાદના આંગણે મોટેરામાં આકાર પામવાનું છે, જેનું રાષ્ટ્રપતિશ્રીએ ખાતમુહૂર્ત કર્યું છે.
- દુનિયાભરના સહેલાણીઓ માટે ફર્સ્ટ ચોઈસ ઓફ ડેસ્ટિનેસન બને તે રીતે અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે જાહેર કરવામાં આવ્યું છે.
- ઈઝ ઓફ લીવીંગમાં ટોપ ટેન સિટીમાં ગુજરાતના અમદાવાદ, સુરત અને વડોદરાનો સમાવેશ થાય છે.
- અમદાવાદનું નરેન્દ્ર મોદી-મોટેરા સ્ટેડિયમ વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ છે.
- ગુજરાતની જનતાની આ અખંડ, અડગ અને અડિખમ તાસીરને વંદન કરીએ છીએ.
- વાવાઝોડા, અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતો સામે 'ગરવા ગિરનાર'ની જેમ ગુજરાત અડીખમ છે.
- મા નર્મદાના પાણી અને ડેમનો વિરોધ કરનારાઓનો સામનો કરીને લોહપુરુષ સરદાર પટેલની જેમ ગુજરાત અડિખમ છે.
- દેશની આઝાદીના મજબૂત સૂત્રધાર મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલની જેમ ભ્રષ્ટાચારીઓ સામે ગુજરાત અડીખમ રહ્યું છે.

અંતમાં ફરી એકવાર આત્મસન્માન અને આત્મગૌરવ આપતા માનનીય રાજ્યપાલશ્રીના અભિભાષણમાં અભિવ્યક્ત થયેલા મારી સરકારના જનહિતલક્ષી કાર્યોને પ્રતિબિંબિત કરવા બદલ હું એમનો અંતઃકરણપૂર્વકનો આભાર માનું છું.

જય જય ગરવી ગુજરાત...

ભારત માતા કી જય...



# મૃતક પ્રજાજનો-કોરોના વોરિયર્સને ગૃહની શોકાંજલિ

મુખ્યમંત્રીશ્રી અને વિધાનગૃહના નેતા શ્રી વિજયભાઈ રૂપાણીએ ૧૪મી ગુજરાત વિધાનસભાનાં આઠમા સત્રના પ્રારંભ દિવસે ગૃહમાં વિશેષ શોકદર્શક ઉલ્લેખમાં વૈશ્વિક મહામારી કોરોનાથી રાજ્યમાં મૃત્યુ પામેલા પ્રજાજનો-નાગરિકો અને કોરોના વોરિયર્સ પ્રત્યે દુઃખ સાથે સંવેદના વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ શોકપ્રસ્તાવમાં જણાવ્યું હતું કે, આવી મુશ્કેલીના સમયે આરોગ્યતંત્રના સ્ટાફે ખડે- પગે રહી સેવા બજાવી છે અને પ્રજાના જીવ બચાવવા અથાગ પ્રયાસ કર્યા છે જેના પરિણામે આજે કોરોના મહામારી મહદઅંશે કાબૂમાં આવી શકી છે તેમજ મૃત્યુનું પ્રમાણ ઘટાડી શક્યા છીએ. કોરોના સંક્રમિત લોકોની સેવામાં કાર્યરત કોરોના વોરિયર્સ પોતે પણ આ રોગથી સંક્રમિત થયા છે અને પોતાના જીવ પણ ગુમાવ્યા છે.



રાજ્ય અને કેન્દ્ર સરકાર કોરોના વોરિયર્સ પ્રત્યે સંવેદના દાખવી હંમેશાં એમની પડખે ઊભી રહી છે. આ માનવતાભર્યા સેવાના કાર્યમાં જેઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે તેવા કોરોના વોરિયર્સના પ્રત્યેક કુટુંબને રૂ. ૫૦ લાખનું વળતર આપવામાં આવ્યું છે. કોરોનાકાળ દરમિયાન રાજ્યમાં અત્યાર સુધીમાં અંદાજે ૨,૬૯,૪૮૨ લોકો સંક્રમિત થયા છે જે પૈકી ૨,૬૨,૮૧૫ રિકવર થયા છે. રાજ્યમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૨૨૫૮ છે.

કોરોના વાઈરસ સામે રક્ષણ આપતી વેક્સિન ઉપલબ્ધ થતાં રાજ્યના પ્રજાજનોમાં મહામારીનો ફેલાવો અસરકારક રીતે અટકાવી શકાશે તેવો વિશ્વાસ પણ શ્રી વિજયભાઈ રૂપાણીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કોરોના મહામારીથી અવસાન પામેલા કોરોના વોરિયર્સ અને પ્રજાજનોને સંવેદનાસભર શ્રદ્ધાંજલિ આપતાં દિવંગતોના સ્વજનો અને શોકસંતપ્ત કુટુંબીજનો ઉપર જે અસહ્ય આપત્તિ આવી પડી છે તેમના દુઃખ અને સંવેદનામાં સમગ્ર સભાગૃહ સહભાગી બનીને દિલસોજી પાઠવે છે તેમ પણ શોકદર્શક ઉલ્લેખમાં જણાવ્યું હતું.

વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, વિપક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણી, મંત્રીઓ તેમજ સત્તાપક્ષ-પ્રતિપક્ષના ધારાસભ્યોએ પણ કોરોના મહામારીમાં જાન ગુમાવનારા નાગરિકો પ્રત્યે ભાવસભર સંવેદના શોકદર્શક પ્રસ્તાવનું સમર્થન કરતા પ્રગટ કરી હતી. ●

# દિવંગત સભ્યશ્રીઓને મુખ્યમંત્રીશ્રીની ભાવાંજલિ

મુખ્યમંત્રીશ્રી અને વિધાનગૃહના નેતા શ્રી વિજયભાઈ રૂપાણીએ ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના પ્રથમ દિવસે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખને રજૂ કરીને પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. માધવસિંહ સોલંકી તેમજ સ્વ. શ્રી કેશુભાઈ પટેલ સહિતના ચાર પૂર્વ દિવંગત રાજ્યમંત્રીશ્રીઓ અને સાત પૂર્વ દિવંગત ધારાસભ્યો ભાવસભર અંજલિ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ પૂર્વ રાજ્યમંત્રીઓ દિવંગત સર્વશ્રી સુંદરસિંહ ચૌહાણ, બાબરભાઈ તડવી, રજનીકાંત રજવાડી અને શ્રી રોહિતભાઈ પટેલના દુઃખદ અવસાન અંગે શોક વ્યક્ત કરી સદગત સભ્યોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

તેમણે વિધાનસભાના પૂર્વ દિવંગત ધારાસભ્યોશ્રીઓ સ્વ. દિનકરભાઈ દેસાઈ, શ્રીમતી ચંદ્રાબહેન શ્રીમાળી, ધારશીભાઈ ખાનપુરા, જોધાજી ઠાકોર, નરેશ કનોડિયા, મેઘજીભાઈ કણઝારીયા અને ભૂપેન્દ્રસિંહ ખાંટના નિધન અંગે પણ દુઃખ વ્યક્ત કરી શ્રદ્ધા સુમન પાઠવ્યાં હતાં.

ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્યની શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજના શરૂ કરનારા સ્વ. શ્રી માધવસિંહ સોલંકીએ કુશળ પ્રશાસક, દીર્ઘદ્રષ્ટા અને ગ્રામજગતના ઉત્થાન માટે વિચક્ષણ રાજપુરુષ તરીકે આપેલું યોગદાન સદાકાળ સ્મરણીય રહેશે.


મુખ્યમંત્રીશ્રીએ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી કેશુભાઈ પટેલને ધરાતળના લોકનેતા તરીકે ભાવસભર અંજિલ આપતાં જણાવ્યું હતું કે, ગોકુળગ્રામ યોજનાથી સર્વાંગી ગ્રામીણ વિકાસના પ્રણેતા સ્વ.કેશુભાઈ પટેલે કિસાન પુત્ર તરીકે ખેડૂતોનાં હિતો પ્રત્યે પણ સદાય સંવેદના દર્શાવી હતી. સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે દીર્ઘકાલીન સેવાઓ આપનારા સ્વ.કેશુભાઈ પટેલે પોતાનું સમગ્ર જીવન ખેડૂત, ગામડાં, સામાજિક ઉત્કર્ષ અને રાજ્યના સર્વગ્રાહી વિકાસ માટે ખપાવી દીધું હતું.

વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, વિપક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણી, રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ, સત્તાપક્ષ અને વિપક્ષના ધારાસભ્યોએ પણ આ દિવંગત સભ્યોને આદરાંજલિ પાઠવતા શોક પ્રસ્તાવમાં ભાગ લીધો હતો.

સમગ્ર સભાગૃહે બે મિનિટનું મૌન પાળીને સૌ પૂર્વ દિવંગત સભ્યોને અંજલિ આપી હતી અને શોકસંતપ્ત પરિવારો પ્રત્યે દિલસોજીની લાગણી વ્યક્ત કરી હતી. ●

# ‘ગુજરાત બજેટ’ એપ : રાજ્યના બજેટની માહિતી હવે આંગળીના ટેરવે

રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાના લાભો સામાન્ય નાગરિકને આંગળીના ટેરવે મળી રહે તે માટે રાજ્ય સરકારે ટેકનોલોજીના માધ્યમ દ્વારા અનેકવિધ નવતર આયામ હાથ ધર્યાં છે. ડિજિટલ ગુજરાતના નિર્માણના સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકારનું અંદાજપત્ર પણ આમ નાગરિકો માટે ઉપલબ્ધ થઈ શકે તે માટે વધુ એક નક્કર કદમ ભરીને ‘ગુજરાત બજેટ મોબાઇલ એપ્લિકેશન’ તૈયાર કરી છે. રાજ્ય સરકારના નાણા વિભાગ દ્વારા તૈયાર કરાયેલ રાજયના અંદાજપત્ર અંગેની માહિતી આપતી ‘ગુજરાત બજેટ મોબાઇલ એપ્લિકેશન’નું લોન્ચિંગ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે કર્યું હતું.



ગુજરાત રાજ્યનું વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું અંદાજપત્ર તા.૩જી માર્ચ-૨૦૨૧ના રોજ ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું છે. આ મોબાઇલ એપ્લિકેશન દ્વારા વિધાનસભા ગૃહના સભ્યો તેમજ જન સામાન્યને બજેટ સંબંધિત દસ્તાવેજો ઝડપથી અને સરળ રીતે ઉપલબ્ધ કરાવી શકાશે. આ એપ્લિકેશનમાં ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અને પાછલાં વર્ષોના, તમામ બજેટ સંબધિત દસ્તાવેજો ઉપલબ્ધ થશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, લોકશાહીમાં નાગરિકોને પારદર્શિતાથી સત્વરે અંદાજપત્રની વિગતો આંગળીના ટેરવે ટેકનોલોજીના માધ્યમ દ્વારા પહોંચાડવા માટેની આ એપ્લિકેશન અત્યાર સુધીના ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં પ્રથમવાર રજૂ થશે. આ અંદાજપત્ર નાગરિકો સુધી ઝડપથી પહોંચાડવા માટે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા મંજૂરી આપવામાં આવી છે, તે બદલ તેમનો આભાર માન્યો હતો.

શ્રી પટેલે ઉમેર્યું હતું કે, હાલમાં આ મોબાઇલ એપ્લિકેશન, એન્ડ્રોઈડ વપરાશકર્તાઓ માટે ગૂગલ પ્લે સ્ટોર પર “ગુજરાત બજેટ” નામથી ઉપલબ્ધ છે. ટૂંક સમયમાં, આ એપ્લિકેશન એપલ પ્લે સ્ટોર દ્વારા આઈ.ઓ.એસ. વપરાશકર્તાઓને પણ પ્રાપ્ત થશે. રાજ્યના નાગરિકો, વિવિધ સરકારી, અર્ધસરકારી અને ખાનગી કચેરીઓ, વિવિધ સંસ્થાઓ, સરકારના વિવિધ વિભાગો આ મોબાઇલ એપની મદદથી સરકારવતી બજેટમાં મૂકવામાં આવેલ લોકહિતની યોજનાઓની માહિતી હવે ગમે તે સ્થળેથી આંગળીના ટેરવે મેળવી શકશે. જેના પરિણામે રાજ્ય સરકારની યોજનાઓ છેવાડાના નાગરિકો સુધી સરળતાથી અને પારદર્શી રીતે પહોંચાડવામાં તથા યોજનાના ઉદ્દેશ મુજબના લાભોનું વિતરણ કરવામાં સરળતા થશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, ગુજરાતની સ્થાપના થઇ ત્યારથી પ્રથમ અંદાજપત્ર વિધાનસભામાં રજૂ થયું તે સમયે અંદાજપત્રના પ્રકાશનોની સંખ્યા ૩૦ હતી. જેમજેમ રાજ્ય સરકારના વિભાગો વધતા ગયા તેમ તેમ પ્રકાશનોની સંખ્યા પણ વધતી ગઇ. વિકસતા જતા ટેકનોલોજીના યુગમાં સ્ટેશનરીનો બચાવ થાય અને લોકશાહીમાં નાગરિકોને રાજ્ય સરકારની કામગીરીનો પારદર્શિતાથી સત્વરે વિગતો મળી રહે તે માટે દેશભરમાં ગુજરાતે પ્રથમવાર આ પ્રયાસ કર્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં આશરે ૭૩ જેટલાં પ્રકાશનો પ્રકાશિત કરવામાં આવ્યા છે. જેમાં ૫૫,૧૭,૩૦૫ પાનાની સંખ્યા થાય છે. અંદાજપત્રનાં પ્રકાશનો ડિજિટલ સ્વરૂપે આવતાં, હવે જરૂરિયાત મુજબ ૨૦ % અંદાજપત્રનાં પ્રકાશનો છાપવામાં આવશે. એટલે સ્ટેશનરીનો બચાવ થશે. ●

## ‘ગુજરાત બજેટ’ એપ વિશે

(૧) **અંદાજપત્ર પ્રકાશનના વિભાગ**

- વાર્ષિક નાણાકીય પત્રક, આવકનું અંદાજપત્ર તેમજ ૨૭ વિભાગોના વિગતવાર પ્રકાશનો

(૨) **અંદાજપત્રની મહત્ત્વની બાબતો વિભાગ**

- અંદાજપત્રની મહત્ત્વની બાબતો જેવી કે બજેટ ઈન બ્રીફ, બજેટ હાઈલાઈટ્સ ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં

(૩) **અંદાજપત્ર પ્રવચન પુસ્તિકામાં નાણામંત્રીશ્રીના અંદાજપત્ર પ્રવચનના ભાગ-ક અને ભાગ-ખ એમ બંને ભાગ ઉપલબ્ધ કરાવવામાં આવશે.**

(૪) **અંદાજપત્રની રસપ્રદ વાતોમાં અંદાજપત્ર અંગેની વિવિધ રસપ્રદ માહિતી ઉપલબ્ધ થશે.**

(૫) **અંદાજપત્રના સમાચારોમાં અંદાજપત્ર અંગેના સમાચારો સંક્ષિપ્તમાં આપવામાં આવશે.**

# ગુજરાતનું વિશેષ મહિલાલક્ષી જેન્ડર બજેટ 2021-22

રાજ્ય સરકાર તેના નાગરિકોના સામાજિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે અને આ દિશામાં કાર્યરત રહી વહીવટમાં વિકાસની તકો અને તેના લાભ રાજ્યના દરેક વ્યક્તિ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરે છે. રાજ્ય સરકાર યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા સમાનતાને પ્રોત્સાહન આપવા નાણાકીય નીતિઓ સૂચિત કરે છે. એક પરિવારમાં મહિલાનું સ્થાન અવિચળ છે અને અત્યંત મહત્ત્વનું છે. તેથી જ તેમના ઉત્કર્ષની દિશામાં રાજ્ય સરકાર વિશેષ પ્રયાસો કરે છે. જેમાંનું એક પગલું છે જેન્ડર બજેટ. શિક્ષણ, સ્વાસ્થ્ય - સંભાળ કાર્યો માટેની યોગ્ય પરિસ્થિતિઓ તથા રાજકીય અને આર્થિક નિર્ણય લેવાની પ્રક્રિયાઓમાં મહિલાઓને સમાન પ્રતિનિધિત્વ પ્રદાન કરવાથી ટકાઉ અર્થવ્યવસ્થામાં વધારો થશે તેમજ તેમના કૌશલ્ય થકી દેશની ઉન્નતિના માર્ગને પ્રશસ્ત કરી શકાશે.

સસ્ટેનેબલવ ડેવલોપમેન્ટ ગોલ્સ(SDG) પૈકી SDG-5નો હેતુ સમાજમાં સમાનતા હાંસલ કરવાનો અને મહિલાઓ વિરુદ્ધના તમામ ભેદભાવને સમાપ્ત કરીને મહિલા સશક્તીકરણનો છે. જાતિગત સમાનતા એ માત્ર મૂળભૂત માનવ અધિકાર નહીં પરંતુ ઉન્નત ભાવિની ચાવી છે. ગુજરાત સરકારે જાતિગત સમાનતાના મુદ્દાને સમાવતું ગુજરાત સસ્ટેનેબલ વિઝન 2030 તૈયાર કરી દીધું છે. મહિલા સશક્તીકરણ અને જાતિગત સમાનતાનાં ઇચ્છિત પરિણામો લાવવા માટે, રાજ્ય સરકાર દ્વારા મહિલા અને કન્યાઓના વિકાસ માટે યોજનાઓ અમલીકૃત છે. જેન્ડર બજેટિંગની પ્રક્રિયા હવે રાજ્યની બજેટ બનાવવાની પ્રક્રિયામાં સંસ્થાગત કરવામાં આવી છે, જેના ભાગરૂપે નાણાકીય વર્ષ 2021-22 માટે, રાજ્ય સરકારે બજેટમાં મહિલાલક્ષી 867 યોજનાઓ માટે વર્ષ 2020-21ના અંદાજપત્રમાં રૂ.૮૭,૧૧૧ કરોડની પ્રસ્તાવિત જોગવાઈ કરી છે. જે મહિલા સશક્તીકરણના રાજ્ય સરકારના ઉદ્દેશને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ પૂરવાર થશે. ગુજરાત સરકારના મહત્ત્વના વિભાગોની મહિલાલક્ષી યોજનાઓમાં મહિલાઓ માટે સુવિધા, તાલીમ, સાધનસહાય સહિતની આર્થિક જોગવાઇની ઝલક અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.

## મત્સ્યોદ્યોગ વિભાગ

મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિમાં કુલ ૬૯,૪૫૮ મહિલા માછીમારી, માછલીના છૂટક વેચાણ તથા જાળવણી સાથે સંકળાયેલી છે. આ વિભાગમાં મહિલાઓને માછલી વેચાણ માટેના સાધનો મહિલા લાભાર્થીઓ તરફથી ખરીદે તો યુનિટ કોસ્ટ રૂ. ૧૦,૦૦૦ના ૫૦%ના ધોરણે રૂા.૫,૦૦૦ની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. આ હેતુ માટે રૂ.૯ લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે. જ્યારે આદિજાતિ મહિલા લાભાર્થીને રૂ.૩ લાખ સ્પોન ઉછેર માટે આપવામાં આવે છે. તેમને ૧૦૦૦ નંગ ફ્રાયના રૂ.૭૦ મહેનતાણું તેમજ સ્પોનથી ફ્રાય પર રૂ.૭૦ પ્રતિ એક હજાર નંગ દીઠનું મહેનતાણું ચૂકવવામાં આવે છે. આ હેતુ માટે રૂ. ૧૧૯ લાખની જોગવાઇ વર્ષ ૨૦૨૦-૨૧ માટે કરાઇ છે. તો મહિલા માછીમાર લાભાર્થીને લારીની ખરીદીમાં પણ સહાય મળવાપાત્ર છે.

## શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર શિક્ષણ થકી મહિલા ઉત્કર્ષના ઉદ્દેશને પાર પાડવા મહત્ત્વપૂર્ણ યોજના અને જોગવાઇ કરી છે. જે પૈકી કેટલીક યોજના અને બજેટમાં કરવામાં આવેલી તેને લગતી જોગવાઇ સહિતની માહિતી અહીં આપવામાં આવી છે. જેમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, મહિલા સામખ્ય, રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ખૂટતી માળખાકીય સુવિધાઓ માટેની યોજના, અન્ન સંગમ યોજના, કન્યા સૈનિક શાળાની વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ, યુનિફોર્મ અને તાલીમ, કન્યાઓને વિના મૂલ્યે શિક્ષણ, સરકારી મહિલા છાત્રાલય, તપોવન કેન્દ્ર, સરકારી પોલિટેકનિકોનું બાંધકામ, સરકારી ઇજનેરી કોલેજોમાં બાંધકામની સુવિધા આપતી યોજનાઓનો સમાવેશ થાય છે.

## સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગ

**માઇ રમાબાઇ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્ન યોજના (અનુસૂચિત જાતિ / વિકસતી જાતિ) :** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુગલ જો સમૂહ લગ્નમાં જોડાય તો યુગલદીઠ રૂ.૧૦,૦૦૦ની નાણાકીય સહાય આપવામાં આવે છે. સમૂહ

લગ્નની આયોજક સંસ્થાને યુગલદીઠ રૂ.૨,૦૦૦ અને વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦ સુધીની મર્યાદામાં પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે. આવક મર્યાદા ગ્રામીણ વિસ્તારમાં રૂ. 1.20 લાખ અને શહેરી વિસ્તારમાં રૂ. 1.50 લાખ છે. સાત ફેરા સમૂહ લગ્ન માટેની સહાયમાં વધારો કરવામાં આવેલ છે, જે પ્રમાણે હવે રૂ.૧૦ હજારની જગ્યાએ રૂ.૧૨ હજારની સહાય આપવામાં આવશે, જે વર્ષ ૨૦૨૦-૨૧થી અમલી બનશે.

**સરકારી કન્યા છાત્રાલયો / સમરસ છાત્રાલયોના બાંધકામની યોજના (અનુસૂચિત જાતિ) :** અનુસૂચિત જાતિની કન્યાઓના અભ્યાસ માટે વિવિધ સ્તરે સરકારી કન્યા છાત્રાલયો/ સમરસ છાત્રાલયોનું નિર્માણ કરાશે. વર્ષ ૨૦૨૦-૨૧માં અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, પાટણ, ગાંધીનગર, પોરબંદરમાં જિલ્લાઓમાં નવીન કન્યા છાત્રાલયોનું બાંધકામ કરાશે. જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં અરવલ્લી તેમજ સુરત જિલ્લાઓમાં નવીન સમરસ કન્યા છાત્રાલયોનું બાંધકામ કરવામાં આવશે.

## આદિજાતિ વિકાસ વિભાગ

**મુખ્યમંત્રી નાહરી કેન્દ્ર યોજના :** નાહરી કેન્દ્રો ગ્રાહકોને પરંપરાગત સ્થાનિક આદિજાતિ રાંધણકળાથી તૈયાર થયેલા તેમજ સ્થાનિક સ્તરે બનાવાતાં ઉત્પાદનો જેમ કે પીણાં, પાપડ વગેરેનું વેચાણ કરશે.

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ

**સ્વસહાય જૂથોમાં બચતની આદત વિકસાવવી :** સરકારી બેન્કો સહિત વિવિધ ધિરાણ સંસ્થાઓના સહયોગથી આ યોજના ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોમાં અમલમાં મૂકાશે. આવી ધિરાણ સંસ્થાઓ મારફત પ્રત્યેક જૂથને રૂ. ૧,૦૦,૦૦૦ની લોન જૂથ રચના સાથે જ આપવામાં આવશે.

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

**આંગણવાડી વર્કર- હેલ્પરના પગારમાં વધારો :** સંકલિત બાળ વિકાસ યોજનાને સુદૃઢ કરવાના હેતુથી, આંગણવાડી કાર્યકરને રૂ.૭૮૦૦, મીની આંગણવાડી કાર્યકરને રૂ.૪૪૦૦ અને આંગણવાડી તેડાગરને રૂ.૩૯૫૦નું માસિક માનદવેતન આપવાનું નક્કી કરાયું છે.

**પ્રધાનમંત્રી માતૃવંદના યોજના (PMMVY) :** આ યોજનાનો મુખ્ય હેતુ સગર્ભા, ધાત્રી માતા અને નવજાત શિશુનાં આરોગ્ય અને પોષણ સ્થિતિમાં સુધારો લાવવાનો છે. શરતો પૂર્ણ કર્યેથી લાભાર્થીને રૂ. ૫૦૦૦ની સહાય ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવે છે. તેની સાથેસાથે માસિક એક કિલો ડબલ ફોર્ટિફાઇડ મીઠું પણ તેમને આપવાની યોજના છે.

ઘરેલુ હિંસા સામે મહિલાને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૦૫ અંગે તેમજ કામકાજના સ્થળે મહિલાઓની થતી જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ-૨૦૧૩ અંગે જિલ્લાસ્તરે સેમિનારનું આયોજન કરવામાં આવશે.

**નારી અદાલત :** નારી દ્વારા, નારી માટે, નારીવાદી અભિગમ સાથે નારીઓને ન્યાય આપવા માટે ગુજરાતમાં નારી અદાલતોની શરૂઆત કરાઈ છે. નારી અદાલતોમાં સમાજની આગેવાન બહેનો પોતાની કોઠાસૂઝથી ગ્રામીણ સ્તરની સમસ્યાગ્રસ્ત અને હિંસાનો ભોગ બનેલ બહેનોને વિનામૂલ્યે ન્યાય અપાવવાનું કાર્ય કરે છે. રાજ્ય મહિલા આયોગ દ્વારા આ નવી નારી અદાલતો શરૂ કરવાનું કામ થઇ રહ્યું છે.

આમ, ગુજરાત સરકારે નારીની પ્રગતિને વિકાસનું નવું સોપાન ગણીને મહિલા ઉત્કર્ષ પર વધુ ધ્યાન આપી વિશેષ જેન્ડર બજેટ તૈયાર કરવા સાથે તેના અનુસંધાને વિવિધ મહિલાલક્ષી યોજનાઓનું અમલીકરણ પણ શરૂ કર્યું છે. જે રાજ્ય સરકારની આ દિશામાં મક્કમતાપૂર્વક આગળ વધવાની પ્રતિબદ્ધતાને પ્રતિપાદિત કરે છે. ●



# અમદાવાદ-ગાંધીનગર ફેઝ-૨ અને સુરત મેટ્રો રેલવે પ્રોજેક્ટનો શિલાન્યાસ

રાજ્ય સરકારે ગામડાઓ અને શહેરોમાં ભવિષ્યમાં ઊભી થનાર જરૂરિયાતોને ધ્યાને લઈને દીર્ઘદ્રષ્ટિપૂર્વક વિકાસકામ શરૂ કર્યાં છે. શહેરોમાં જાહેર પરિવહન, પાકા રસ્તા, જાહેર ઉદ્યાનો, ઓવર બ્રિજ-અંડર બ્રિજના નિર્માણ કરવામાં આવ્યાં છે. દેશના સૌથી ઝડપી વિકસતા શહેર સુરતમાં રૂા.૧૨,૦૨૦ કરોડના ખર્ચે સાકારિત થનારા સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ તથા અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેજ-૨ નું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈ-ભૂમિપૂજન કર્યું હતું. આ પરિયોજના અંતર્ગત પ્રથમ તબક્કામાં ડ્રિમ સિટીથી ચોકબજારથી રેલવે સ્ટેશન (એલિવેટેડ કોરિડોર) તેમજ ચોકબજારથી સુરત રેલવે સ્ટેશન (અંડરગ્રાઉન્ડ કોરિડોર)ની કામગીરીનો નવી દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમથી તેમણે શુભારંભ કરાવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે દેશનાં મહાનગરોમાં અનેક હરણફાળ ભરી છે ત્યારે મહાનગરોમાં આવનારા વર્ષોની જરૂરિયાતોનું આકલન કરીને બહેતર સુવિધાઓ માટે મેટ્રો રેલ પૂરક પુરવાર થશે. આ વેળાએ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગરથી સહભાગી થયા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સૌથી મોટાં વેપારી કેન્દ્રો અમદાવાદ અને સુરત શહેરોને મેટ્રો રેલની સુવિધાથી જોડીને આવાગમનની કનેક્ટિવિટી માટે ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે જે આવનારા સમયમાં ગુજરાતને એક આગવી ઓળખ અપાવશે. આ બંને શહેરોના રૂ. ૧૭ હજાર કરોડ કરતાં વધુ રકમના આ પ્રોજેક્ટથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ પ્રેરક બળ મળશે. કોરોનાના કપરા કાળમાં પણ દેશમાં લાખો- કરોડોના નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ થયાં છે જે દેશના વિકાસને નવી દિશા આપશે.

આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે આ પ્રોજેક્ટ એક નવો રાહ ચીંધનારો બનશે. અમદાવાદ મેટ્રો ફેઝ-2મા મોટેરાથી મહાત્મા





"રાજ્ય સરકારના દૃષ્ટિપૂર્ણ આયોજન અને વિકાસને પરિણામે સુરત આબાદી માટે દેશનું આઠમું અને વિશ્વનું ચોથું વિકસતું શહેર છે એ જ રીતે દેશમાં મેન મેઇડ ફેબ્રિકમાં ૪૦ ટકા અને મેન મેઇડ ફાઈબરમાં ૩૦ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે. દેશનું સૌથી સફળ શહેર સુરત છે જે માત્ર ને માત્ર સારા વિચારો અને સફળ આયોજનના પરિણામે શકય બન્યું છે.

- શ્રી નરેન્દ્રભાઇ મોદી, વડાપ્રધાન

મંદિર સુધીનો એક કોરિડોર અને GNLUથી ગીફ્ટ સિટી સુધીનો બીજો કોરિડૉર બનશે જે અમદાવાદ ગાંધીનગરના લાખો નાગરિકોને યાતાયાતની સુવિધામાં વધારો કરશે. એ જ રીતે સુરતમાં પણ સરથાણાથી ડ્રીમ સિટી અને ભેસાણથી સંથેલીને જોડશે જેનું આવનાર સમયને પારખીને આયોજન કરાયું છે.

રાજ્ય સરકારે મેટ્રો પૉલિસીનું નિર્માણ કરીને રાજ્યોની અન્ય કનેક્ટિવિટી સાથે જોડીને એકરૂપતા લાવવાનો પ્રયાસ કર્યો છે. જેના થકી દેશભરમાં ઈન્ટિગ્રેટેડ નેટવર્કનું માળખું ઊભું કરી દીધું છે જે એકબીજાને પૂરક બનશે. જેમાં આજની સમસ્યાઓ અને



આવનારા સમયની સંભવિત ટ્રાફિક સહિતની સમસ્યાઓને ધ્યાને લઈને આયોજન કરાયું છે. વર્ષ ૨૦૧૪ પહેલાં માત્ર ૨૫૦ કિલોમિટરની જ મેટ્રો રેલનું નેટવર્ક હતું. આજે છેલ્લાં છ વર્ષમાં ૭૦૮ કિલોમિટરનું મેટ્રો રેલનું માળખું કાર્યરત છે અને ૨૭ શહેરોમાં આશરે ૧૦૦૦ કિલોમિટરનાં કામો પ્રગતિમાં છે.

વડાપ્રધાનશ્રીએ સુરત શહેરે સાધેલી વિકાસ યાત્રા સંદર્ભે ટીમ ગુજરાતને અભિનંદન આપતાં કહ્યું કે, રાજ્ય સરકારના દૃષ્ટિપૂર્ણ આયોજન અને વિકાસને પરિણામે સુરત આબાદી માટે દેશનું આઠમું અને વિશ્વનું ચોથું વિકસતું શહેર છે એ જ રીતે દેશમાં મેન મેઈડ ફેબ્રિકમાં ૪૦ ટકા અને મેન મેઈડ ફાઈબરમાં ૩૦ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે. દેશનું સૌથી સફળ શહેર સુરત છે જે માત્ર ને માત્ર સારા વિચારો અને સફળ આયોજનના પરિણામે શકય બન્યું છે. સુરતમાં ભૂતકાળમાં ૨૦ ટકા ઝૂંપડપટ્ટી વિસ્તાર હતો. એ હવે માત્ર ૬ ટકા છે. શહેરોને ઝડપથી ભીડમુક્ત કરવાની દિશામાં ટ્રાફિક મેનેજમેન્ટની સુંદર વ્યવસ્થા ઊભી કરી છે.

સુરત શહેરમાં ૧૦૦થી વધુ પુલ બન્યા છે. જેમાં ૮૦ થી વધુ પુલ તો છેલ્લાં ૨૦ વર્ષમાં બન્યા છે. એ જ રીતે ૧૨થી વધુ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ કાર્યરત થયા છે. જેના લીધે રૂા.૧૦૦ કરોડથી વધુની આવક થઈ છે. સાથે સાથે સુરતમાં સારી હોસ્પિટલોનું નિર્માણ થયું છે. જેના પરિણામે 'ઈઝ ઓફ લિવિંગ'નું સ્તર વધુ સુદૃઢ બન્યું છે. દેશભરના લાખો ઉદ્યમી લોકોએ સુરતમાં પોતાનું યોગદાન આપ્યું છે અને એક ભારત શ્રેષ્ઠ ભારતનું સપનું સાચા અર્થમાં સાકાર કરીને એક લઘુ ભારતનું નિર્માણ સુરતમાં સાકાર થઈ રહ્યું છે. જે આગામી સમયમાં નવી ઊંચાઈ સર કરશે એવો દૃઢ વિશ્વાસ વડાપ્રધાનશ્રીએ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર એક સમયે સરકારી કર્મચારીઓ અને નિવૃત્ત અધિકારીઓના નગર તરીકે ઓળખાતું હતું. રાજય સરકારે ગાંધીનગરની છબી બદલવાનો મક્કમ નિર્ધાર કરીને સમયબદ્ધ આયોજન કર્યું જેના પરિણામે ગાંધીનગરને જીવંત બનાવીને એક સ્વપ્નશીલ શહેર બનાવી દીધું છે. ગાંધીનગરમાં આજે દેશભરના

અનેક યુવાઓ શૈક્ષણિક કારકિર્દીની સાથે પોતાનું ભાવિ ઘડી રહ્યા છે. જે માટે આ મેટ્રો રેલ એક આગવી ઓળખ આપીને આરામદાયક યાતાયાતની સુવિધા પૂરી પાડશે. ગાંધીનગર મેટ્રો રેલનો આ પ્રોજેક્ટ મોટેરાથી મહાત્મા મંદિર અને GNLUથી ગિફ્ટ સિટીને જોડશે.

ગાંધીનગરમાં આજે IIT, IITE, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, PDPU, GNLU, NIFT, ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ જેવી વૈશ્વિક સ્તરની સંસ્થાઓએ ગાંધીનગરની એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. એટલું જ નહિ પણ ગાંધીનગરમાં સ્થપાયેલી વૈશ્વિક કંપનીઓ પણ સ્થાનિક યુવાનોને ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી આપી રહી છે. મહાત્મા મંદિર પણ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ થકી રોજગાર નિર્માણ માટેનું પૂરક બળ આપી રહ્યું છે. તથા આધુનિક રેલવે સ્ટેશનનું નિર્માણ થઇ રહ્યું છે. જે ટૂંક સમયમાં પૂર્ણ થશે જેના દ્વારા પણ ગાંધીનગરની નવી ઓળખ સાથે પરિવહનની સેવા વધતા ગાંધીનગરમાં ઉદ્યોગ માલિકોને રોકાણ માટે નવી તક મળશે.

વડાપ્રધાનશ્રીએ દેશના પ્રથમ હેરિટેજ સિટી સમા અમદાવાદની ભૂમિકા આપતાં કહ્યું કે, અમદાવાદ પણ આર્થિક દૃષ્ટિએ ઉભરતું શહેર છે ત્યારે મેટ્રો ફેઝ-૨નો આ પ્રોજેક્ટ પણ એ માટે પ્રેરક બનશે. શહેરમાં વિશ્વનું સૌથી મોટુ મોટેરા સ્ટેડિયમ, અમદાવાદ સરખેજ-ચિલોડા સીક્સલેન હાઈવેના મહત્ત્વના પ્રોજેક્ટનું કામ પ્રગતિમાં છે. સાથેસાથે ધોલેરાને પણ એરપોર્ટ આપ્યું છે અને રેલવે સાથે જોડવાનાં કામો પણ પ્રગતિમાં છે. અમદાવાદ-સુરત-મુંબઇ બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ પણ પ્રગતિમાં છે. જે ગુજરાત માટે મહત્ત્વનો પુરવાર થશે અને વિકાસક્ષેત્રે પણ સહાયરૂપ થશે.

ખેડૂતોને ખેતી માટે દિવસે વીજળી મળે એ હેતુસર દેશભરમાં ગુજરાતે પહેલ કરીને કિસાન સૂર્યોદય યોજનાના માધ્યમ દ્વારા વીજળી આપવાની શરૂઆત કરી દીધી છે. તથા દેશના સૌથી મોટા ગિરનાર રોપવેનું પણ લોકાર્પણ કરીને નાગરિકોની સુવિધાઓમાં વધારો કર્યો છે. તથા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને પણ ઘોઘા-રો પેક્સ ફેરી સર્વિસ કાર્યરત કરીને જોડી દેવામાં આવ્યા છે. જેના થકી નાગરિકોના સમયની સાથે સાથે પેટ્રોલ ડિઝલની બચત થઇ રહી છે અને ખેડૂતો પોતાનાં પાક ઉત્પાદનો પણ સરળતાથી દક્ષિણ ગુજરાતમાં પહોંચાડીને આર્થિક રીતે વધુ સમૃદ્ધ બન્યા છે એ રાજ્ય સરકારની દૃષ્ટિવંત નીતિને આભારી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નયા ભારતના નિર્માણ ક્ષેત્રે લોકોની અપેક્ષાઓ સમજીને આગળ વધવાનો મક્કમ નિર્ધાર કર્યો છે તેમ જણાવી ઉમેર્યું કે કેન્દ્રીયસ્તરે રાજ્યોનાં વિકાસકામોની સમીક્ષા માટે અમે 'પ્રગતિ' પ્લેટફોર્મ કાર્યરત કર્યું છે જેના દ્વારા તમામ રાજ્યોમાં વિકાસલક્ષી પ્રોજેક્ટની નિયમિત સમીક્ષા થઇ રહી છે અને આ પ્લેટફોર્મના માધ્યમ દ્વારા ૧૩ લાખ કરોડથી વધુ પ્રોજેક્ટનું ચિંતન કરીને વર્ષોથી અટવાયેલા પ્રશ્નોનું ઉચિત સમાધાન પણ કર્યું છે.


કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, અમદાવાદ મેટ્રો રેલ પરિયોજના ચરણ-૨ અને સુરત મેટ્રો રેલના શિલાન્યાસ તથા ભૂમિપૂજનથી આજે ગુજરાતની વિકાસયાત્રામાં વધુ એક યશનું છોગું ઉમેરાયું છે, જે શહેરી વિકાસના















ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ એક પડાવ આગળ લઈ જશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ઉપર ખૂબ ભાર મૂક્યો હતો. આજે ગુજરાત રાજ્ય વિકાસની દૃષ્ટિએ સમગ્ર દેશમાં મોડેલ રાજ્યની સાથે પ્રથમ નંબર ઉપર છે. આ વિકાસની પરંપરા ગુજરાત હજુ આગળ વધારી રાજ્યની વિકાસયાત્રાને વધુ ગતિશીલ બનાવશે તેવો મને દૃઢ વિશ્વાસ છે.

અમદાવાદની માસ ટ્રાન્સપોર્ટેશનની અદ્યતન સિસ્ટિમ એવી બીઆરટીએસને યાદ કરતાં જણાવ્યું કે અમદાવાદમાં બીઆરટીએસ થકી નગરજનોને ઝડપી, સરળ અને કમ્ફર્ટ પરિવહન વ્યવસ્થા પ્રાપ્ત થઈ તે એક સફળતા છે. આ જ રીતે માસ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટિમને વધુ અદ્યતન બનાવવાની દિશામાં મેટ્રો રેલ પ્રોજેક્ટ મહત્ત્વનું કદમ સાબિત થશે. આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ અમદાવાદ-ગાંધીનગરને જોડવાની સાથે સાથે ગિફ્ટ સિટી, મોટેરા સહિતનાં અનેક મહત્ત્વનાં સ્થળોને આવરી લેશે અને કમ્ફર્ટ ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા ઊભી થશે. રાજ્યની વિકાસયાત્રા નિશ્ચિતરૂપે આગળ વધશે તેઓ દૃઢ વિશ્વાસ શ્રી શાહે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય ગૃહનિર્માણ અને શહેરી વિકાસ રાજયમંત્રી શ્રી હરદીપસિંહ પુરીએ કહ્યું કે, સુરત અને અમદાવાદ ગાંધીનગર મેટ્રો પ્રોજેક્ટનો શિલાન્યાસ થવા જઈ રહ્યો છે એ રાજ્યની વિકાસયાત્રાને આગળ વધારશે અને યાતાયાતની સુવિધામાં વધારો કરશે. તેમણે ઉમેર્યું કે દેશની આઝાદીની હીરક જયંતીએ અમદાવાદ ફેઝ -૧ મેટ્રો પ્રોજેક્ટનું કામ જૂન-૨૦૨૨ સુધીમાં પૂર્ણ થશે, જે અમદાવાદના ૬૫ લાખ લોકોને શ્રેષ્ઠ પરિવહનની સુવિધા પૂરી પાડશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને દીર્ઘદૃષ્ટિપૂર્ણ આયોજનના પરિણામે દેશભરમાં હાલ ૧૮ શહેરોમાં ૭૦૮ કિમિના મેટ્રો રેલ પ્રોજેક્ટ ચાલુ છે અને ૨૭ શહેરોમાં ૧૦૧૬ કિ.મિ.ના પ્રોજેક્ટનાં કામો પ્રગતિમાં છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેઇલ પરિયોજનાના બીજા ચરણનો અને સુરત શહેરની મેટ્રોના પ્રથમ ચરણના શિલાન્યાસ અવસરને ભવિષ્યના આધુનિક ગુજરાતના નિર્માણની પાયાની ઈંટ સમાન ગણાવ્યો હતો. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના દૃષ્ટિવંત આયોજનમાં ગુજરાત વિશ્વના પ્રવાસન નકશે કેવડિયા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના રેલવે જોડાણથી પ્રસ્થાપિત થયું છે અને ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે તે માટે પ્રધાનમંત્રીશ્રીનો આભાર વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતનાં શહેરો વિશ્વનાં શહેરોની સરખામણી કરી શકે તેવાં અદ્યતન વિકાસયુકત બનાવવા સાથે ગુજરાત માટે અનેક નવા વિકાસ આયામોની ભેટ કેન્દ્ર સરકારે આપી છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, પાછલા દોઢ-બે મહિનામાં જ કોરોના સંક્રમણકાળ છતાં પણ AIIMS, વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્ક, ડિસેલિનેશન પ્લાન્ટ,-રો પેક્સ સર્વિસીસ, સી-પ્લેન સેવાઓ, ગિરનાર રોપ-વે અને કિસાન સૂર્યોદય યોજના જેવા અનેક વિકાસ પ્રકલ્પો ગુજરાતને મળ્યા છે.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, ગુજરાત રાજ્ય વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી, શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી સુશ્રી વિભાવરીબેન દવે, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મુકેશ પૂરી સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●




## જાણો મેટ્રો રેલ વિશે

***અમદાવાદ ગાંધીનગર મેટ્રો ફેઝ -૨ રૂ.૫૩૮૦ કરોડના ખર્ચે ૨૮ કિ.મિ.નો બનશે. જેમાં બે એલિવેટર કોરિડોર થકી મોટેરા, મહાત્મા મંદિર, પીડીપીયુ, જીએનએલયુને જોડાશે. એ જ રીતે સુરત હીરા કાપડ ઉદ્યોગ માટે આર્થિક શહેરમાં પણ રૂ.૧૨ હજાર કરોડના ખર્ચે ૪૦ કિ.મિ.ની મેટ્રો પ્રોજેક્ટ બનશે. જેમાં ૬.૩ કિ.મિ.નો અંડરગ્રાઉન્ડ અને ૭ કિ.મિ.નો એલિવેટેડ કોરિડોર બનશે. જેના પરિણામે નાગરિકોની સુવિધામાં વધારો થશે અને શહેરો વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત થશે.***

## સર્વગ્રાહી ઔદ્યોગિક વિકાસની નવી દિશા

# રાજ્યમાં ૮ ઔદ્યોગિક વસાહતનું નિર્માણ થશે



ગુજરાત સરકાર રાજ્યમાં કૃષિની સાથે ઔદ્યોગિક વિકાસ કરવા પ્રયત્નશીલ છે. રાજ્યમાં સ્થિર શાસન, કુદરતી સંસાધનો, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની ઉત્તમ પરિસ્થિતિના કારણે દેશ-વિદેશના ઉદ્યોગકારો માટે ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ઓફ ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. રાજ્ય સરકારે રાજ્યના ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા નવી જી.આઈ.ડી.સી.ની સ્થાપના, વીજળી, કર સહિતની બાબતમાં રાહત આપવામાં આવી છે. આ દિશામાં આગળ વધતાં તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પાટણ જિલ્લાના ચારૂપ જી.આઇ.ડી.સી.ના ૨૬૪ પ્લોટની કોમ્પ્યૂટરાઇઝ ડ્રો ફાળવણી કરી હતી.

ભારતને ફાઇવ ટ્રિલિયન ઈકોનોમી બનાવવાનું વડાપ્રધાનશ્રીનું સપનું સાકાર કરવા માટે ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ કરી લીડ લેવા સજ્જ હોવાનું જણાવતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું હતું કે, ગુજરાતમાં પ્રત્યેક જિલ્લાની આગવી પ્રોડક્ટ ડેવલપ થાય અને વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટનો સંકલ્પ સાકાર થાય તે માટે રાજ્યમાં કારખાના-ઉત્પાદન એકમોને અનુકૂળ માહોલ આપી રહ્યા છીએ. મોટા પ્રમાણમાં એમ.એસ.એમ.ઈ એકમોની અનેક લોકોને રોજીરોટી પ્રાપ્ત થાય તે પ્રકારનું એક ઈકોનોમિકલ સર્કલ ડેવલોપ કરવું છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સર્વગ્રાહી ઉદ્યોગ વિકાસને વધુ વ્યાપક બનાવવા રાજ્યના ૮ જિલ્લામાં ૯૮૭ હેક્ટરમાં નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવાની જાહેરાત કરી હતી. આ ૮ વસાહતોમાં મોરબી ખાતે આશરે ૫૦૦ હેક્ટર વિસ્તારમાં બનનાર નવીન વસાહત તમામ અદ્યતન માળખાકીય તેમજ આનુષંગિક સુવિધાઓથી સુસજ્જ એક 'મોડલ એસ્ટેટ' બનશે. આ નવી જી.આઇ.ડી.સી. વસાહતોથી એમ.એસ.એમ.ઇ. સેક્ટરને ૫૦૦ થી ૨૦૦૦ ચોરસ મીટરના ૨૫૭૦ પ્લોટ અને મોટા ઉદ્યોગોને ૧૦ હજારથી ૫૦ હજાર ચોરસ મીટરના ૩૩૭ પ્લોટ ઉપલબ્ધ થશે.

મુખ્યમંત્રીશ્રીએ અન્ય મહત્ત્વપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું કે, સરકારે MSMEને વેગ મળે તે હેતુથી રાજ્યની હયાત ૯ ઔદ્યોગિક વસાહતોમાં મલ્ટી સ્ટોરી શેડ્સ (બહુમાળી શેડ) બનાવવાનો નિર્ણય કર્યો છે. પાંચ જિલ્લા વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા અને અમદાવાદમાં ૩૬૦ નવા બહુમાળી શેડ નિર્માણ પામશે. જેથી લગભગ ૧૦૦ કરોડ રૂપિયાનું કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ અને ૧ હજાર નવી રોજગારી શક્ય બનશે. દહેજ, સાયખા, અંકલેશ્વર, હાલોલ, સાણંદ-૨, વાપી અને લોધિકાની હયાત વસાહતોને પણ તમામ મૂળભૂત અને હાઈટેક સુવિધાઓ સાથે વિકસાવી'મોડલ એસ્ટેટ' બનાવવાનું આયોજન છે. રાજ્યની ઔદ્યોગિક વસાહતો-જી.આઇ.ડી.સી.માં હવે 'પ્લગ એન્ડ પ્લે'ના ધોરણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ થયાં છે. એસ્ટેટમાં આવનાર કારખાનેદાર સીધા પોતાના મશીન ગોઠવે અને ઉત્પાદન શરૂ કરે તે પ્રકારની અત્યાધુનિક સુવિધાઓ સાથેના શેડ સરકારે તૈયાર કર્યા છે.

છેલ્લા બે દાયકાની વિકાસ યાત્રા બાદ આજે રાજ્યમાં ૩૫ લાખ એમ.એસ.એમ.ઈ યુનિટ કાર્યરત છે. એમ.એસ.એમ.ઈ સેક્ટરથી જ ગુજરાત આત્મનિર્ભરતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકશે. ગુજરાતના મોરબીનો સિરામિક ઉદ્યોગ એકમાત્ર ઇન્ડસ્ટ્રિયલ પાર્ક છે જે ચાઇનાને ઉત્પાદન ક્ષેત્રે હંફાવે છે. ગયા વર્ષે તો મોરબીએ ચાઇનાને જ સિરામિક ઉત્પાદનો નિર્યાત કર્યા છે જે ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતા દર્શાવે છે.

આ પ્રસંગે પાટણ, આણંદ, વલસાડ, સુરત, વડોદરા, બનાસકાંઠા, મોરબી અને અમદાવાદ જિલ્લામાંથી જી.આઇ.ડી.સી.ના અધિકારીશ્રીઓ-પદાધિકારીશ્રીઓ, પાટણ જી.આઇ.ડી.સી.ના ચેરમેન શ્રી બળવંતસિંહ રાજપૂત ઓનલાઈન જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ તથા જી.આઇ.ડી.સી.ના એમ.ડી. શ્રી એમ. થેન્નારસન ગાંધીનગરથી જોડાયા હતા. ●

# સાણંદમાં દેશનો સૌથી મોટો મલ્ટી-મોડેલ લોજિસ્ટિક પાર્ક સ્થપાશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની ગુજરાતને સર્વાંગી વિકાસ ક્ષેત્રે ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જવાની નિર્ણાયકતામાં વધુ એક પિચ્છ ઉમેરાયુ છે. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગે અદાણી પોર્ટ્સ એન્ડ SEZ લિમિટેડ સાથે સાણંદમાં ઓટોમોબાઇલ હબ નજીક વિરોચનનગરમાં ૧૪૫૦ એકર વિસ્તારમાં અંદાજિત રૂ. ૫૦ હજાર કરોડના સંભવિત રોકાણ સાથે ભારતનો સૌથી વિશાળ મલ્ટી મોડેલ લોજિસ્ટિક પાર્ક સ્થાપવા માટેના MoU કર્યા છે. આ મલ્ટિ-મોડેલ લોજિસ્ટિક પાર્ક ૨૫ હજારથી વધુ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારીના અવસરો પૂરા પાડશે.

રાજ્ય સરકાર વતી આ MoUપર મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ અને ઉદ્યોગ-ખાણ અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અને અદાણી પોર્ટ્સ એન્ડ SEZ લિ. ના CEO શ્રી કરણ અદાણીએ પરસ્પર હસ્તાક્ષર કર્યા હતા. આ પાર્ક ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર તેમજ ગુજરાતનાં તમામ મુખ્ય બંદરો સાથે સીધું જોડાણ ધરાવનારો અદ્યતન સુવિધાયુકત પાર્ક બનશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને અનુરૂપ આ પ્રોજેક્ટથી રાજ્યના લોજિસ્ટિક ખર્ચમાં માતબર ઘટાડો થશે. આ પાર્ક દેશના અગ્રણી ઓટો હબ અમદાવાદ સાથે તેમજ આવનાર સમયમાં ગુજરાતમાં ઉભા થનારાં અન્ય ઔદ્યોગિક ક્ષેત્રો સાથે કનેક્ટિવિટી પૂરી પાડવાનું શ્રેષ્ઠ માધ્યમ પણ બનશે.



મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે આ અંગેની વધુ વિગતો આપતાં જણાવ્યું કે, આ પાર્કમાં સ્થપાનાર એર કાર્ગો ટર્મિનલ 4.6 કિ.મિ. લંબાઈનો રનવે ધરાવતું હશે, જેના પરિણામે અત્યંત મોટાં માલવાહક વિમાનો કે જહાજોને હેન્ડલ કરી શકશે અને તેથી સ્થાનિક અને એક્સ્પોર્ટ માર્કેટ સાથે કનેક્ટિવિટી મળશે.

આ પાર્કમાં રેલ ફ્રેઈટ ટર્મિનલ પણ હશે તેની દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર પ્રોજેક્ટના ભાગરૂપ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર સાથે સીધી કનેક્ટિવિટી આપવામાં આવશે. અહીં 90 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં વેરહાઉસ ઝોન વિકસાવવામાં આવશે, જે એર ફ્રેઈટ સ્ટેશન (4.5 મેટ્રિક ટન), ગ્રેડ-એ વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ સહિતની સુવિધાથી સજ્જ હશે. આ ઉપરાંત, આ પાર્કમાં 3 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં બિઝનેસ સેન્ટર અને લોજિસ્ટિક ક્ષેત્રે પ્રશિક્ષિત માનવબળ મળી રહે તે માટે એક અલાયદું સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર પણ સ્થાપવામાં આવશે. પાર્કની સ્થાપના અંગેની તમામ જરૂરી કાયદાકીય મંજૂરીઓ મળ્યા બાદ છ મહિનામાં નિર્માણ કાર્ય શરૂ કરીને તબક્કાવાર ત્રણ વર્ષમાં સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ કરવાનું આયોજન છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શનમાં ગુજરાતમાં અત્યંત ઝડપથી ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે અને રાજ્યના બિઝનેસ-ઉદ્યોગો વિશ્વકક્ષાએ વધુ સ્પર્ધાત્મક બની રહ્યા છે ત્યારે આ પાર્કની સ્થાપનામાં ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાને રાખી ગુજરાતને ઈન્ડસ્ટ્રિયલ હબ બનાવવાનું એક વધુ સિમાચિહ્ન પ્રસ્થાપિત કરવાનો હેતુ છે.

આ પાર્કમાં સ્થાપિત વેરહાઉસમાં 38 લાખ ચોરસ ફૂટમાં ટેક્સ્ટાઈલ, બલ્ક, ઈ-કોમર્સ અને બીટીએસ સુવિધાઓ; 9 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં બોન્ડેડ વેરહાઉસિસ, 4 લાખ ગ્રેડ-એ પેલેટાઈઝ્ડ ફેસીલિટી અને 60,000 પેલેટ્સની ટેમ્પરેચર કન્ટ્રોલ્ડ પેલેટાઈઝ્ડ ફેસીલિટી હશે. 3.3 લાખ ક્ષમતા સામે આ કન્ટેનર યાર્ડમાં ચાર હેન્ડલિંગ લાઇન સાથેના ટીઈયુ (ટ્વેન્ટી ફૂટ ઈક્વિવેલન્ટ્સ) હશે. આ ઉપરાંત, અન્ય કાર્ગો હેન્ડલિંગ આંતરમાળખામાં સ્ટીલ કાર્ગો યાર્ડ 4 લાખ મે.ટન, કાર યાર્ડ (30,000 કાર), એગ્રી સિલોસ (1 લાખ મે.ટન), પીઓએલ ટેન્ક ફાર્મ (3.5 લાખ કે.એલ) અને સીમેન્ટ સિલોસ (1 લાખ મે.ટન) સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ થવાની છે.

**1450 એકર વિસ્તારમાં સ્થપાનારો આ પાર્ક ડેડિકેટેડ એર કાર્ગો કોમ્પ્લેક્સથી સજ્જ**

**મલ્ટી-મોડેલ લોજિસ્ટિક પાર્કને ડાયરેક્ટ એર-રેલ અને રોડ કનેક્ટિવિટી પૂરી પડાશે**

**અંદાજે રૂ. 50,000 કરોડના મૂડીરોકાણ સાથે 25,000 લોકોને મળશે પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી**

**વધુમાં વધુ ૬ મહિનામાં પ્રોજેક્ટ શરૂ કરી તબક્કાવાર ત્રણ વર્ષમાં પ્રોજેક્ટ પૂર્ણ કરાશે**

રાજ્યના કોમ્પ્રિહેન્સિવ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટમાં અમદાવાદ મહાનગર મહત્ત્વનું પ્રદાન છે તથા અમદાવાદ નજીકના સાણંદમાં પાછલા બે દાયકામાં મોટાપાયે ઔદ્યોગિક વિકાસ થયેલો છે. અને આ સમગ્ર વિસ્તાર દેશના ઓટોમોબાઈલ હબ તરીકે ઊભરી આવ્યો છે ત્યારે આ મલ્ટી-મોડેલ લોજિસ્ટિક પાર્કની સ્થાપનાથી સામાજિક-આર્થિક વિકાસના અનેક નવા અવસરો ઊભા થશે અને અમદાવાદ જિલ્લામાં મોટા પાયે રોજગારીનું સર્જન પણ થશે. ●

# મૅરિટાઇમ ઇન્ડિયા સમિટ-૨૦૨૧નું પ્રધાનમંત્રીશ્રીના હસ્તે વર્ચ્યુઅલ ઉદ્ઘાટન



૧૬૦૦ કિલોમિટર લાંબો વ્યૂહાત્મક સમુદ્રકિનારો ધરાવતું ગુજરાત સમગ્ર દેશના ૪૦ ટકાથી વધુ કાર્ગો હેન્ડલિંગથી ગેટવે ઓફ ઇન્ડિયા બન્યું છે અને વિદેશી મૂડીરોકાણ આકર્ષવામાં દેશનાં અન્ય રાજ્યો માટે પણ પ્રેરણારૂપ બન્યું છે.તાજેતરમાં નવી દિલ્હીમાં યોજાઈ રહેલી ‘મૅરિટાઇમ ઇન્ડિયા સમિટ-૨૦૨૧’ના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા થયેલ વર્ચ્યુઅલ પ્રારંભ અવસરે ગુજરાતના મૅરિટાઇમ સેક્ટરની સિદ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વીડિયો કોન્ફરન્સ સંબોધનથી કરી હતી.

ભારત સરકારના પોર્ટ્સ શિપિંગ એન્ડ વોટરવેઝ પ્રભાગના કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, પેટ્રોલિયમ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન તેમજ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી શ્રી જગનમોહન રેડ્ડી, ડેનમાર્કના ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર શ્રીયુત બેની ઍંગલ બ્રિસ્ટ, ડી.પી. વર્લ્ડના ગ્રૂપ ચેરમેન શ્રીયુત સુલતાન અહેમદ બિન સુલેયમાન, તેમજ મેરિટાઇમ, શિપિંગ અને પોર્ટ્સ સેક્ટરના તજજ્ઞ, અગ્રણી સંચાલકો આ ત્રિદિવસીય સમિટના ઉદ્ઘાટનમાં સહભાગી થયા હતા.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સમિટના ઉદ્ઘાટન સત્ર દરમિયાન વીડિયો સંબોધન કરતાં કહ્યું કે, સૌના સહિયારા પ્રયાસોથી મૅરિટાઇમ સેકટરને વૈશ્વિક અર્થતંત્ર સાથે જોડવા અને આત્મનિર્ભર ભારતની સંકલ્પના સાકાર કરવા આ સમિટનું આયોજન ઉપયુક્ત બનશે.

તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે ભારતના મૅરિટાઇમ સેક્ટરને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવા માટે સક્ષમ બનાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં અનેક પહેલ કરી છે જેના સુખદ પરિણામો મળ્યાં છે.ગુજરાત પાસે ભારતનો સૌથી લાંબો દરિયાકાંઠો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓએ ગુજરાતને મળેલી આ કુદરતી ભેટ સમા દરિયાકાંઠાના વિકાસથી રાજ્યના પોર્ટ લેડ ડેવલોપમેન્ટની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી આપી હતી. આજે ગુજરાતની આ ભૌગોલિક સ્થિતિનો ફાયદો જનકલ્યાણ માટે ઉઠાવવાની દિશામાં કાર્ય કરી રહ્યા છીએ.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના મૅરિટાઇમ સેક્ટરને નવી ઊંચાઈએ લઈ જવા માટે વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, તેમની દૂરદર્શિતાને કારણે જ ગુજરાત મૅરિટાઇમ યુનિવર્સિટીની સ્થાપના થઇ છે. રાજ્યના યુવાનો મૅરિટાઇમ યુનિવર્સિટી થકી વ્યાવસાયિક જ્ઞાન મેળવી રહ્યા છે. ગુજરાત મૅરિટાઇમ યુનિવર્સિટીએ નેધરલેન્ડની એસ.ટી.સી. ઇન્ટરનેશનલ ઇરાસ્મસ યુનિવર્સિટી અને ડેનમાર્કની કોપનહેગન બિઝનેસ સ્કૂલ સાથે સ્ટ્રેટિજિક પાર્ટનરશિપ કરી છે.ગુજરાત મૅરિટાઇમ ક્ષેત્રે કુશળ માનવ સંસાધન પૂરૂં પાડવા આ મેરિટાઇમ યુનિવર્સિટીથી સજ્જ છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં અલંગ શિપ રિસાઇકલિંગ યાર્ડ દેશની કુલ રિસાઇક્લિંગ એક્ટિવિટીમાં ૯૮ ટકા હિસ્સો ધરાવતું અગ્રેસર યાર્ડ છે તેનું ગૌરવ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતમાં ૪૮ નોન મેજર અને ૧ મેજર પોર્ટ પરથી કાર્ગો હેન્ડલિંગ થાય છે.રાજ્ય સરકારના સાહસ ગુજરાત મૅરિટાઇમ બોર્ડે ૮૦ હજાર કરોડથી વધુના ઇન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન્સ મેળવ્યા છે. પંડિત દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ સાથે સમગ્રતયા મૅરિટાઇમ બોર્ડે ૧.૫૦ લાખ કરોડના ઇન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન્સ મેળવ્યા છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ભાવનગરમાં રૂ. ૧૯૦૦ કરોડના રોકાણ સાથે વિશ્વનું સૌપ્રથમ સી.એન.જી. ટર્મિનલ બનવા જઈ રહ્યું છે તેનો ઉલ્લેખ કરતાં કેન્દ્ર સરકારના સાગરમાલા પ્રોજેક્ટ અન્વયે રાજ્યના ૬ બંદરનાં વિકાસકાર્યો ચાલી રહ્યાં છે તેની પણ ભૂમિકા આપી હતી. ●



# ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને વિશ્વવિખ્યાત યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ વચ્ચે MOA



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતે વૈશ્વિક શિક્ષણની વધુ એક નવતર પહેલ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીના માધ્યમથી કરી છે. તાજેતરમાં ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને યુ.કે.ના સ્કોટલેન્ડ સ્થિત યુનિવર્સિટી ઓફ એડિનબર્ગે ભારત અને વિશ્વને ગુજરાત રિસર્ચ, ઇનોવેશન અને ઉચ્ચદક્ષતા પ્રાપ્ત વિદ્યાર્થીઓ આવનારા ભવિષ્યમાં પૂરા પાડી શકે તે હેતુસર ગાંધીનગરમાં એક મહત્ત્વપૂર્ણ MOA સંપન્ન કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં થયેલા આ MOA એક્સચેંજ સેરિમનીમાં બ્રિટિશ હાઇકમિશનર ટુ ઇન્ડિયા શ્રીયુત એલેક્સ, યુનિવર્સિટી ઓફ એડન બર્ગના વાઇસ ચાન્સેલર શ્રીયુત પ્રોફેસર પિટર મેથીસન, ભારત સરકારના પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઇઝર પ્રો. કે. રાઘવન વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આ MOAનું પરસ્પર આદાન-પ્રદાન રાજ્ય સરકારના સાયન્સ ટેકનોલોજી સચિવ શ્રી હારિત શુકલા અને ગુજરાત તથા રાજસ્થાન માટેના બ્રિટિશ ડેપ્યુટી હાઇકમિશનર શ્રીયુત પિટર કૂક વચ્ચે કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ તકને ગુજરાત માટે એક મહત્ત્વપૂર્ણ અવસર ગણાવતાં જણાવ્યું કે, વિકાસનું રોલમોડેલ ગુજરાત ઔદ્યોગિક, પ્રવાસન સહિતનાં ક્ષેત્રોના વિકાસ સાથે વર્લ્ડ ક્લાસ એજ્યુકેશન હબ તરીકે પણ ઊભરી આવ્યું છે. ગુજરાતમાં વિશ્વ સમકક્ષ બહુધા વિષયોના તજજ્ઞ શિક્ષણ-અભ્યાસ માટે રાજ્ય સરકાર સેકટર સ્પેસિફિક યુનિવર્સિટીના કન્સેપ્ટ સાથે આગળ વધી રહી છે.

રાજ્યની આવનારી પેઢીને બાયોટેકનોલોજી ક્ષેત્રના વર્તમાન સમયની માંગ અનુસાર વિશ્વકક્ષાનું શિક્ષણ ઘર આંગણે મળી રહે તે માટે ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીએ આ નવીન પહેલ કરીને સ્કોટલેન્ડ યાર્ડ-યુ.કે.ની એડિન બર્ગ યુનિવર્સિટી સાથે તજજ્ઞ શિક્ષણ વ્યવસ્થાના MOA કર્યા છે. આ MOAના પરિણામ સ્વરૂપે ઇનોવેટિવ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેકટરમાં વર્લ્ડ સાયન્ટિસ્ટ અને સબ્જેક્ટ એક્સપર્ટના જ્ઞાનનો લાભ ગુજરાતના વિદ્યાર્થીઓને મળતો થવાનો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતને નોલેજ ડ્રિવન ઇકોનોમી તરીકે પ્રસ્થાપિત કરવાના બહુઆયામી ઉદ્દેશ સાથે ધોલેરામાં G-SER એટલે કે સ્પેશિયલ એજ્યુકેશન રિજયન રાજ્ય સરકાર સ્થાપવાની છે તેની પણ ભૂમિકા આપી હતી.

મહામારી, આનુવંશિક રોગ, ક્લાયમેટચેન્જ, ફૂડ સિક્યુરિટીનાં ક્ષેત્રોમાં માનવજાત માટેની સમસ્યાઓનો સામનો કરવાની ક્ષમતા બાયોટેકનોલોજીમાં છે. રાજ્ય સરકારે ગુજરાતમાં ઇનોવેશન ઇકો સિસ્ટિમનો વિકાસ કરવા ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી પણ શરૂ કરી છે. એટલું જ નહિ, બાયોટેકનોલોજી ક્ષેત્રને સંલગ્ન અદ્યતન સ્ટેટ ઓફ ધી આર્ટ બાયોસેફટી લેવલ-૩ લેબ સ્થાપવા આ વર્ષના બજેટમાં બે કરોડ રૂપિયાનું પ્રાવધાન પણ કર્યુ છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ વચ્ચેની આ સહભાગિતા એક નવું સિમાચિહ્ન બનશે એવો દ્રઢ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

બ્રિટિશ હાઇ કમિશનર ટુ ઇન્ડિયા શ્રીયુત એલેકસે જણાવ્યું કે, ગુજરાત એજ્યુકેશન, ઇન્વેસ્ટમેન્ટ અને ટેલેન્ટમાં ભારતનું પાયોનિયર સ્ટેટ છે.


આ પ્રસંગે ભારત સરકારના બાયોટેકનોલોજી વિભાગના સચિવ ડૉ. રેનુ સ્વરૂપ, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, બાયોટેકનોલોજી મિશન ડાયરેકટર શ્રી સચિન ગુંસાઇ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.


સાયન્સ ટેકનોલોજી સચિવ શ્રી હારિત શુકલાએ આ અંગેની વધુ વિગતો આપતાં જણાવ્યું કે, આ ભાગીદારીથી મેડિકલ, ઇન્ડસ્ટ્રિયલ, એગ્રિકલ્ચરલ અને એન્વાયર્મેન્ટલ બાયોટેક્નોલોજી જેવા વિષયોમાં ઇનોવેટિવ માસ્ટર્સ પ્રોગ્રામ્સ તેમજ ઇન્ડસ્ટ્રી સાથે સંકલિત પીએચડી પ્રોગ્રામ્સ ઉપલબ્ધ થશે અને આ તમામ પ્રોગ્રામ્સ 2021-22ના શૈક્ષણિક સત્ર માટે ચાલુ થશે.

ગાંધીનગર ખાતે સ્થપાનારી આ ઇનોવેટિવ અને મોડર્ન ઇન્સ્ટિટ્યૂશનમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ, વિઝિટિંગ ફેકલ્ટી, સ્ટુડન્ટ મોબિલિટીની સુવિધાઓ તેમજ વૈશ્વિક કક્ષાનું શૈક્ષણિક અને સંશોધન માટેનું વાતાવરણ ઊભું કરવા માટેની પૉલિસીઓ પણ યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ દ્વારા સાથે મળીને ઘડવામાં આવશે.●

# ગુજરાત હાઇકોર્ટની હીરકજયંતીના ઉપલક્ષ્યમાં ટપાલ ટિકિટ અને ફર્સ્ટ ડે કવરનું અનાવરણ







કાયદાનું શાસન, સુશાસન કે સુરાજ્યનો આધાર છે. ન્યાયતંત્રએ સકારાત્મક અને રચનાત્મક રીતે ભારતીય બંધારણનું અર્થઘટન કરીને એને હંમેશાં મજબૂત કર્યું છે. ન્યાયતંત્રએ નાગરિકોના અધિકારો અને સ્વતંત્રતાના ક્ષેત્રોમાં એની ભૂમિકા ભજવીને કાયદાના શાસનને સ્થાપિત કરવા અને એને જાળવવાની કામગીરી પણ કરી છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ગુજરાત હાઈકોર્ટની હીરકજયંતી મહોત્સવની ઉજવણીના ઉપક્રમે આયોજિત એક કાર્યક્રમને સંબોધન કર્યું હતું.

તેમણે ગુજરાત હાઈકોર્ટની સ્થાપનાનાં 60 વર્ષ પૂર્ણ થવાની યાદગીરી સ્વરૂપે એક પોસ્ટેજ સ્ટેમ્પ (ટપાલ ટિકિટ)નું લોકાર્પણ પણ કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતુ કે, બંધારણના મૂલ્યોને જીવંત રાખવા માટે ન્યાયતંત્રએ એની જવાબદારી સુપેરે અદા કરી છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, ભારતીય સમાજમાં કાયદાનું શાસન આપણી સભ્યતા અને સામાજિક તાણાવાણાના આધાર રહ્યું છે. આ જ મંત્રએ આપણા સ્વતંત્રતા સંગ્રામમાં દેશવાસીઓને નૈતિક તાકાત આપી હતી. આ જ વિચારને આપણા બંધારણના ઘડવૈયાઓએ પણ બંધારણની રચના સમયે સૌથી વધુ મહત્ત્વ આપ્યું હતું. આપણા બંધારણની પ્રસ્તાવનામાં કાયદાનું શાસન સ્થાપિત કરવાનો સંકલ્પ જ વ્યક્ત કરવામાં આવ્યો છે.

વડાપ્રધાનશ્રીએ રોગચાળાના મુશ્કેલ સમયગાળા દરમિયાન ન્યાયતંત્રની પ્રતિબદ્ધતાને બિરદાવી હતી. તેમણે કહ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સુનાવણી વહેલામાં વહેલી તકે શરૂ કરવી, એસએમએસ કોલ-આઉટ, કેસનું ઈ-ફાઈલિંગ અને ‘ઈમેલ માય કેસ સ્ટેટ્સ’ જેવી પહેલો અપનાવીને એની પરિવર્તન અને ટેકનોલોજીના સ્વીકારની ક્ષમતા પ્રદર્શિત કરી હતી. કોર્ટે યુટ્યૂબ પર એના ડિસ્પ્લે બોર્ડનું પ્રસારણ પણ શરૂ કર્યું હતું તથા વેબસાઈટ પર એના ચુકાદા અને આદેશો પણ અપલોડ કર્યા હતા. ગુજરાત હાઈકોર્ટ દેશની પ્રથમ કોર્ટ બની હતી, જેણે કોર્ટની કાર્યવાહીનું સ્ટ્રીમિંગ કર્યું હતું.

કેન્દ્રીય કાયદા અને દૂરસંચાર મંત્રી શ્રી રવિશંકર પ્રસાદે ગુજરાત હાઈકોર્ટની સ્થાપનાના ૬૦ વર્ષ પૂર્ણ થવા અવસરે ન્યાયપાલિકા સાથે જોડાયેલા સૌને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, બૃહદ મુંબઈમાંથી ગુજરાત રાજ્ય અલગ થયું ત્યારે ઘણા લોકોના મનમાં શંકા હતી કે ખારોપાટ, બંજર જમીન અને આવડો મોટો દરિયાકાંઠો એ સિવાય ગુજરાત પાસે કાંઇ નથી, એ ગુજરાત કરશે શું? પરંતુ ગુજરાતીઓની સૂઝબૂઝ અને સ્વબળ થકી એ જ ગુજરાત આજે દેશમાં વિકાસનું રોલ મોડલ પ્રસ્થાપિત થયું છે.

આ પ્રસંગે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ જસ્ટિસ શ્રી એમ. આર. શાહ, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી વિક્રમનાથ, ભારતના સૉલિસિટર જનરલ શ્રી તુષાર મહેતા તેમજ રાજ્યના એડવોકેટ જનરલ શ્રી કમલ ત્રિવેદીએ પ્રાસંગિક સંબોધનો કર્યાં હતાં અને ગુજરાત હાઈકોર્ટની ૬ દાયકાની ઉત્તરોત્તર પ્રગતિની ભૂમિકા આપી હતી. ન્યાયાધીશો, વકીલો, બાર એસોસિએશનના સભ્યો સહિત કાયદા ક્ષેત્રના અગ્રણીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. ●

# અમદાવાદમાં ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલ-2021



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ગુજરાત સરકારના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ આયોજિત ત્રિદિવસીય ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિમાં ઉદઘાટન કર્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ અવસરે જણાવ્યું હતું કે, રાજ્યનો નાગરિક રોગમુક્ત બને એ જ રાજ્ય સરકારનો નિર્ધાર છે. તેમણે આ પ્રસંગે રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતી માટે લેવાઈ રહેલાં સંખ્યાબંધ પગલાઓ અંગે સંતોષનો ભાવ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલની ભૂમિકા આપતાં જણાવ્યું હતું કે, પ્રજાને કેમિકલમુક્ત આહાર મળે અને ખેડૂતોને સારા ભાવ મળે તે ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલથી ખેતપેદાશ ઉત્પાદક અને ખેડૂત બંનેને લાભ થશે. ખેતપેદાશમાં મૂલ્યવૃદ્ધિના પગલે ખેડૂતોને સારા ભાવ મળી રહ્યા છે અને ખેડૂતોએ આ પ્રકારના આયોજનનો મહત્તમ લાભ લેવો જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ બંજર જમીનમાં બાગાયતી ખેતી માટે રાજ્ય સરકારની નવી પહેલ મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનના પગલે ખેડૂતો તરફથી પ્રાપ્ત થયેલા પ્રતિસાદની વિગતો પણ રાજ્યપાલશ્રીને આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઉપરાંત મૂલ્યવૃદ્ધિ કરી નિકાસ કરતા ખેડૂતો સાથે સંવાદ સાધી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી શ્રી આર.સી. ફળદુ તેમજ કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સચિવ શ્રી મનિષ ભારદ્વાજ, ગુજરાત એગ્રોના એમ.ડી શ્રી રંધાવા સહિત ઉચ્ચ અધિકારીઓ તેમજ અમદાવાદ જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●



## ગુજરાતના વિવિધ યાત્રાધામોને હવાઇમાર્ગોથી જોડવાનું નક્કર આયોજન

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આદ્યશકિત પીઠ અંબાજીની મુલાકાત લઈ માતાજીના ભક્તિભાવપૂર્વક પૂજન અર્ચન શ્રીમતી અંજલિબહેન રૂપાણી સાથે કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના શ્રદ્ધાં - આસ્થા કેન્દ્રો અંબાજી, સોમનાથ, પાલિતાણા, દ્વારિકા વગેરે જગ્યાએ દર્શનાર્થીઓ ઝડપથી પહોંચી શકે અને દર્શન કરી શકે તેવી સુવિધા ઊભી કરવા માટે આ યાત્રાધામોને હેલિકોપ્ટર સેવા જેવી હવાઈસેવાથી જોડીને વધુ સુગ્રથિત કરવાની નેમ વ્યક્ત કરી હતી.

અંબાજીમાં આદ્યશકિત અંબે માના દર્શન કરી પ્રચાર માધ્યમો સાથેની વાતચીતમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આ હેતુસર રાજ્ય સરકાર દ્વારા આ વર્ષના બજેટમાં જોગવાઈ પણ કરવામાં આવી છે.યાત્રાધામ અંબાજીમાં ડેવલપમેન્ટ પ્લાન અને માસ્ટર પ્લાન ઝડપથી પૂર્ણ કરીને તેના આધાર ઉપર અંબાજી મંદિરની ભવ્યતા વિશાળતા ઊભી કરવામાં આવશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ અંબાજીનો વેલ પ્લાન્ડ સિટી તરીકે વિકાસ કરીને આ પવિત્ર ધામના દર્શને આવતા લાખો શ્રદ્ધાળુઓને પ્રાથમિક સુવિધાઓ સહિતની સેવા પૂરી પાડવા અંબાજી ડેવલપમેન્ટ ઓથોરિટીને વધુ સુદૃઢ બનાવવાની પણ વિસ્તૃત જાણકારી આપી હતી. ●

# કોરોના વેક્સિનેશન ક્ષેત્રે દેશભરમાં મોખરે ગુજરાત





રાજ્યના નાગરિકોને કોરોનાથી રક્ષીત કરવા માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબધ્ધ આયોજન કર્યુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા દેશના નાગરિકોને કોરોનાની રસીથી સુરક્ષીત કરવામાં આવી રહ્યાં છે ત્યારે ગુજરાતમાં પણ કોરોના વોરીયર્સ અને ફ્રન્ટ લાઇન કોરોના વોરીયર્સને રસીકરણ ક્ષેત્રે ગુજરાત દેશભરમાં અગ્રેસર રહ્યું છે. આ અંગે માહિતી આપતા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતુ કે, કોરોનાના રસીકરણના બીજા તબક્કામાં ૬૦ વર્ષથી ઉપરના સીનીયર સીટીઝન અને ૪૫ વર્ષ સુધીના ગંભીર પ્રકારના રોગોથી પીડાતાં નાગરિકો માટે રસીકરણનો પ્રારંભ સમગ્ર દેશમાં તા. ૧ લી માર્ચથી શરૂ થયો છે. આ માટે ગુજરાતમાં પણ સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રાજ્યમાં કોરોના વોરીયર્સ અને ફ્રન્ટ લાઇન કોરોના વોરીયર્સને પ્રથમ તબક્કામાં જે રસીકરણ કરવામાં આવ્યું છે તેમાં પ્રતિ ૧૦ લાખના માપદંડમાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે. બીજા તબક્કાના આ રસીકરણ અભિયાન અંતર્ગત રસી માટે લાયક લાભાર્થીઓ કોવિન પોર્ટલ અથવા આરોગ્ય સેતુ એપ્લીકેશનમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ રસી લઇ શકશે અથવા રસીકરણના સ્થળ પર જઈને નોંધણી કરાવીને પણ રસી લઇ શકશે. નોંધણી માટે આધાર કાર્ડ અને જો આધાર કાર્ડ ઉપલબ્ધ ના હોય તો નિયત કરેલ આઇ ઓળખ કાર્ડ પૈકી કોઈપણ એક ઓળખ કાર્ડ તથા ૪૫-૫૯ વર્ષના લાભાર્થીને ડોક્ટરનું પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે.

તેમણે ઉમેર્યુ કે, આ બીજા તબક્કાના રસીકરણ અભિયાન માટે અંદાજીત ૫૦૦ જેટલા સેન્ટર (સરકારી+ખાનગી) ક્રમશઃ તેમાં વધારો કરવામાં આવશે. તમામ રસી લીધેલ લાભાર્થીઓને રસી આપી દેવાઇ છે. તે અંગેનું પ્રમાણપત્ર જે-તે રસીકરણના સ્થળેથી આપવામાં આવશે. તમામ લાભાર્થીને બીજા ડોઝની જાણ સીસ્ટમ દ્વારા કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, સમગ્ર દેશમાં ફ્રન્ટ લાઇન કોરોના વર્કરોનું રસીકરણ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. તા. ૩૧ મી જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજથી ફ્રન્ટ લાઇન વર્કરોનું રસીકરણ સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવેલ છે જેમાં આજ દિન સુધી ૪.૮૨ લાખ હેલ્થ કેર વર્કર પૈકી કુલ ૪.૦૭ લાખ (૮૪%)થી વધુ અને ૫.૪૧ લાખથી ફ્રન્ટલાઇન વર્કર પૈકી ૪.૧૪ લાખ (૭૭%) થી વધુને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ જ્યારે ૧.૬૪ લાખ લોકોને બીજા ડોઝને પાત્ર હેલ્થ કેર વર્કર પૈકી ૧.૨૩ લાખ (૭૬%) ને બીજો ડોઝ આપી દેવાયો છે. ●


**ડેક્લેરેશન**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : | પાક્ષિક |
| ૩. | મુદ્રકનું નામ | | ૧. સાહિત્ય મુદ્રણાલય પ્રા. લી., અમદાવાદ<br>૨. ગુજરાત ઓફસેટ પ્રા. લી., અમદાવાદ |
| | રાષ્ટ્રિયતા | | ભારતીય |
| | સરનામું | | ૧. સીટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ<br>૨. જૈન આશ્રમની સામે, વટવા રેલવે સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ |
| ૪. | પ્રકાશકનું નામ | : | માહિતી નિયામક, ગુજરાત સરકાર |
| | રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| | સરનામું | : | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૫. | તંત્રીનું નામ | : | અશોક કાલરીયા |
| | રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| | સરનામું | : | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૬. | માલિકનું નામ | : | ગુજરાત સરકાર, માહિતી ખાતું |
| | સરનામું | : | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |

**હું અશોક કાલરીયા, માહિતી નિયામક આથી જાહેર કરું છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે. સરનામું : માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦**

**અશોક કાલરીયા, માહિતી નિયામક**

# રાજ્યના કૃષિ-ખેડૂત કલ્યાણ વિભાગને બે રાષ્ટ્રીય સન્માન

ગુજરાત સરકારે સંવેદનશીલતા સાથે વહીવટી ક્ષેત્રે પારદર્શિતા લાવીને નાગરિકોને મહત્તમ સેવા પ્રદાન કરવાનો નિર્ધાર કર્યો છે. લોકહિતલક્ષી યોજનાનો પ્રારંભ, યોજનાનો સુદૃઢ અમલ વગેરે બાબતમાં ગુજરાતે સમગ્ર દેશમાં પથદર્શકરૂપે કાર્ય કરી રહ્યું છે. ઈનોવેશન, અત્યાધુનિક ટેક્નોલોજીનો અમલ, ડિજિટલાઈઝેશનના સુભગ સમન્વયથી રાજ્યના નાગરિકોને ઝડપી, સરળ અને પારદર્શી સેવાનો લાભ મળતો થયો છે. જેની માત્ર રાજ્યમાં જ નહી પરંતુ સમગ્ર દેશમાં નોંધ લેવાઈ રહી છે. તાજેતરમાં રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ વિભાગને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત તેમજ કૃષિ ક્ષેત્રે ટેક્નોલોજી ઇનોવેશન માટે એમ બે-બે પ્રતિષ્ઠિત એવોર્ડ સન્માન પ્રાપ્ત થયા છે.

ભારત સરકારની મહત્ત્વાકાંક્ષી ખેડૂત કલ્યાણ યોજના પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં ગુજરાતના આદિજાતિ ક્ષેત્ર દાહોદ જિલ્લાને ગ્રિવન્સીસ રિડ્રેસલ-ફરિયાદ નિવારણની શ્રેષ્ઠતા માટે કેન્દ્ર સરકાર દ્વારા એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના કૃષિ સચિવ શ્રી મનિષ ભારદ્વાજે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં પાકના વાવણી વિસ્તાર અને નુકશાનની ગણતરી-ક્રોપ એરિયા એસ્ટિમેશન એન્ડ લોસ એસસમેન્ટ માટે જિઓ સ્પાટીઅલ ટેક્નોલોજીના ઉપયોગ બાબતે ગુજરાત રાજ્યને જિઓ-સ્પાટીઅલ ટેક્નોલોજી ઇનોવેશન એવોર્ડ FICCI દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.



ગુજરાતના આદિજાતિ વિસ્તાર દાહોદ જિલ્લાને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ગ્રિવન્સીસ રિડ્રેસલ-ફરિયાદ નિવારણ કેટેગરીમાં શ્રેષ્ઠત્તમ દેખાવનો જે એવોર્ડ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યો છે, તેની ભૂમિકા પણ કૃષિ સચિવે આપી હતી. દેશના ખેડૂતોની આવક વધારવાના હેતુસર ખેડૂત પરિવારોને સહાયરૂપ થવા કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની ફેબ્રુઆરી-૨૦૧૯થી શરૂઆત કરી છે. આ મહત્ત્વાકાંક્ષી યોજના અન્વયે ખેડૂત પરિવારને વાર્ષિક કુલ રૂ. ૬૦૦૦ની સહાય ડી.બી.ટી. મારફતે દર ચાર મહિને રૂ. ૨૦૦૦ના સમાન હપતામાં ત્રણ વાર ચૂકવવામાં આવે છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના સફળ અમલીકરણનાં બે વર્ષ પૂર્ણ થવા અવસરે ભારત સરકારે દેશનાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના જિલ્લાઓમાં આ યોજનાના અમલની શ્રેષ્ઠતા માટે વિવિધ ત્રણ કેટેગરીમાં એવોર્ડ આપવાની જાહેરાત કરી છે. સમગ્ર દેશના ૭૧૮ જિલ્લાઓ પૈકી ૧૫ જિલ્લાઓને આ ત્રણ કેટેગરી અંતર્ગત ઉત્કૃષ્ટ દેખાવ માટે એવોર્ડ મેળવવા પસંદગી પામ્યા છે.

તદઅનુસાર, ગુજરાતના આદિજાતિ વિસ્તારના જિલ્લા દાહોદને ગ્રિવન્સીસ રિડ્રેસલ એટલે કે ફરિયાદ નિવારણ અન્વયે પી.એમ. કિસાન પોર્ટલ દ્વારા મળેલી ૨૧૨૧ ઓનલાઈન અરજીઓમાંથી ૯૮.૪૦ ટકા એટલે કે ૨૦૮૭ અરજીઓના નિકાલ માટે ગ્રિવન્સીસ રિડ્રેસલ માટે બેસ્ટ પરફોમન્સનો એવોર્ડ જાહેર થયો છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ પારદર્શિતાથી મળી રહે તે માટે ખેડૂતોને સંપૂર્ણ આધારકાર્ડ પ્રમાણભૂત સહાય ચૂકવણી તથા ગ્રિવન્સીસ રિડ્રેસલ અને ફિઝિકલ વેરિફિકેશન એમ ત્રણ કેટેગરીમાં કેન્દ્ર સરકારે એવોર્ડ જાહેર કરેલા છે. એવોર્ડ પ્રાપ્ત દાહોદ જિલ્લામાં ૯ તાલુકાના ૨,૨૬,૭૪૩ કિસાન પરિવારોને આ યોજના અંતર્ગત સહાય આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે આ યોજના હેઠળ ખેડૂત પરિવારના તમામ સભ્યોની સંયુક્ત માલિકીની ખેડાણલાયક જમીનમાં બે હેકટર સુધીની જમીન ધરાવતા કુટુંબોને સહાય આપવાની મર્યાદા પણ જૂન-૨૦૧૯થી દૂર કરી તમામ ખેડૂતોનો આ સહાયમાં સમાવેશ કર્યો છે.

આ એવોર્ડ ઉપરાંત ફિક્કી જિઓ- સ્પાટીઅલ એક્સલન્સ ઇન ગવર્નન્સ, જિઓ- સ્પાટીઅલ ટેકનોલોજી ઇનોવેશન અને ફિક્કી જિઓ-સ્પાટિયલ એક્સલન્સ ઇન બિઝનેશ એપ્લિકેશન એમ ત્રણ કેટેગરીમાં એવોર્ડની જાહેરાત FICCI દ્વારા કરવામાં આવી છે. આ એવોર્ડમાં એક માત્ર સરકારી વિભાગ તરીકે ગુજરાત સરકારના કૃષિ-ખેડૂત કલ્યાણ વિભાગને એવોર્ડ મળ્યો છે.

કૃષિક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા અત્યાધુનિક ટેક્નોલોજીના ઉપયોગ બદલ ભારત સરકારના કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગે ખેડૂતોની આવક બમણી કરવાના રિપોર્ટમાં ગુજરાતનો કેસ સ્ટડી તરીકે સમાવેશ કરેલો છે.

આ એવોર્ડ પહેલાં પણ ગુજરાતને ‘બેસ્ટ એગ્રિકલ્ચર એન્ડ ફાર્મિંગ ઇનિશિએટિવ એવોર્ડ’ તથા ‘ડિજિટલ ઇન્ડિયા એવોર્ડ ઇન ઇમર્જિંગ ટેક્નોલોજી’ પણ મળ્યો છે. કૃષિ ક્ષેત્રે સાયન્સ એન્ડ ટેક્નોલોજીના ઉપયોગથી ખેતીને વધુ નફાકારક વ્યવસાય બનાવી છે. ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્ય સાથે રાજ્ય સરકાર પણ કૃષિ કલ્યાણ અર્થે અત્યાધુનિક તકનિકોનો ઉપયોગ કરી ખેડૂતોને મદદરૂપ બની રહી છે. સેટેલાઈટ ઇમેજિંગ, રિમોટ સેન્સિંગ, આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ અને મશીન લર્નિંગ જેવી જિઓ-સ્પાટીઅલ ટેક્નોલોજી તેનાં ઉત્તમ ઉદાહરણો છે. ●

# વિધાનસભામાં લોકપ્રશ્નોને મળી વાચા

*લોકહિતનાં કાર્યો કરી ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓએ લોકપ્રહરી તરીકે ખરા ઊતરવાનું હોય છે. વિધાનસભામાં વિકાસકાર્યોને વાચા આપવાનું બહૂમૂલ્ય કાર્ય આ લોકપ્રહરીઓના શિરે હોય છે. ૧૪મી વિધાનસભાના આઠમા સત્ર દરમિયાન લોકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનું પ્રતિનિધિત્વ ધારાસભ્યશ્રીઓએ કર્યું હતું. સમગ્ર પ્રશ્નોત્તરીને સમાવવાં શક્ય ન હોવા છતાં વિધાનસભા સત્રની કામગીરીની ઝલક અત્રે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*



રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-2ની જગ્યા બાબતે ઊનાના ધારાસભ્ય શ્રી પુંજાભાઈ વંશે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તા.31-12-2020ની સ્થિતિએ કુલ 460 જગ્યાઓ ભરાયેલી છે.

કેશોદના ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમે જૂનાગઢ જિલ્લામાં ગ્રામપંચાયતના મકાન અંગે ગૃહમાં પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ૨૦ ગ્રામપંચાયતોનાં નવાં મકાનો બનાવવા માટે મંજૂરી આપી તે માટે કુલ રૂ. ૨૮૦ લાખ અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે.





રાજકોટ અને પોરબંદર જિલ્લામાં તા.31-12-2020ની સ્થિતિએ જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા આવેલી છે તે અંગેનો પ્રશ્ન ધોરાજીના ધારાસભ્ય શ્રી લલીતભાઈ વસોયાએ પુછ્યો હતો. જેના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજકોટમાં 864 સરકારી, 7 ખાનગી ગ્રાન્ટેડ, 1035 નોન ગ્રાન્ટેડ તથા પોરબંદર જિલ્લામાં 313 સરકારી તથા 123 નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા આવેલી છે.

ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે સુબીર તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ અંગે પુછેલા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સુબીર તાલકા વર્ષ 2019-20માં 1004 હેક્ટરમાં તથા વર્ષ 2020-21માં 888.50 હેક્ટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે.





પેટલાદના ધારાસભ્ય શ્રી નિરંજનભાઈ પટેલના આણંદ અને વડોદરા જિલ્લામાં તળાવો ઊંડા અને પહોળા કરવા અંગેના પ્રશ્નનો જવાબ પાઠવતા મંત્રીશ્રીએ 31-12-2020ની સ્થિતિએ બે વર્ષમાં આણંદમાં 278 અને વડોદરામાં 19 તળાવો ઊંડા કરવામાં આવ્યાં હોવાની માહિતી આપી હતી.

મહેસાણા જિલ્લામાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ(MSME) એકમોની અરજી મંજૂર કરવા અંગને કડીના ધારાસભ્ય શ્રી કરશનભાઈ સોલંકીના પ્રશ્નનો ઉત્તર આપતા મંત્રીશ્રી માહિતી આપી હતી કે, 31-12-2020ની સ્થિતિએ બે વર્ષમાં માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝની 353 અરજી મંજૂર કરાઈ છે. આ ઉપરાંત, જિલ્લાનાં 887 એકમોને રૂ.4657 લાખની આર્થિક સહાય પણ ચૂકવવામાં આવી છે.



જામનગર જિલ્લામાં MSME એકમોની મંજૂર અરજીઓ અંગે જામનગર(ગ્રામ્ય)ના ધારાસભ્ય શ્રી રાઘવજીભાઈ પટેલે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક નીતિ-2015 અંતર્ગત વ્યાજસહાય યોજના હેઠળ જામનગર જિલ્લામાં MSME એકમોની 295 અરજીઓ મંજૂર કરવામાં આવી છે.





આણંદ શહેરમાં અમૃત યોજનાના કામો અંગેના ખંભાતના ધારાસભ્ય શ્રી મહેશકુમાર રાવલના પ્રશ્નનો જવાબ આપતા માહિતી સ્વરૂપે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ બે વર્ષમાં કેન્દ્ર પુરસ્કૃત અમૃત યોજના હેઠળ અમૃત યોજના અંતર્ગત આણંદ શહેરની મંજૂર ભૂગર્ભ ગટર યોજના માટે રૂ.14.94 કરોડનો વર્ક ઓર્ડર 8 માર્ચ 2019ના રોજ આપવામાં આવ્યો છે અને 90 ટકા કામ પૂર્ણ થયું છે. ટીપી-8ના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ પૂર્ણ થયું છે.

સિદ્ધપુરના ધારાસભ્ય શ્રી ચંદનજી ઠાકોરે રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા મુજબ વેલફેર ફંડમાં સેસની જમા રકમ બાબતે પ્રશ્ન પુછ્યો હતો. જેના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વેલ્ફેર ફંડમાં સેસની રૂ.3301.92 કરોડની રકમ જમા છે.





દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતના નવા ઘર સંબંધિત લીમખેડાના ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોરના પ્રશ્નનો પ્રત્યુત્તર પાઠવતા મંત્રીશ્રીએ માહિતી આપી હતી કે, 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં 26 ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવા મંજૂરી અપાઈ છે અને તે માટે સરકાર દ્વારા રૂ.368 લાખ મંજૂર કરાયાં છે.

સૌની યોજના અંગેના વાવના ધારાસભ્ય શ્રી ગેનીબહેન ઠાકોરે પૂછેલા પ્રશ્ન સંબંધે માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ સૌની યોજનાનો બીજા તબક્કાના કામ પૂર્ણ થયાં છે અને ત્રીજા તબક્કાના કામ પ્રગતિમાં છે તેમજ કુલ ખર્ચ રૂ.15482 કરોડ થયો છે.





કોરોના મહામારીમાં અન્ય રાજ્યોમાં ફસાયેલા ગુજરાતીઓને રાજ્યમાં પરત લાવવાની કામગીરી અંગે સંતરામપુરના ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડિંડોરે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં 4,97,562 ગુજરાતીઓને અન્ય રાજ્યમાંથી પરત લાવવામાં આવ્યા છે.

ભાવનગર જિલ્લાના બોર તળાવમાં સૌની યોજના મારફતે નર્મદાનું પાણી ભરવા અંગે મહુવાના ધારાસભ્ય શ્રી આર.સી. મકવાણાએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર પાઠવતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તા.31-12-2020ની સ્થિતિએ પાણી ભરવાની કામગીરી કમિશનિંગ તબક્કે છે. તેમાં કુલ રૂ. 107.43 કરોડનો ખર્ચ થયો છે.



## સુજલામ્ સુફલામ્ જળઅભિયાન થકી જળક્રાંતિ

ગુજરાતમાં દુકાળને ભૂતકાળ બનાવવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જળઅભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આજે તેના સુંદર પરિણામ સ્વરૂપે ગુજરાતનો ખેડૂત આર્થિક સમૃદ્ધિના દ્વાર ખખડાવી રહ્યો છે. ગુજરાત વિધાનસભામાં અંદાજપત્ર સત્ર દરમિયાન જળસંગ્રહ સંદર્ભે પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે કહ્યું હતું કે, સુજલામ્ સુફલામ્ જળઅભિયાન થકી જળસંગ્રહ ક્ષમતા વધારી ગુજરાતે જળક્રાંતિનાં નક્કર પગલાં લીધાં છે.

શ્રી નીતિનભાઈ પટેલે ગૃહને માહિતી આપતા કહ્યું હતું કે, તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નવસારી જિલ્લામાં ૪૦ અને વલસાડ જિલ્લામાં ૭૧ તળાવો ઊંડા અને પહોળા કરવામાં આવ્યાં છે. પરિણામે, નવસારી જિલ્લામાં ૧૯.૦૫ મી.ઘનફૂટ અને વલસાડ જિલ્લામાં ૧૭.૬૫ મી.ઘનફૂટ જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે.જે માટે નવસારી જિલ્લામાં રૂા.૬.૮૯ લાખ તથા વલસાડ જિલ્લામાં રૂા.૩૮.૩૧ લાખનો ખર્ચ થયો છે. ●



## આઉટસોર્સિંગ કર્મીઓનું વેતન સીધું બેન્ક એકાઉન્ટમાં



વિધાનસભાના સત્ર દરમિયાન આઉટસોર્સિંગ પર કામ કરતા કર્મચારીઓના વેતન તેમજ તબીબોની ભરતી અંગે પણ ચર્ચા થઇ હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયભરમાં આઉટસોર્સિંગથી કામ કરતા તમામ કર્મીઓને તેમનું વેતન તેમના એસ્કો એકાઉન્ટથી સીધું જમા કરવામાં આવે છે.

વિધાનસભા ખાતે મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોના મહેકમના પ્રશ્નના પ્રત્યુતરમાં મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિવિધ સંવર્ગની જગ્યાઓ પ્રમોશન અને નિવૃત્તિના કારણે ખાલી હોય છે. આ માટે વાર્ષિક ભરતી કેલેન્ડર મુજબ ભરતી કરવામાં આવે છે. જયારે તબીબોની જગ્યાઓ માટે વૉક ઈન ઈન્ટરવ્યૂ દ્વારા ભરતી કરીને તબીબોને નિમણૂક આપવામાં આવે છે.

એ જ રીતે સી.એમ. સેતુ યોજના હેઠળ પણ તબીબોની સેવાઓ ગ્રામીણકક્ષાએ લેવામાં આવતી હોય છે. જેથી નાગરિકોને આરોગ્ય સેવાઓ સત્વરે મળી રહે.

તેમણે ઉમેર્યું હતું કે, મહિસાગર, પંચમહાલ અને સંતરામપુરની જનરલ હોસ્પિટલમાં છેલ્લાં બે વર્ષમાં 34 તબીબોને નિમણૂક આપવામાં આવી છે. ઉપરાંત જે બોન્ડેડ તબીબો હોય અને તે ગ્રામીણ વિસ્તારની માંગણી કરે તો તેમને અગ્રિમતાના ધોરણે નિમણૂક આપવામાં આવે છે. ●

## અનાથ- નિરાધાર બાળકોના યોગ્ય ઉછેર માટે રાજ્ય સરકાર કટિબદ્ધ



વિધાનસભા ગૃહમાં વિવિધ વિષયો પૈકી નિરાધાર, અનાથ બાળકો અંગે પણ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેનો સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે માહિતીસભર પ્રત્યુત્તર પાઠવ્યો હતો.

ગુજરાત વિધાનસભાગૃહમાં અનાથ અને નિરાધાર બાળકો માટેની પાલક માતા પિતા યોજના સંદર્ભે પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અનાથ અને નિરાધાર બાળકોનો સ્વસ્થ અને સ્વચ્છ વાતાવરણમાં ઉછેર થાય તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં પાલક માતા પિતા યોજના વર્ષ-2009થી અમલમાં છે. આ યોજનાનો મુખ્ય હેતુ બાળકોના સંતુલિત વિકાસનો છે. જેમાં 18 વર્ષ સુધીના અનાથ બાળકો, જેમનાં માતા-પિતા મૃત્યુ પામ્યાં હોય અને માતાએ પુનઃલગ્ન કર્યાં હોય તો પણ આવાં બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. આવા બાળકોને વૈકલ્પિક કુટુંબોમાં રાખી સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ પૂરું પાડી તેમનો તંદુરસ્ત ઉછેર કરી શકાય છે.

મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું હતું કે, પાલક માતા-પિતા યોજના હેઠળ રૂ.1,000ની સહાય આપવામાં આવતી હતી તેમાં વર્ષ-2016માં રૂ. 2,000નો વધારો કરવામાં આવ્યો હતો. આમ હાલ રૂ.3,000ની સહાય યોજના હેઠળ આપવામાં આવી રહી છે.

## સર્વાંગી વિકાસમાં ક્લિન એન્ડ ગ્રીન એનર્જી એ મહત્ત્વનું પરિબળ

દિવ્ય અને ભવ્ય ભારત નિર્માણમાં ગુજરાત રાજ્યની ભૂમિકા મહત્ત્વની છે અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની આગેવાનીમાં રાજ્ય સરકાર અનેકાનેક પહેલકારી પગલાં દ્વારા તે દિશામાં આગળ વધી રહી છે.

ગુજરાતના સર્વાંગી વિકાસમાં ક્લિન એન્ડ ગ્રીન એનર્જી મહત્ત્વનું પરિબળ પૂરવાર થશે એટલા માટે જ ગુજરાત સરકાર સોલાર ઊર્જાને પ્રાધાન્ય આપી રહ્યી છે એમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સોલાર પ્રોજેક્ટસની અત્યંત મહત્ત્વપૂર્ણ જાણકારી આપતા વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભાગૃહમાં માહિતી આપી હતી કે, સ્મોલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પ્રોજેક્ટ અંતર્ગત લોકો ઘરઆંગણે જ ઊર્જા ઉત્પન્ન કરી શકશે જેના પરિણામે ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન લોસ ઓછો થશે અને ગુણવત્તાયુક્ત વીજળી મળશે અને રોજગારી પણ મળશે.

મુખ્યમંત્રીશ્રી વિધાનસભા ગૃહની પ્રશ્નોતરી દરમિયાન અબડાસાના ધારાસભ્યશ્રીએ કચ્છ જિલ્લામાં સ્મોલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પ્રોજેક્ટ યોજના અંગેની અરજીઓના સંદર્ભમાં ઉપસ્થિત કરેલા પ્રશ્નના ઉત્તરમાં સહભાગી થયા હતા.

તેમણે ઉમેર્યું કે, સોલાર ઊર્જા માટે ગુજરાતે ઈનિશિયેટિવ લીધું છે અને કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા 30 હજાર મેગાવોટ પાર્કનું ભૂમિપૂજન કર્યું છે જે દરરોજ 30 હજાર મેગાવોટ ઉત્પન્ન કરશે. સોલાર ઊર્જા ઉત્પાદનથી



આપણે હવે થર્મલમાંથી બહાર નીકળી સૌરઊર્જા ક્ષેત્રે આગળ વધીશું. રાજ્યમાં 4 મેગાવોટના સ્મોલ ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પ્રોજેક્ટમાં 20 પૈસાનો દર અપાશે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં 12,404 અરજીઓ આવી છે જેના પરિણામે 9 હજાર મેગાવોટ સૌરઊર્જા ઉત્પન્ન થશે.

કચ્છ જિલ્લામાં સ્મોલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પ્રોજેક્ટના પ્રશ્નના આ ઉત્તરમાં ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે દુનિયામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નેતૃત્વ લીધું છે અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ એને આગળ વધારી રહ્યા છે. આ નાના સોલાર પ્રોજેક્ટ જયાં વીજ વપરાશ હશે ત્યાં જ વીજ ઉત્પાદન થશે જેના કારણે ટેકનિકલ લોસ ઓછો થશે અને ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન ખર્ચ બચશે અને જે વીજઉત્પાદન થશે એનાથી લોકો વધારાની વીજળી વેચી રોજગારી પણ મેળવશે. ●

## ગુજરાતમાં દેશનો સૌથી ઓછો બેરોજગારી દર

ગુજરાતમાં ઉદ્યોગોના નિર્માણ થકી રોજગારીનો વ્યાપ વધુને વધુ વધે છે. ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે સાધેલો વિકાસ અને માળખાકીય સવલતોના પરિણામે ઔદ્યોગિક ક્ષેત્રે કાઠું કાઢ્યું છે. જેના પરિણામે રાજ્યમાં રોજગારીનું પ્રમાણ વધ્યું છે એટલે જ ૩.૫ ટકાના સૌથી ઓછા બેરોજગારી દર સાથે ગુજરાત દેશભરમાં રોજગારી માટે મોખરે છે.



ગુજરાત વિધાનસભામાં તાપી અને ડાંગ જિલ્લામાં કાર્યરત GIDCના પ્રશ્નમાં સહભાગી થતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ઉદ્યોગોના નિર્માણ થકી ઘરઆંગણે રોજગારી આપવાના નિર્ધાર સાથે અમે કામ કરી રહ્યા છીએ. રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૩ GIDCનું નિર્માણ કર્યું છે. આગામી સમયમાં બહુમાળી GIDCનું નિર્માણ કરવા તરફ આગળ વધી રહ્યા છે. દરેક જિલ્લામાં GIDC સ્થાપવાના પ્રયાસો છે. પરંતુ GIDC સ્થાપવા માટે જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિનો અભ્યાસ કરી સરવે કરવામાં આવે છે. એના આધારે GIDC સ્થપાય છે. દરેક જિલ્લાની વિશેષતા છે જ્યાં ઈન્ફાસ્ટ્રક્ચર અને પોટેન્શિયાલીટી મુજબ કામગીરી કરાય છે અને GIDCનું નિર્માણ કરાય છે.

રાજ્યનો જે રીતે સુગ્રથિત વિકાસ થઇ રહ્યો છે તેને ધ્યાને લઈને ધોલેરાને ઈન્ડસ્ટ્રિયલ સ્માર્ટ સિટી તરીકે વિકસાવીને સિંગાપોર કરતા પણ મોટું ઈન્ડસ્ટ્રિયલ સિટી તરીકે નિર્માણ કરવાનું આયોજન છે. એ જ રીતે ઈન્ડસ્ટ્રિયલ પૉલિસી ૨૦૨૦ અંતર્ગત વિવિધ ઈન્સેન્ટિવ પણ પૂરા પાડીને રોજગારીનો વ્યાપ વધારવામાં આવશે.

ઉદ્યોગ વિભાગનો વિધાનસભાનો હવાલો ધરાવતા મંત્રી શ્રી સૌરભભાઈએ જણાવ્યું હતું કે, ટ્રાયબલ વિસ્તારમાં પણ GIDCનું નિર્માણ કરવા અમારી સરકાર કટિબદ્ધ છે અને અનેક વિસ્તારોમાં GIDC ચાલુ પણ છે. તાપી જિલ્લામાં ડોસવાડા ખાતે GIDCના નિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે માટે વેદાન્ત ગ્રૂપ સાથે MOU પણ સરકારે કર્યો છે. જે કાર્યાન્વિત થતાં રોજગારીનું પ્રમાણ ચોક્કસ વધશે. ●

# રાજ્યના દરેક ઘરને "નલ સે જલ"



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પરથી સમગ્ર દેશમાં 'નલ સે જલ' યોજના હેઠળ ઘરે-ઘરે નળથી પાણી આપવાની યોજના અંગે જાહેરાત કરી, સમગ્ર દેશને પાણીજન્ય રોગોથી મુક્ત કરવાનો સંકલ્પ લીધો છે. વર્ષ ૨૦૨૪ સુધીમાં સમગ્ર દેશમાં 'નલ સે જલ' યોજના હેઠળ ઘરે ઘરે પાણી પહોંચે તેવો લક્ષ્યાંક અપાયો છે, ત્યારે ગુજરાતમાં આ યોજના વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં પૂર્ણ કરવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે. એટલું જ નહીં આ યોજના હેઠળ રાજ્યના ઝૂંપડપટ્ટી વિસ્તારોને પણ આવરી લેવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરીમાં આદિવાસી પરિવારોને સ્વજલધારા અને સેક્ટર રિફોર્મ યોજના અંગે પૂછાયેલા પ્રશ્નના ઉત્તરની ચર્ચામાં સહભાગી થતાં આ પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, સૌરાષ્ટ્ર પંથકમાં ક્ષારયુક્ત પાણીને કારણે પથરી, ઉત્તર ગુજરાત વિસ્તારમાં ફ્લોરાઈડયુક્ત પાણીને કારણે હાથીપગો કે દાંત પીળા પડી જવા સહિતના રોગોનો સતત સામનો કરવો પડ્યો છે. સમગ્ર રાજ્યને ૧૦૦ ટકા ફિલ્ટર્ડ પાણી મળી રહે તે દિશામાં અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે. જે અંતર્ગત 'નલ સે જલ' યોજનાની ઝડપી કામગીરી કરવામાં આવી રહી છે.

રાજ્યમાં ૮૨ ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જ્યારે બાકીના ૧૮ બાકી રહેલ વિસ્તારોમાં ડુંગરાળ વિસ્તારોનો સમાવેશ થાય છે. ડુંગરાળ આદિવાસી વિસ્તારોમાં લિફ્ટ ઈરિગેશન થકી 'નલ સે જલ' યોજના નેટવર્ક પૂર્ણ કરવાની કામગીરી ચાલી રહી છે જે આગામી ૧૭ મહિનામાં પૂર્ણ કરી દેવાનો લક્ષ્યાંક છે. એટલે કે વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં રાજ્યનું એક પણ ઘર 'નલ સે જલ' યોજના અંતર્ગત બાકી રહેશે નહીં. એવો નિર્ધાર તેમણે દર્શાવ્યો હતો.

પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સ્વજલધારા અને સેક્ટર રિફોર્મ યોજના અંગે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુતર આપતા ઉમેર્યું કે, રાજ્યનું એક પણ ગામ પીવાના શુદ્ધ પાણીથી વંચિત ન રહે તે માટે સરકારે પહેલ કરી છે. સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી પરિવારોને સ્વજલધારા અને સેક્ટર રિફોર્મ યોજના અંતર્ગત ખેડબ્રહ્માનાં ૧૮ ગામો, વિજયનગરનાં ૫ ગામો, હિંમતનગરનાં ૭ ગામો અને ઈડરનાં ૩ ગામોમાં ૧૦૦ ટકા ઘર સુધી નળથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. જયારે અરવલ્લી જિલ્લાના ભિલોડામાં ૩૮ ગામો તથા મેઘરજનાં ૨૯ ગામોમાં ૧૦૦ ટકા ઘર સુધી નળથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ વર્ષ ૨૦૨૨ સુધી તબક્કાવાર રાજ્યનાં તમામ ગામોને નળથી પાણી પૂરું પાડવામાં આવશે. ●

# ગુજરાત સરકારનો મંત્રઃ પ્રજાની શાંતિ- સલામતી અને સુરક્ષા



ગુજરાત સરકાર પ્રજાની શાંતિ-સલામતી અને સુરક્ષા જાળવવાના મંત્રને આત્મસાત્ કરી લીધો છે. પ્રજાકીય સુરક્ષા માટે રાજ્ય સરકારે લીધેલાં પગલાં અંગે વિધાનસભાગૃહમાં જાણકારી આપવામાં આવી હતી. ગૃહ અને કાયદા રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજાની શાંતિ-સલામતી સુરક્ષા માટે જરૂરી કડક અને સખ્ત પગલાં લઇ રહી છે. આ સંદર્ભે ઓર્ગેનાઇઝ ગુનાઓને સખત અને કડક હાથે ડામી દેવા ગુજસીટોક કાયદો અમલી બનાવ્યો છે.

અમદાવાદ શહેરમાં ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરીરિઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ હેઠળ નોંધવામાં આવેલ ગુના અને આરોપીઓની ધરપકડ અંગેના પ્રશ્નના ઉત્તરમાં ગૃહ રાજય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં ગુજસીટોકના આ કાયદા હેઠળ બે ગુનાઓ નોંધી ૧૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

ગૃહ રાજયમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજસીટોકના કાયદા હેઠળ નોંધાયેલ આરોપીઓના નામે સંખ્યાબંધ ગુનાઓ નોંધાયેલ છે ત્યારે આ કાયદા હેઠળ આવતા ગુનેગારોની સાન ઠેકાણે લાવવા નાત-જાતની ભેદભાવ વિના પગલાં લેવામાં આવ્યાં છે. આ સરકાર પ્રબળ ઇચ્છાશક્તિથી જ કાયદા બનાવે છે અને તેથી જ ગુજરાતની પ્રજાએ અમને શાસન આપ્યું છે.

આ કાયદા માટે સજાની જોગવાઇ સંદર્ભે ગૃહ રાજયમંત્રી શ્રી જાડેજાએ જણાવ્યું કે, આતંકવાદી કૃત્ય, સોપારી આપવી, સાઇબર ક્રાઇમ, માનવતસ્કરી, ખંડણી, હિંસા-ધમકી, આર્થિક ગુનાઓ, જેવી ગેરકાયદે પ્રવૃત્તિ કરતી ઓર્ગેનાઇઝડ ગેંગને નાથવા આજીવન કેદ સહિતની જુદી જુદી સજાઓની જોગવાઇ છે અને આ જોગવાઇ હેઠળ રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં કડક અને સખત પગલાં રાજ્યના પોલીસ તંત્ર દ્વારા લેવામાં આવ્યાં છે. ●

# વિકાસલક્ષી નીતિના પરિણામે પ્રજાનો ભરોસો ઉત્તરોત્તર વધ્યો

ગુજરાત વિધાનસભામાં રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ભાગ લેતા મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ જણાવ્યું હતું કે, પ્રજાકીય આશાઓ અપેક્ષાઓની રજૂઆત આવે તે પહેલાં જ મુખ્યમંત્રીશ્રી દ્વારા નિરાકરણ કરવામાં આવે છે. અમારી સરકારે માત્ર ૧૪૦૦ દિવસમાં જ ૧૫૦૦થી વધુ જનહિતલક્ષી નિર્ણયો કરીને ૩૬૦ ડિગ્રીથી વિકાસ સાધ્યો છે. જેના પરિણામે દેશભરમાં આજે ગુજરાત રોલ મોડલ પુરવાર થઈ રહ્યું છે.



રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભો પારદર્શિતાથી લોકોને સત્વરે મળે અને વચેટિયા પ્રથા દૂર થાય એ માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી ફેસલેસ વ્યવસ્થા ઊભી કરી દીધી છે અને લાભોની સહાય DBTથી સીધી ખાતામાં જમા કરાવી દેવાય છે. ઈ-સેવાના માધ્યમ દ્વારા ગુજરાતે પહેલ કરીને સેવાઓ લોકોને ઘેરબેઠાં પૂરી પાડી છે. જેના પરિણામે લોકોને સરકારી કચેરીના ધક્કા ઓછા થયા છે. એ જ રીતે ભરતી પ્રક્રિયાઓ, મહેસૂલી સેવાઓ અને ખેડૂતોને લગતી મોટાભાગની સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ બનાવી છે.

ગુજરાતે જળ ક્ષેત્રે અને ઊર્જા ક્ષેત્રે કરેલી શ્રેષ્ઠ કામગીરીને પરિણામે ગુજરાત દેશભરમાં મોખરે છે. નાગરિકોને ઘરઆંગણે પીવાનું શુદ્ધ પાણી પૂરું પડવા માટે 'નલ સે જલ' યોજના હેઠળ ૮૫ ટકા કામગીરી પૂર્ણ કરી છે અને આગામી સમયમાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરાશે. સૌની યોજના દ્વારા ડેમો પણ ભર્યાં છે અને સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાન હેઠળ પણ ૪૨ હજાર ઘનફૂટ જળસંગ્રહ ક્ષમતામાં વધારો કર્યો છે. ૧૫૦ નગરપાલિકામાં STP-સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટ પણ કાર્યરત કર્યાં છે. જયારે દરિયાના ખારા પાણીને મીઠું કરવા માટે ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની પણ શરૂઆત કરી દીધી છે.

મંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ જણાવ્યું હતું કે, ઊર્જા ક્ષેત્રે પણ અમારી સરકારે શ્રેષ્ઠ કામગીરી કરી છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યોતિગ્રામ યોજના થકી ૨૪ કલાક ગુણવત્તાયુક્ત વીજળી પૂરી પાડી છે. જેના પરિણામે ગ્રામીણ જીવન અને અર્થતંત્ર મજબૂત બન્યુ છે. એટલું જ નહીં ખેડૂતોને રાત્રે ખેતરમાં પાણી વાળવા જવું ન પડે એ માટે કિસાન સૂર્યોદય યોજના થકી દિવસે વીજળી પૂરી પાડવાની શરૂઆત કરીને ખેડૂતોનાં અંધારાં ઉલેચ્યાં છે. એ જ રીતે સૌર ઊર્જા ક્ષેત્રે પણ ગુજરાતે દેશભરમાં શ્રેષ્ઠ કામગીરી કરી છે. રૂફટોપ સોલારમાં ગુજરાત ૬૪% હિસ્સા સાથે દેશમાં મોખરે છે. ચારણકા ખાતે એશિયામાં સૌથી મોટો સોલાર પ્રોજેક્ટ કાર્યરત છે. એટલું જ નહીં કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા ૩૦ હજાર મેગાવોટની ક્ષમતાવાળા સોલાર પ્રોજેક્ટનું ભૂમિપૂજન પણ વડાપ્રધાનશ્રીએ કર્યુ છે જેના પરિણામે રાજ્યમાં રોજગારીની વ્યાપક તકો ઉપલબ્ધ બનશે.

કોરોનાના કપરા કાળમાં પણ મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ અદભુત કામગીરી થઈ જેના પરિણામે આપણે મહામૂલાં માનવજીવન બચાવી શક્યા છીએ. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલ કોર કમિટીએ લીધેલા નિર્ણયોને પરિણામે આ શક્ય બન્યું છે. સાથે સાથે સી.એમ. ડેશ બોર્ડ દ્વારા સતત મોનિટરિંગ પણ મુખ્યમંત્રીશ્રી કક્ષાએ થઇ રહ્યુ છે. રાજ્ય સરકારે કોરોના માટે કોવિડ ડેઝિગ્નેટેડ હોસ્પિટલો જિલ્લે જિલ્લે ઊભી કરી પૂરતા બેડ ઉપલબ્ધ બનાવ્યા તથા ૪૫ હજાર રૂપિયાનું મોંઘામાં મોંઘું ઇન્જેક્શન દર્દીઓને વિનામૂલ્યે આપ્યું છે. કોરોનાના કપરાકાળમાં વેપારજગત તથા નાના વ્યવસાયકારોને સહાયરૂપ થવા રૂ. ૧૪ હજાર કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ પણ ગુજરાતે દેશમાં પ્રથમ વાર જાહેર કરી લાભો પૂરા પાડ્યા છે. નાગરિકોને વીજબીલમાં રાહત સહિત ગરીબ મધ્યમવર્ગના પરિવારોને વિનામૂલ્યે અનાજ વિતરણ પણ પૂરુ પાડ્યું છે. રાજ્ય સરકારની હકારાત્મક નીતિ અને દૃષ્ટિવંત આયોજનને પરિણામે રાજ્યના નાગરિકોને યોજનાકીય લાભો આપ્યા છે. જેના પરિણામે ગુજરાત તમામ ક્ષેત્રે મોખરે છે. ●



# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ યોજાયો



પ્રાચીન ભારતની ઋષિ પરંપરા અને માનવ કલ્યાણના ધ્યેયને સાકાર કરવા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. તાજેતરમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે દેશની એકમાત્ર એવી ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહને સંબોધતાં જણાવ્યું હતું કે, બાળકના ગર્ભાવસ્થાથી તરૂણાવસ્થા સુધીના શિક્ષણ-સંસ્કારનું ચિંતન એ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા થઈ રહેલા શ્રેષ્ઠ માનવ નિર્માણનો પુરુષાર્થ છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાચીન ભારતની ઋષિ પરંપરાના કેન્દ્રમાં બાળકનું સ્થાન હતું અને બાળકના શિક્ષક-સંસ્કારથી મહામાનવના નિર્માણનું ચિંતન ભારતની ધરતી પર થતું હતું. ગર્ભ સંસ્કારથી અંત્યેષ્ઠિ સુધીના 16 સંસ્કારો માનવ જીવન સાથે વણાયેલા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માનવ નિર્માણની આ યાત્રા દ્વારા વિશ્વને નવી દિશાનું દર્શન કરાવશે, આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી હર્ષદભાઈ શાહે પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી યુનિવર્સિટીની વિકાસગાથા વર્ણવી હતી. ●

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ૧૬મો દીક્ષાંત સમારોહ સંપન્ન

વિદ્યાર્થીકાળમાં પદવીદાનનો અવસર સમગ્ર જીવનનું યાદગાર સંભારણું બની રહે છે. કોવિડ મહામારીને કારણે સાવચેતીના ભાગરૂપે વર્તમાન સમયમાં ઓનલાઈન સમારોહ યોજાય છે.તાજેતરમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ૧૬મા દીક્ષાંત સમારોહ પ્રસંગે પદવીધારક વિદ્યાર્થીઓને ઓનલાઈન સંબોધ્યા હતા. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આઝાદી સમયે રાસાયણિક કૃષિ એ સમયની માંગ હતી પરંતુ સમય જતા રાસાયણિક કૃષિનાં દુષ્પરિણામોના કારણે જળ, જમીન અને પર્યાવરણ ઉપરાંત માનવ સ્વાસ્થ્ય સામે ખતરો પેદા થયો છે. આવા સમયે રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે એવી કૃષિ પદ્ધતિ અપનાવવી પડશે જેના કારણે આ ખતરાને ટાળી શકાય. કૃષિ ખર્ચને ઘટાડી શકાય અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સાકાર કરી શકાય.

આ પ્રસંગે શ્રી રજનીકાંત શ્રોફે જણાવ્યું હતુ કે, કોવિડ-૧૯ મહામારી દરમિયાન કૃષિક્ષેત્રે સૌથી ઓછું નુકસાન થયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક ખમણી કરવાના સંકલ્પમાં વિદ્યાર્થીઓને સહભાગી થવા અનુરોધ કર્યો હતો. ગ્રામવિકાસ અને કૃષિમંત્રી શ્રી આર.સી.ફળદુએ પદવીપ્રાપ્ત છાત્રોને શુભેચ્છા પાઠવી હતી. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે યોજાયેલ ઓનલાઈન ૧૬મા વાર્ષિક પદવીદાન સમારંભમાં કુલ ૬૬૦ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી હતી. ●

## વીર નર્મદ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો ૫૨મો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ઉપસ્થિત રહી યુવાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. યુવા છાત્રોને આજીવન વિદ્યાર્થી બની કોલેજ શિક્ષણ દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે માત્ર સ્વઉત્કર્ષ માટે જ નહીં, પણ લોકકલ્યાણ અને રાષ્ટ્રના નિર્માણ માટે પણ ઉપયોગી થાય તેવો પુરુષાર્થ કરવા તેમણે વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું હતું. યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે આયોજિત સમારોહમાં રાજ્યપાલશ્રી અને મહાનુભાવોના હસ્તે ૧૨ વિદ્યાશાખાઓના ૧૧૧ અભ્યાસક્રમોના ૩૬,૬૧૪ યુવા છાત્ર-છાત્રાઓને મેડલ્સ તથા પદવીઓ એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત ૮૫ પીએચ.ડી. તથા ૧૪ એમ.ફિલ ધારકોને પદવીઓ એનાયત થઈ હતી.

આ પ્રસંગે નીતિ આયોગના સી.ઈ.ઓ. શ્રી અમિતાભ કાંત, યુનિ.ના કુલપતિ શ્રી હેમાલી દેસાઈ, કુલસચિવ શ્રી એ.વી.ધડૂક, વિભાગીય વડાઓ, યુનિવસિર્ટીના પદાધિકારીઓ, કોલેજોના આચાર્યશ્રીઓ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીનો દીક્ષાંત સમારોહ



એક સમયે ગુજરાતના યુવાનને મેડિકલ અને એન્જિનિયરિંગના અભ્યાસ માટે ભારે ભરખમ ડોનેશન ભરી રાજ્યની બહાર ભણવા જવું પડતું હતું. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે, સમગ્ર ભારતમાં ગુજરાત એજ્યુકેશનલ હબ તરીકે પ્રસ્થાપિત થઈ ગયું છે. ગુજરાતની સ્થાપના બાદ ૩૫ વર્ષો સુધી રાજ્યમાં માત્ર ૭ યુનિવર્સિટી હતી જ્યારે આજે વધીને ૭૭ સેક્ટર સ્પેસિફીક યુનિવર્સિટીઓ થઇ છે. એન્જિનિયરિંગ અભ્યાસ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી(GTU) નો ૧૦મો દીક્ષાંત સમારોહ તાજેતરમાં યોજાયો હતો.

દીક્ષાંત સમારોહ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પદવીપ્રાપ્તકર્તા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ દીક્ષાંતે મેળવેલી પદવીની સાર્થકતા માનવીય અભિગમ સાથે રાષ્ટ્રવિકાસના પુરુષાર્થ દ્વારા સિદ્ધ કરે. ટેકનોલોજીના વર્તમાન સમયમાં સમાજને કૌશલ્યવાન યુવાધનની પ્રતીક્ષા છે ત્યારે ભારતીય પ્રાચીન જ્ઞાનપરંપરાના સંસ્કાર સાથે આધુનિક શિક્ષણની સજ્જતાના સમન્વયથી વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ સફળતા હાંસલ કરી શકશે. દયા, કરુણા, સહિષ્ણુતા અને ભલાઇના માર્ગ પર ચાલીને રાષ્ટ્રકલ્યાણના લક્ષને સિદ્ધ કરવા રાજ્યપાલશ્રીએ યુવાનોને અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, રાજ્યના સામાન્ય પરિવારના સંતાનોને- વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે જી.ટી.યુ.ની સ્થાપના કરી હતી. પાછલા બે-અઢી દાયકામાં ગુજરાતમાં ટેકનિકલ એજ્યુકેશન ક્ષેત્રને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગુજરાતમાં ૧૯૯૫માં માત્ર ૨૦ ડિગ્રી-એન્જિનિયરિંગ કોલેજો હતી જે આજે વધીને ૨૪૨ થઈ છે. ૨૨૯૫ ડિગ્રી-એન્જિનિયરિંગની બેઠકો હતી. જી.ટી.યુ.માંથી શિક્ષિત વિદ્યાર્થીઓનું કૌશલ્ય રાષ્ટ્રનિર્માણમાં કામ આવશે. રાજ્યના યુવાનોને પૂરતી તક મળે તે પ્રકારે રાજ્યમાં શિક્ષણ અને રોજગાર સર્જન માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

દીક્ષાંત સમારોહમાં અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેલા રાજસ્થાન કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ તેમજ ઇસરોના પૂર્વ અધ્યક્ષ પદ્મવિભૂષણ ડૉ. કે. કસ્તુરીરંગને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. પદવીદાન સમારંભમાં જુદા-જુદા કોર્સના ૧,૦૬,૫૧૧ જેટલા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાંથી ૧૩૨ વિદ્યાર્થીઓને ગૉલ્ડમેડલ તથા ૫૧ વિદ્યાર્થીઓને પીએચ.ડીની ડિગ્રી એનાયત કરાઈ હતી. જીટીયુની પરંપરા મુજબ નવીન સાહસને પ્રોત્સાહન આપવા બાબતે બ્રુક એન્ડ બ્લૂમ્સ સ્ટાર્ટઅપના યશ ભટ્ટને શ્રેષ્ઠ સ્ટાર્ટઅપકર્તા માટેનો આ વર્ષનો ગૉલ્ડમેડલ આપીને સન્માનવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રી વિભાવરીબહેન દવે, જીટીયુના વાઇસ ચાન્સેલર શ્રી નવીનભાઇ શેઠે, વિવિધ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલર્સ, બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્યો, અધ્યાપકશ્રીઓ, દીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# સોમનાથ યુનિવર્સિટીમાં ૭૫૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત

વેરાવળમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો તેરમો પદવીદાન સમારોહ ઓનલાઈન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં મેડલો મેળવનારા અને પદવી પ્રાપ્ત કરનારા ૭૫૦ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્યજીએ ભારતીય સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર કરવાના શ્રેષ્ઠ કાર્ય બદલ યુનિવર્સિટીને અભિનંદન પાઠવ્યા હતા. વેદ, જ્યોતિષ, વ્યાકરણ, દર્શન, સાહિત્ય આદિ વિષયોમાં ઉત્કૃષ્ટ સંશોધન, પ્રકાશન અને અધ્યાપન બદલ યુનિવર્સિટીને બિરદાવી હતી. ૭૫૦ જેટલા સ્નાતકોને અને પદકધારકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ સમારોહમાં મુખ્ય અતિથિ શ્રી રમેશભાઈ ઓઝા ઓનલાઈન માધ્યમથી ઉપસ્થિત રહ્યા. ઘણા જન્મ પછી પ્રાપ્ત થયેલ આ પવિત્ર મનુષ્ય જીવનને સંપૂર્ણપણે સંસ્કૃતમય બનાવવા સૌને અનુરોધ કર્યો હતો. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગોપબંધુ મિશ્રએ મંચસ્થ મહાનુભાવોનો પરિચય આપ્યો હતો.

સારસ્વત અતિથિ શ્રી એન. ગોપાલાસ્વામીજી, ભારત સરકારના પૂર્વ ચીફ ઈલેક્શન કમિશનરશ્રીએ પ્રસંગોચિત સારસ્વત ભાષણ થકી સૌને આશ્વાસિત કર્યાં હતા. ●

# યુવાપેઢીના નવોન્મેષ વિચારો રાષ્ટ્રનિર્માણ- જનકલ્યાણ માટે મહત્ત્વપૂર્ણઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત




ગુજરાત યુનિવર્સિટીના ૬૯માં દીક્ષાંત સમારોહમાં "तमसो मा ज्योतिर्गमय। मृत्योर्मामृतं गमय" નો ઉચ્ચારણ કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ઉપસ્થિત વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કહ્યું હતું કે, વિદ્યાર્થીઓએ મેળવેલી દીક્ષા સમાજકલ્યાણના કરેલા કાર્યો થકી જ ખરા અર્થમાં સાર્થક થશે. દીક્ષાંત સમારોહ એ શિક્ષાનો અંત ન હોઇ શકે માટે વિદ્યાર્થીઓએ શિક્ષા મેળવ્યા બાદ પણ નિરંતર કંઇક નવું શીખવાની પ્રક્રિયા ચાલુ રાખવી જોઇએ. તાજેતરમાં અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટીનાં દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે યુનિવર્સિટીના ૫૬૦૮૩ વિદ્યાર્થીઓએ દીક્ષા અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાની પીઠિકા સ્વાતંત્ર્યતા પહેલાં તૈયાર થઇ હોવાનું જણાવી ગૌરવભેર કહ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીએ દેશને અગ્રિમ હરોળના વિદ્યાર્થીઓ તૈયાર કરીને આપ્યા છે. જે વિદ્યાર્થીઓનું દેશના વિવિધ ક્ષેત્રોમાં જન વિકાસ સાથે દેશ વિકાસમાં અમૂલ્ય યોગદાન રહેલું છે.

શ્રી આચાર્ય દેવવ્રતે પ્રવર્તમાન ગુજરાત યુનિવર્સિટીની ઉપલબ્ધિઓથી પ્રભાવિત થઇને જણાવ્યું કે, ગુજરાત યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહના આગમન વેળાએ રજૂ કરવામાં આવેલ "સ્ટાર્ટ અપ" પ્રોજેક્ટ ખરા અર્થમાં વિદ્યાર્થીઓની મહેનત અને નવોન્મેષ વિચારસરણીની પ્રતીતિ કરાવે છે. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલા ૨૫૦ જેટલા સ્ટાર્ટઅપ અપ પ્રોજેક્ટ ન્યૂ ઇન્ડિયાની પરિકલ્પના વિશ્વ સમક્ષ મૂકવામાં મદદરૂપ બનશે.

આચાર્ય દેવવ્રતે પ્રાચીન શિક્ષણ પ્રણાલી અને દીક્ષાંત પ્રથાનો ઉલ્લેખ તૈતરિય ઉપનિષદના " सत्यं वद, धर्मं चर, માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચર્ય દેવો ભવ, અતિથી દેવો ભવનો જેવા શ્લોકના સંદર્ભ સાથે કરી વિદ્યાર્થીઓને દરેક શ્લોકનો મર્મ વિસ્તારપૂર્વક સમજાવીને વિદ્યાર્થીઓને જીવનમાં તેનું આચરણ કરવા માટેની પ્રેરણા આપી હતી.

રાજ્યપાલશ્રીએ દીક્ષા મેળવી રહેલા વિદ્યાર્થીઓને તેમના મેળવેલા જ્ઞાન દ્વારા જરૂરિયાતમંદોને ઉપયોગી થવા તેમજ જનકલ્યાણની સાથે -સાથે રાષ્ટ્રકલ્યાણમાં પણ જ્ઞાનનો ઉપયોગ કરી સહભાગી થવા માટે પ્રેર્યા હતા. રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને વડાપ્રધાનશ્રી દ્વારા દેશના સર્વાંગી વિકાસ અર્થે કરવામાં આવી રહેલાં કાર્યો વિશે જણાવીં વિદ્યાર્થીઓને રાષ્ટ્રઉન્નતિ માટે સંકલ્પબદ્ધ કર્યા હતા.

રાજ્યપાલશ્રીએ દીક્ષા મેળવતા વિદ્યાર્થીઓને જીવનના પાઠ ભણાવતા જીવનની દરેક કપરી પરિસ્થિતમાં સહાનુભૂતિની જગ્યાએ પરાનુભૂતિ દ્વારા જીવવના નિર્ણય લેવાની સાથે જીવનમાં એકતા, સ્નેહ અને ભાઇચારા સાથે જીવનનિર્વાહ કરવાની સલાહ આપી હતી.

સુપ્રીમ કોર્ટના જજ શ્રી એમ. આર. શાહે કહ્યું હતું કે, વર્ષ ૧૯૨૦ પૂજ્ય ગાંધીજી, લાલભાઇ, ગણેશ વાસુદેવ માવલંકર દ્વારા ગુજરાત યુનિવર્સિટીના નિર્માણની પીઠિકા તૈયાર કરવામાં આવી હતી. જેનું નિર્માણ ૧૯૪૯માં કરીને ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે એક નવા અધ્યાયની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીના સતત શ્રેષ્ઠ શિક્ષણના પ્રયાસો દ્વારા દેશના વિકાસમાં બહુમૂલ્ય યોગદાન રહેલું હોવાનું તેઓએ ઉમેર્યુ હતુ.

ગુજરાત યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને ગોલ્ડ અને સિલ્વર પદક એનાયત કરવાની સાથે સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા અટલ ઇનોવેશનના ભાગરૂપે શ્રી ત્રિષલા પંજાબીને મેડિકલ એજ્યુકેશનમાં ડિજિટલીકરણ માટે મેટગુરુ એપ તૈયાર કરવા બદલ તેમજ પ્રિયમ સમેતને લોકડાઉનના સમયમાં ફ્રી-એગ્રી એપ તૈયાર કરી રાજ્યના ખેડૂતોને મદદરૂપ થવા બદલ પદક એનાયત કરવામાં આવ્યા હતા.

ગુજરાત યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહના પ્રસંગે રાજ્ય શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રીમતી અંજૂ શર્મા, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિમાંશુભાઇ પંડ્યા, ઉપકુલપતિ શ્રી જગદીશભાઇ ભાવસાર, યુનિ.ના રજિસ્ટ્રાર શ્રી, તમામ શૈક્ષણિક ડિપાર્ટમેન્ટના ડીન અને વડાઓએ ઉપસ્થિત રહીને દીક્ષા મેળવી રહેલા વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી. ●

## સમગ્ર રાજ્યમાં એપ્રિલથી સુજલામ્ સુફલામ્ જળ અભિયાન

ગુજરાતને પાણીદાર-વોટર સરપ્લસ સ્ટેટ બનાવી જળ સમૃદ્ધ ગુજરાતની પ્રતિબદ્ધતા સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ શરૂ કરાવેલા સુજલામ્ સુફલામ્ જળઅભિયાનના ચોથા તબક્કાનો પ્રારંભ આગામી તા.૧ એપ્રિલથી શરૂ થશે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના જળસંપત્તિ વિભાગને આગામી તા.૧ એપ્રિલ-૨૦૨૧થી તા.૩૧મી મે સુધી આ રાજ્યવ્યાપી અભિયાન હાથ ધરવા મંજૂરી આપી છે.

આ સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત જળસંગ્રહનાં મહત્ત્વનાં કામોમાં તળાવો ઊંડા કરવાં, હયાત ચેકડેમના ડિસીલ્ટિંગ અને રિપેરિંગ, હયાત જળાશયોનું ડિસીલ્ટિંગ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, નહેરોની સાફસફાઇ, મરામત-જાળવણી તેમજ નદી, વોકળા, કાંસની સાફસફાઇને નદી પુન: જીવિત કરવી જેવાં વિવિધ કામો હાથ ધરવામાં આવે છે.

છેલ્લાં ૩ વર્ષમાં રાજ્યભરમાં જળસંગ્રહ સ્રોતની સાફ-સફાઇ અને વૃદ્ધિ કરવાનાં કામોમાં ૧૬,૧૭૦ તળાવો ઊંડા કરવામાં આવ્યાં છે. એટલું જ નહિ, ૮૧૦૭ ચેકડેમ અને ૪૬૨ જળાશયોનાં ડિસીલ્ટિંગ, ૨૨૩૯ ચેકડેમના રિપેરિંગ, ૫૬૮ નવા તળાવોનું નિર્માણ અને ૧૦૭૯ નવા ચેક ડેમ મળીને સમગ્રતયા ૪૧,૪૮૮ કામો કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત ૩૮,૩૨૩ કિ.મિ. લંબાઇમાં નહેરોની અને ૫૧૧૩ કિ.મિ. લંબાઇમાં કાંસની સફાઇ કરવામાં આવેલી છે. આ બધાં જ કામોની સફળતાને પગલે છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યમાં ૪૨,૦૬૪ લાખ ઘનફૂટ જળસંગ્રહ ક્ષમતા વધી છે.

મુખ્યમંત્રીશ્રીએ ૨૦૨૦ના વર્ષમાં કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે પણ આ જળસંગ્રહ અભિયાન માટે રાજ્ય સરકારના તંત્રને પ્રોત્સાહિત કરતાં તા.૨૦ એપ્રિલ-૨૦૨૦થી તા.૧૦ જૂન-૨૦૨૦ સુધીના માત્ર ૫૧ દિવસના ટૂંકાગાળામાં સુજલામ સુફલામ જળ અભિયાનના ત્રીજા તબક્કામાં ૧૧,૦૭૨ કામો લોકભાગીદારીથી અને મનરેગા હેઠળ હાથ ધરી ૩૦ લાખથી વધારે માનવદિન રોજગારી ઉત્પન્ન કરવામાં આવી હતી. ●

## નર્મદા કમાન્ડ વિસ્તારમાં ઉનાળુ પાક માટે પાણી મળશે

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધ દ્વારા ગુજરાતના લાખો ખેડૂતોને સિંચાઇ માટેનું પાણી તથા ૪ કરોડ કરતાં વધુ નાગરિકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. સુજલામ્-સુફલામ્ યોજના, સૌની યોજના દ્વારા પણ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ સુધી નર્મદાના પાણીનો લાભ પૂરો પાડવામાં આવી રહ્યો છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતોને ઉનાળુ પાક માટે નર્મદાનું પાણી આપવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત સરકારના ખેડૂતહિતલક્ષી નિર્ણય અંગે વિગત આપતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને રવી સીઝનમાં (શિયાળુ પાક માટે) નર્મદા નહેરો દ્વારા તથા ફતેહવાડી ખારીકટ કેનાલમાં પણ પૂરતું પાણી સરકારે આપ્યું છે. સાથે-સાથે મહેસાણા અને પાટણ જિલ્લામાં જ્યાં કેનાલમાં દરવાજાઓ મૂક્યા છે ત્યાં રૂપેણ અને પુષ્પાવતી નદીમાં પણ પાણી વહેવડાવીને સિંચાઇની સુવિધા ઉપલબ્ધ બનાવાઇ હતી.

ગત ચોમાસામાં થયેલા સારા વરસાદના પરિણામે નર્મદા ડેમમાં પાણીનો જથ્થો પૂરતા પ્રમાણમાં એટલે કે આજે ૧૩૦.૫૬ મીટર લેવલે છે. ધારાસભ્યશ્રીઓ, કિસાનસંઘ અને ખેડૂત આગેવાનો દ્વારા મળેલ રજૂઆતો ધ્યાને લઇને, આગામી ઉનાળાની સીઝનમાં પણ ખેડૂતોને પાક વાવેતર માટે પાણી તા. ૫ મી માર્ચના રોજથી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ નિર્ણયને પરિણામે ઉનાળુ વાવેતર કરતા નર્મદા કમાન્ડ વિસ્તારના અંદાજે ૪ લાખ હેક્ટર કરતાં વધુ વિસ્તારના ખેડૂતોને આ પાણીનો લાભ મળશે અને તેમની ઉત્પાદકતામાં તથા વાવેતરની ક્ષમતામાં પણ વધારો થશે.

મધ્યપ્રદેશ અને ત્યાંના બંધોમાં પણ પૂરતું પાણી ઉપલબ્ધ હોવાના પરિણામે આજે સરદાર સરોવર ડેમમાં ૧૩૦.૫૬ મીટર પાણીનું લેવલ છે. આ વર્ષે નર્મદા કન્ટ્રોલ ઑથોરિટી દ્વારા નક્કી થયા મુજબ ગુજરાતના ભાગમાં આવતું ૧૦.૦૮ મિલિયન એકર ફીટ પાણી ગુજરાતને વાપરવા મળશે. આ પાણીમાંથી પીવાના પાણી માટે સમગ્ર ઉનાળો અને ચોમાસાના બે માસ માટે જથ્થો સુરક્ષિત રાખી અન્ય પાણી ખેતીવાડી માટે ખેડૂતોને આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. ●

## ઘઉંની ટેકાના ભાવે સીધી ખરીદી કરાશે

રાજ્ય સરકાર દ્વારા રવી માર્કેટિંગ સીઝન ૨૦૨૧-૨૨ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આગામી તા.૧૬મી માર્ચથી તા.૩૧મી જુલાઇ-૨૦૨૧ દરમિયાન ઘઉંની ખરીદી કરવામાં આવશે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ૨૩૫ જેટલાં ગોડાઉન કેન્દ્રો દ્વારા લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા ઘઉં માટે લઘુતમ ટેકાનો ભાવ રૂા.૧૯૭૫ પ્રતિ ક્વિન્ટલ નિયત કરવામાં આવ્યો છે. લઘુતમ ટેકાના ભાવે ઘઉં વેચાણ કરવા ઇચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સંબંધિત નિગમના ગોડાઉન કેન્દ્ર ખાતે તથા ગ્રામીણ કક્ષાએ V.C.E. મારફતે તા.૩૧મી માર્ચ-૨૦૨૧ સુધી ચાલુ રહેશે. ●



# ઉત્તરાર્ધ મહોત્સવ

ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ પૂજા વણાયેલી છે. ગીત, સંગીત, નૃત્ય ભારતીય સંસ્કૃતિની એક આગવી ઓળખ છે. ગુજરાત સરકારે આવી સાંસ્કૃતિક વિરાસતને જાળવવા અને આગળ વધારવા તાના-રીરી મહોત્સવ, ઉત્તરાર્ધ પર્વની શરૂઆત કરી છે. તાજેતરમાં સુપ્રસિદ્ધ સૂર્ય મંદિર મોઢેરામાં ઉત્તરાર્ધ મહોત્સવનો ગાંધીનગરથી ઇ-માધ્યમથી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, જેની સંસ્કૃતિમાં જ સૂર્ય વણાયેલો છે, તેવી ગુર્જર સંસ્કૃતિ અને અસ્મિતા આજે અનેક ક્ષેત્રોનાં સર્વાંગી વિકાસના રથ ઉપર સવાર થઈને સમગ્ર વિશ્વમાં વખણાઇ રહી છે. એટલું જ નહીં, શાસ્ત્રીય ગીત-સંગીતના અને નૃત્યકળાના સંવર્ધન માટે પણ મહોત્સવોનું આયોજન કરીને રાજ્ય સરકાર આ ક્ષેત્રના વિશ્વખ્યાત કલાકારોને મંચ પૂરો પાડ્યો છે.

આપણે સદનસીબ છીએ કે, ગુજરાતમાં મહત્તમ સૂર્યપ્રકાશ મળી રહ્યો છે તેવું જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સૂર્યપ્રકાશને સૌર ઊર્જા (સોલર એનર્જી)માં રૂપાંતરિત કરીને ગુજરાતે બિન પરંપરાગત ઊર્જા સ્રોત વિકસાવ્યા છે. આધુનિક અને વિકસતા યુગમાં સૂર્ય ઉપાસના માટે સૂર્યશક્તિના મહત્તમ વિનિયોગ માટે સોલર ઊર્જા સોલર એનર્જીનું હબ ગુજરાત બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, પશ્ચિમ ભારતના મોઢેરા સૂર્ય મંદિરના ઉત્તરાર્ધ ઉત્સવ જેમ જ પૂર્વમાં કોણાર્ક સૂર્યમંદિરમાં ડાન્સ ફેસ્ટિવલ યોજાય છે. શક્તિસ્વરૂપા આધ્યશક્તિનો ઉત્સવ નવરાત્રી ગુજરાતની વૈશ્વિક પહેચાન છે, તો બંગાળનો દુર્ગાપૂજા શક્તિ-આરાધનાનો સમન્વયકારી ઉત્સવ છે તેની પણ ભૂમિકા તેમણે આપી હતી.

વસુધૈવ કુટુંમ્બકમ્ એટલે કે સમગ્ર વિશ્વને પરિવાર માનતી આપણી આ સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિ તો એક વિચારધારા છે. ભવ્ય પરંપરા છે. જેમાં સૌનું સહઅસ્તિત્વ સ્વીકારાયું છે. 'સહવીર્યં કરવા વહે' નો શાશ્વત ભાવ છે. આ સાંસ્કૃતિક એકતાના માધ્યમથી જ ભારત આજે સૌના સાથ અને સૌના વિકાસના મંત્ર સાથે જગતગુરુ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે તેવું પણ તેમણે ઉમેર્યું હતું. અનેકતામાં એકતા જ એ જ આપણી વિશેષતાને આ ઉત્સવ સાકાર કરી સૂર્ય શક્તિની નવીન ઊર્જાથી જન -જનમાં વિશ્વ બંધુત્વ સદભાવ સમભાવનો સાક્ષાત્કાર કરાવશે તેવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત એક વિરાસત સમૃદ્ધ રાજ્ય છે અને પૂર્વકાલીન દરેક રાજવી વંશ તરફથી એકથી એક ચડિયાતા અજોડ અને બેજોડ સ્થાપત્ય શિલ્પકલાનાં ઉત્કૃષ્ટ સાજણાં મળ્યાં છે. મુનસર તળાવ, બિંદુ સરોવર, સહસ્રલિંગ તળાવ, રુદ્રમહાલય જેવાં અનેક ઐતિહાસિક સ્થાપત્યો અને સ્થળોએ ગુજરાતના ઇતિહાસમાં આગવું સ્થાન મેળવ્યું છે. સલ્તનત યુગમાં આપણને સરખેજ રોજા, જામા મસ્જિદ, ચાંપાનેરના અમૂલ્ય સ્થાપત્યો મળ્યાં છે. સાથે કચ્છનું રણ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, સાપુતારા અને માંડવી, શિવરાજપુર, ચોરવાડનો સમુદ્રકિનારો, સાસણના સિંહો, સોમનાથનું પ્રાચીન મંદિર વિવિધતાઓનો ખજાનો ગુજરાતમાં છે.

આ પ્રસંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ, રમતગમત અને યુવા- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, ધારાસભ્ય શ્રી કરસનભાઈ સોલંકી, પૂર્વ ગૃહરાજ્યમંત્રી શ્રી રજનીભાઈ પટેલ, મહેસાણા કલેકટર શ્રી એચ.કે પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

# વસંતના વધામણાં

ગુજરાત અને ભારતની સંસ્કૃતિની આલબેલ પોકારતા વસંતોત્સવનો પ્રારંભ સંગીત, નૃત્ય અને વાદ્યની પ્રસ્તુતિ થકી કરવામાં આવે છે. વસંતોત્સવ એટલે માંગલિક કાર્ય, ઉત્સવ, શીતળ હવા, ખીલતાં પુષ્પો, કેરીનું આગમન, ફાગણનાં મોજીલાં ગીતો છે. વસંતોત્સવ આનંદ - ઉત્સવની ઓળખ સમો બની ગયો છે.

કોરોનાકાળમાં પણ મર્યાદિત લોકો વચ્ચે દર વર્ષની પરંપરા મુજબ વસંતોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં વડનગરનો તાનારીરી મહોત્સવ અને મોઢેરાનો ઉત્તરાર્ધ મહોત્સવ તથા વસંતોત્સવ તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સમયથી લોકપ્રિય બન્યા છે.

ગાંધીનગરના સંસ્કૃતિકુંજ ખાતે આયોજિત ૨૫મા વસંતોત્સવનો દીપ પ્રાગટ્ય કરીને પ્રારંભ કરાવતાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને સંગીત અકાદમી માટે સરકાર દ્વારા ચાલુ વર્ષના બજેટમાં પણ ૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાતે ખેલ મહાકુંભ થકી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અને એવોર્ડ મેળવ્યા છે, તે જ રીતે ગુજરાતના કલા મહાકુંભ થકી કલાકારોને પ્રોત્સાહન આપવાનું કાર્ય પણ કરવામાં આવે છે.

આ પ્રસંગે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના સાંસ્કૃતિક વારસાની આગવી ઓળખ છે. ગરબા, ભવાઇ, લોકમેળાઓ અને લોકનૃત્ય એ ગુજરાતની ઓળખ છે. ગુજરાતના આ સાંસ્કૃતિક વારસાની વિશ્વફલક પર ઓળખ ઊભી કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ભારતના સાંસ્કૃતિક વારસાના પર્યાય એવા વસંતોત્સવમાં ઉપસ્થિત સર્વે કલાકારોનું તેમણે હૃદયના ઉમળકાથી સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં જાણીતા નૃત્યાંગના શ્રીમતી ઐશ્વર્યા વૉરિયર અને તેમના ગ્રૂપ દ્વારા ભરતનાટ્યમ્ શૈલીમાં સરસ્વતી વંદના પ્રસ્તુત કરવામાં આવી હતી. ત્યારબાદ પટિયાલા ઘરાનાનાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ગાયિકા શ્રીમતી કૌશિકી ચક્રવર્તી દ્વારા શાસ્ત્રીય સંગીત અને કાર્યક્રમનાં અંતિમ ચરણમાં રાજકોટનાં સંગીત તજજ્ઞ શ્રીમતી પીયુબેન સરખેલ દ્વારા શાસ્ત્રીય સંગીત રજૂ કરવામાં આવ્યું હતુ. જેને વિવિધ જિલ્લાઓમાંથી ઉપસ્થિત એકસો (૧૦૦) થી વધુ શાસ્ત્રીય સંગીતના સન્માનનીય કલાકારોએ માણ્યું હતું.

કાર્યક્રમમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી સી.વી.સોમ, કમિશનર શ્રી ડી.ડી. કાપડિયા, ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્ય સહિત રાજ્યના ગણમાન્ય કલાકારોમાં કીર્તિદાનભાઇ ગઢવી, લલિતાબેન ઘોડાદરા તથા રાજકોટની હિરાણી પરફોર્મિંગ આર્ટ્સ કોલેજ, વડોદરાના ગોવિંદ વેણુ સંગીત વિદ્યાલય અને સંગમ મ્યુઝિક અકાદમી તથા પરફોર્મિંગ આર્ટ મ્યુઝિક કોલેજ તેમજ રાજ્યના વિવિધ શહેરોથી સંગીત સંસ્થાના કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.●










# અમદાવાદમાં "વી સ્ટાર્ટ મીટ" યોજાઈ






વિદેશની સંસ્કૃતિમાં નારીશક્તિની ઉપાસના અને માન-સન્માન માત્ર એક દિવસ એટલે કે વિશ્વ મહિલા દિન પૂરતાં ઉજવાય છે, પરંતુ ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓનું સન્માન- આદર હંમેશા થાય છે. એટલે જ ભારતીય શાસ્ત્રોમાં કહેવાયું છે કે, "જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે, ત્યાં દેવતાઓનો વાસ છે. લક્ષ્મીનો વાસ છે". તાજેતરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વ સંધ્યાએ નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત ખાતે ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન હબ (આઇ- હબ) દ્વારા આયોજિત "વી સ્ટાર્ટ મીટ"નો મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ શુભારંભ કરાવ્યો હતો.

ગુજરાત સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ ક્ષેત્રે અગ્રેસર રાજ્ય છે ત્યારે ભારતને ૫(પાંચ) ટ્રિલિયન ડોલર ઈકોનોમી બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોને સાકાર કરવા માટે મહિલાઓ પણ તેમાં સહયોગી બને તેવું મુખ્યમંત્રીશ્રીએ આહવાન કર્યું હતુ.

શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે રાજ્યની યુનિવર્સિટીઓમાં સ્ટાર્ટઅપ અને ઇનોવેશન ઈન્ક્યુબેટર સેન્ટરો ઊભાં કર્યાં છે. બાવળા ખાતે ઇઝરાયેલના સહયોગથી i-create સંસ્થાની સ્થાપના કરી છે. પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને તેમના શોધ- સંશોધન માટે "શોધ" યોજના અંતર્ગત દર મહિને રૂા. ૧૫ હજારની સહાય આપવામાં આવે છે.

રાજ્ય સરકારે મહિલાઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં આપેલા આરક્ષણને પરિણામે તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં અનેક મહિલાઓ વિજેતા બની છે. આ મહિલાઓ નયા ભારતના નિર્માણમાં સક્રિય સહયોગ આપવાની છે. તે જ રીતે સમાજના તમામ ક્ષેત્રોમાં મહિલાઓ આગળ આવી નેતૃત્વ લે તે સમયની તાતી જરૂરિયાત છે. રાજ્ય સરકારે મહિલાઓને મિલકતના અધિકાર ધરાવતી થાય તે માટે મિલકત નોંધણી ફીમાં માફી આપી છે, જેનાથી અનેક મહિલાઓ મિલકતની માલિક બની છે.

મુખ્યમંત્રીશ્રીએ વિવિધ સ્ટાર્ટઅપના સ્ટોલ પર જઈ જુદી-જુદી પ્રોડક્ટ અને સેવાઓની જાણકારી મેળવી હતી. તેમણે 'વી સ્ટાર્ટ સેલિબ્રેટિંગ વુમન ઈન સ્ટાર્ટઅપ' નામની કોફીટેબલ બુકનું પણ વિમોચન કર્યું હતું.

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મહિલા દિનની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, સ્ટેન્ડ-અપ, સ્ટાર્ટઅપ જેવા શબ્દો અગાઉ આપણે સાંભળ્યા ન હતા. આ માત્ર સૂત્રો કે સ્લોગન નથી. ન્યૂ ઈન્ડિયા માટેનું આયોજન છે,

મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ જણાવ્યું હતું કે, સ્વ-સહાય જૂથની બહેનોને રૂા. ૧ લાખની સહાય કરવાનો સ્તુત્ય નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

આ અવસરે મહિલા અને બાળ વિકાસ સચિવ શ્રીમતી મનીષા ચંદ્રા, શિક્ષણ અગ્ર સચિવ અને I-Hub ના ચેરપર્સન શ્રીમતી અંજુ શર્મા, ઉચ્ચ શિક્ષણના નિયામક શ્રી એમ. નાગરાજન, ટેકનિકલ શિક્ષણના નિયામક શ્રી જી.ટી.પંડ્યા, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી હિમાંશુભાઈ પંડ્યા અને વિવિધ સ્ટાર્ટઅપની મહિલાઓ ઉપસ્થિત રહી હતી. ●

# મહિલા સ્વાવલંબન - વ્હાલી દીકરી યોજના લાભાર્થીઓને ચેક વિતરણ





નારીશક્તિમાં આગવી શક્તિ, સામર્થ્ય અને સૂઝ આંતરનિહિત પડેલાં જ હોય છે. ઘર-પરિવારનું મેનેજમેન્ટ અને બાળકોના ભરણ-પોષણ કરનારી માતા-બહેનો વગર સશક્ત સમાજની કલ્પના જ અશક્ય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સેવેલા નયા ભારતના નિર્માણના સપનાને ભારતને આર્થિક મહાસત્તા-ફાઇવ ટ્રિલિયન ડોલર ઇકોનોમી તરીકે પ્રસ્થાપિત કરીને પાર પાડવામાં નારી-માતૃશક્તિના હરેક ક્ષેત્રે યોગદાન અને સહભાગિતાથી જ સાકાર કરી શકાશે. દેશની જન સંખ્યાના અડધો અડધ એવી માતા-બહેનોમાં પડેલી આંતરનિહિત શક્તિ, સૂઝ અને સામર્થ્યને બહાર લાવી મહિલાઓને પણ સમાન અવસરથી નયા ભારતના નિર્માણમાં ગુજરાત સક્રિય યોગદાન આપશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ૮મી માર્ચની આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં ગુજરાત સરકારની આગવી પહેલ રૂપે રાજ્યની આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માનદ વેતનની ચૂકવણી DBT મારફતે સીધા જ બેંક ખાતામાં ચૂકવવાની પારદર્શી પદ્ધતિનો પ્રારંભ કરાવ્યો હતો.

શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યની આંગણવાડી તેડાગર બહેનોને હવે, પગારના નાણાં સીધા જ બેંક ખાતામાં જમા થવાની ગુજરાતની પહેલને પારદર્શી વ્યવસ્થા, ફેઇસ લેસ સિસ્ટિમ અને વચેટિયા નાબૂદીની દિશામાં વધુ એક નક્કર કદમ ગણાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વ્હાલી દીકરી યોજના અંતર્ગત સરકારે દીકરીના જન્મ બાદ તેના અભ્યાસની ચિંતા કરીને પહેલા ધોરણમાં પ્રવેશ વેળાએ રૂ. ૪ હજારથી શરૂ કરીને ૧૮ વર્ષની ઉમરે ઉચ્ચશિક્ષણ-લગ્ન માટે કુલ મળીને ૧ લાખ રૂપિયા સરકાર વ્હાલી દીકરીઓને આપે છે તેનો ચિતાર આપ્યો હતો.

રાજ્ય સરકારે આ હેતુસર એલ.આઇ.સી.ને ફંડ મેનેજર તરીકેની જવાબદારી સોંપીને MoU કર્યા છે. આ વ્હાલી દીકરી યોજનાના અમલીકરણ અને સંચાલન એજન્સી તરીકે એલ.આઇ.સી. સાથે રાજ્ય સરકારના મહિલા બાળ વિકાસ વિભાગના થયેલા MoU અન્વયે ૨૨ કરોડ રૂપિયાનો ચેક એલ.આઇ.સી.ને અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ મહિલા બાળકલ્યાણ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા અને રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવેની ઉપસ્થિતિમાં જેન્ડર ડેશબોર્ડ અને વિભાગની યોજનાકીય માહિતીની ડિજિટલ બુકનું પણ લોંચિંગ કર્યુ હતું. મહાનુભાવોએ આ પ્રસંગે મહિલા સ્વાવલંબન યોજનાના ચેક વિતરણ તેમજ વ્હાલી દીકરી યોજનાના લાભાર્થીઓને ચેક અર્પણ કર્યા હતા.

વિધવા માતા-બહેનોને ઓશિયાળાપણું ન અનુભવવું પડે તે માટે ગંગાસ્વરૂપા જેવું સન્માનજનક નામ આપીને તેને મળતી સહાયમાં પણ વધારો કરી રૂ. ૧૨૫૦ની સહાય અપાય છે તેની પણ તેમણે વિસ્તૃત વિગતો આપી હતી.

આ વર્ષના બજેટમાં જેન્ડર બજેટ અન્વયે મહિલા સશક્તીકરણની વિવિધ યોજનાઓ અને ૧૦૦ ટકા મહિલાલક્ષી યોજનાઓ માટે સમગ્રતયા બેય કેટેગરીમાં ગત વર્ષની તુલનાએ રૂ. ૮૬૯૨.૬૩ કરોડનો વધારો કરવામાં આવ્યો છે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તેમણે આ યોજનાઓનો લાભ લઇ મહિલાશક્તિ રાજ્યની વિકાસયાત્રામાં ખભેખભા મિલાવી સહભાગી બને તેવું પ્રેરક આહ્વાન કર્યું હતું.

મહિલા બાળ કલ્યાણ સચિવ અને કમિશનર શ્રીમતી મનિષા ચન્દ્રાએ પ્રારંભમાં સૌને આવકારી કાર્યક્રમની ભૂમિકા આપી હતી. આ પ્રસંગે મહિલા આયોગ અધ્યક્ષા શ્રીમતી લીલાબહેન અંકોલિયા, ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબહેન પટેલ અને અગ્રણી મહિલાઓ, લાભાર્થી બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## વિશ્વ મહિલાદિન વિશેષ

# વિકાસના તમામ ક્ષેત્રે નારીશક્તિની નવતર પરિભાષા




✎ વિભાવરીબહેન દવે

ફૂલની કોમળતા, પર્વતની અડગતા, દરિયાની વિશાળતા, ધરતીની ધીરજ... આ બધાનો સમન્વય એટલે નારી. નારીના યોગદાન વિના સર્વાંગીણ વિકાસ અધૂરો ગણાય. સમાજમાં મહિલાશક્તિ અડધો અડધ સંખ્યાબળ ધરાવે છે. વિશ્વભરની મહિલાઓ આજે વિકાસના વિવિધ ક્ષેત્રોમાં પોતાનું સામર્થ્ય પુરવાર કરી વૈશ્વિક વિકાસમાં સમાન ભાગીદારી નોંધાવી રહી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની ગુજરાત સરકારે રાજ્યની મહિલાઓના સર્વાંગી વિકાસની વિશેષ ચિંતા કરી નારીશક્તિના સામર્થ્યનું વિકાસયાત્રામાં મહત્તમ યોગદાન મળી રહે તે માટે મહિલા સશક્તીકરણ માટે નક્કર પગલાં લીધાં છે. જેના પરિણામે આજે રાજ્યનાં અનેક ક્ષેત્રોમાં મહિલાઓ નેતૃત્વ લઈ રાજ્યના વિકાસમાં પોતાની ભાગીદારી નોંધાવી રહી છે.

મહિલાના આરોગ્ય બાબતે ઘરમાં થતી ઉપેક્ષાને ધ્યાને રાખી તેના આરોગ્ય બાબતે સરકારે ચિંતા કરી છે. મહિલાઓને સુરક્ષિત માતૃત્વ મળે, પૂરક પોષણયુક્ત આહાર મળે માટે ગુજરાત સરકારે દેશમાં આદર્શ કાર્ય કર્યું છે. મહિલાઓ તથા કિશોરીઓના આરોગ્ય અને પોષણની ચિંતા કરી ચિરંજીવી યોજના, પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન, ખિલખિલાટ વાન, મમતા સખી, મમતા ઘર, સબલા યોજના, પૂર્ણા યોજનાનો અસરકાર અમલ કર્યો છે. રાજ્યમાં ઉપલબ્ધ નિ:શુલ્ક ૧૦૮ તાત્કાલિક સેવાનો લાભ સૌથી વધુ મહિલાઓએ લીધો છે.

મહિલાઓ પોતાના પરિવારમાં તથા બહાર નિર્ભય રીતે રહી શકે તેની જવાબદારી ગુજરાતની સંવેદનશીલ સરકારે લીધી છે. મહિલાઓ અસામાજિક તત્ત્વોથી, ઘરેલુ હિંસા કે અન્ય રીતે પીડિત ન થાય માટે ખાસ અભયમ્ ૧૮૧ રેસ્કયુ વાનની સુવિધા શરૂ કરી છે. સંકટ સમયે સલાહ, બચાવ અને માર્ગદર્શન સાથેની મદદ માટે મહિલાઓને અભયમ્ સેવાનો લાભ આપી અભય બનાવી છે. અરે... જરૂર પડ્યે પોલીસ સ્ટેશનમાં જવાનું થાય તો ત્યાં પણ મહિલા પોલીસની મદદ મળે છે. રાજ્યમાં ૨૫ જેટલાં ખાસ મહિલા પોલીસ સ્ટેશન પણ શરૂ કરવામાં આવ્યા છે. ઘરેલુ હિંસાના બનાવમાં સારવાર, કાયદાકીય માર્ગદર્શન અને જરૂર પડે કોર્ટ કાર્યવાહીમાં વકીલ સહિતની સહાય નિ:શુલ્ક આપવા ગુજરાત સરકાર પડખે ઊભી રહે છે. મહિલાઓને ઝડપી ન્યાય મળી રહે તે માટે ખાસ ૨૭૦ જેટલી નારી અદાલતની વ્યવસ્થા ગુજરાતમાં કરવામાં આવી છે. જ્યાં મહિલા દ્વારા મહિલાઓ માટે ન્યાયિક પ્રક્રિયા કરી નિ:શુલ્ક ન્યાય આપવાની વ્યસ્થા કરવામાં આવી છે. અત્યાર સુધીમાં 18 હજારથી વધુ કેસોનું સમાધાન નારી અદાલત મારફતે થયુ છે.

મહિલાઓ પગભર બને તેમજ પરિવારના આર્થિક ઉત્કર્ષમાં ભાગીદાર બને તે માટે ગુજરાત સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. મહિલાઓને સ્વાવલંબી બનાવવા દરેક જિલ્લામાં ખાસ મહિલા માટેની અલગ ITIની વ્યવસ્થા કરી છે. સ્ત્રીઓ પોતાનો સ્વરોજગાર શરૂ કરી પગભર થાય તે માટે સબસિડીવાળી લોન મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા આપવામાં આવે.

મહિલાઓની સુરક્ષા બાબતે ગુજરાતને સૌથી વધુ સુરક્ષિત રાજ્ય ગણવામાં આવે છે. રાજ્ય સરકારે પોલીસ ભરતીમાં મહિલાઓ માટે અનામતની જોગવાઈ કરી છે. જેના પરિણામે આજે ૯૦૦૦થી વધુ મહિલાઓ હવે રાજ્યનો કાયદો- વ્યવસ્થા જાળવવામાં પોતાનું ખંત અને ખમીર ઝળકાવી રહી છે. ગુજરાતની સુરક્ષિત મહિલાઓ હવે રાજ્યની સુરક્ષાની મહત્ત્વપૂર્ણ કામગીરી કરી રહી છે. હિંમત અને ખંતથી મજબૂત બનેલી ગુજરાતની મહિલાઓ હવે સિંહણ બની ગઇ છે. પોલીસ ઉપરાંત વન વિભાગમાં જોડાયેલી ગુજરાતની મહિલાઓ હવે ગીરના જંગલમાં

સિંહોની રખેવાળી કરી પોતાની નારી શક્તિનો પરિચય પણ આપે છે. તેને જોતા સિંહ પર સવારી કરનાર 'મા દુર્ગા' યાદ આવે.

પહેલાના સમયમાં પતિ-પત્નીના ઝઘડામાં પતિ પત્નીને ઘરમાંથી કાઢી મૂકી કહેતો કે, `આ મારું ઘર છે, નીકળી જા-મારા ઘરમાંથી' આવી અસલામતી અનુભવતી મહિલાઓને પણ છતની સલામતી મળે માટે ગુજરાત સરકારે મિલકતની રજિસ્ટ્રેશન ફી માફ કરી છે. છેલ્લાં ૧૫-૨૦ વર્ષમાં રજિસ્ટ્રેશન ફી માફીનો લાભ લેવા પરિવારના પુરુષો ઘર, દુકાન, ફેક્ટરી કે જમીન જેવી મિલકતો મહિલાના નામે લેવા પ્રેરિત થયા છે. આજે ગુજરાતની લગભગ ૨૫ લાખથી વધુ મહિલાઓ મિલકતની માલિક બની છે. સરકારે ૧૫૦૦ કરોડથી વધુ રકમની માફી આપી મહિલાઓને ઇન્ડાયરેક્ટ સામાજિક સુરક્ષા આપી છે. ગુજરાત માત્ર એવું રાજ્ય છે જ્યાં મહિલાઓ માટે અલગ ઇન્ડસ્ટ્રિયલ પાર્ક બન્યા છે. મહિલા GIDC બનાવી છે. મહિલા ઉદ્યોગકારો પોતાના ઉદ્યોગો સ્થાપી તેના દ્વારા આત્મનિર્ભર બની છે. જેના પરિણામે આજે ગુજરાતની મહિલાઓ નોકરી માંગતી નહીં પરંતુ નોકરી આપતી બની છે.

રાજ્યના છેવાડાના નાના-નાના પરિવારની મહિલાઓના આર્થિક ઉત્કર્ષ માટે માન. શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વની ગુજરાત સરકાર ''મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના'' દ્વારા 'ઝીરો ટકા વ્યાજે' લોનની સુવિધા આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત નારીશક્તિમાં રહેલા હુન્નર, કૌશલ્યને વિકસાવવા 10 લાખ બહેનોને ઝીરો ટકા દરે લોન આપવામાં આવશે જેનું વ્યાજ રાજ્ય સરકાર ભરશે. જેના પરિણામે મહિલાઓ વ્યાજની ચુંગાલમાંથી બચશે તેમજ મહિલાઓ આત્મનિર્ભર બનશે. આત્મનિર્ભર મહિલાઓ દ્વારા પરિવાર, સમાજ અને સમગ્ર રાષ્ટ્ર પણ આત્મનિર્ભર બનશે. રાજ્ય સરકારે મિશન મંગલમ્ દ્વારા સખીમંડળની 30 લાખથી વધુ મહિલાઓના હાથમાં નાણાકીય વહીવટ સોંપ્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિધવા મહિલાઓને સન્માનજનક ગંગાસ્વરૂપા બહેનનું નામ આપી તેમને મળતા પેન્શનમાં વધારો કરી આંસુ લૂછવાનું કાર્ય કર્યું છે. દેશમાં કોઇ રાજ્ય નથી આપતી એટલી વિધવા સહાય ગુજરાત સરકાર આપે છે. રાજ્યની સંવેદનશીલ સરકાર ગુજરાતની ૯ લાખ જેટલી ગંગા-સ્વરૂપા મહિલાની પડખે અડીખમ ઊભા રહી દરેકને વાર્ષિક રૂ.૧૫,૦૦૦ સુધીનું પેન્શન આપવાનું કાર્ય કરી રહી છે. ખેતી - પશુ પાલન કરતી મહિલાઓને વિવિધ યોજનાની સહાય, સબસિડી તથા ડેરીમાં દૂધ અપાય તો તેનાં નાણાં મહિલાના એકાઉન્ટમાં જમા થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા ગેસના ફ્રી બોટલ પણ પરિવારની મહિલાના નામે જ આપવામાં આવે છે. જનધન ખાતા પણ મહિલાઓના નામે ખોલી તેમને બચતને સુરક્ષા આપી છે. આ ઉપરાંત મુદ્રા યોજનાનો સૌથી વધુ લાભ પણ મહિલાઓને મળ્યો છે.

ગુજરાત સરકારે મહિલા ઉદ્યોગ સાહસિકોને તમામ તબક્કે મદદ કરી રહી છે. જેના પરિણામે આજે રાજ્યની મહિલાઓએ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે કાઠું કાઢ્યું છે. ગુજરાતની મહિલાઓ અનેક નવાં નવાં ઉત્પાદનો, આઇડિયા દ્વારા અનેક લોકોને રોજગારી આપતી બની છે. ગુજરાત સરકારે આવી ઉદ્યોગસાહસિક મહિલાઓ તથા તેમને મદદ કરતી સંસ્થાઓને હરહંમેશ પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

રમત- ગમત ક્ષેત્રે પણ મહિલાઓને ખૂબ પ્રાધાન્ય મળે છે એટલે જ આપણી સરિતા ગાયકવાડે માત્ર ગુજરાતનું જ નહીં પણ ભારતનું નામ રોશન કર્યું છે. આવા ખેલાડીને ગુજરાતની પોલીસ કેડરમાં નોકરી આપી સરકારે મહિલાનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ મહિલાઓ દ્વારા ગુજરાતને ઉત્તમ બનાવવાના પ્રયાસો કર્યા હતા. આજે માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ખાસ મહિલાઓ માટે ગુજરાતમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ, મહિલા સામખ્ય (શિક્ષણ દ્વારા સ્ત્રી સશક્તીકરણ), જનની સુરક્ષા, દીકરી યોજના, મિશન મંગલમ્, સરસ્વતી સાધના યોજના, કુંવરબાઈનું મામેરું, વિદ્યા સાધના યોજના, વ્હાલી દીકરી યોજના, ઘર દીવડા યોજના જેવી એક - બે નહિ પરંતુ ૪૦થી વધુ યોજનાનો સુદૃઢ અમલ કરી ગુજરાતને સર્વોત્તમ બનાવવાની દિશામાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

> **"યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ"**
>
> ***જ્યાં નારીનું પૂજન થાય છે, સન્માન, માન, ગૌરવ જળવાય છે ત્યાં દેવતાઓનો વાસ થાય છે. તે પંક્તિ જાણે ચરિતાર્થ થતી હોય તેવું લાગે છે. યાદ કરો ૨૦ વર્ષ પહેલાની મહિલાઓની સ્થિતિ અને આજની પરિસ્થિતિમાં ૩૬૦ ડિગ્રીનો તફાવત લાવી ગુજરાત સમગ્ર દેશને નવી દિશા આપી રહ્યું છે. મારું માનવું છે કે, ગુજરાતે મહિલાઓનું માન, સન્માન, ગૌરવ વધાર્યુ છે. જેના પરિણામે આજે ગુજરાત દેશભરમાં સમૃદ્ધ, વિકસિત અને સુખી રાજ્ય ગણવામાં આવે છે. એટલે જ ઉક્ત પંક્તિ ચરિતાર્થ થતી જોવા મળે છે.***

ગુજરાતમાં મહિલાઓના વિકાસ માટે તેમનાં પ્રશ્નો, મુંઝવણો, તકલીફોને પ્રાથમિકતા આપી તેને સમજી તેનું નિરાકરણ કરવામાં આવ્યું છે. મહિલાઓને ગૌરવ મળે, એનુ સન્માન જળવાય તેવી કામગીરી કરાઇ છે. એટલે કે મહિલાઓનો વિકાસ એમ નહીં પણ મહિલાઓ દ્વારા ગુજરાતનો વિકાસ એમ કહેવું ઘટે તેવી પરિસ્થિતિ છે. હા... શાસ્ત્રોમાં કહેવાયું છે.... ●

***(લેખિકા ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગનાં રાજ્યકક્ષાનાં મંત્રી છે)***

# મેડિકલ મિરેકલ કરતી વડોદરાની સયાજી હોસ્પિટલ



✎ સુરેશ મિશ્રા

સયાજી હોસ્પિટલ એ મધ્ય ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલ છે અને માત્ર પૂર્વ કે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ જ નહિ પરંતુ છેક મધ્ય પ્રદેશ,રાજસ્થાન અને મહારાષ્ટ્રથી આરોગ્ય સેવાના જરૂરતમંદોને અહીં સારવાર સેવા મળી રહે છે.

આ હોસ્પિટલનો બાળ રોગ વિભાગ ડૉ. શીલા ઐયરના નેતૃત્વ હેઠળ કાર્યરત છે અને આ સમર્પિત ટીમ અધૂરા માસે જન્મેલાં, નવજાતથી લઈને બાળ વય સુધીનાં બચ્ચાઓની જે સારવાર કરે છે, તે મેડિકલ મિરેકલથી કમ નથી.જો કે તેઓ ચમત્કારનો કોઈ દાવો કર્યા વગર સમર્પિતપણે તેમનું આ કામ કર્યે જાય છે.

ખાસ કરીને અધૂરા માસે જન્મતાં બાળકોનાં વિવિધ અંગો, અવયવોનો પૂરતો વિકાસ થયેલો ન હોવાને લીધે જટિલ તબીબી મુશ્કેલીઓ સર્જાય છે તેવી જાણકારી આપતાં ડૉ. શીલાબહેને એક સંવાદમાં જણાવ્યું કે, તાજેતરમાં જ વડોદરાથી લગભગ પોણા બસો કિલોમીટરના અંતરે અલીરાજપુરથી લગભગ 34 અઠવાડિયાથી ગર્ભાવસ્થા એ જન્મેલી બાળકીને અહીં લાવવામાં આવી જેને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી.

1750 ગ્રામ જેટલું ઓછું વજન ધરાવતી આ બાળકીના ફેફસાંનો યોગ્ય વિકાસ થયો ના હોવાથી એને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી અને તેની સારવારની અલીરાજપુરમાં ઉચિત સુવિધા ન હોવાથી મધ્ય પ્રદેશ આરોગ્ય તંત્રે આ બાળકીને સયાજી હોસ્પિટલમાં રિફર કરી હતી. અહી બાળ રોગ વિભાગની સમર્પિત ટીમે આ સાવ માસૂમ બાળકની તબીબી તકલીફોનો તાગ મેળવી એને સિપેપ વેન્ટિલેટર પર રાખીને સરફેક્ટેન્ટ જેવી મોંઘી દવાઓ આપીને એના સ્વાસ્થ્યને સ્થિરતા આપી છે. હાલના તબક્કે તેની જીવન રક્ષા થઈ છે અને સારવાર ચાલુ છે.શ્વાસની આવી તકલીફ સાથે આટલી લાંબી મુસાફરી કરીને તાજું જન્મેલું બાળક અહી હેમખેમ લાવી શકાયું એ પણ ચમત્કારથી કમ નથી એવું ડૉક્ટરનું કહેવું છે. જન્મજાત ખામીઓ સાથે જન્મતાં બાળકોની મુશ્કેલીઓ ખૂબ જટિલ હોય છે અને નાજુક, અપરિપકવ અંગો હોવાથી કોઈપણ પ્રોસિજર કરવો અઘરો હોય છે અને ખૂબ બારીકી અને કુશળતા માંગી લે છે.

આવો જ એક કિસ્સો જન્મ સમયે આંતરડાનો વિકાસ શરીરની બહાર થયો હોય એવા એક શિશુનો છે. તબીબી વિજ્ઞાન આ વિસંગતિને ગેસ્ટરો સ્કાયાસીસ જેવા અઘરા નામે ઓળખે છે. આ બાળકના શરીર બહાર વિકસેલા આંતરડાને ખૂબ જટિલ શસ્ત્રક્રિયા દ્વારા શરીરની અંદર મૂળ સ્થાને બેસાડીને તેની હાલત સુધારવામાં આવી અને શરીરના અંગોને યોગ્ય રીતે કાર્યરત કરવામાં આવ્યાં. જેના પરિણામે એની તબિયત સ્થિર થઈ, સુધરી અને માતાપિતા પરિવારને રાહત મળી.

બીજું એક બાળક ડાયા ફ્રેગમેટિક હર્નિયાની મુશ્કેલી સાથે જન્મ્યું હતું. માના પેટમાં જ આંતરડા જેવા અંગોના અવ્યવસ્થિત વિકાસને લીધે આ બાળકના ઉદરપટલમાં ખામી સર્જાઈ હતી. જેનો તબીબી કુશળતા સાથે ઈલાજ કરીને તેને નવું જીવન આપવામાં આવ્યું. વધુ એક કિસ્સામાં ભરૂચના નેત્રંગથી આવેલા એક બાળકના જોડાયેલી અન્નનળી અને શ્વાસનળીની જટિલ સર્જરી ખૂબ કુશળતા સાથે કરી, આ બંને વાયટલ ઓર્ગન્સને નવેસરથી સ્થાપિત કરીને આ બાળકને નવું જીવન આપવામાં આવ્યું. તો જન્મ વખતે જ મોટી ગાંઠ, ઓવેરિયન સિસ્ટ ધરાવતા બાળકને જરૂરી શસ્ત્રક્રિયા દ્વારા સારવાર આપવામાં આવી હતી.

ડૉ. શીલાબહેન કહે છે કે આવા અધૂરા માસે જન્મેલા કે નવજાત બાળકોની શારીરિક અને અવયવ વિષયક ગૂંચવણો તબીબી જ્ઞાનની કસોટી કરનારી હોય છે. પરંતુ અમારા સમર્પિત બાળ રોગ તબીબો, નર્સિંગ સ્ટાફ જરાય મૂંઝાયા વગર પોતાના જ્ઞાન અને અનુભવજન્ય કુશળતાનો વિનિયોગ કરીને એમને નવું જીવન આપવામાં જરાય પાછીપાની કરતા નથી. ●

### અનોખા પર્યાવરણ રક્ષક વાસંતીબા


# વેસ્ટ કાપડમાંથી થેલી બનાવી લોકોને નિઃશુલ્ક વિતરણ કરે છે

✎ ઉમંગ બારોટ

"ગમતું મળે તો અલ્યા ગૂંજે ન ભરીએ ગમતાનો કરીએ ગુલાલ" કવિ મકરંદ દવેની આ પંક્તિને અમદાવાદનાં વાસંતીબાએ સાર્થક કરી બતાવી છે. ગયા વર્ષે લોકડાઉનમાં અબાલ-વૃદ્ધ સૌ કોઇને ઘરમાં પુરાઈ જવું પડ્યું હતું તેવા સમયે ૮૩ વર્ષના વાસંતીબહેને પ્રવૃત્ત રહેવાનો માર્ગ શોધી કાઢ્યો હતો. તેઓએ વર્ષો પહેલાં છોડી દીધેલો સિલાઈનો શોખ ઘરમાં જ રહી સમય પસાર કરવા માટે ફરી તાજો કર્યો અને વેસ્ટ કાપડમાંથી થેલી બનાવવાનું શરૂ કર્યું. બાની આ પ્રવૃત્તિ આજે પણ ચાલુ છે. વાસંતીબા કાપડની થેલી હવે આસપાસના લોકો અને દુકાનદારોને નિ:શુલ્ક આપી રહ્યા છે. એટલું જ નહિ પ્લાસ્ટિકને બદલે કાપડની થેલી વાપરવાનો સંદેશ પણ.

વાસંતીબાના દીકરા આશુતોષભાઇ રાવલ કે જેઓ ટ્રાવેલ્સ કંપની ચલાવે છે તેઓના કહ્યા મુજબ, લોકડાઉનમાં ઘરે બેઠા બેઠા એક દિવસ ચર્ચા દરમિયાન બાએ પૂછ્યું કે આ કોરોના કેમ આવ્યો ? ત્યારે મેં દૂષિત પર્યાવરણ અને તેમાંથી ઉદભવતા રોગો- મહામારીની વાત કરી. વળી વાત વાતમાં પ્લાસ્ટિકના કચરાનો વિશેષ ઉલ્લેખ કર્યો. ત્યારે મારી બાએ કહ્યું કે તો આપણે લોકોને કાપડની થેલી બનાવી આપીએ અને એ જ ઉપયોગમાં લેવાનો આગ્રહ પણ કરીએ તો !

તેઓ આગળ કહે છે કે, કાપડની થેલી બનાવવાના બાના નાનકડા અભિયાનની આ શુભ શરૂઆત હતી. તેણે વેસ્ટ કાપડ ભેગું કરી તેની સિલાઈ કરી થેલી બનાવવાનું શરૂ કર્યું. બાને મન સિલાઈ કામ એટલે ગમતી પ્રવૃત્તિ. લોકડાઉનના કપરા સમયમાં આ કામથી બા વ્યસ્ત રહેવા લાગી. ધીરે ધીરે એની રીતે રોજ અનુકૂળતા પ્રમાણે થેલી સીવતા ત્યારે કંઈક કર્યાનો આનંદ અને ગર્વ પણ તેમના ચહેરા પર છલકાતો. આ જોઈને બાને ઉમરલાયક હોવા છતાં પણ સિલાઈ કામ કરવા માટે અટકાવ્યા નહીં.



આશુતોષભાઈએ હવે દરજીકામ કરતાં વ્યક્તિઓ પાસેથી નકામું વધેલું કાપડ એકઠું કરી વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની તરકીબ અજમાવી છે જે સફળ નીવડી છે. વાસંતીબાએ બનાવેલી કાપડની થેલી હવે આશુતોષભાઇ આસપાસના લોકો અને દુકાનદારોને પર્યાવરણ રક્ષણના સંદેશ સાથે નિ:શુલ્ક આપી રહ્યા છે. લોકો પણ વાસંતી બાના પ્રેમ અને લાગણીથી ગૂંથાયેલી થેલીને સહર્ષ સ્વીકારી લે છે..

વાસંતીબા અત્યાર સુધીમાં આવી ૫૦૦થી વધુ કાપડની થેલી બનાવી લોકોને ભેટ આપી ચૂક્યા છે. વાસંતીબાએ ગમતી પ્રવૃત્તિ વર્ષો બાદ ફરી શરૂ કરી અને હવે આ કાર્ય બીજાને પણ પ્રેરણા સંદેશ આપી રહ્યું છે. ●

# તેલંગાણાની મહિલાનો પરિવાર સાથે મેળાપ

દાહોદના સખી વન સ્ટોપ સેન્ટરે તાજેતરમાં જ એક માનસિક અસ્વસ્થ મહિલા જે પોતાના પરિવારથી વિખૂટી પડીને ખોવાઇ હતી તેને છેક તેલંગાણા ખાતેના પોતાના વતન પહોંચતી કરી છે. આ મહિલાના પરિવારજનો છેલ્લા એક વર્ષથી તેની શોધખોળ કરી રહ્યાં હતા. આ માટે સખી વનસ્ટોપ સેન્ટર તેમજ મહિલા પોલીસ સ્ટાફ પણ આ મહિલાના વતનની ભાળ મેળવવા તેલંગાણા ગયો હતો. દાહોદ ખાતેના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આ માટે ૧૧ દિવસ સુધી આ મહિલાને આશ્રય આપીને તેલુગુ ભાષા જાણકારને સાથે રાખીને તેનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું.

તેલંગાણાની આ ૪૨ વર્ષીય મહિલા રૂરલ રાબડાલ પોલીસ સ્ટેશન દાહોદ વિસ્તારના કાળીતળાઈ ગામના બસસ્ટેશન પાસે મળી આવી હતી. તેઓ માનસિક રીતે અસ્વસ્થ જણાતા હોય તેમજ રાજ્ય બહારના હોવાનું જણાતા રાબડાલ રૂરલ પોલીસ દ્વારા "સખી" વન સ્ટોપ સેન્ટર દાહોદ ખાતે મહિલાને આશ્રય માટે લાવવામાં આવ્યા હતા. આ મહિલાનું કેન્દ્ર સંચાલક સંધ્યાબેન અને નજમાબેન દ્વારા કાઉન્સેલિંગ કરતાં તેઓ તેલુગુ ભાષા જાણતા હોવાનું જણાઈ આવતા વેસ્ટર્ન રેલવે દાહોદના કર્મચારી નીતુ બોસની મદદથી મહિલાનું કાઉન્સેલિંગ કરતાં તેઓ આંધ્રપ્રદેશ તેલંગાણાના નિજામાબાદમાં આવેલા અંતરિયાળ ગામના હોવાનું જણાયું હતું.

ત્યાર બાદ "સખી" વન સ્ટોપ સેન્ટર દાહોદ દ્વારા, નિજામાબાદ સખી વન સ્ટોપ સેન્ટરનો સંપર્ક કરી મહિલા વિશે માહિતી આપી હતી. આ મહિલા પોતાના વતન જવા માટે ઘણું ચિંતીત હોય સખી વન સ્ટોપ સેન્ટરે કલેક્ટરશ્રીની મંજૂરી મેળવી મહિલા પોલીસકર્મીઓ તેમજ સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફને સાથે લઈને તેલંગણા ગયો હતો. જયાં નિજામાબાદના સખી વન સ્ટોપ સેન્ટર તેમજ સ્થાનિક પોલીસની મદદથી મહિલાનું તેના પરિવારજનો સાથે સુખદ મેળાપ કરી આપ્યો હતો. આ મહિલાના ચાર બાળકો છે તેમજ તેમના પતિ પણ તેમની શોધ કરી રહ્યાં હતા. ●



# પાટણના કામરાજભાઈની સરગવાની ખેતીને વડાપ્રધાનશ્રીએ વખાણી

અમિત ગઢવી

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દર મહિને રેડિયોના માધ્યમથી રાષ્ટ્રના નાગરિકોને 'મન કી બાત' દ્વારા સંબોધિત કરે છે. જેમાં વડાપ્રધાનશ્રી દેશના વિવિધ વિસ્તારના જુદા જુદા ક્ષેત્રમાં વિશિષ્ટ ઉપલબ્ધિ ધરાવનાર લોકોની વાત કરે છે. ગત ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાટણના સિદ્ધપુર તાલુકાના લુખાસણ ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી કામરાજભાઈ ચૌધરીનો ઉલ્લેખ સરગવાની ખેતીને લઈને કર્યો હતો.

યુવાન અને નવા વિચારોને વરેલા કામરાજભાઈએ ગ્રેજ્યુએશન કર્યા બાદ પિતા પાસેથી ખેતી શીખી. તેઓએ વર્ષ ૨૦૦૧માં સૌપ્રથમ વખત પ્રાયોગિક ધોરણે સરગવાની અને વર્ષ ૨૦૦૩માં દાડમની ખેતી ડ્રીપ ઈરિગેશન સાથે કરી હતી. છેલ્લાં દસ વર્ષથી નિયમિત રીતે સરગવાની ખેતી કરતા કામરાજભાઈ પોતાનો અનુભવ વર્ણવતાં જણાવે છે કે સરગવાને પાણી ઘણું ઓછું જોઈએ છે. જેથી, સૂકું વાતાવરણ સરગવાની ખેતી માટે અનુકૂળ છે. ડ્રીપ ઈરિગેશન દ્વારા સરગવાનો ઉત્તમ પાક લઈ શકાય છે. અત્યારે કામરાજભાઈએ પાંચ એકર જમીનમાં સરગવાના ૨૪૦૦ છોડ લગાવ્યા છે અને એનું બીજ પણ તેઓએ પોતે તૈયાર કર્યું છે. કામરાજભાઈ સરગવાનું બિયારણ અન્ય ખેડૂતોને પણ આપે છે. સરગવામાં તેઓ છાણિયા ખાતરનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે.

> *સરગવાને પાણી ઘણું ઓછું જોઈએ છે. જેથી, સૂકું વાતાવરણ સરગવાની ખેતી માટે અનુકૂળ છે. ડ્રીપ ઈરિગેશન દ્વારા સરગવાનો ઉત્તમ પાક લઈ શકાય છે.*

સરગવાની ખેતીમાં ખેડૂતને વળતર સારું છે એમ જણાવતાં કામરાજભાઈ કહે છે કે તેઓએ વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૫ વીઘામાંથી ૪૦ લાખ રૂપિયા જેટલું ઉત્પાદન મેળવ્યું હતું. જેમાં ૫ લાખ રૂપિયા જેટલો ખર્ચ થયો હતો. જેમાં અંદાજે તેઓએ પ્રત્યેક વીઘાએ એક લાખ રૂપિયાની આવક મેળવી હતી. હાલમાં એમના ખેતરમાં વર્ષ ૨૦૧૯ના એપ્રિલ મહિનામાં વાવેતર કરેલા છોડમાંથી પણ તેઓએ વીઘાદીઠ લાખ રૂપિયા જેટલી આવક મેળવી લીધી છે. કામરાજભાઈ પોતાનો સરગવો તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સા જેવા રાજ્યોમાં પહોંચાડે છે. જ્યાં તેઓને વેપારીઓ પાસેથી કિલોદીઠ ૫૦ થી ૫૫ રૂપિયા ભાવ મળી રહે છે.

કામરાજભાઈએ ખેતી માટે ગુજરાત સરકારની વિવિધ ખેડૂતલક્ષી કલ્યાણકારી યોજનાઓનો લાભ લીધો છે. જેમાં ડ્રીપ ઈરિગેશન, સરગવાના છોડ માટે સબસિડી, ટ્રેક્ટર અને રોટાવેટર જેવાં સાધનો માટે સરકાર તરફથી અલગ અલગ સમયે સહાય મેળવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં કામરાજભાઈની વાત કરતાં ગુજરાતભરમાંથી ખેડૂતો માર્ગદર્શન માટે તેમનો સંપર્ક કરી રહ્યા છે. ખેડૂતોને સરગવાની ખેતી બાબતે સલાહ આપતાં કામરાજભાઈ કહે છે કે, સરગવાનું ઝાડ જો સારી માવજત કરવામાં આવે તો ૨૦ વર્ષ સુધી સારું ઉત્પાદન આપે છે. સરગવાના અનેક ઔષધીય ગુણો હોવાથી તેનો બજારમાં સારો ભાવ મળી રહે છે. ખેડૂતોને સરગવાની ખેતી કરવામાં સારો એવો લાભ છે. ●

# "કુંદન" જાતની ટેટીની ખેતીમાં પ્રવીણભાઇની "પ્રવીણતા"

મહેન્દ્ર વેકરિયા

ઉનાળામાં ફળોની રાણી તરીકે જાણીતી સક્કર ટેટી સૌ હોંશે હોંશે આરોગે છે. ફળોના રાજા એટલે કે કેરીની સવારી આવે તે પહેલાં ફળોની રાણીને આહારમાં સમાવીને શરીરમાં પૂરતા પ્રમાણમાં પોષકતત્ત્વો મેળવવા સ્વાસ્થ્યપ્રિય લોકો તૈયાર હોય છે. ગુજરાત રાજ્યમાં ખેતીવાડી ક્ષેત્રે ઘણી પ્રગતિ આવી છે. ખેડૂતો પણ ઓછી જમીન પર વધુ પાક લેતાં થયા છે. જેના થકી રાજ્યનો ખેડૂત સમૃદ્ધ બન્યો છે.

આજના સમયમાં ખેડૂત હવે ટેક્નોલોજીના સહારે પોતાના વિસ્તારમાં થતા પરંપરાગત પાકથી અલગ તરીને ખેતીમાં વધુ નફાકારક પાકોના ઉત્પાદન મેળવવા માટેના પ્રયાસો કરતો થયો છે. ઉનાળાના આગમનની સાથે બજારમાં મીઠી મધુર એવી સક્કર ટેટીનું આગમન થઈ ચૂક્યું છે. પેટને ટાઢક આપતી મધુરી ટેટી ગરીબ હોય કે તવંગર, સૌ કોઈ માટે ચહિતી છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં થતી સક્કર ટેટીનું સુરતના ખેડૂતે ઘરઆંગણે ઉત્પાદન કરીને નફાકારક ખેતી માટે નવો ચીલો ચાતર્યો છે.

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઘલા ગામના ૪૧ વર્ષીય યુવા ખેડૂત પ્રવિણભાઈ વલ્લભભાઈ માંગુકિયાએ આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ઉનાળુ સિઝનની સક્કર ટેટીનું વાવેતર કરીને બમ્પર ઉત્પાદન મેળવ્યું છે. ટપક સિંચાઈ પધ્ધતિથી ખેતી કરીને ડ્રીપ ઈરીગેશનથી પાકને જોઈતા પ્રમાણમાં પાણી મળી રહ્યું છે, વળી ટેટીના પાક પર મલ્ચીંગ કરી ઈઝરાયલની ટેકનોલોજીનો ઉપયોગ કરીને વાવેતર કર્યું છે. ખાસ કરીને પોલિ પ્રોપિલીન ગ્રો કવરથી ટેટીને બાહ્ય આવરણથી સુરક્ષિત રાખવામાં આવ્યું છે. આ ખાસ પ્રકારના આધુનિક સુરક્ષા કવચ 'ગ્રો-કવર'ના ઉપયોગથી પ્રતિકુળ વાતાવરણ તેમજ જીવાતો અને પક્ષીઓના ઉપદ્રવ સાથે પાકનું રક્ષણ થાય છે.

ટેટીના વાવેતરની પ્રેરણા વિશે પૂછતા તેમણે કહ્યું કે, સોશિયલ મીડિયા તેમજ યુ-ટયુબમાંથી વિવિધ સક્કર ટેટીના જ્ઞાનવર્ધક વિડીયો જોઈને બાગાયતી ખેતી, તાપમાન, માટી, વાવેતર, ઉછેર અને કૃષિ પદ્ધતિઓની ઉપયોગી વિગતો મેળવીને વાવેતર કર્યું હતું. ભારતના અન્ય રાજ્યોના પ્રગતિશીલ ખેડૂતોની યુટ્યુબના માધ્યમથી ખેતી કરવાની અનોખી રીતોથી મને ટેટીની સફળ ખેતી કરવાની પ્રેરણા મળી.

પ્રવીણભાઈ જણાવે છે કે, મહારાષ્ટ્રના નાસિકથી રોપાદીઠ રૂા.૨.૭૦ના ભાવે ૪૫,૦૦૦ કુંદન જાતિના રોપાનો ઓર્ડર આપી મંગાવ્યા હતા. જે પ્લાન્ટ રોપ્યા બાદ ૧૯ દિવસ સુધી પોલી પ્રોપિલીન કવર(ગ્રો કવર) ઢાંકવામાં આવ્યું હતું. મલ્ચીંગના કારણે જમીનમાં ભેજ અને પોષકતત્વો જરૂરિયાત પ્રમાણે જળવાઇ રહે છે તેમજ નિંદણનો પ્રશ્ન પણ ઓછો રહે છે. જ્યારે ગ્રો કવર દ્વારા પાકનું અનેક રીતે રક્ષણ થાય છે. ગ્રો કવરના કારણે ટેટીના પાકમાં રોગ-જીવાતનો ઉપદ્રવ ઓછો રહે છે. પ્લાસ્ટિકનું ગ્રોકવર ભીની માટી સાથે ફળોનો સંપર્ક ટાળે છે. તેથી ફળોમાં થતી ઈજા અટકે છે. માખી સહિતની જીવાતો તથા અન્ય વાયરસથી રક્ષણની સાથે ઝાકળ, ભેજ અને કમોસમી વરસાદ જેવા વાતાવરણની પ્રતિકૂળ અસરની સામે પાકને રક્ષણ મળે છે. જેમાં તેમને રાજ્ય સરકાર દ્વારા રૂા.૩૮૫૦૦નો સબસિડી મળી છે. જ્યારે ડ્રીપ ઈરીગેશનમાં ૧.૫૨ લાખની સબસિડી મેળવી છે.

પ્રવીણભાઈના જણાવ્યા અનુસાર ટેટીનું વાવેતર કર્યાના ૭૫ દિવસ બાદ પાક તૈયાર થઈ જાય છે. જેથી આઠ એકરમાંથી અંદાજે ૧૪૪ ટન જેટલી ટેટીનું માતબર ઉત્પાદન થવાની સંભાવના તેમણે વ્યક્ત કરી હતી. એક એકરે અંદાજીત મંજુરીથી લઈ અન્ય



રૂા.૭૫૦૦૦નો ખર્ચ થયો છે. આજ સુધી માર્કેટ યાર્ડ સુધી પાકને લઈ જવાની જરૂર જ પડી નથી. સોશિયલ મીડિયા અને મિત્રો-પરિચિતોના ગ્રુપમાં સીધું જ વેચાણ કરે છે. ગત વર્ષે તરબૂચના પાકમાં પણ લોકો તરબૂચ ખરીદવા છેક સુરતથી તેમના ખેતર સુધી આવતા. આમ પ્રધાનમંત્રીશ્રીના ૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવકને ડબલ કરવાના સ્વપ્નને સાકારિત કરવા માટે આજનો ખેડૂત જો ગ્રાહકો સુધી સીધુ વેચાણ કરે અને યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવાય તો ચોક્કસ તેમનો સારો નફો મળી રહેશે. યુવા કિસાન પ્રવિણભાઈએ આ વર્ષે ચેરીના થોડા છોડનું વાવેતર કર્યું છે જેમાં સફળતા મળી છે. જેથી ભવિષ્યમાં ચેરીની ખેતી કરવાની પણ આશા તેમણે વ્યક્ત કરી હતી.

પ્રવિણભાઈએ રાસાયણિક ખાતરોના સ્થાને છાણ, ગૌમૂત્ર, લીમડાના અર્કથી બનતા જીવામૃત જેવા સેન્દ્રીય ખાતરોનો વધુ ઉપયોગ કર્યો છે, જેથી યુરિયા અને ડી.એ.પી.ની પણ જરૂર પડી નથી.

પ્રવિણભાઈ માંગુકિયા ન માત્ર આધુનિક ટેક્નોલોજીયુક્ત ખેતી કરી સારી આવક મેળવે છે બલ્કે કૃષિક્ષેત્રે આત્મનિર્ભર બની અન્ય ખેડૂતોને નવી રાહ ચીંધી રહ્યા છે. ●

# 'શિયાળુ વિઝા' લઇ યુરોપથી દાહોદ આવતા બતક "રેડ ક્રિસ્ટેડ પોચાર્ડ"

દર્શન ત્રિવેદી


દાહોદમાં શિયાળાની મોસમ પક્ષીવિદો-પ્રેમીઓ માટે અનોખો અવસર લઈને આવે છે. માગસર મહિનાની આસપાસ જયારે ઠંડી જોર પકડવાનું શરૂ કરે છે ત્યારે છેક યુરોપથી પ્રવાસ કરીને આવતા રેડ ક્રેસ્ટેડ પોચાર્ડ જેને ગુજરાતીમાં લાલચાંચ કારરિયા કે રાતોબારી કહે છે. દાહોદમાં મોટી સંખ્યામાં પોતાનો શિયાળો ગાળે છે. ગુજરાતમાં થોર જેવા તળાવમાં પણ આ પક્ષી માંડ બે-ત્રણ જોવા મળતાં હોય છે. જયારે દાહોદનાં નગરાળા-દસાલા તળાવ ખાતે પક્ષીપ્રેમીઓ તેમને નરી આંખે આસાનીથી નિરીક્ષણ કરી શકે છે તે પણ દોઢ સોથી પણ વધુ સંખ્યામાં. આટલી મોટી સંખ્યામાં અન્ય કોઇ જગ્યાએ તે જોવા મળવા ખૂબ મુશ્કેલ છે.

પક્ષીપ્રેમી અને વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી કરતાં અમદાવાદના શ્રી મુકેશ આચાર્ય ખાસ આ પક્ષીની ફોટોગ્રાફી કરવા માટે દાહોદ આવે છે. તેઓ જણાવે છે કે, સાઇબિરિયા-યુરોપના દેશોમાંથી પ્રવાસ કરીને આવતું આ માઇગ્રન્ટ (યાયાવર) પક્ષી શિયાળામાં જયારે યુરોપિય દેશોમાં બર્ફીલી મોસમમાં ખોરાકની અછત વર્તાતા હજારો કિલોમિટરનો પ્રવાસ કરીને ગુજરાત આવે છે. ગુજરાતમાં પણ ખાસ કરીને દાહોદમાં રાતોબારી મોટી સંખ્યામાં જોવા મળે છે. દાહોદના નગરાળા અને દસલા તળાવ ખાતે તે મોટી સંખ્યામાં જોઇ શકાય છે.

રેડ ક્રેસ્ટેડ પોચાર્ડમાં માદા કરતાં પ્રમાણમાં નર રાતોબારી ખૂબ જ આકર્ષક દેખાવ ધરાવે છે. તેને જોતાં જ ઓળખી શકાય છે. જયારે માદા રાતોબારી એટલી દેખાવડી નથી હોતી. નર પક્ષી તેના સોનેરી અને છીંકણી રંગના મિશ્રણવાળું માથું અને લાલચટક ચાંચને લીધે તરત ઓળખાઇ જાય છે. જયારે માદા રેડ ક્રેસ્ટેડ પોચાર્ડ છીંકણી રંગનું હોય છે. અન્ય પ્રવાસી પંખીઓની સરખામણીમાં રાતોબારીને તેની લાલચાંચ પરથી ઓળખવા ખૂબ સહેલા છે, માટે તેમને લાલ ચાંચ કરચિયા પણ કહેવામાં આવે છે. આ પક્ષી મૂળ તો બતક પ્રજાતિનાં છે. સાઉથ યુરોપના તળાવોમાં તેઓ પોતાના ઈંડા મૂકે છે. જયારે શિયાળામાં હિમઋતુના આગમન બાદ મધ્ય એશિયા તરફ ખોરાકની શોધમાં પ્રયાણ કરે છે અને ભારતમાં તેનો શિયાળો ગાળે છે.

આ રેડ ક્રેસ્ટેડ પોચાર્ડની વર્તણૂકનો અભ્યાસ ખૂબ રસપ્રદ બની રહે છે. આમ તો આ પક્ષી માણસોથી ખાસ્સાં શરમાતાં પક્ષીઓ છે. એટલે કે માણસ હોય ત્યાં સુધી કિનારા પર આવતાં નથી. પરંતુ દાહોદનાં તળાવોમાં તેઓ થોડી છૂટ લેતા નજરે પડે છે. માણસોની અવરજવર હોવા છતાં તેઓ કિનારા પર આવતાં જોવા મળે છે. સામાન્ય રીતે દિવસે તેઓ પીઠ પર માથું નાખીને સૂઇ જતાં કે અન્ય પ્રવૃત્તિ કરતાં જોવા મળે છે. જયારે રાતે કિનારા પર માણસોની અવરજવર બંધ થતાં કિનારા પરની વનસ્પતિને પાણીમાં ડૂબકી મારીને ખાતાં હોય છે. તળાવમાંની વનસ્પતિનાં પાન, તેના મૂળિયાં રાતોબારીનો ખોરાક. દાહોદના નગરાળા અને દસલા તળાવના છીછરાપણા અને વનસ્પતિને લીધે અહીં તે મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. અહીંનું વાતાવરણ તેમને બધી રીતે માફકસર આવી રહ્યું છે. અહીંના તળાવોમાં રાતોબારી ડૂબકીઓ મારતા કે ઊડતા જોવાનો અનોખો જ લહાવો છે. તેઓ જયારે ડૂબકી મારીને બહાર આવે અને ભીના થયેલા માથાને સૂકવવા માટે માથું ફૂલાવે છે ત્યારે ઓર સુંદર લાગે છે. આ પક્ષીઓને સમૂહમાં તરતાં જોવા આહ્લાદક અનુભવ બની રહે છે.

પ્રાકૃતિક રીતે જળવાયેલું, ખાસ કરીને છીછરા પાણીનું તળાવ આ પક્ષીઓને આકર્ષે છે. દાહોદના તળાવોમાં ગિરિજા એટલે કે કોટન ટીલ પણ જોવા મળી રહ્યા છે. ●



# પ્રવીણભાઇને પ્લાસ્ટિક સર્જરીથી નવો ચહેરો મળ્યો

અમિતસિંહ ચૌહાણ

પ્રવીણભાઇ કરસનભાઇ ભોભી જાન્યુઆરી મહિનામાં રાત્રિ સમય દરમિયાન ખેતરમાં કામ કરી રહ્યા હતા. એકાએક જંગલી પ્રાણીએ તેમના પર ઘાતકી હુમલો કર્યો ! આ હુમલો એટલો ઘાતક હતો કે જંગલી પ્રાણીના પંજાથી પ્રવીણભાઇના ચહેરા પર થયેલ ઈજાએ ચહેરાના 40 ટકા ભાગને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યો. ઇડર તાલુકાના આંકલા ગામમાં રહેતા પ્રવીણભાઈ ભોભી બચી તો ગયા પણ જંગલી પ્રાણીના પંજાના પ્રહારથી તેમનો 40 ટકા ચહેરો બગડી ગયો હતો.

અચાનક બનેલી આ ઘટના બાદ પ્રવીણભાઈના સગા તેમને ઇડર હોસ્પિટલ લઇ ગયા, ત્યાંથી તેમને હિંમતનગર હોસ્પિટલે લઇ જવાયા. હિંમતનગર હોસ્પિટલના તબીબોએ તેમના ઈજાગ્રસ્ત થયેલા બેડોળ ચહેરાને જોઇને સર્જરીની ગંભીરતાનું અનુમાન લગાવી લીધી હતું. જે કારણોસર જ પ્રવીણભાઈને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઇ જવા સૂચન કર્યું. અમદાવાદ સિવિલમાં આવ્યા બાદ તેમને બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી વિભાગની દેખરેખ હેઠળ દાખલ કરવામાં આવ્યાં. અહીં ચકાસણીના અંતે જણાયું કે જાનવરના પંજાના પ્રહારથી પ્રવીણભાઈએ ચહેરાના ડાબા ભાગે આંખનું ઉપલી અને નીચલી પાંપણ, ગાલ, ઉપલા હોઠનો એક હિસ્સો તથા નાકનો અમુક હિસ્સો ગુમાવી દીધો હતો. આ પરિસ્થિતિમાં થોડા સમય બાદ પ્રવીણભાઈની હાલત દયનીય બની જાય તેમ હતી, તેથી ઊંડી ચકાસણી બાદ તબીબોએ પ્રવીણભાઈની રિકન્સ્ટ્રક્ટિવ (પુનઃનિર્માણ) સર્જરી કરીને પ્રવીણભાઈને એક નવો ચહેરો આપવાનો નિર્ણય કર્યો.

*પ્રવીણભાઈની સર્જરી કુલ મળીને 10 કલાક સુધી ચાલી હતી અને તમામ પ્રથમ રિકન્સ્ટ્રક્શન (પુનઃનિર્માણ) એક જ વખતની સર્જરીમાં કરવામાં આવ્યા હતાં.*

ગાલ અને હોઠના ભાગે નરમ પેશીઓની ખામીને પૂરવા માટે રેડિયલ ફોરઆર્મ ફ્રી માઇક્રોવાસ્ક્યુલર ફ્લૅપ સર્જરીથી રિકન્સ્ટ્રક્શન (પુનઃનિર્માણ) કરવામાં આવ્યું. નાક અને ઉપરની પાંપણને કપાળની માંસપેશી લઈને બનાવવામાં આવેલા, જ્યારે નાક અને આંખની અંદરનો ભાગ બનાવવા સાથળની ચામડી અને તાળવામાંથી મ્યુકોસા લેવામાં આવેલા.

પ્રવીણભાઈની સર્જરી કુલ મળીને 10 કલાક સુધી ચાલી હતી અને તમામ પ્રથમ રિકન્સ્ટ્રક્શન (પુનઃનિર્માણ) એક જ વખતની સર્જરીમાં કરવામાં આવ્યા હતાં. ડૉ. જયેશ પી. સચદે, ડૉ. માનવ પી. સુરી, ડૉ. હિરેન એ. રાણા અને પ્લાસ્ટિક સર્જરી વિભાગની ટીમ, એનેસ્થેસિયા વિભાગ તથા ઓપ્થેલ્મોલોજી વિભાગની ટીમ પણ આ સર્જરીમાં જોડાઈ હતી. આ કિસ્સાથી સાબિત થાય છે કે ગુજરાતમાં અગાઉ આવી ખર્ચાળ સર્જરી માત્ર ધનિક વર્ગ જ કરાવી શકતા હતા જે આજે સરકારી હોસ્પિટલોમાં ગરીબ વર્ગના લોકો માટે પણ વિનામૂલ્યે ઉપલબ્ધ થઈ છે.



ઉલ્લેખનીય છે કે સિવિલ હોસ્પિટલમાં સતત 10 કલાક થી વધુ સમય ચાલેલી પ્રવીણભાઈની સર્જરી અને સંપૂર્ણ સારવાર વિનામૂલ્યે થઈ છે, જેની સામે અન્યત્ર ખાનગી હોસ્પિટલમાં અંદાજિતપણે 10 થી 11 લાખ રૂપિયાનો ખર્ચ થયો હોત. કોવિડ 19 ની મહામારીના કપરા કાળમાં પણ અત્યાર સુધીમાં અમદાવાદ સિવિલના બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી વિભાગે સહેજ પણ ડગ્યા વગર દર્દીઓની સેવા કરી હતી અને આ ગાળામાં અંદાજે 1300 જેટલી સર્જરી કરીને કર્તવ્યપરાયણતાની મિસાલ સ્થાપી છે. ●

# નિકોલમાં દેશનો ૭૫૦૦મો "પ્રધાનમંત્રી જનઔષધી સ્ટોર" શરૂ



અમદાવાદના નિકોલમાં દેશના ૭૫૦૦મા "પ્રધાનમંત્રી જનઔષધી સ્ટોર"નો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલી શુભારંભ કરાવ્યો હતો આ અવસરે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાનશ્રીએ તેમના ઓનલાઈન સંબોધનમાં જીવનમાં તંદુરસ્તીનું મહત્ત્વ સમજાવી રોગની ઉત્પત્તિ જ ન થાય તે માટે તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા ભારતીય સંસ્કૃતિએ સૂચવેલા યોગ- આયુર્વેદના માર્ગે નિરામય જીવન હાંસલ કરવા માટે હાકલ કરી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે નિકોલ ખાતે ઉપસ્થિત રહી આ અવસરે જણાવ્યું હતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબોની પીડા-વેદનાને સમજી સમગ્ર દેશમાં "પ્રધાનમંત્રી જનઔષધી સ્ટોર્સ"ની શરૂઆત કરી છે. આ સ્ટોર્સ પરથી બજારમાં મળતી દવા કરતાં ઘણા ઓછા દરે જેનેરિક દવાઓ ઉપલબ્ધ બનશે. વડાપ્રધાનશ્રીએ પ્રજાલક્ષી માનવસેવાનું કાર્ય કરતાં આ સ્ટોર્સ ઊભા કરવાથી સમાજમાં જે લોકો ડાયાબિટીસ, અસ્થમા જેવી બીમારીઓથી પીડાઈ રહ્યા છે અને જેઓને સતત અને નિયમિત દવાની જરૂર પડે છે તેવા લોકો માટે આ જનઔષધી સ્ટોર્સ આશીર્વાદરૂપ બની રહેશે.

બદલાતી જીવનશૈલી સાથે નવા-નવા રોગો ઉદભવી રહ્યા છે તેવા સમયે શરીરની કાળજી માટે દવા સિવાય કોઈ વિકલ્પ બચતો નથી, ત્યારે આ જનઔષધી સ્ટોર્સ ગરીબ પરિવાર માટે ખૂબ ઉપયોગી બની રહેશે. રાજ્યની સરકારી હોસ્પિટલોમાં તો તમામ રોગોની દવાઓ મફત આપવામાં આવે છે. ગુજરાતમાં તેના ઘણા સ્ટોર્સ છે. સરકારી હોસ્પિટલોમાં આવા અગાઉ સ્ટોર્સ ખોલવામાં આવ્યા છે તેનો લોકો મોટા પ્રમાણમાં લાભ લે છે.

આગામી સમયમાં ભારત સરકારની કંપની દ્વારા રાજ્યની ૭૫ સરકારી હોસ્પિટલોમાં ઉચ્ચ ગુણવત્તાવાળી અસરકારક દવાઓના વેચાણ માટે ભારત સરકારની કંપની સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જેની આગામી સમયમાં શરૂઆત થાય તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે તેની વિગતો તેમણે આપી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગરીબ પરિવારો આ જેનેરિક દવાઓને લીધે બચેલી રકમનો ઉપયોગ તેમનાં બાળકોના સારા શિક્ષણ તથા પરિવારના આરોગ્ય માટે કરી શકશે.

આ અવસરે સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, ધારાસભ્ય શ્રી જગદીશભાઈ પંચાલ, શ્રી વલ્લભભાઈ કાકડિયા તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લેતા નાયબ મુખ્યમંત્રીશ્રી

અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે કોરોના રસીકરણ કરાવી વિશ્વસનીયતાનો સંદેશ પાઠવી રાજ્યના નાગરિકોને કોરોના રસીકરણ કરાવવા હાર્દભરી અપીલ કરી હતી.



નાયબ મુખ્યમંત્રીશ્રીએ સામાન્ય વ્યક્તિની જેમ જ સોલા સિવિલ હોસ્પિટલના કોરોના રસીકરણ કેન્દ્ર પર પહોંચીને રસીકરણ માટેની સમગ્ર પ્રક્રિયા અનુસરી કોરોના રસીકરણ કરાવ્યુ હતું. કોરોનાની રસીનો પ્રથમ ડોઝ લીધા બાદ દંપતી કોરોના રસીકરણ કેન્દ્રના ઓબ્ઝર્વેશન રૂમમાં અડધો કલાક સુધી દેખરેખ હેઠળ રહ્યાં હતાં.

કોરોનાની રસી સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું જણાવી નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યભરમાં મોટી સંખ્યામાં હેલ્થકેર વર્કરો, ફ્રંટલાઈન વર્કરો અને હવે વરિષ્ઠ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવ્યું છે. સ્વદેશી વેક્સિન સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું જણાવીં સમગ્ર દેશમાં વેક્સિનના સકારાત્મક પરિણામ મળી રહ્યાં હોવાનું તેઓએ ઉમેર્યુ હતું. ●

# તલોદનાં રોઝડ ખાતે વૈદિક મંત્રોચ્ચાર સાથે ગુરૂકુળ ભવનનો શિલાન્યાસ



સાબરકાંઠાના તલોદ તાલુકાના રોઝડ ખાતે વાનપ્રસ્થ સાધક આશ્રમ પરિસરમાં રૂ.ચાર કરોડના ખર્ચે તૈયાર થનાર ગુરૂકુળ ભવનનો શિલાન્યાસ તાજેતરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, લોકોની સમસ્યાનું ચિંતન કરીને આગળ વધશું તો જ સમાજોત્થાન થકી સમૃધ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરી શકીશું. આર્ય સમાજનાં સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીએ સમાજનાં સામાજિક વિકાસ માટે ઘણા કાર્યો કર્યા છે, તે આપણા ગુજરાતની ધરતીનો ધબકાર છે.

તેમણે જણાવ્યું હતુ કે, આઝાદી વખતે આર્ય સમાજનું મોટુ અને મહામુલૂ યોગદાન રહયું છે. તેમણે રોઝડ ખાતે આર્યવનમાં શ્રેષ્ઠ કાર્ય માટે શ્રી મનસુખભાઈની ટીમને અને આચાર્ય સત્યજિત આર્યની ટીમને અભિનંદન આપતા ઉમેર્યુ હતું કે, આર્ય સમાજની જ્યોતને પ્રજ્જવલિત કરીને સુંદર કાર્ય થઇ રહયું છે. જેમ કૂવામાં પાણીના સ્ત્રોતનું શ્રવણ અવિરત રહે તો જ તે બીજાને આપી શકે તેવા ઉમદાભાવ સાથે વૈદિક ધર્મનું પ્રશિક્ષણ પઠન પ્રસાર-પ્રચાર અહીં થાય છે. ગુરૂકુલમાં રહેતા છાત્રો પોતાના માટે નહી પરંતુ રાષ્ટ્ર કલ્યાણ માટે કાર્ય કરે છે તેમ જણાવી ઋષિ દયાનંદની વિચારધારાને લોકો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા હોવાનું તેઓએ ઉમેર્યુ હતુ.

સામાન્ય કોલેજ-સ્કૂલો કરતા આ ગુરૂકુલનું શિક્ષણ સંસ્કૃત-વૈદિક અને યજ્ઞ આધારિત છે. ગુરૂકૂળના સંસ્કારો તેને નવી જ્યોત પ્રદાન કરે છે. તે ડીગ્રી માટે કે નોકરી માટે નહી તેમણે સમગ્ર જીવન રાષ્ટ્ર માટે લોકોના કલ્યાણ અર્થે જનમાનસ સુધી પહોંચાડવાનું દૂરંદેશી કાર્ય ઉપાડયું છે. તેમણે કહ્યું કે, આજે આ ગુરૂકુલ ભવનના નિમાર્ણમાં દેશ-વિદેશના દાતાઓએ આપેલો આર્થિક સહયોગ સાર્થક છે, કલ્યાણકારી છે. તે આપના જીવનમાં સુખપ્રદાન કરશે. આ દાનનો સદઉપયોગ થશે અને આપણા કુળને ઉજાગર કરશે. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ રૂ. ૨૧ લાખનું દાન કર્યુ હતુ.

વાનપ્રસ્થ આશ્રમના અધિષ્ઠાતા પ્રબંધક આચાર્ય શ્રી સત્યજીત આર્ય દ્વારા આશ્રમની વિગતો રૂપરેખા આપી હતી. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ઉપરાંત, તેમના ધર્મપત્ની શ્રીમતી દર્શનાજી તથા સ્વામી વિશ્વ પરિવ્રાજક, શ્રી સુરેશચંદ્ર આર્ય, શ્રી મનસુખભાઈ વેલાણી, શ્રી શેખર અગ્રવાલ અને આર્ય સમાજના અનુયાયી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. ●

# વિશ્વ વિખ્યાત અલંગ શિપ-બ્રેકીંગયાર્ડનો શિપ રિસાઇકલિંગ ઉદ્યોગ

ભાવનગર પાસે અલંગમાં વિકસેલો શિપ રિસાઈકલિંગનો ઉદ્યોગ વિશ્વ વિખ્યાત બન્યો છે. જેણે માત્ર ગુજરાતને જ નહીં ભાવનગરને પણ પ્રસિદ્ધિ અપાવી છે. આ શિપયાર્ડની ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે મુલાકાત લીધી હતી. તેમણે અલંગ શિપયાર્ડમાં શિપ રિસાઈકલિંગ ઉદ્યોગ વિશેની તલસ્પર્શી જાણકારી મેળવી હતી.

કાર્યક્રમના સ્થળે સભાને સંબોધિત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, "જયારથી હું ગુજરાત આવ્યો ત્યારથી દેશ અને દુનિયાના જહાજો ભાંગવામાં અલંગની વિશેષતા વિશે ખૂબ સાંભળ્યું હતું. આજે અહીંના લોકો,અહીંનું જનજીવન, ખેતીવાડી તથા અહીંના ઉદ્યોગ નિહાળવાનો અવસર મળ્યો તેને હું મારું સૌભાગ્ય ગણું છું. દેશના વિકાસમાં અલંગનો અનેક રીતે ફાળો છે.અલંગ અનેક લોકોને રોજગારી પૂરી પાડવાની સાથે સાથે સમગ્ર વિશ્વમાં પોતાના આ અનોખા ઉદ્યોગના કારણે એક અલગ જ છબી ધરાવે છે. થોડા કલાકો માટે સમુદ્રી પાણીનું આવનજાવન એ આ વિસ્તાર માટે ઈશ્વરની અનોખી ભેટ છે. અહીંના ઉદ્યોગકારો હરીફ તરીકે નહીં પરંતુ એકબીજાના સહયોગી બનીને ઉદ્યોગ સંચાલિત કરી રહ્યા છે એ જાણીને પણ વિશેષ આનંદ થયો."

રાજ્યપાલશ્રીએ વ્યસનમુક્તિ, સ્વચ્છતા અભિયાન,પર્યાવરણ જાળવણી, જળસંરક્ષણ, પ્રાકૃતિક ખેતી, સહિતનાં વિવિધ અભિયાનો વિશે માહિતી આપી હતી. આગામી સમયમાં રાજ્યના દરેક શહેરમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ માટે કેન્દ્રો શરૂ કરવામાં આવશે તેમ પણ રાજ્યપાલશ્રી એ ઉમેર્યું હતું. ●

# હીરાના ઉદ્યોગપતિઓની સાફલ્યગાથા સાંભળી ઉપરાષ્ટ્રપતિ પ્રભાવિત




'સુરતનો હીરા ઉદ્યોગ આત્મનિર્ભરતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગુજરાતીઓ અન્ય પર અવલંબિત ન રહેતાં અલગ ચીલો ચાતરીને આગળ વધવાનો સ્વભાવ ધરાવે છે. ગુજરાતીઓ કોઈ પર નિર્ભર નહિ, પરંતુ પોતાની જાતને 'આત્મનિર્ભર' બનાવી કામ કરવામાં માને છે.', એમ દેશના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ.વેંકૈયા નાયડુએ સુરતના સરસાણા કન્વેન્શન સેન્ટરના પ્લેટેનિયમ હોલ ખાતે દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક અને વ્યાપારી સમૂહો સાથે સંવાદ કરતા જણાવ્યું હતું.

ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ઉપરાષ્ટ્રપતિશ્રીએ ગુજરાતી ભાષામાં 'આપ સૌને નમસ્કાર' વાક્ય બોલતા આત્મીયતા સાધી હતી. સુરત આવીને હીરાના ઉદ્યોગપતિઓની સફળતાની ગાથાઓ સાંભળીને ખૂબ પ્રભાવિત થયા હોવાનું પણ તેમણે ગૌરવથી જણાવ્યું હતું.

વ્યાપારમાં નીતિગત મૂલ્યોનું પાલન જરૂરી છે એવો મત વ્યક્ત કરતાં ઉપરાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે, ભારત 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને વરેલો દેશ છે. અહીં 'શેર એન્ડ કેર' - પોતાની પાસે રહેલું વહેંચીને અન્યની કાળજી લેતી પરમાર્થી પ્રજા વસે છે. ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિઓ સફળ થવાનું કારણ તેની સમાજના બહોળા વર્ગ સુધી આસાન પહોંચ છે. શ્રી વેંકૈયા નાયડુએ વધુમાં જણાવ્યું હતું કે, ઉદ્યોગોમાં ગુજરાતીઓ અને ખાસ કરીને મહિલા ઉદ્યોગકારો પણ સિદ્ધિના શિખરો સર કરી રહી છે. યુવાનોએ સ્ટાર્ટ અપના માધ્યમથી દેશના વિકાસની સાથે લાખો યુવાનોને રોજગારી આપવામાં યોગદાન આપ્યું છે.

# અમદાવાદના રિવરફ્રન્ટ પર 'સરસ' મેળો



આત્મનિર્ભર ભારતને સાકાર કરવા રાજ્ય સરકારે અનેક પહેલ કરી છે. જેમાંનો એક છે સરસ મેળો. તાજેતરમાં અમદાવાદના રિવરફ્રન્ટમાં સરસ મેળો-૨૦૨૧નો કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુ એ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે કૃષિમંત્રીશ્રી કહ્યું હતું કે, સ્વ- સહાય જૂથની મહિલાઓને તેમના હુન્નર અને બાવડાના બળે આજીવિકાના ક્ષેત્રમાં આગળ વધે તે માટે આવા મેળા પ્લેટફોર્મ પૂરું પાડે છે. આવા મેળામાં પોતાનું ઉત્પાદન વેચીને રોજગાર મેળવી આવી મહિલાઓ સ્વનિર્ભર બની પોતાના ઘર માટે પણ ટેકારૂપ બની રહી છે. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિવિધ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરીને સ્વ- સહાય જૂથની મહિલાઓ આર્થિક રીતે સતત આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલા પગલાંઓની સમજ આપી હતી.

ઉલ્લેખનીય છે કે, 'સરસ મેળામાં વિવિધ રાજ્યોમાંથી હસ્તકલા, હેન્ડલૂમ, ફૂડ પ્રોડક્ટ સાથે સંકળાયેલાં ગ્રામીણ મહિલા જૂથો દ્વારા તૈયાર કરાયેલી કલાત્મક ચીજવસ્તુઓ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પ્રાદેશિક 'સરસ મેળા'માં દેશનાં વિવિધ રાજ્યોના ૩૦ થી વધુ સ્ટોલ તેમજ ગુજરાતના તમામ જિલ્લાના ૧૨૦ જેટલા સ્ટોલ રજૂ થયા હતા. ●



# ગુજરાત પોલીસ 10 હજાર Body Worn Cameraથી સજ્જ



શાંતિ, સુરક્ષા અને સલામતિનો પર્યાય એટલે ગુજરાત. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની ઉત્તમ સ્થિતિના કારણે ગુજરાતની આ છબી બની છે. ગુજરાત સરકારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સુદ્રઢ બનાવવા અનેક ક્રાંતિકારી નિર્ણયો લઈ પોલીસ તંત્રને આધુનિક બનાવ્યું છે. તાજેતરમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે ગુજરાત પોલીસને 10 હજાર બોડી વોર્ન કેમેરા અર્પણ કરી કાયદો વ્યવસ્થાને મજબૂત કરવાની દિશામાં વધુ એક આગેકદમ ભર્યુ છે.

ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ અમદાવાદમાં ગુજરાત પોલીસને 10 હજાર “Body Worn Camera” લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે જણાવ્યું હતું કે, ભારતમાં બોડી વોર્ન કેમેરાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરનારું ગુજરાત પ્રથમ રાજ્ય છે. આ પહેલથી રાજ્યનું પોલીસતંત્ર વધુ સ્માર્ટ અને શાર્પ બનશે એટલું જ નહીં ટેકનોલોજી અપગ્રેડેશનની મદદથી પોલીસ ગંભીર ગુનાઓની તપાસ વધુ અસરકારક રીતે કરી શકશે. ગુજરાતની શાંતિ અને સલામતીમાં આ કેમેરા અસરકારક હથિયાર પુરવાર થશે.

‘બોડી વોર્ન કેમેરા’ની ઉપયોગિતા વર્ણવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ટ્રાફિક નિયમન, કાયદો અને વ્યવસ્થા, VVIP સુરક્ષા જેવી વિવિધ પોલીસ કામગીરીમાં પોલીસ યુનિફોર્મ, હેલ્મેટ કે અન્ય પહેરવેશ પર આ ‘બોડી વોર્ન કેમેરા’નો ઉપયોગ કરી શકશે.

તેમણે કહ્યું કે, વર્ષ 2017 થી 2020 સુધીમાં ગુજરાત સરકારે લોકરક્ષકથી માંડીને પોલીસ ઈન્સ્પેક્ટર સુધીના સંવર્ગમાં 30,419 યુવાનોની ભરતી કરી છે અને ચાલુ વર્ષે રાજ્ય સરકારે બજેટમાં કાયદો અને વ્યવસ્થા માટે રૂ. 7,960 કરોડની ફાળવણી કરી છે. રાજ્યમાં પ્રજાની શાંતિ અને સલામતી માટે રાજ્ય સરકાર દ્વારા લેવાઈ રહેલા શ્રેણીબદ્ધ પગલાંની રૂપરેખા આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ‘વિશ્વાસ’ પ્રોજેક્ટ હેઠળ સમગ્ર રાજ્યના જિલ્લા મથકો, ધાર્મિક સ્થળો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીને 7 હજારથી વધુ કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે.

ગુજરાત પોલીસ વિભાગના આધુનિકીકરણમાં મહત્ત્વપૂર્ણ એવા ઈ-ગુજકોપનો પણ આ અવસરે ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, પોલીસતંત્રનો આ ડિજિટાઈઝેશન પ્રકલ્પ રાષ્ટ્રીય સ્તરે સરાહના પામ્યો છે. તેમણે આ અવસરે પોલીસ આધુનિકીકરણમાં ‘પોકેટ કોપ’ પ્રકલ્પનું પણ અગત્યનું સ્થાન હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે ગૃહ સચિવ શ્રી નિપુણા તોરવણે, રાજ્યના પોલીસ વડા શ્રી આશિષ ભાટીયા, કાયદો વ્યવસ્થા અને પોલીસ મોર્ડનાઈઝેશનના એડિશનલ ડીજીપી શ્રી નરસિમ્હા કોમર, પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ અને અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# પ્રસાર માધ્યમો થકી લોકો સુધી પહોંચતું ગુજરાતનું માહિતી ખાતું

ગુજરાત સરકારના માહિતી ખાતાની વાત આવે એટલે સતત કર્મશીલતાથી રાઉન્ડ ધી ક્લોક ચાલુ રહેતું ખાતું નજર સમક્ષ તરવરી ઉઠે. મહાનુભાવો હોય કે સામાન્ય જનતા સૌને માટે મહત્ત્વની વાત તેમના સુધી પહોંચાડવાનું કાર્ય માહિતી ખાતું કરતું આવ્યું છે. સરકારશ્રીનાં કાર્યોને પ્રસાર માધ્યમો થકી અવગત કરાવવાનું કામ માહિતી ખાતું કરે છે. તાજેતરમાં વિધાનસભા સત્રમાં પણ સૌ કોઈને તેનો અનુભવ થયો જ છે.

ગુજરાત વિધાનસભાનું બજેટસત્ર ચાલી રહ્યું છે. જે દિવસે બજેટ રજૂ થયું તેની તમામ વિગતો તત્કાળ પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયાને મળી રહે એવી વ્યવસ્થા માહિતી ખાતાએ સુપેરે ગોઠવી હતી. આ વ્યવસ્થાએ દાખલારૂપ કામગીરી કરીને ઉત્તમ સેવા આપવા સાથે સરકારી સેવાની મહત્તાને સાબિત કરી હતી. વ્યવસ્થાના ભાગરૂપે માહિતી ખાતાના અધિકારીઓની સાથે કર્મચારીઓએ એટલી ઝડપી અને સુદ્રઢ અને ઝડપી રીતે નિભાવી કે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ બજેટની બુકમાંથી જે પાનું વાંચીને પૂરું કરે એ જ પાનાની વિગતો પાંચ જ મિનિટના સમયગાળામાં પત્રકારોને સીધા તેમના મોબાઇલમાં જોવા મળી હતી. આમ સચોટ માહિતી ઝડપથી પૂરી પાડવામાં ગુજરાત સરકારના માહિતી ખાતાએ પોતાની સિદ્ધતા ફરી એકવાર પુરવાર કરી દેખાડી હતી.

માહિતી ખાતાએ વિધાનસભાના સમગ્ર બજેટ સત્ર દરમિયાન માઇક્રો પ્લાનિંગ કરી માહિતી અને પ્રસારણને લગતી સઘળી વ્યવસ્થા પૂર્ણ કાબેલિયતથી પાર પાડી હતી. જેમ કે સંબંધિત છાપેલું સાહિત્ય પણ ધારાસભ્યોની સાથેસાથે પત્રકારોને પણ પહોંચાડવાની કાળજી લેવામાં આવી હતી. માહિતી ખાતા દ્વારા બજેટ રજૂ થવાના દિવસે કોઇપણ પત્રકારને વિધાનસભા સંકુલ છોડવું ન પડે એવી આગવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આમ માહિતી ખાતાએ ટીમવર્કથી વિધાનસભા સત્રની તલસ્પર્શી માહિતી પ્રસાર માધ્યમથી લોકો સુધી પહોંચાડવાની કુનેહભરી વ્યવસ્થા ગોઠવી હતી. ●

# વિશ્વના ૧૦ ઇમ્પેક્ટ એજ્યુકેટરમાં મહેસાણાના શિક્ષક

✎ નરેન્દ્ર પંડ્યા

શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવે છે. શિક્ષક માટે માસ્તર શબ્દ વપરાય છે. તેનો માના જેવું સ્તર અર્થ કાઢી શકાય.

શિક્ષક આદર્શ વાચક, ઉત્તમ ચિંતક અને પવિત્ર સાધક હોય છે. શિક્ષક હંમેશાં બાળકોને પ્રેરણા આપે છે. શિક્ષક દ્વારા થયેલ ઉત્તમ કામગીરીની નોંધ સમાજમાં જ નહીં સમગ્ર વિશ્વમાં લેવાય છે. મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના મહાદેવપુર શાળાના શિક્ષકે વિશ્વનો BIC CRISTAL PEN AWARD-2020 પ્રાપ્ત કરી શિક્ષક વ્યવસાયનાં ગરિમા અને ગૌરવ વધાર્યાં છે.

બીઆઈસી ક્રિસ્ટલ પેન શિક્ષણ સહાયક સમુદાયો દ્વારા જીવનધોરણમાં સુધારો થાય તેમજ વિશ્વમાં ૨૫૦ કરોડથી વધુ બાળકોની ભણતરની સ્થિતિમાં સુધારો કરવાના હેતુથી કાર્યરત છે. આ સંસ્થા દ્વારા દર વર્ષે વિશ્વના ઉત્કૃષ્ટ શિક્ષકોને સન્માનિત કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૦ માટે વિશ્વના ૧૦ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ૧૦ શિક્ષકોમાંથી ભારત તરફથી મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના મહાદેવપુર (ડાભલા)ના શિક્ષક દિલીપસિંહ વિહોલની પસંદગી કરાઈ છે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.






મહાદેવપુરા (ડાભલા) ના સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી દિલીપસિંહએ ન્યૂ મેથડ ઓફ લર્નિંગ માટે આ એવોર્ડ મેળવ્યો છે. આ એવોર્ડની રકમ ૪,૩૩,૧૫૨ રૂપિયા આ શિક્ષકે મહાદેવપુરા શાળાને આપી ખરા અર્થમાં શ્રેષ્ઠ શિક્ષક બન્યા છે. આ ઉપરાંત દિલીપસિંહને અન્ય એવોર્ડની ૯૬ હજાર રકમ પણ મહાદેવપુરા શાળાના વિકાસ માટે આપી છે.

આ એવોર્ડમાં શાળાનાં બાળકોને સપોર્ટ કરવો શિક્ષકો અને સમાજને જોડવા તેમજ રોજિંદા અભ્યાસક્રમ શીખવવા ઉપરાંત તેઓ તેમના વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક કથાઓ અને વર્કશોપનું આયોજન કરીને શ્રેષ્ઠ નાગરિક બનાવવાની પ્રેરણા આપે છે. તેઓએ શિક્ષણ અને ટેકનોલોજીનું મિશ્રણ કરી મહામારીના સમયમાં વિદ્યાર્થીઓને શિક્ષણમાં રોકાયેલા રાખવા સાહિત્ય બનાવ્યું છે. તેમજ વાલીઓ અને બાળકોના આત્મવિશ્વાસમાં વધારો કર્યો છે.

શાળા પર્યાવરણમાં વિવિધ જગ્યાએ ગોઠવાયેલા શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગ બાળકો સતત કરે તે માટે તેમને પ્રોત્સાહિત કરેલ છે. તેમજ રમતાં રમતાં સહજ રીતે બાળકો શિક્ષણ પ્રાપ્ત કરે તેવા પ્રયત્નો કર્યો છે. તેમની આ કામગીરીમાં જિલ્લાના શિક્ષકો, ગ્રામજનોએ દિલીપસિંહની આ અનન્ય સિદ્ધિ બદલ અભિનંદન પાઠવેલ છે. તેમજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.વાય. દક્ષિણી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી ડૉ. ગૌરાંગભાઈ વ્યાસ,નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પુલકિતભાઈ જોષીએ માર્ગદર્શન આપ્યું હતું. દિલીપસિંહને આજ દિન સુધી રૂ.૦૫,૨૯,૧૫૨ પુરસ્કારમાં મળેલ તમામ રકમ શાળાને અર્પણ કરી સમાજને ઉમદા શિક્ષક તરીકેનું ઉદાહરણ પૂરું પાડેલ છે.

BIC CRISTAL PEN AWARD-2020 દ્વારા સમગ્ર વિશ્વમાંથી ૧૦ ઈમ્પેક્ટ એજ્યુકેટમાં અમેરિકા -૨, ઓસ્ટ્રેલિયા૧, ગ્રીસ-૧, તુર્કી -૧, બ્રાઝિલ-૨, યુગાન્ડા-૧, ઈથોપિયા-૧ શિક્ષક સહિત ભારત તરફથી શ્રી દિલીપસિંહ વિહોલને પણ આ એવોર્ડ મળ્યો. BIC દ્વારા દર વર્ષે આ એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડમાં ૫૦૦૦ યુરો અને ટ્રોફી એનાયત કરવામાં આવે છે.

BIC એજ્યુકેશનને સપોર્ટ કરતી સંસ્થા છે. ઘણા લાંબા સમયથી શિક્ષણ દ્વારા જીવનમાં સુધારણા, સમુદાયોને ટેકો આપવા અને ૨૦૨૫ સુધીમાં વૈશ્વિક સ્તરે ૨૫૦ મિલિયન બાળકોની ભણતરની સ્થિતિમાં સુધારો કરવાની કટિબદ્ધતા સાથે કાર્યરત છે. ●


માસ્કથી
રક્ષા
કોરોનાથી
સુરક્ષા
માસ્ક કોરોનાથી બચવા
માટેનું એક સશક્ત શસ્ત્ર છે,
તેથી માસ્ક પહેરીને જ
બહાર નીકળવું.
સર્જીકલ માસ્ક ફક્ત એક વખત જ
ઉપયોગમાં લઈ શકાય, પણ
કપડાનું માસ્ક ધોઈને ફરીવાર
ઉપયોગમાં લઈ શકાય.

# ઉત્તરાર્ધ મહોત્સવ...



R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10, LPWP No. PMG/HQ/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : MBC, Gandhinagar/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscripation Rs. 50.
**96 + 4 Cover = Total 100 Pages** • **Editor and Published by** Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦